શારંગ

કી

પ્રથમ ખંડના અધ્યાયની અનુક્રમણિકા.

श्रीशार्ङ्गधरसंहिता.

પ્રથમખંડ પ્રારંભ.

શ્રીગણેશાય નમઃ ॥ ગ્રંથોના પ્રારંભમાં અને શેવટે મંગળ એટલે શુભ-કારક હોય. એમ શાસ્ત્રમાં અને શિષ્ટાચાર એટલે ઉત્તમ પ્રકારે ચલગત છે, માટે આ ગ્રંથકર્તા શિવભવાનીની સ્તુતિ કરીને શુભ કાર્ય ઈચ્છેછે.

મંગળાચરણ.

श्रियं स दद्याद्भवतां पुरारिर्यदंगतेजःप्रसरे भवानी ॥
विराजते निर्मलचंद्रिकायां महौषधीवज्ज्वलिता हिमाद्रौ ॥ १ ॥

હિમાલય પર્વતમાં અત્યંત ઝળકાટ ભરેલા અતિશે ઓષડોની વનસ્પતિ છે, જેમ ચંદ્રના પ્રકાશથી અંધારી રાતના અજવાળુ થાયછે, તેવી રીતે જે મહાદેવના શરીરના તેજથી, ભવાની કે પાર્વતી દેવી સોભે છે, એવા જે શિવ તમોને લક્ષ્મી આપે.

ગ્રંથોનું પ્રયોજન કે મતલબ.

प्रसिद्धयोगा मुनिभिः प्रयुक्ताश्चिकित्सकैर्ये बहुशोनुभूताः ॥
विधीयते शार्ङ्गधरेण तेषां सुसंग्रहः सज्जनरंजनाय ॥ २ ॥

ચરકાદિક મુનીએ કહેલું, અને નામાંકિત વૈદ્યોએ વારંવાર, ઓષડોનો ચમંત્કાર અજમાવીને અનુભવેલું છે, એવી રીતે જે પ્રસિદ્ધ ઓષડોની જોડણી એક બીજા પદાર્થોથી મેળવીને, ખાતરીપૂર્વકનો શુભ સંગ્રહ, સાધુવાને મનોરંજનાર્થ શારંગધરાચાર્ય ઋષિ કહેછે.

રોગ નિશ્ચયપુર્વક ચિકિત્સા, કે રોગની ચોક્કસ પરિક્ષા.

हेत्वादिरूपाकृतिसात्म्यजातिभेदैः समीक्ष्यातुरसर्वरोगान् ॥
चिकित्सितं कर्षणबृंहणाख्यं कुर्वीत वैद्यो विधिवत्सुयोगैः ॥ ३ ॥

૧ હેતુ; જે પદાર્થો ઈચ્છાએ હરએક બાધાથી રોગ ઉત્પન્ન થાય, તેનું

નામ હેતુ, અને તેનેજ નિદાન એટલે રોગોનું મૂળ કહેછે. ૨ આદિરૂપ; રોગ થવાની અગાઊ અતિ બગાસાં, શરીર અંભાય, અકડાય, અરૂચિ ઈત્યાદિક લક્ષણો થાય, તેને આદિરૂપ અને પૂર્વ રૂપ કહેછે. ૩ આકૃતિ; રોગીના લક્ષણો અને દેખાવ, અતિ તૃષા, મૂર્છા, ભ્રમ, દાહ, નિદ્રાનો નાશ ઈત્યાદિક લક્ષણો પ્રગટ થાય, તેનું નામ આકૃતિ અને રૂપ કહેછે. ૪ સાત્મ્ય રોગીવોની પ્રકૃતિને સુખ આપનાર, જે ઓષડો કે અન્નાદિ વિહારનો ઉપયોગ થાય, તેનું નામ સાત્મ્ય અને ઉપશાય કહેછે. ૫ જાતિ; જે કારણેથી વાતાદ્યન્ય, તમદોષ, દુષ્ટ થઈને ઊર્ધ્વાધર, ઉપર ચડતો વાયુ કે ઉલટીનો, લોહીનો, પિત્તનો કોપ; પોતાનું ક્રમ છોડીને આડી રીતે, મરજી પ્રમાણે દોડી દોડી રોગોની ઉત્પત્તિ કરેલી હોય, તે કારણે અને તે દુષ્ટ દોષોનું દોડવું, એ સર્વે રોગોની મરજી પ્રમાણે થવા છતાં, જે અનુક્રમે એક પછી એકનું જ્ઞાન થાય, તેને જાતિ અથવા સંપ્રાપ્તિ કહેછે. એવી રીતે રોગોના સંપૂર્ણ ભેદોની પરિક્ષા, વૈદ્યોએ યથાયોગ્ય રીતે કરીને પછી, શાસ્ત્રનો ઉત્તમ પ્રકારે ઓષડોના પ્રયોગો જોઈ, અતિશે થયેલો પ્રવૃદ્ધ એટલે દુષ્ટ રીતે આરંભેલો વાતાદિક દોષને ખેંચનારો, અથવા શરીરમાં વાતાદિક દોષ, મસ્તાન થવાથી તેને ઓષડોથી હલકો કરવો, તેને કર્ષણરૂપ ચિકિત્સા કહેછે. અતિ ક્ષીણ થયેલો વાતાદિ દોષ હોય તો, તેને ઓષડોથી પુષ્ટ કરવો, તેને બૃંહણરૂપ ચિકિત્સા કહેછે.

ઓષડોનો પ્રભાવ કે પરાક્રમ.

दिव्यौषधीनां बहवः प्रभेदा वृंदारकाणामिव विस्फुरंति ॥
ज्ञात्वेति संदेहमपास्य धीरैः संभावनीया विविधप्रभावाः ॥ ४ ॥

જેમ ઈશ્વરી ભેદ અપરંપાર છે, અને તેનું પરાક્રમ અથાગ પ્રગટ છે, તેમ વનસ્પતિના ઓષડોના અતિશે સુંદર ભેદ, અનેક શક્તિ પ્રગટ થાયછે, એમ જાણી સર્વે સંદેહવો, વેહમને મુકી ગંભીર બુદ્ધિથી આદરપૂર્વક તેને માન આપવું.

ગ્રંથોનું મુખ્ય કારણ.

स्वाभाविकागंतुककायिकांतरा रोगा भवेयुः किल कर्मदोषजाः ॥
तच्छेदनार्थं दुरितापहारिणः श्रेयोमयान् योगवरान्नियोजयेत् ॥ ५ ॥

૧ સ્વાભાવિક; સ્વભાવેથી થયેલી ક્ષુધા, ભૂખ, પિપાસા, તૃષા, જરા, વૃદ્ધપણું, નિદ્રાદિકને સ્વાભાવિક કહેછે. ૨ આગંતુક; જે અભિઘાતે, મારથી કે લાગવાથી રેગ થાય તેને આંગતુક કહેછે. ૩ કાયિક; શરીરમાં વાતાદિક દોષનો કોપ થઈ, વિપત્તિમાં નાખનાર તાવ, રક્તપિત્ત, દુ:ખદાયક રોગો થાય, તેને કાયિક કહેછે. ૪ આંતર; મનના વિકારે જે રોગો થયેલો હોય, તેમાં મદ, મૂર્ચ્છા, ગ્રહ, ભૂતોન્માદાદિક રોગોને આંતર કહેછે. એવી રીતે ચાર પ્રકારે કર્મજ અને દોષજ રેગ ઉત્પન્ન થાયછે. તેના ઉપશમનાર્થ દુ:ખોને હરણ કરનારા એટલે ટાળનાર પુણ્ય, ધર્મ, દાન, સ્વરૂપ, એવા જે શ્રેષ્ઠ કામો કે પ્રયોગ અને ફાયદાકારક ઓષડો લાગુ પાડવા.

સર્વલોકહિતાર્થ વિસ્તાર.

प्रयोगानागमात्सिद्धान्प्रत्यक्षादनुमानतः ॥ सर्वलोकहितार्थाय वक्ष्याम्यनतिविस्तरान् ॥ ६ ॥

જે પ્રયોગમાં અતિ વિસ્તારે કહેલું નથી, એવી રીતે વેદોમાં કહેલો જે સિદ્ધ પ્રયોગ એટલે જોડણી કરેલા ઓષડો, તે સર્વે લોકોના હિતાર્થ ફાયદામાટે પ્રત્યક્ષ જાણવા જેગ, અનુમાને, વજને કહેલું છે.

પ્રથમ ખંડ સંબંધી અધ્યાવોનું અનુક્રમ કે સાંકલ્યું.

प्रथमं परिभाषा स्याद्भैषज्याख्यानकं तथा ॥ नाडीपरीक्षादिविधिस्ततो दीपनपाचनम्॥७॥ ततः कालादिकाख्यानमाहारादिगतिस्तथा॥ रोगाणां गणना चैव पूर्वखंडोयमीरितः ॥ ८ ॥

પ્રથમ અધ્યાયમાં પરિભાષા એટલે ઓષડોનું વજનાદિક કહેલુંછે. ૨ જા અધ્યાયમાં ભૈષજ્યાખ્યાન એટલે ઓષડ ખાવાની વિધિ, ઓષડોનો દ્રવ્ય, રસ, ગુણ, વીર્ય, વિપાક, અને ૭ રૂતુમાં રોગની વધઘટવીશે કહેલું છે, ત્રીજા અધ્યાયમાં નાડીપરીક્ષા કહેલી છે. ચોઠા અધ્યાયમાં દીપનપાચનાદિક લક્ષણ, અનુલોમન, વિરેચન, સ્તંભન ઓષડોના ગુણવિશે કહેલું છે. પાંચમાં અધ્યાયમાં કાળાદિકોનું આખ્યાન, સૃષ્ટિક્રમ, શરીરાદિકોનું જ્ઞાન કહેલું છે. છઠ્ઠા અધ્યાયમાં આહારાદિક ખોરાકની ગતિ,

ગર્ભોત્પત્તિ, કુમાર એટલે બાળક પોષણોક્તિ, પ્રકૃતિના લક્ષણ કહેલા છે, સાતમાં અધ્યાયમાં રોગોની સંખ્યા કહેલી છે. એ પ્રમાણે પ્રથમખંડ સાત અધ્યાયથી સમાપ્ત કરેલો છે.

મધ્યમ ખંડસંબંધી અધ્યાવોનું અનુક્રમ એટલે બીજા ખંડનું સાંકલ્યું.

स्वरसः क्काथफांटौ च हिमः कल्कश्च चूर्णकम् ॥ तथैव गुटिकालेहौ स्नेहसंधानमेव च ॥ ९ ॥ धातुशुद्धिरसाश्चैव खंडोयं मध्यमः स्मृतः ॥

બીજા ખંડના પ્રથમ અધ્યાયમાં ઓષડોનો સ્વરસ કે અંગરસ, પુટપાક, બાફેલા ઓષડની વિધિ કહેલી છે. ૨ જા અધ્યાયમાં કાઢા, ઉકાળા પ્રમથ્યાદિ ઉષ્ણોદક, ગર્મ પાણી, દુધપાક, અન્નક્રિયા, અન્નાદિકનો પાક, એ સર્વેની વિધિ કહેલી છે. ૩ જા અધ્યાયમાં ફાંટ, મંથ એટલે ઉકાળામાં અથવા પાણીમાં ઓષડો અને બીજી વસ્તુ મેળવીને પીવાની વિધિ કહેલી છે. ૪ ઠા અધ્યાયમાં ઓષડોને રાત્રે પાણીમાં ભીજવી મુકવાની વિધિ કહેલી છે. ૫ માં અધ્યાયમાં ઓષડોનું ચાટણ કરવાની વિધિ કહેલી છે. ૬ ઠા અધ્યાયમાં ચૂર્ણોની વિધિ કહેલી છે. ૭ માં અધ્યાયમાં ઓષડોની ગોળીની વિધિ કહેલી છે. ૮ માં અધ્યાયમાં ઓષડોની પાકવિધિ કહેલી છે. ૯ માં અધ્યાયમાં ઓષડોનું ઘી અથવા તેલમાં ખોસઓની કે પાકની વસ્તુ બનાવવાની વિધિ કહેલી છે. ૧૦ માં અધ્યાયમાં ઓષડો પાણીમાં એક મહીનાસુધી રાખીને મદ્યભેદવિધિ એટલે અર્કવિધિ કહેલી છે. ૧૧ માં અધ્યાયમાં સ્વર્ણાદિક સાત ધાતુ, તથા ઉપધાતુનું શોધન શુદ્ધ કરવાની ક્રિયા કહેલી છે. ૧૨ માં અધ્યાયમાં રસ અને ઉપરસ એટલે રસાયનનું શોધન, મારણ, તથા સિદ્ધરસની વિધિ કહેલી છે. એપ્રમાણે બીજા ખંડની વિધિ લખેલી જાણવી.

ઉત્તર ખંડસંબંધી અધ્યાવોનું અનુક્રમ, ત્રીજા ખંડનું સાંકલ્યું.

स्नेहपानं स्वेदविधिर्वमनं च विरेचनम् ॥ १० ॥ ततस्तु स्नेहबस्तिः स्यात्ततश्चापि निरूहणम् ॥ ततश्चाप्युत्तरो बस्तिस्ततोन्यस्य

विधिर्मतः ॥ ११ ॥ धूमपानविधिश्चैव गंडूषादिविधिस्तथा ॥ लेपादीनां विधिः ख्यातस्तथा शोणितविष्कृतिः ॥ १२ ॥ नेत्रकर्मप्रकारश्च खंडः स्यादुत्तरस्त्वयम् ॥

ત્રીજા ખંડના પ્રથમ અધ્યાયમાં સ્નેહપાનવિધિ એટલે ઘી અને તેલાદિક પાતળી વસ્તુ પીવાનો પ્રયોગ. ૨ જા અધ્યાયમાં સ્વેદવિધિ એટલે શરીરેથી પરસેવો કાહડવાનો પ્રયોગ. ૩ જા અધ્યાયમાં ઉલટી કરાવવાની વિધિ. ૪ થા અધ્યાયમાં હાળ કે જુલાબની વિધિ. ૫ માં અધ્યાયમાં સ્નેહબસ્તિ, એટલે ઘી અથવા તેલાદિ વસ્તુ ગુદાદિકોની જગ્યા કે ઝાડા માર્ગેથી પિચકારી તેલાદિક પદાર્થ પેટમાં મોકલવાનો પ્રયોગ. ૬ ઠા અધ્યાયમાં નિરૂહણવિધિ; ઝાડામાર્ગેથી પિચકારીથી દુધ કે ઓષડ ઈત્યાદિકનો ઉકાળો મોકલવાનો પ્રયોગ. ૭ માં અધ્યાયમાં ઉત્તરબસ્તિ એટલે પિશાબમાર્ગેથી ઓષડ કે પાણીની પિચકારી મારવાનો પ્રયોગ. ૮ માં અધ્યાયમાં નસ્યવિધિ એટલે નાક વાટે ઓષડો નાંખવાનો પ્રયોગ. ૯ માં અધ્યાયમાં ધૂમ્રપાનવિધિ; મુખ અથવા નાક વાટે ઓષડનો હુકો અથવા બીડી બનાવી ધૂવાડો આપવાનો પ્રયોગ. ૧૦ માં અધ્યાયમાં ગંડૂષાદિવિધિ; એટલે ઓષડોના કોગળા કરવાનો કે મૂખ ધોવાનો પ્રયોગ; ૧૧ માં અધ્યાયમાં આંખોમાં અંજનાદિક અને લેપાદિક કરવાનો પ્રયોગ; ૧૨ માં અધ્યાયમાં લોહી કાહડવાની વિધિ. ૧૩ માં અધ્યાયમાં નેત્રકર્મપ્રકાર. એવી રીતે ત્રીજો ખંડ ૧૩ અધ્યાયથી સમાપ્ત થાયછે.

આ ગ્રંથના ત્રણે ખંડોમાં અધ્યાવો અને શ્લોકોની સંખ્યા.

द्वात्रिंशत्संमिताध्यायैर्युक्तेयं संहिता स्मृता ॥ १३ ॥ षड्विंशतिशतान्यत्र श्लोकानां गणितानि च ॥

આ શારંગધર સંહિતાના ત્રણે ખંડોમાં બત્રીસ અધ્યાવો છે, અને છવીસસો શ્લોકોની સંખ્યાથી ગ્રંથ સંપૂર્ણ થયેલો છે.

ઓષડોના વજનોની પરિભાષા.

न मानेन विना युक्तिर्द्रव्याणां ज्ञायते क्वचित् ॥ १४ ॥ अतः प्रयोगकार्यार्थं मानमत्रोच्यते मया ॥

વજનોવિના ઓષડો આપવાની રીત નથી, માટે ઓષડો સિદ્ધ કરવાને, અને આપવાને ચણોટીભર, માસો, તોલો, ચિપટા, માપટા ઇત્યાદિ વજનો આ પુસ્તકના ૨૨ માં પૃષ્ઠે કોઠો, માગધ પરિભાષાનો લખેલો છે.

ઓષડોની જોડણીમાં જે નામ પ્રથમ હોય તેવિશે.

यदौषधं तु प्रथमं यस्य योगस्य कथ्यते ॥ तन्नाम्नैव स योगो हि कथ्यतेऽत्र विनिश्चयः ॥ १५ ॥

જે ઓષડોના પ્રયોગોમાં જે ઓષડનું નામ પેહલું લખેલું હોય, તે નામેથી ઓષડનો પ્રયોગ ઓલખાયછે, જેમ કોહલાપાકમાં, ઘણીક વસ્તુવો આવેછે તે છતાં તેમાં પ્રથમ નામ કોહલાનું લખેછે; તેથી તેને કોહલાપાક કહેછે, અને રાસ્નાદિ કુવાતમાં પ્રથમ નામ રાસ્ના લખેલું છે; તેથી તેને રાસ્નાદિ કાહડો કહેછે.

ભક્ષણરૂપ માત્રનો નિયમ, ઓષડ ખાવાનો નિયમ.

स्थितिर्नास्त्येव मात्रायाः कालमग्निं वयो बलम् ॥ प्रकृतिं दोषदेशौ च दृष्ट्वा मात्रां प्रयोजयेत् ॥ १६ ॥

ઓષડો સેવન કરવાનું પ્રમાણ કે વજન, એક સરખું સર્વે રોગીને થતું નથી, માટે વેળા કે કાળ, જઠરાગ્નિનું બળ, ઉંમર, શરીરબળ, પ્રકૃતિ, દોષ, દેશ એ સર્વનો વિચાર કરીને ઓષડ રોગીને આપવું.

કળિયુગમાં ઓષડોનું સેવન કરવાને કલિંગ પરિભાષાનું વજન.

यतो मंदाग्नयो ह्रस्वा हीनसत्त्वा नराः कलौ ॥ अतस्तु मात्रा तद्योग्या प्रोच्यते सुज्ञसंमता ॥ १७ ॥

કળિયુગમાં માણસોની મંદાગ્નિ, ઠીંગણા, ન્હાના, બળહીણ થાયછે, માટે ઓષડનો ઉપયોગ બરોબર થાય, અને વૈદ્યો કબુલ કરે તેવી રીતે, ઓષડોનું વજન લખેલું છે.

કળિયુગમાં કળિંગ પરિભાષાના વજનો.

यवो द्वादशभिर्गौरसर्षपैः प्रोच्यते बुधैः ॥ यवद्वयेन गुंजा स्यात् त्रिगुंजो वल्ल उच्यते ॥ १८ ॥ माषो गुंजाभिरष्टाभिः सप्तभिर्वा भवेत्क्कचित् ॥ स्याच्चतुर्माषकैः शाणः सनिष्कष्टंक एव च ॥ १९ ॥ गद्यानो माषकैः षड्भिः कर्षः स्याद्दशमाषकः ॥ चतुःकर्षैः पलं प्रोक्तं दशशाणमितं बुधैः ॥ २० ॥ चतुःपलैश्च कुडवं प्रस्थाद्याः पूर्ववन्मताः ॥

બાર સફેદ સરશીનો એક જવ; બે જવની એક ચણોટી; ત્રણ ચણોટીનો વાલ; આઠ ચણોટીનો એક માસો; સાત ચણોટીનો કવચિત્ માસો; ચાર માસાનો એક શાણ અથવા ટાંક; છ માશાંનો એક ગદ્યાનો; દસ માશાંનો એક કર્ષ; ચાર કર્ષોનો એક પળ, તે પળના દસ શાણ થાય; ચાર પળોનો એક કુડવ. પ્રસ્થાદિકોના વજને માગધ પરિભાષાના વજનેથી ઓષડો ખાવાવિશે આપવા.

ઓષડો વાપરવાના યુક્તાયુક્ત વિચાર.

नवान्येव हि योज्यानि द्रव्याण्यखिलकर्मसु ॥ २१ ॥ विना विडंगकृष्णाभ्यां गुडधान्याज्यमाक्षिकैः ॥

સર્વે કાર્યોમાં નવા ઓષડો કામે લગાડવા પણ વાવડિંગ, પિંપર, ગોળ, ધાણા, મધ, ઘી એ છ પદાર્થ એક વર્ષ પછીના જુના લેવા.

એટલા ઓષડોં હમેશા લિલા લેવા.

गुडूची कुटजो वासा कूष्मांडश्च शतावरी ॥ २२ ॥ अश्वगंधासहचरी शतपुंष्पा प्रसारिणी ॥ प्रयोक्तव्या सदैवार्द्रा द्विगुणा नैव कारयेत् ॥ २३ ॥

ગુળવેલ કે ગરોળ, કુડાની છાળ, અડુળસો, કોહળું, શતાવરી, આસંધ, કોરાંટા, બડીશોપ, પ્રસારિણી ને ચાંદવેલ, ગંધમને દાલી પણ કહેછે, એ ઓષડો હમેશા લિલા કે તાજા લેવા, પણ બેવડા વજને ન લેવા.

સાધારણ ઓષડો કામે લગાડવાવિશે.

शुष्कं नवीनद्रव्यं च योज्यं सकलकर्मसु ॥ आर्द्रं च द्विगुणं युंज्यादेष सर्वत्र निश्चयः ॥ २४ ॥

અગાઊના શ્લોકમાં નવ ઓષડો લખેલા છે, તે ઉપરાંત બીજા ઓષડો, સર્વે કામમાં સૂકા હોવા છતાં નવા હોય તે લેવા, પણ તે ઓષડ સૂકા ન મળે તો લિલા બમણા વજને લેવા.

(અનુક્ત) હરયેક વેળાનો ઉપયોગ.

कालेऽनुक्ते प्रभातं स्यादंगेऽनुक्ते जटा भवेत् ॥ भागेऽनुक्ते तु साम्यं स्यात् पात्रेऽनुक्ते च मृन्मयम् ॥ २५ ॥

જે ઓષડોના પ્રયોગોમાં વખત લખેલો નહી હોય, તે ઓષડ પ્રભાતે ખાવું; જે ઓષડોનું અંગ કહેલું ન હોય, તે ઓષડનું મૂળ લેવું; જે પ્રયોગમાં જુદા જુદા ભાગ કહેલા ન હોય, તે ઓષડો દરયેક સરખે ભાગે લેવા. જે ઓષડમાટે વાસણ કે પાત્ર કહેલું ન હોય, તે જગ્યાએ મટોડીનું વાસણ વાપરવું.

જે પ્રયોગોમાં એક ઓષડ બે વખતે લખેલું હોય તેવિશે.

एकमप्यौषधं योगे यस्मिन् यत् पुनरुच्यते ॥ मानतो द्विगुणं प्रोक्तं तद्द्रव्यं तत्त्वदर्शिभिः ॥ २६ ॥

(એકજ ઓષડના પ્રયોગ) મધ્યે એક ઓષડનું નામ, બે વખતે લખેલું હોય તે ઓષડ બેવડું લેવું.

ચૂરણાદિકમાં ચંદન લખેલું હોય તે કંઈ જાતનું વાપરવું.

चूर्णस्नेहासवा लेहाः प्रायशश्चंदनान्विताः ॥ कषायलेपयोः प्रायो युज्यते रक्तचंदनम् ॥ २७ ॥

ઘી, તેલ, પ્રથમ કહેલા સ્નેહ પદાર્થ અને ચૂરણમાં તથા ચાટણ-

મધ્યે ઘણું કરીને સફેદ ચંદન વાપરવું. ઊકાળા અને લેપાદિકમાં ઘણું કરીને લાલ ચંદન, રતાનજળી વાપરવી.

ઓષડોનું વીર્ય કે ગુણ કેટલા દિવસે જતો રહેછે તેવિશે.

गुणहीनं भवेद्वर्षादूर्ध्वं तद्रूपमौषधम् ॥ मासद्वयात्तथा चूर्णं हीनवीर्यत्वमाप्नुयात् ॥ ४९ ॥ हीनत्वं गुटिकालेहौ लभेते वत्सरात्परम् ॥ हीनाः स्युर्घृततैलाद्याश्चतुर्मासाधिकास्तथा ॥ ५० ॥ औषध्यो लघुपाकाः स्युर्निर्वीर्या वत्सरात्परम् ॥ पुराणाः स्युर्गुणैर्युक्ता आसवा धातवो रसाः ॥५१॥ व्याधेरनुक्तं यद्द्रव्यं गणोक्तमपि तत्त्यजेत् ॥ अनुक्तमपि युक्तं यद्युज्यते तत्र तद्बुधैः ॥ ५२ ॥

એક વર્ષ પછી ઓષડોનું તેજ અને તેનો ગુણ ઓછો થાય; તેમાં બે મહિને ચૂરણનો ગુણ જાયછે; (ગોલી અને ચાટણ) બેહુનો એક વર્ષપછી ગુણ જાયછે; ઘી અને તેલાદિકમાં ઓષડ કરેલું હોય તેનો ગુણ ચાર મહિનાપછી જાયછે; હલકા પાકાદિક ઓષડોનો ગુણ એક વર્ષપછી જાયછે; આસવ અને સોનું પ્રથમ કહેલી સર્વે ધાતુ અને ઉપધાતૂની ભસ્મો, તથા રસાયણો એ સર્વે વસ્તુ ઘણા વર્ષની જુની હોય, જેટલી જુની થાય તેનો ગુણ વિશેષ થાયછે; રોગોમાં ચૂર્ણ, ચાટણ, ઉકાળો આપવાનો ઠરાવ કરવો હોયતો, તે ઓષડોમધ્યે એકાદ ઓષડ વ્યાધિને વિરૂદ્ધ નુકસાનકર્તા હોયતો, ઓષડની મેળવણીમાંથી તે ઓષડ કાડી નાંખવું, અને એકાદ વ્યાધીને (ઉપયુક્ત) ફાયેદા કર્તા હોયતો, તે ઓષડમાં લખેલું ન હોય તોપણ પોતાની બુદ્ધીથી વધારવું.

દેશના ભેદથી ઓષડોનો ગુણદોષ.

आग्नेया विंध्यशैलाद्याः सौम्यो हिमगिरिर्मतः ॥ अतस्तदौषधानि स्युरनुरूपाणि हेतुभिः ॥ ५३ ॥ अन्येष्वपि प्ररोहंति वनेषूपवनेषु च॥

(વિંધ્યાચળાદ્રિ) પર્વતોની જગ્યામાં ઓષડો ઉષ્ણ વીર્યના ઉત્પન્ન થાયછે; અને હિમાચળાદિ પર્વતોની જગ્યાએ ઓષડોનો ગુણ સૌમ્ય વીર્ય એટલે શીતળ ગુણ ઉત્પન્ન થાયછે; માટે જેવા ગુણની જ-

મીન હોય, તેવા ગર્મ અને શીતળ ગુણના ઓષડો ઉત્પન્ન થાય, અને કેટલાક જંગલો અને ઉપવનોમાં પણ ઓષડોની વનસ્પતિ ઉત્પન્ન થાયછે.

ઓષડો લાવવાનો પ્રકાર.

गृण्हीयात्तानि सुमनाः शुचिः प्रातः सुवासरे ॥ ९४ ॥ आदित्यसन्मुखो मौनी नमस्कृत्य शिवं हृदि ॥ साधारणधरा द्रव्यं गृण्हीयादुत्तराश्रितम् ॥ ९५ ॥ वल्मीककुत्सितानूपश्मशानोषरमार्गजा ॥ जंतुवन्हिहिमव्याप्ता नौषधी कार्यसिद्धिदा ॥ ९६ ॥

ઓષડો પર્વતો અને વન કે ઉપવનમાંથી લાવવાને પ્રાતઃકાળે ઉઠીને એકચિત્તે થઈ, નાહી સ્વચ્છ વસ્ત્ર પેહરી સારો દિવસ જોઈ, સૂર્ય સાંમે ઉભા રહી, તેને નમસ્કાર કરીને અને હૃદયમાં શિવનું ધ્યાન ધરી કોઈસાથે ન બોલતાં, જે ઓષડો લાવવાના હોય તે જગ્યાએ જઈ, તે ઓષડોની ઉત્તરદિશા તરફની છાલ અને મૂળ કાહડીને લાવવા; પણ રેતાળ કે ખરાબ જગ્યાપર હોય, અથવા (જળમય) જળને આશ્રયેથી હોય, શ્મશાનભૂમીપર હોય, જે જગ્યાએ ઘાસ થતું નથી તે જગ્યાની, ચાર ચવટામાં થયેલી, કીડની લાગેલી, અગ્નીથી બળેલી, થંડીથી કરપેલી એટલી જગ્યાના અને એવા પ્રકારના ઓષડો લાવવા નહી.

ઓષડો લાવવાની ઋતુ.

शरद्यखिलकार्यार्थं ग्राह्यं सरसमौषधम् ॥ विरेकवमनार्थं च वसंतांते समाहरेत् ॥ ९७ ॥

આસો, કાર્તક એ બે મહિનામાં વનસ્પતિ ઉપર લખેલી જગ્યાએ રસ ભરેલી હોયછે, માટે સર્વ કામોવાસ્તે ઓષડો એ બે મહીનામાં લાવી મુકવા, અને ઢાળ અને ઉલટી થવાવિશેના ઓષડો વૈશાખ અને જયેષ્ઠ એ બે મહિનામાં લાવવા.

ઓષડોના અંગ કે મૂલ તથા છાલ અને પાંત્રા લેવા વિશે.

अतिस्थूलजटायाः स्युस्तासां ग्राह्यास्त्वचो बुधैः ॥
गृण्हीयात्सूक्ष्ममूलानि सकलान्यपि बुद्धिमान् ॥ ९८ ॥

જે ઝાડના મૂળ મોટા અને શખ્ત હોય તેના મૂળની અંતર છાલ લેવી, એટલે લિંબડો, આંબો, ઈત્યાદિક ઝાડ જાણવા. જે વનસ્પતીના મૂળ કુમળા કે નાહના હોય તેના એખલા મૂળો કે પાંત્રા, ફુળો સુદ્ધા મૂળો લેવા એટલે ભોયરિંગણી, ગોખરૂં, ઈત્યાદિક નાહની વનસ્પતિ જાણવી.

બીજી રીત.

न्यग्रोधादेस्त्वचो ग्राह्याः सारं स्याद्बीजकादितः ॥ तालीसादेश्च पत्राणि फलं स्यात्त्रिफलादितः ॥ ५९ ॥ धातक्यादेश्च पुष्पाणि स्नुह्यादेः क्षीरमाहरेत् ॥

પ્રથમ કહેલા શખ્ત ઝાડમાં વડનું, પાયરી, જાંબુનું, આંબાનું, પિંપળાનું, બિખલાનું, ખૈરનું, આસાણાનું, મહવડાનું, બાવળનું ઈત્યાદિક મ્હોટા ઝાડની છાલમાંથી અંતર છાલ લેવી; તાલીશ, પ્રથમ પ્રમાણે તમાળપત્ર, (કારફ્ડ) કુવાર, નાગવેલી ઈત્યાદિકના પાંત્રા લેવા; ત્રિફળા પ્રથમ પ્રમાણે હરડા, બેહડા, આંમળા, સોપારી, બોર ઈત્યાદિકના ફળ લેવા; ધાયટી પ્રથમ પ્રમાણે (પળસ) કે શુડાના ફુળ, ગુલાબ ઈત્યાદિકના ફુલો લેવા; (નિવડુંગ) થુવર પ્રથમ પ્રમાણે આકડા, (માંદાર) ઈત્યાદિક થુવરનાં ઝાડનો ચીક લેવો, એવી રીતે સર્વે ઓષડો લેવા.

અથ દ્વિતીયોધ્યાયપ્રારંભ.

ઓષડ ખાવાનો વખત.

भैषज्यमभ्यवहरेत्प्रभाते प्रायशो बुधः ॥ ६० ॥ कषायांश्च विशेषेण तत्र भेदस्तु दर्शितः ॥

વૈદ્યે રોગીને પ્રાયું કરીને ઓષડનો અંગરસ, કલક, ચૂરણ, ચાટણ,

કુવાત, ફાંટ, હિમ, એટલા ઓષડ ઘણું કરીને પ્રાતઃકાળે ખાવાને આપવા, તે વીશે બીજા પણ વખતો નીચે લખેલા છે.

ઓષડો ખાવાને પાંચ વખત.

ज्ञेयः पंचविधः कालो भैषज्यग्रहणे नृणाम् ॥ ६१ ॥ किंचित्सूर्योदये जाते तथा दिवसभोजने ॥ सायंतने भोजने च मुहुश्चापि तथा निशि ॥ ६२ ॥

માણસોને ઓષડ ખાવાને વિશે પાંચ વખત નેમેલા છે, તેમાં પ્રથમ સૂર્ય ઉદય થતી વેળાએ; બપોરે જમતી વખતે બીજો વખત; સાંજના જમતી વખતે ત્રીજો વખત; વારંવાર ઓષડ ખાવું એ ચોઠો વખત; મધ્યરાત્રે ઓષડ ખાવું તે પાંચમો વખત.

કયા રોગીને ઓષડ ખાવાને પેહલો વખત.

प्रायः पित्तकफोद्रेके विरेकवमनार्थयोः ॥ लेखनार्थे च भैषज्यं प्रभाते नान्यमाहरेत् ॥ ६३ ॥ एवं स्यात्प्रथमः कालो भैषज्यग्रहणे नृणाम् ॥

પિત્ત અને કફનો કોપ થવાથી, પિત્તકોપઉપર જુલાબનું ઓષડ અને કફકોપને ઉલટીનું ઓષડ આપવું, પતળીકરણ એટલે વાતાદિક ત્રણે દોષોનો કોપ થવાથી, તેઉપર ઓષડો પ્રાતઃકાળે આપી, દોષને પાતળો કરવો, એટલે હલકો પાડવો, તેઉપરાંત કેટલાક રોગઉપર ઓષડ પ્રાતઃકાળે આપવું નહી.

કયા રોગઉપર ઓષડ ખાવાનો બીજો વખત.

भैषज्यं विगुणे पाने भोजनाग्रे प्रशस्यते ॥ ६४ ॥ अरुचौ चित्रभोज्यैश्च मिश्रं रुचिरमाहरेत् ॥ समानवाते विगुणो मंदेग्नावग्निदीपनम् ॥ ६५ ॥ दद्याद्भोजनमध्ये च भैषज्यं कुशलो भिषक् ॥ व्यानकोपे च भैषज्यं भोजनांते समाहरेत् ॥ ६६ ॥ हिक्काक्षेपककंपेषु पूर्वमंते च भोजनात् ॥ एवं द्वितीयकालश्च प्रोक्तो भैषज्यकर्मणि ॥ ६७ ॥

ગુદ એટલે ઝાડાસંબંધી વાયુ, કુદ્ધ કોપ થવાથી ખોરાક ખાવાની જરા અગાળે ઓષડ ખાવું; અને મુખને અરૂચિ થવાથી અનેક પ્રકારના અન્નાદિ ખોરાક અને રૂચિકારક ચટણીવો, મુરબા, ઈત્યાદિ સ્વાદિષ્ટ પદાર્થો

સાથે ઓષડ ખાવું. નાભી સંબંધી વાયુ (કુંચ) થઈ ભુખ બેશી ગઈ હોયતો તેને ભુખ સારી લાગે તેવું ઓષડ ભોજનની સંગાથે ખાવું. આખાં શરીરે વાયું વ્યાપીને (વ્યાન વાયું) નો કોપ થયો હોયતો તેને ભોજન કીધા પછી ઓષડ ખાવું. ઉચકી, હેડકી ઈતિયાદી (આક્ષેપ વાયું કે કંપ વાયું) નો કોપ થયો હોયતો ભોજનની અગાઉ અને પાછલ ઓષડ ખાવું.

તરીજો વખત.

કંઠ એટલે ગળા સંબંધી (ઉદાન વાયું) નો કોપ થઈને શબ્દ ભંગાદીક રોગ થયો હોયતો, સાજના ભોજન કરતી વખતે પ્રથમ ધાના દીક ખોરાકનો કોલીઓ ખાવો પછી એક કોલીઓ ધૃતા દીક ઓષડનો ખાવો, એવી રીતે ભોજન સાથે ઓષડ ખાવું, પણ જે (પહનું) પાણી સાથે ઓષડ મેળવીને કરેલું પહનું કે સરબત અથવા દુધમાં ઓષડ મેળવેલું હોયતો ચાર કોલીયા ધાના દીકનો ખોરાક ખાધા પછી એક ચમચો ઉપર લખેલા પહનું કે સરબત, અથવા દુધમાં મેળવેલા ઓષડનો પીવો, એવી રીતે ખોરાકની વચમાં ઓષડ પેટમાં જાએ તેવી રીતે ખાવું કે પીવું. રદય કે છાતીમાં (પ્રાણ વાયું) નો કોપ થયો હોયતો ઘણું કરીને સાજના ભોજન કરયા પછી એક કલાકે ઓષડ ખાવું.

ચોથો વખત.

તૃષા, ઉલટી, હેડકી, શ્વાસ, વીષદોશ એટલા રોગવાલાએ વારંમવાર ઓષડ ખાવું. તેજ પ્રમાંણે વારંમવાર અનાદીક કે ધીના ખોરાક સાથે પણ ઓષડ ખાવું.

પાંચમો વખત.

(કરણ) રોગ એટલે કાનનો રોગ, આંખનો રોગ, મૂખ રોગ, નાકનો રોગ, ઈતિયાદીક (ઉધ્વ) એટલે ઉપલા રોગ વીશે અગર (પ્રવધ)

વાત્તાદી દોષ એટલે સરવ વ્યાપક વાયુંના દોષે (અત્તીક્ષણ) દોષથી એટલે અત્તી રોગ વધીને નબળો, તવાઇ ગયેલા માણસને ઓરાક પાચન થવાનું ઓષડ રાત્રે સુતી વખતે ધાન્ય રહીત ખવાડવું.

औषधादिकांचे ठावीं रसादिक पांच अवस्था आहेत तयां द्रव्ये रसे गुणे

वीर्य पिपाक: शक्ति रेच सं वेदन क्रमा देता: पंचा वस्था: प्रकीर्तिता:

અર્થ—ઓષડમાં જુદી જુદી રીતે રસાદીક અવસ્થા પાંચ હોયછે. તેના શ્વરૂપ અને ઉત્તપત્તી.

રસનું સવરૂપ.

(મધુર) એટલે ગોળ, ઘી, સાકર, ખાંડ. (આમળ) એટલે આંમલી, કોકમ, બીજોરૂ, લીંબુ, ફળ હરયેક. (ક્ષાર) એટલે હરયેક નીમખ, સીંધાલુણ ઇતિયાદી. (તીખટ) એટલે પીપર, મરચા, મરી. (કડું) એટલે કડવો લીંમડો ઇતિયાદી. (તુરટ) એટલે હીમજ ઇતિયાદી.

રસની ઊતપતી.

પૃથવી અને પાણીથી (મધુર) રસ થાયછે. પૃથવી અને અગ્ની એટલે શૂર્યના તાપથી (આમળ) રસ થાયછે. પાણી અને અગ્નીથી (ક્ષાર) રસ થાયછે. આકાશ અને વાયુંથી (તીખટ) રસ થાયછે. વાયું અને અગ્નીથી (કડું) રસ થાયછે. પૃથવી અને વાયુંથી (તૂરટ) રસ થાયછે. એવી રીત એક બીજાની મદતથી પાંચ અવસ્થાનો એક એક જુદો રસ ઉત્તપન થાયછે.

ગુણોનું સ્વરૂપ.

પૃથવીનો જડ ગુણ, પાણીનો સ્નિગધ ગુણ, અગ્નિનો તીક્ષણ ગુણ,

વાયુંમો રૂક્ષ ગુણ, આકાશનો હલકો ગુણ, એ પ્રમાણે જુદા જુદા પાંચે વસ્તુમાંછે. તે સાથે બીજા ગુણ (સાંદ્ર) (મૃદ) (શ્લક્ષ્ણ) ઇતિયાદી ગુણો હોયછે.

વીરયનું સ્વરૂપ.

વિર્ય પ્રાયશ: એટલે શરીરમાંથી ધાત નીકલીને પાણીને આસરે રેહછે, તેમાં એક (શીતોશ્ણ) અને બીજી (ઉષણ) એવી રીતે શીતલ, ગર્મ બે પ્રકારની થઇને ત્રણ ઠેકાણે ધાત અગન્યાત મક અને સોમાત્મક રેહછે; પણ શીતોષ્ણ વીર્યને ઠેકાણે બીજી તરેહની ધાત (સ્નિગ્ધ, રૂક્ષ) વિશદ પિચ્છલ, મૃદુ, તીક્ષ્ણ, ઇતિયાદી ધાત નીકલી ને રેહેછે.

વીપાકનું સ્વરૂપ.

ખોરાક ખાધા પછી તેનો રસ થાયછે તે.

મીસટાન; રસ ખાંન, શાકર, ગોળ અને ક્ષાર નીમખ ઇત્યાદી નો ખોરાક ખાવાથી રસનો મધુર પાક થાયછે, (આમળ રસ) ખટાસની જણસનો આમળ પાક થાયછે, તુરી અને તીખાસની, કડવી જણસનો ખોરાક ખાવાથી તેનો તીક્ષણ પાક થાયછે, એ ત્રણે પાકથી જુદાં જુદાં સ્વરૂપ થાયછે, તેમાં મધુર પાકમાંથી કફ થાયછે. આમળ પાકમાંથી પીત્ત થાયછે. તીક્ષણ પાકમાંથી વાયું થાયછે. એ પ્રમાણે ત્રણ પ્રકારના પાકે કરીને ત્રણ પ્રકારનો કફાદીક દોષ ઉત્તપન્ન થાયછે.

પરભાવનું સ્વરૂપ.

ઓષડની ખાસીયત અને ગુણ.

આમળા; રસ, ગુણ, વીર્ય વીપાકાદી ગુણે કરીને સમાન હોયછે, અથવા હલકા વજને છતાં, તેના ગુણે કરીને વાતાદી ત્રણ દોષોનો નાશ કરેછે, તથા (લક્ષ્યસ્ય રસાદીભી) ગ્રંથમાં સલોકછે તેનો અર્થ—આમળા

હલકા અને ક્ષુદ્ર પનસાદીરસે કરીને તેની ખાસીઅત એક સરખી હોવા છતા પોતાના ગુણે કરી કફ, પીત્ત વાયુંના ત્રણે રોગને બેશાડી નાખેછે. એકાદુ ઓષડ એવું હોયછે કે પોતાના ગુણે કરીને અચાટ, અનેક રોગને બેશાડી નાખેછે. તેનો દાખલો હરયેક માણસ તાવ કે તપત આવતી હોય તેના માથાના બાલ સાથે સહદેવી નામે વન્સપત્તીના મુલીઆં ફકત બાંધવાથી જ્વર, તાવ કે તપત આવતી હોયતો દુર થાય, એવી ખાસીઅત તે વન્સપત્તીમાંછે.

રસાદીકનો સવાદ અને ગુણ.

ઓષડના આંગરસનો ગુણ અને તેમાં વીર્ય છે તે વીશે.

ઓષડના કોડે રસ, કોડે ગુણ, કોડે વીર્ય, કોડે વીપાક અને શકતી એ સર્વે ઓષડને આસરે કરીને રહેલી હોયછે, તે પોતાના ગુણો કરેછે તે જણાવું છઉં. રસાદીકનો દાખલો ગુળવેળકે ગરોળનો આંગ રસ સવાદે કડવો ઉષણ ગુણ છતા પીત્તને સમાવેછે કેમકે કડવાસ અને ઉષણ હોવાથી; પણ તે તીક્ષણ અને સનીધ ગુણ ધરાવેછે તેથી કફની વૃધી કરેછે. વીરયનો દાખલો વેલ મૂળ, એરંડ મૂળ, ટેટૂ મૂળ, શીવણ મૂળ, પાડળ મૂળ એ પાંચ મૂળને બૃહતપંચ મૂળ કેહછે તેનો સવાદ તુરો, કડવો છતા વાયુને સમાવેછે, કારણ તેમાં ઉષણ વીરયછે તેથી વીપાકનો દાખલો સુંઠ તીક્ષણ છતા વાયુનો સમન કરેછે, મધુર પાકછે તેથી શકતીનો પ્રભાવ કરેછે. તે વીશે ઉપલો દાખલો રસ, ગુણ, વીર્ય, વીપાક શરીરનાં બાંધાથી જે થતું નથી તે ઓષડના બળે કરીને થાયછે. તેનો દાખલો એરસાલ જે કુષ્ઠ રોગ કફ, ખાશી, દમનો નાશ કરેછે કારણ તેમાં વીલક્ષણ શકતીછે તેથી એ પ્રમાણે ઓષડનો પ્રભાવ વગર ધારયે થાયછે.

વાતાદી દોષની વરધી, કોપ અને ઉપશમ થવાને રૂતું.

શૂર્યની ચાલ પ્રમાણે દર વરસની બાર સંક્રાતી આવેછે તેની છ

રૂતુમાં રોગની વૃધ્ધી, પ્રકોપ, ઉપસમનો સંભવ થાયછે, એટલે દર મહીને જે સંક્રાતી આવેછે તેવા બે મહીને એક રૂતું બદલાયછે.

મેષથી વ્રસ્ભ સંક્રાતી સુધી ગ્રીષ્મ રૂતું રેહેછે. મીથુનથી કરક સંક્રાતી સુધી પ્રાવૃરટ રૂતું રેહછે. સિંહથી કન્યા સંક્રાતી સુધી વર્ષા રૂતું રેહછે. તોલાથી વૃસ્ચીક સંક્રાતી સુધી સર્દ રૂતું રેહછે. ધનથી મકર સંક્રાતી સુધી હેમત રૂતું રેહછે. કુંભથી મીન સંક્રાતી સુધી વસંત રૂતું રેહછે.

રૂતુના ભેદથી વાતાદી દોષનો સંચય, કોપ, શમન.

ગ્રીષમ રૂતુંમાં વાયુંનો (શંચય) બંધાણ થયેલાનું શમન થઇ, પ્રાવૃટ રૂતુમાં (પ્રકોપ) ઉછાળો થાયછે. વર્ષા રૂતુમાં પીત્તનું શમન થઇ, સર્દ રૂતુમાં પ્રકોપ થાયછે. હેમત રૂતુમાં કફનુ. શમન થઇ, વસંત રૂતુમાં પ્રકોપ થાય છે. સર્દ રૂતુમાં પોતાની મેળે વાયું સાંત થાયછે. પીત્ત વસંત રૂતુમાં પોતાની મેળે સાંત થાયછે. તેમજ કફ પ્રાવૃટ રૂતુમાં પોતાની મેળે સાંત થાયછે.

ભોજનાદીકથી રોગનો સંચય, કોપ, શમન.

(વાતાદી દોષ) વાયુંના દોષને મળતા ગુણનો (ખોરાક અને [1]સમાન રૂતું) એટલે જે પદાર્થનો ખોરાક, વીહાર, અને ભોજનના શેવનથી વાયુના દોષનું (સંચય, પ્રકોપ,[1] ઉપશમ) થાયછે; તથા વાયુંના દોષને હટાવનાર ([2]વીપરીત) એટલે વીહાર, ગુરૂસ્નિ ગંધાદીક પદાર્થનું શેવન કરવાથી અકાલની વખતે વાયુનાં દોષનો નાશ થાયછે.

૧. (લઘુ રૂક્ષ) મગ ઇતિયાદીક શીત પદાર્થ વાયું ગુણને (સમાન) વધારો કરનાર જાણવા; તથા વીદાહી, તીક્ષ્ણ, આંમળ, આમલી, મરચા, રાઈ, તેલ ઇતિયાદી પદાર્થ પીત્ત ગુણને (સમાન) જાણવા. મધુર, સ્નિગ્ધ

એટલે દુધ, દહી, ઘી, શાકર, ગોળ ઇતિયાદીક પદારથ કફ ગુણને (સમાન) જાણવા.

વાયુંનો કોપ અથવા શમન.

(લઘુ યાહાર) એટલે જે પદારથ ખાધાથી જલદી પાચન થઇ જાય છે તે મગ, ચોખા, ઈતિયાદી જાણવા. (રૂક્ષયાહાર) એટલે ચણાદીક, વટાણા, વાળ, ઈતિયાદીક કઠોલ, શોપારી જાણવી. (મીતયાહાર) એટલે જાયુકનો ખોરાકથી દર વખતે થોડો ખોરાક ખાવો તે. એવી રીતના અભ્યાસથી અથવા (શીતળકાળ) સરદ વખતમાં અતી સરદી કરનાર પદાર્થ ખાધાથી, શરીરે ઘણી મેહનત કરવાથી, દરરોજ સ્ત્રીનો સંગ કરવાથી, અતીશે કામાતુંર રેહવાથી, ધન દોલતકે, ભાઇબંધોના વીયોગ થયાથી, સંસારના માહા દુઃખથી, ભયથી, અત્તીશે ચીંતાથી, રાત્રે જાગરણ કરવાથી, શસ્ત્ર કે હથીયારથી ઘાયેલ થવાથી, પાંણીમાં ઘણું તરવાથી, ખાધેલા ખોરાકનું પાચન બરાબર નહી થવાથી, ધાતુનો ક્ષય થવાથી, ઇતિયાદીક કારણથી વાયુંનો પ્રકોપ થાયછે. અગર એટલા કારણથી જે (પ્રત્યનીક) એટલે વીરૂધ, ઉષણ, સ્નિગધા દીક પદાર્થના સેવને કરી વાયુંનું શાંત થાયછે.

૧. વાયુંને બંધાયલા (સંચયની) વખતે સમાન ગુણનો વીહારાદીક પદારથનું સેવન કરયાથી વાયુંનો વધારો થાયછે, અથવા પ્રકોપને વખતે એવા પદાર્થનું શેવન કરવાથી પ્રકોપ થાયછે, પણ ઉપસમનની વખતે એવા પદાર્થનું સેવન કરવાથી શમ થાયછે. ૨ ગુરૂ, સ્નિગધ, ઉષણ ઈતિયાદીક પદાર્થ વાયું ગુણને (વીપરીત) જાણવા, હટાવનાર ; અથવા વીદાહી, શીત, મધુર, ઇતિયાદી પદારથ પીત્ત ગુણને વીપરીત જાણવા; અને કડવા, ઉષણ, રૂક્ષ, ઇતિયાદીક પદારથ કફ ગુણને વીપરીત જાણવા.

પીતનો કોપ અથવા શમન.

"વીદાહી" અગ્ની ઉત્તપન કરનાર બાંબુના રોપા, રાઈ, શરસી ઈતિયાદી, "તીક્ષ્ણ," મરી, મરચા, પીપર, ઈતિયાદી. "આમળ" ખટાસ ઈ તિયાદી, "ઉષ્ણ" ગરમ પદાર્થોના સેવનથી અથવા અગ્નીનો શેક અત્તીશે લાગવાથી, તડકામાં બેસવાથી કે ફરવાથી, તડકાં સામૂ જોવાથી અથવા બપોર પછી ભુખ તરસ મારવાથી, અથવા રાત્રે ખોરાક ખાધા પછી તેનું પાચન પાછલી રાત્રે થતામાં અટકાવ થવાથી, ઈતિયાદી કારણથી પીત્તનો પ્રકોપ થાયછે; અગર એ કારણ માટે જે પીત્તને વીરોધી (મધુર) ગોળ કે શાકરા દીક પદારથનું સેવન હમેશ્યા ખોરાક સાથે કરયું હોયતો પીત્તને સમાવે.

કફનો કોપ અને શમ.

મધુર[૧], સ્નિગધ[૨], શીત[૩], અથવા જડ[૪] પદાર્થના સેવને કરીને અથવા દીવસે નીંદ્રા કીધાથી, અથવા જઠરાગની મંદ થયેલી હોય તે ઉપર ભોજન કરયાથી, અથવા પ્રાત્તસકાલે ભોજન કરવાથી, તથા શરીરે મેહેનત વધારે કર્યાથી, વગરકામે બેશી રેહવાથી, ઈતિયાદી કારણથી કફનો પ્રકોપ થાયછે; પણ એવાં કારણોથી જે વિરૂધ, ઊષણ, રૂક્ષાદીક પદારથને હમેશા ખોરાક કે ઓષડમાં સેવન કરયું હોયતો કફનું સમન થાયછે.

૧ ગોળ, શાકર ઈતિયાદી મધુર પદારથ જાણવી. ૨ ઘી, મધ ઈતિયાદી સ્નિગધ પદારથ જાણવી. ૩ કેળના રોપા અને તેના કેળા તથા ફલ મેવા ઈતિયાદી શીત પદાર્થ જાણવા. ૪ ભેંશનું દુધ ઈતિયાદી જડ પદારથ જાણવા.

इतिश्री दामोदर सुनु शार्ङ्गधरेण विरचितायां संहितायां सूत्रस्थाने प्रथमखंडे भेषज्यारव्यानकं नाम द्विवियोध्याय. २

અધ્યાય બીજો.

અથનાડી પરીક્ષા.

નાડી પરીક્ષા.

જીવની[1] સાક્ષીથી એવી ધમણી એટલે હાથ પગના પોહચાના મૂળને ઠેકાણે નાડી ચાલેછે તેની ગતીથી શરીરનું શુખ દુઃખ પંડીતે જાણવું.[2]

૧ પ્રાણ વાયુંનો સાક્ષિ ભૂત. ૨ નાડી પરિક્ષા કેઈ વખતે કરવી, અને કેઈ વખતે ન કરવી એ વખત સમજવો.

૧ જળો અને સરપની રીતે વાકી ચુકી ચાલેછે. ૨ કુલીંગ, એટલે કાબર, ગોર, કાગડા, દેડકા, અલ્લાની ચાલ કુદકા મારવાની હોયછે, તે પ્રમાણે જાણવી. ૩ હંસ પક્ષી, ખબુતરની ચાલ હળવે, એક સરખી હોયછે.

વાયું, પીત, કફનો કોપ થયાથી નાડીની ગતી.

વાયુંનો પ્રકોપનાડી જલો[1] અને સર્પની ચાલ પ્રમાણે ચાલેછે. પીત્તનો પ્રકોપ થયાથી નાડી કુલીંગ,[2] કાગડા અને દેડકાની ચાલ પ્રમાણે જાણવી, કફનો પ્રકોપ થયો હોયતો નાડી હંસ[3] અથવા ખબુતરની ચાલ પ્રમાણે જાણવી.

સનીપાત, બે દોશનો કોપ થવાથી નાડીની ગતી.

સનીપાત થયાથી નાડી, તીત્તર પક્ષી, લાવા પક્ષી, ગરૂડ પક્ષીની ચાલ પ્રમાણે ઝરઝર ચાલેછે, અને બે રોગનો સનીપાત હોયતો, એક વખત નાડી હલવે હલવે ચાલીને એકદમ ઝરઝર ચાલેછે.

નાડીનું અ સાધય લખશણ.

જે માણસની નાડી પોતાના, સ્વસ્થાનથી ખસેલી હોય, અને રહી રહીને ચાલેછે, એવી રીતે નાડીની ગત્તી થયાથી, અથવા બેહુ રોગવાળા માણસને પ્રાણ નાશ કરનાર જાણવી. અગર જે માણસની નાડી ઘણી ક્ષીણ થઇ હોય, અથવા ઘણી શીત્તલ થઇ હોયતો તેવી નાડી નીસચ્યે કરીને પ્રાણનો નાશ કરનાર જાણવી.

તાવ કે જવરાદીક ઈતીયાદીકની નાડી.

હરયેક માણસને સામાન્ય જવર એટલે હલકા તાવનો કોપ થયાથી તેની નાડી ગરમ થઇ ઝડપથી ચાલેછે, તથા કામાતુર સ્ત્રી કે પુરૂષ થયા પછી તેને સંગ કોઈનો ન થવાથી તથા ક્રોધ કે ગુસ્શો આવ્યાથી નાડી ઝડપથી ગરમ થંઈને ચાલેછે; પણ હરયેક માણસને ફકર કે ચીંતા, ભય ઉપજ્યાથી અગર હરયેકના શરીરમાં ચીંતા કે ભય દાખલ થવાથી નાડી ક્ષીણ થાયછે. જે માણસની મંદા અગ્ની હોય તથા જેની ધાતુ ક્ષીણ થઇ હોય, તેની નાડી ઘણી મંદ ચાલેછે. જે માણસને લોહી ઉકાલો કે લોહી તપીને તેનો કોપ થયો હોય, તેની નાડી ચાલુ રહીને થોડી કે ઘણી ગરમ હોવા છતા પથર સરખી જડ થાયછે તથા ગરભવાન સ્ત્રીની નાડી જડ વજનદાર ભારે ચાલેછે.

સુખી માણસની નાડી.

જે માણસની જઠરા અગ્ની પ્રદીપ્ત એટલે ભુખ શારી લાગે, ખોરાક હજમ જલદી થાય તેની નાડી (હલકી) એટલે રૂના જેવી નર્મ અગર જલદી પણ ચાલેછે, સંતોષી માણસની નાડી સ્થીર છતા બળવંત હોયછે, અને જે માણસ ભુખે વ્યાકુળ થયાથી તેની નાડી ચંચળ હોયછે, તથા ભોજન કરીને એટલે ખોરાક ખાઈને તૃપ્ત થયેલા માણસની નાડી સ્થીર હોયછે.

હરએકની નાડી જોવાની રીત.

હરયેક માણસની નાડી વૈદ જોવી હોયતો રોગીને ઝાડે, પીસાબની હાજતે જઈ આવ્યા પછી તેને સ્વસ્થપણે બેસાડી તેના હાથ પગ સ્થીર રખાવીને પુરૂષનો જમણો અને સ્ત્રીનો ડાહબા હાથના આગળા એક હાથમાં વૈદ પકડીને બીજા હાથે તેના પોહચાની નાડી સ્થીરપણે જોવી.

આમ વાયુંનો કોપ હોયતો નાડી ઘણી ભારી થાયછે. ગરભવંતી સ્ત્રીની નાડી ગંભીર અને પુષ્ટ તથા હલકી ચાલેછે. પાણીની તૃષાથી અથવા નીદ્રામાં કે આલસમાં, પડેલા, સૂખી સંતોષી, નીદ્રામાંથી તરતનો ઉઠેલો, કોઈ કારણથી વીચારમાં પડેલા ઈતિયાદી માણસની નાડી સ્થીર ચાલેછે. મળ મૂત્રેથી કે ઝાડા પીસાબની હાજત થયેલા માણસની નાડી તાવ કે જ્વર આવેલા પ્રમાણે ચાલેછે. લોભી કે મદ ઉતપન થયેલાની નાડી કીંચીત ચંચળ ચાલેછે. ચોરી કરનાર માણસની નાડી તીવર, ચંચળ, ઝડપથી અને નરમતા ભરેલી ચાલેછે. ઉદ્યોગી તથા મારગે ચાલીને થાક પામેલા માણસની નાડી ગર્મ થઈ ચંચલ ચાલેછે. ભૂત નાડી, (કનીષ્ટીકા) છેલ્લી આંગળીની નાડી ચાલતી હોયતો ભૂત ઉપદ્રવનો વાયું જાણવો, ભૂત પીશાચની બીહકથી ચમકેલો હોય તે. (અનામીકા) છેલ્લી આંગળીની પડોશની બીજીની નાડી ચાલતી હોયતો કુળદેવનો ક્ષોભ જાણવો. (ધમણી) અગુઠાના પડોસની આંગળીની નાડી ચાલતી હોયતો જળદેવનો ઉપદ્રવ જાણવો. (મધ્યમે) વચલી આંગળીની નાડી ચાલતી હોયતો દેહ રોગ જાણવો. અજીરણની નાડી કાગડા, હંસની ચાલ પ્રમાણે અને આકાશમાં વાદલાં ચાલેછે તેવી તથા નીદ્રામાં પડેલા માણસના જેવી અથવા કફનો કોપ થયેલા માણસની નાડ જેવી જાણવી. (અશાધ્ય સ્નીપાત્ત) સખ્ત સ્નીપાત થયેલા-ની નાડી વારંમવાર ક્ષણમાં તુટી તુઠી ને ઝર ઝર તથા લાકડા પ્રમાણે સખ્ત અને સ્થીર તથા વાકી ચુકી, હળવે હળવે ને વરી ઝર ઝર, ઠેકાણે

પડીને, ગરમ ઉષ્ણ હોય, મોહટા વેગે ચાલીને તાવ સાથે વ્યાપત થઇને, તીતર, પીંગળા, લાવા પક્ષીની ચાલ પ્રમાણે, તથા અટકી અટકી ચાલીને, સ્વસ્થાન છોડીને, ભરમતામાં પડે, સ્વસ્થાને પાછી આવે, એવી નાડી સખત સ્નીપાતવાળા માણસની ચાલેછે. જેની નાડી રહી રહીને ચાલેછે અને અત્તીસે સીત, અને થંડી થઇ હોય, એકાએક કોહણી સુધી નાડી ગએલી હોય તે નાડી માણસના અંતની જાણવી. તેમજ (તરજની) અંગુઠાના પડોસની આંગળીની નાડી ચાલવાથી તે પણ માણસના અંતની નાડી જાણવી. જેની નાડી સ્વસ્થાને ભરમ હોવા છતા ચક્ર પ્રમાણે ફરેછે તથા ભાયની નાડી પ્રમાણે ક્ષણમાં અત્તી સુક્ષમ ચાલેછે તે અ શાધ્ય જાણવી. જેની બપોર પછી તાવ જવર યુક્ત અને અગ્ની જેવી ગર્મ એવી નાડી ચાલુ થઇ અથવા નાડીની ચાલ બદલી અતી જલદ ચાલતી થઇ તો તે રોગી એક દીવસ પછી મરણ પામે. અગર જેની નાડી ધીલકે દમરૂના અવાજે ચાલતી હોયતો ચોઠે દીવસે મરણ પામે, અથવા જેની નાડીએ સ્વસ્થાન છોડયું તે ત્રણ દીવસે મરણ પામે. જો નાડી ગર્મ અને શરીર દુરબળ થઇને થંડુ અથવા ઘણો તાવ, શરીર ક્ષીણ, નાડીની ગતી મંદ ઈતિયાદી હોયતો તે રોગી બે દીવસે મરણ પામે. ક્ષય રોગ અથવા રાજ ક્ષય રોગ થયા પછી તેની નાડી જલદ અને ગર્મ ચાલેછે અને તેનું મરણ બોલ બોલતા હુશીયારીમાં એકાએક થાયછે.

મુત્રની પરીખશા.

પ્રાતસકાળે રોગીએ ઉઠીને મૂત્રની પેહલી અને છેલ્લી ધાર જવા દેવી અને વચલી ધાર કાચના ગલાશમાં ભરવી, તે સ્થીર થયા પછી તેમાં તલનાં તેલનું ટીપું ઘાસની સલીએ નાખવું, તે ટીપુ પડતાજ નીચે જઇને ઉપર આવ્યું અને તેમાં વીંધ દેખાય તથા મૂત્ર કાળૂ કે તાખુસ રંગનુ થયું હોય અગર મૂત્રમાં તેલનું ટીપુ પડતાજ મલી ગયું તો તે

રોગ અસાધ્ય રોગ સખ્ત જાણવો. તેમજ ટીપુ પડતા તેમાં પસરયું તો તેપણ અસાધ્ય જાણવું. ટીપુ પડતા તેમજ રહયું તો કષ્ટ સાધ્ય, તળે જઇને બેઠુ તો રોગી મરણ પામે. (વાતા ધિકય) વાયુંનો રોગ હોયતો ટીપુ નાખતાજ પસરે તો અને મૂત્ર રકત વરણ તથા શીતળ જેવું થાયછે. (પીત્ત ધિકય) પીત્તનો રોગ હોયતો તેલમાં પરપોટા થાયછે; અને મૂત્રનો પીળો રંગ અને ગર્મ હોયછે. (કફા ધિકય) કફ રોગ હોયતો મૂત્ર સ્નિગધ, પાતળું, શફેદ રંગનું, બરફના રંગ જેવું દેખાયછે. સન્નિપાત રોગ વાલાનું મૂત્ર કાળું, લાલ, અને પીલું ત્રણે રંગમાં મળેલુ હોયછે. વાયું ને પીત્ત બે રોગવાલાનું મૂત્ર ધૂમ્ર વરણ થાયછે. વાયું અને કફ વાલાનું મૂત્ર ફીણ યુકત હોયછે. ધાત્તુ અને ઇંદ્રીના રોગવાલાનું મૂત્ર તેલ જેવું હોયછે. વાયું, કફ, પીત્ત ત્રણે મળેલા રોગનું મૂત્ર કાળું, પીળું, લાલ, ફીણ યુકત, પરપોટા યુકત, સોના રંગ જેવું દેખાયછે. જે મૂત્ર રવાદાર ઘી જેવું થયું હોયતો તે રોગીને જલંનદર થયેલું જાણવું.

તેલના ટીપાનો આકાર.

હરયેક રોગીના મૂત્રમાં તેલનું ટીપુ નાખયા પછી તેનો તરત આકાર ચગર, પદમ, શંખ, પરણ, ફળ, પુષ્પ, મણકા; સીંહ, કુત્રો, હાથી, પોપટ, જનાવર; મણુષ; શસ્ત્ર; સરપ, વાંડરો, બીલાડુ, કુકર, ઇતિયાદીનો આકાર તેલ પસરીને નાખેલા ટીપામાં દેખાય તો તે રોગીનું દુ:ખ અશાધ્ય જાણવું. મૂત્રમાં તેલનું ટીપુ નાખતા પ્રથમ પૂર્વે, પશ્ચિમ કે ઉત્તર દીશ્યા તરફ ટીપુ આકૃતીમાં વધવા લાગ્યાથી રોગી શારો થાય, પણ ટીપુ દક્ષીણ તરફ આકૃતીમાં વધવા લાગ્યાથી રોગી મરણ પામે. અગ્ની, નૈરૂત, વાય્ય, ઇશાન કોણે જો ટીપુ વધ્યુતો રોગ અશાધ્ય જાણવો.

મળ પરીખશા.

વાયુંનો કોપ થયાથી મળ એટલે ઝાડો ફીણ યુકત અને રૂક્ષ તથા

ધુમ્ર વરણે અને જેમાં થોડા પાણી કે છાશ જેવો હોયછે. પીત્તનો કોપ થયાથી ઝાડાનો રંગ લીલો, પીલો ગંધ યુક્ત, કંઠણ, ઉષણ એવો હોય છે. કફનો કોપ થયાથી શફેદ વર્ણ કઇંક શુકો, પાતળો એવી રીતે હોયછે. વાયું અને કફનો કોપ થયાથી ઝાડો આર્દ્ર, શ્યામવર્ણ, ચીકાશથી ભરેલો, થોડા પાણીનો, ભેળસેળ હોયછે. વાયું અને પીત્તનો ઝાડો પીળો, કાળો, આર્દ્ર અને તેમાં ગોટલી બંધાયલો હોયછે. પીત્ત અને કફનો પીળો, પાંડુર વર્ણનો હોયછે. પીત્ત, વાયું, કફના ત્રણે રોગનો ઝાડો સફેદ, પીળો, કાળો શીતલ, ગોટલી બંધાયલો હોયછે. અજીરણ રોગનો ઝાડો દુરગંધીનો શીત્તલ હોયછે. હાડધગીનો તાવ, જીરણ જવરનો થોદા પાણીનો હોયછે. જલનદર રોગનો ઝાડો અત્તીશે દુરગંધી સફેદ રંગનો હોયછે. ક્ષય રોગનો ઝાડો શ્યામવરણ હોયછે. લોહી ઉકાલાનો ઝાડો પાતળો અને લાલ રંગ નો હોયછે. મરણ પામનારનો ઝાડો દુરગંધીનો તામ્બુસ રંગનો હોવા છતા જરા શફેદી ઉપર તથા માંશ જેવો અને શ્યામવરણ હોયછે. એ પ્રમાણે મળ એટલે ઝાડાની પરીક્ષા જાણવી.

જીભની પરીખશા.

વાયુંનો કોપ થયાથી જીભ ખડખડીત છતા ફાટા પડેલી અને પીલી હોયછે, પીત્તનો કોપ થયાથી લાલ છતા તેમાં જુજ શ્યામતા હોયછે. કફનો કોપ થવાથી સફેદ વરણ ચીકાશ ભરેલી જીભ હોયછે. બે રોગ મળીને તેનો કોપ હોયતો ઉપર લખેલા બે રોગના લક્ષણ થાય, ત્રણ રોગ મળીને તેનો કોપ થયોતો જીભને કલાશ, અને કાંટા ભરેલી શુકી હોયછે.

અરૂચી, અત્તીશારનો રોગ હોયતો જીભને મધુરતા હોયછે. પ્રમો, સંગ્રહણી હોયતો તેની જીભ ધુમ્ર વરણ અને ઉષણ તથા કપિશ વરણ હોય છે. વિસ્ફોટક રોગ હોયતો જીભ ખડખડીત કાંટા સરખી છતા તેમાંથી પાણી ગળેછે. મરણ કાળ નજીક આવેલા રોગીની જીભ ખડખડીત થઇ ખેંચાઇ ગએલી અથવા ફીણ ભરેલી, શખ્ત, લડડતી હોયછે.

નેત્ર પરીખશા.

વાયુંનો કોપ થયાથી નેત્ર રૂક્ષ, ધુમ્ર વરણ, દહા યુક્ત, ચંચલ, ઉગ્ર એવી રીતે હોયછે. પીત્તનો કોપ થયાથી નેત્ર પીળા હલદ સરખા, અથવા તાંબુસ વરણ, દાહયુક્ત અને દીપક જોવાને અસમરથ હોયછે. કફનો કોપ થયાથી નેત્ર સફેદ વરણ, લોહી વગરની, પાણી ઝરતી, ચીકાશ ભરેલી, શખ્ત હોયછે. બે રોગ મળીને તેનો કોપ થયાથી ઉપર લખેલા બેહુ લક્ષણો હોયછે. ત્રણે રોગ મળીને તેનો કોપ થયો હોયતો ઉપર લખેલા ત્રણે લક્ષણો મળેલા હોયછે.

અસાધય લખશણ.

જે રોગીની એક આંખ તેજહીણ ફાટેલી રહીને બીજી આંખ બંધ હોય તે રોગી એક પોહરે મરણ પામે, અથવા આંખોના ડોળા તેજહીણ થઇ ચહડી જાય તે પણ અશાધ્ય જાણવું. જેની આંખોને ધુજરી છતા ભ્રમીષ્ટ સરખી કે ચંચલ, ભયંકર અને તેજહીણ, કૃષ્ણવરણ, કાળા રંગની, લાલ રંગની, રૂક્ષ થાયછે, અને મુખનો ચેહરો ભયનકર દેખાયછે તે રોગ અશાધ્ય. આંખો માંહેની કીકી ભ્રમીષ્ટ થઇને આંખો ફાટેલી રહેછે તે રોગી એક દીવસમાં મરણ પામેછે.

સ્વરૂપની પરીખશા.

પ્રાતઃકાળે રોગી પાશે જઇને તેનું સ્વરૂપ જોવું. તે તેજહીણ, વીચીત્ર, શ્યામવરણ હોયતો વાતજન્ય વાયુંનો કોપ જાણવું. પીત્ત વરણ મુખ, કીચીત સુજેલું હોયતો પીત્તનો કોપ જાણવો. કળાહીણ મુખનો ચેહેરો છતા ચીકાશ ભરેલો દેખાય, અને આંખોમાં ચીકાશ હોયતો તે રોગીને કફનો કોપ જાણવો. કલેજાનો કે ફેફસાનો રોગ, ગડ ગુમડા, ગાંઠો, શૂળ, નળ બાયું, વાય ગોલો, ડંબાનો રોગ, જીવજંતુ, પાહા, કૌર ગાંઠોને હાથેથી દાબી તપાસીને રોગની પરીક્ષા કરવી.

શબ્દ પરીખશા.

વાયુંનો કોપ હોયતો કંઠમાંથી શબ્દ હલકો નીકલેછે, પીત્તનો કોપ તો શબ્દ શુરેખ નીકલેછે, કફનો કોપ હોયતો શબ્દ ભારી ઘુમાટ ભરેલો નીકલેછે; બે અથવા ત્રણ રોગ મળીને હોયતો શબ્દ બે અથવા ત્રણે રોગના લક્ષણો મળેલા હોયછે.

સ્વપરશ પરીખશા.

વાયુંનો કોપ હોયતો શરીર ઉપર હાથ ફેરવ્યાથી સાગ અથવા પલાસના પાત્રાં જેવું ખડખડીત અને શીતલ હોયછે, પીત્તનો કોપ હોય તો સ્વપરશ કરતા ઉષણ, ગરમ હોયછે, કફનો કોપ હોયતો શરીર શીત્તલ, અને ચીકાશ ભરેલું હોયછે, બે અથવા ત્રણે રોગ મળીને કોપ થયો હોય તો બે અથવા ત્રણે રોગના લક્ષણો મળીને હોયછે. જે રોગીના શરીરને સ્વપરશ કર્યાથી ક્ષણમાં શીત્તલ અને ક્ષણમાં અત્તી તપ્ત એવી રીતે રોગી હોવા છતા તેનું શરીર ઘડી ઘડીમાં ગર્મ અને ઠંડુ થતું હોયતો તેનો રોગ અ શાધ્ય જાણવો.

સાધય લખશણ.

રોગીને ફાયદો થાય તેવા લક્ષણ. મુખ તેજસ્વી, નાડી સમ, સરખી, સબ્દ કોયલ જેવો, અગ્ની પ્રદીપ્ત, મસ્તકતર, જીભ અને હોટ રતાશ ભરેલા, હાથે, પગના તલીએ, છાતીએ, રદયે નીરાત કે ધરદતા, ચીંતા વગરનું મન, હાથ પગના નખો અને શરીરની શરવે નશોરતાશ ભરેલા, સુગંધીની વસ્તુ ઉપર પ્રેમ હોય એવા લક્ષણ રોગીના હોયતો તે રોગીને ફાયદો થશે.

અશાધય લખશણ.

રોગીને ફાયદો થવાની કદાચીત આશ્યા હોય તેના લક્ષણ. અત્તી તીક્ષણ જ્વર કે તાવ, બડબડ કરે, નેત્રો, આંખો, નખો, ઘણી

રતાશ ભરેલી અથવા કાળા કે લીલા, શફેદ; હાથે પગે થંડક, શબ્દ ઊં-ડાનમાં કે ક્ષીણ; મુખે અને નાકે તેજહીણ, કંથે ઉતરવાનો અટકાવ, હેડકી, શરીર ભયંકર, મૂર્છા, ભર્મ, કંપ થાય એવા લક્ષણો જે રોગીને થાય તે રોગીને શારો થવાની આશ્યા કદાચીત રાખવી.

મરણ કાળના લખશણ.

જે રોગીના શરીરે પુષ્ટ છતા એકાએક તેનું માશ ગળીને હાડકા રહેલા કે, પાતળો માણસ એકાએક પુષ્ટ થયેલો હોય; તેની બુદ્ધીમાં ફરક પડી જાયતો તે છ મહીનામાં મરણ પામે. જે રોગીને રાત્રે દાહ અને દીવશે શૈત્ય, કંઠ વરોધ, હયું, હાત, પગ, નાકને શીતળતા, મસ્તકમાં શૂળ, એવા લક્ષણો જે રોગને મરણની ધાસ્તી જાણવી.

વઈદને તેડવા જનાર એપીઓ.

વૈદને તેડવા જનાર માણસે; વૈદને સ્થાનકે જઈને પ્રથમ શું શબ્દ બોલેછે, તે વીશે વૈદે વીચાર કરવો. તથા તે માણસ હરયેક રોગીનો મીત્ર કે નજીકનો સગો હોવો જોઇએ, તેના હાથ, પગ, અને સર્વે આંખ્યો હિણ કે ગળેલા, નબળા ન જોઇએ, તથા વૈદને પ્રથમ તેડવા જનાર સર્વે રીતે કુસળ ખુશીમાં; અથવા સફેદ પોશાકે, ઘોડા ઉપર કે બલદની સવારી કરેલો, સફેદ ફુલ તેની પાશે હોય, અથવા તાજો રસ ભરેલો મેવો તેની પાસે હોય, કે દહીથી ત્રપ્ત થયેલો હોય; અથવા તેનું જન્મ ચરીત્ર વખા-વા લાયેક હોય, અથવા તેનો વેપાર કે શરીરે ઉત્તમ પ્રકારનો હોય, વીદ-વાન હોય, તે જે બાજુથી આવેલો હોય તે બાજુથી તેના નાકનો સવાસ કે વાયું ચાલતો હોય, અને બૃહસ્પત્તીની પૂર્વેથી તથા ઉત્તર દસ્યાથી આવેલો હોય, એવા સુભ પ્રકારે વૈદને તેડવા, સુભ દીવસ જોઈ ઉપલા હરયેક લક્ષણે આવેલો હોયતો, રોગીને જરૂર તે વૈદના જવાથી ફાયેદો થાય. પણ તે રોગી કે તેની વત્તીથી તેડવા આવનાર દક્ષીણ દસ્યાથી, કે ઉપર ન લખેલા અસુભ લક્ષણે આવેલો હોયતો, રોગીને ફાયદો થતો નથી.

દુષ્ટ સ્વપનાં.

૧ હરયેકરોગીને સ્વપનામાં નાગો સન્યાસી, બાવો; મુંડન કરેલો; લાલ, કાળા વસ્ત્ર પેહરેલો; નાક, કાન કાપેલો; પાંગળો; કુબડો; શરીરે સડેલો; કાળો માણસ, હાથમાં ફાસ; તરવાર; ભાલો; બરછી, ઇત્યાદી હથિયાર સાથેનો; અથવા ચોરોને બાંધનારો દક્ષિણ દિશામાં રેહેનાર; ભેંસ, ઊંટ, ઘદેડાપર બેઠેલો ઇત્યાદી સ્વપનામાં જોવાથી નરસ? ૨ સ્વપનામાં પર્વત; ઝાડ; ઇત્યાદી ઊંચી જગ્યાથી પડયો, એવું જણાય; ઊંડા પાણીમાં બુડયો; અગ્નિમાં બલ્યો; કુત્રાએ વબોડયો; મચ્છોએ ખાંધો; એકાએક આંખો ગઇ; એકાએક દિપક હોલવાયા; તેલ કે દારૂ પીધો; લોખંડ, તલનો લાભ થયો; રાંધું ધાન ખાધું; માતાના ઘરમાં કે તેના પેટમાં ગયો; એમાનું કોઇપણ સ્વપનું જોયું તે નરસ? ૩ વાહણ; ગાડીમાં બેઠો; આરસો જોયો; લગ્ન જેવા સૂભ કારજ, ઘર; પાણીમાં ડુંગર; ધન, ધાન્ય જે માણસે સ્વપનામાં જોયું તે નરસ? ૪ ભુતો, દાકેણથી દુઃખ; પક્ષીઓએ શરીર ટોચ્યું; ઘાસ, લાકડાનો ભારો ઊપાડયો; પર્વત કે ભોંય ઉપર, ધૂળમાં પડયો; ચરકી, શૂલી ઉપર બેઠો એવું જોયતો તે નરસ? ૫ પોતાના પૂર્વજને જોયા; ભયંકર પૂરૂષે તેલ મરદન કરી, બોડકે માંથે ઘદેડે બેશી દક્ષિણ તરફ જતો જોયો, અથવા કાળા રંગના વસ્ત્ર પેહેરેલા જોય તો તે નરસ.? ૬ પોતે ઘદેડે, ઊંડે, મેંઢા કે પાડા પર બેશી દક્ષિણ તરફ જતો જોય તે નરસ? ૭ પોતે લાલ ચંદન મરદન કરેલું જોય; લાલ ફુલ કે લાલ ચોખ્ખાં ચહડાવેલા જોય તે નરસ? ઉપર લખેલા ખરાબ સ્વપના હરયેક માણસે વારંવાર જોવાથી જે નીર રોગી હોય તે રોગી થાયછે? અને જે રોગી હોય તેને મરણની ધાસ્તી રહેછે.

—o—

સૂભ સ્વપનાં.

૧ સૂભ સ્વપનામાં પોતે ઇંદ્રાદી દેવ; રાજા; પોતાનો મિત્ર; બ્રામણ, ગાય ઇત્યાદીને જીવતા જોય; ભડકા સાથે અગ્નિ; પ્રયાગ જેવા તિરથો; પાણીનો ડોહ; શત્રૂને જીતવું; સફેદ રંગેલું ઘર કે મેહેલ, ઇત્યાદી જોય; બલદ; પર્વત; હાથ્થી, ઘોડા, ઉપર બેસવું; જળો; માંખ્ખી યોએ; મંધ માખ્ખીયોએ કે સર્પે ડંખ માર્યા; પર સ્ત્રી પાસે ગયેલો; જે જગ્યાએ જવું ન ઘટે તે જગ્યાએ ગયો; નર્ક કે ચીખ્ખલમાં પડયો અથવા લપટાણો; પોતે રૂદન કરેલું; હરયેકને રૂદન કર્તાં જોવું, પોતે

મરણ પામેલો જોવું; કાચું માંસ ખાધેલું જાણે; ઇત્યાદી ઉપર લખેલા, સૂભ સ્વપનાંમાંથી, હરયેક સ્વપનું માણસે જોવાથી, તે રોગી હોય તો સાજો થાય, અને નિર રોગી હોય તો, તેને ધનનો લાભ થાયછે ! ૨ લોહી, માંસથી પોતાનું આખુ શરીર ખરડાયું એમ જાણે; શફેદ વસ્ત્ર પેહેરેલો જોય; દૂધ પીધું હોય; પ્યારી સ્ત્રીને; ગાયને, બાળક સુધા સ્ત્રીને, જીવતા જોયા હોયતો સૂભ; મટોડી ખાંધી હોય; તળાવમાં ઘણાક કમળના ફુલ જોયા હોય; રાજ સભામાં કે હરયેક સભામાં ગયો હોય; બોહલું પાણી અથવા દૂધ જોયું હોય; એવી રીતના હરયેક માણસે, સૂભ સ્વપનું જોવાથી, જે રોગી હોયતો તે નિરરોગી થાયછે; અને જે નિરરોગી હોય તો, તેને ધનનો લાભ થાયછે.

માગધ ભાષામાં ઓષડોનું વજન.

હરએક ઓષડ વજન વગર આપવી નહી.

શુક્કા ઓષડનું વજન.

૩૦	પ્રમાણુની વંશી	૧
૬	વંશીની મરીચી	૧
૬	મરીચીની રાઇ	૧
૩	રાઇની શરશી	૧
૮	શરશી જવ	૧
૪	જવ—વાલ	૧
૬	વાલ—માસો	૧

હેમ અને ધાન્યક વજન.

૪	માસાનો ટાંક.	૧
૨	ટાંક—ક્ષુદ્રભ.	૧
૨	કોલનોએક કર્ષ,તોલો	૧

બીજી રીતના વજનો.

લીલોત્રીના ઓષડનું વજન

૨	પળની પ્રસૃત	૧
૨	પ્રસૃતની અંજલી કુડવ.	૧
૨	કુંડવની માનિકા શરાવ	૧
૨	શરાવની પ્રસ્થ	૧
૪	પ્રસ્થની આઢક	૧
૪	આઢકની દ્રોણ	૧
૨	દ્રોણની શૂર્પ	૧
૨	શૂર્પની દ્રોણી	૧

દુધ કે પાણી જેવી વસ્તુંનું માપટું. ચાર આંગળ સંમચોરસ અને તેટલુંજ ઉંડુ લોખંડનું કે મટોડીનું માપીને કરવું.

અંગ્રેજી ઓષડ પાણી જેવું તોલવાનું વજન.

૨૦	ગરેન—શકરૂપલ	૧
૩	શકરૂપલ—દરામ	૧
૮	દરામ--અઊંશ	૧
૧૨	અઊંશ--પાંઊંડ	૧

કુલીંગ પરીભાષે એટલે હાલ ચાલતાં વજનો.

૧૨	શફેદ શરશીની જવ	૧
૨	જવની—વાલ	૧
૩	વાલનો—વલ્લ	૧
૮	વાલનો—માસો	૧
૪	માસાનો—શાણ	૧
૬	માસાનો-ગદયાનો	૧
૧૦	માસાનો—કર્ષ	૧
૪	કર્ષોનો—પલ	૧
૪	પલનો—કુડવ	૧

નિદાન પંચક.

નિદાન એટલે શું? તે થોડામાં કહું છઊં દરયેક રોગની પરીક્ષા. વાયૂ. અથવા પિત્ત કે કફમાં, હરયેક બગડયાથી સર્વે રોગનું મૂળ થાયછે; અને તે ઉપર હરયેક પ્રકારે પહરેજી, ન રેહવાથી અથવા કુપઠ જણસોનું સેવન, કે ખોરાક ખાધાથી વાયૂ બગડીને તેનો કોપ થાયછે. તેથી હરયેક જાતનો રોગ ઉપજીને, બીજા નવા હરયેક રોગની, તે ઉત્તપત્તી કરનાર થાયછે. તેવિશે દ્રષ્ટાંત એવું છે કે; હરયેક સંત્તાપ થયાથી, લોહી ઊકળીને પિત્ત બગડેછે; તેને રકત-પિત્ત કેહછે; તે રકતપિત્તથી તાવ ઉત્તપન્ન થાયછે. રકતપિત્ત અને તાવમાંથી શ્વાસ, હાફણ ઉત્તપન્ન થાયછે; તેમાંથી કમળો અથવા પલીહા રોગ; પિંડરોગ થાયછે; તે વધ્યાથી પેટમાં રોગ થઇ વધેછે, અને શોજો આવેછે. હરસના રોગથી, પેટનો રોગ અને પેટમાં ગોળાનો રોગ થાયછે: શલકમ અથવા બલગમથી ખાશી, ડોશો ઉત્તપન્ન થાયછે. ખાશીથી કફ થઇ ધાતૂનો ક્ષય થાયછે; ક્ષયમાંથી, રાજ ક્ષય જે સર્વે રોગનો રાજાછે તે થાયછે. માટે પ્રથમ જે રોગ થયો, તે એખલો હોય અને પછી તેણે બીજો રોગ ઉત્તન્ન કરી. પુષ્ટ બળ મળી, તે બળથી, માહા સમર્થ થઇ, બીજા રોગને ઉત્તપન્ન કરેછે.

કેટલાક રોગ એવાછે કે પ્રથમ તે રોગ થઇ, બીજા રોગને ઉત્તપન્ન કરી, પોતે શાંત અથવા બેશી જાયછે. અને કેટલાક બીજા રોગને ઉત્તપન કરી. પોતે પણ રેહેછે. તેનું કારણ ફરીને જણાવું છું કે, જેમ શલકમ ન જતા, ખાશી થાયછે; હરશ ન જતા, પેટના રોગ અથવા ગોળાનો રોગ થાય-છે. એવા હજારો પ્રકારના રોગ, ઉત્તપન્ન થઇ દુઃખ થાયછે. તેની પરિક્ષા બરોબર થઇ તો, રોગ નાશ પામેછે. અને રોગથી ઉલટી પરિક્ષા થઇ તો, શરીરનો નાશ થાયછે.

અનુંપાન પ્રકરણ.

સરવે સાધારણ અનુંપાનો ૧ સન્નિપાત ઇત્યાદી વાયું ઉપર આદાના રસમાં હરયેક ઓખડ ભેળીને આપવું. ૨ ખાસી, કફ શ્લેષ્મ ઉપર અડુંલસાના રસમાં અથવા મરી, સુઠ, પીપરનાં ચુરણમાં. ૩ હરયેક જાતનો તાવ ઉપર મધ અને પીપરમાં; ફરીને પાછો તાવનો ઉથલો આવ્યો હોય તો કરીયાતું, નાગર-મોથ, પિત્તપાપડામાં. ૪ સંગ્રહણી ઉપર છાશમાં. ૫ પેટના જીવડા અથવા કૃમે ઉપર વાવડીંગમાં. હર્સ ઉપર ચિત્રકમાં, ભિલામાં. ૭ પાંડુ રોગ ઉપર

લોહ મડૂર. ૮ ક્ષય ઊપર શિલાજીત. ૯ શ્વાસ, સસણી ઊપર ભારંગમુળમાં; સુઠમાં. ૧૦ પર્મા ઊપર આમળા, હળદ; શાકર ત્રીફલા, સાથે મેળવીને. ૧૧ તૃષા ઊપર સોનું તપાવી છમકારીને તે પાણીમાં. ૧૨ તાવ અને તૃષા ઊપર લોખંડ તપાવીને પાણીમાં છમકારીને. ૧૩ પિત્ત, વાયું, કફ ત્રણ દોષના રોગ ઊપર આદાના રસમાં કે મધમાં. ૧૪ શુલ વાયૂ ઊપર હિંગ અને ઘીમાં. ૧૫ આમવાયૂં ઊપર કરંજ, ગૌ મૂત્ર, કે એરંડયું તેલમાં. ૧૬ તૃષા ઊપર ત્રિફળા, પીપર. ૧૭ વીષ, ઝેહર ઊપર શિરષ વૃક્ષ, અથવા સોનાનું છમકારેલું પાણીમાં. ૧૮ કાસ ઊપર રિંગણી મુળ અથવા ત્રિકૂટમાં. ૧૯ વાત વ્યાધી ઊપર ગૂગ્ગલ, લશણ અને ઘી. ૨૦ રકતપિત્ત ઊપર અંડૂલસામાં. ૨૧ ફેફરાં ઊપર જીભ સુધરવા વેખંડ અથવા અકુલગરો, મધમાં. ૨૨ પેટની કબજીયાત ઉપર જુલાબ. વાત્ત રકત ઉપર ગુળવેલ, એરંડયું. ૨૪ અરદિત વાયૂંને અડદના વડા અને માખંણ. ૨૫ મેદા રોગને મધ પાણી મેળવીને. ૨૬ ધુપણીકે પદર રોગને લોધ્ર. ૨૭ અરૂચી ઉપર બીજોરા, ડાડમ. ૨૮ નાશુર ઇત્યાદી વરણને ત્રિફળા, ગુગ્ગલમાં. ૨૯ શોકાતુરને દારૂ, મદીરા. ૩૦ આમળપિત્તને દ્રાક્ષ. ૩૧ મુત્ર રોધ, અટકવું, તે ઉપર શતાવરી અને ભૂરા કોહોલાનું પાણીમાં. ૩૨ આંખોના રોગને ત્રિફળા. ૩૩ ઉન્માદને જૂનું ઘી. ૩૪ નિદ્રા આવતી ન હોય તેને ભેશનું દૂધ. ૩૫ કૂષ્ટ રોગને ખેરના લાકડાના નારનું પાણી. ૩૬ શફેત કોહોડને બાવસ્યાં અને ઓખાડ. ૩૭ અજીર્ણ અને ઘણી નિદ્રાને હિમજ અને અપવાસી, ભૂખ્યા રાખવું. ૩૮ ઓકારીને ધાણી. ૩૯ શરીર માહેના જીવડાથી મસતક ઉપર રોગ થાયછે તેને તીક્ષ્ણ ઓશડની તપખીર સુગાડવી. ૪૦ પાસલાના શુલને પૂષ્કર મૂળ. ૪૧ મૂર્છાને શિતળ ઉપાય, પાણી વગરે છાટવું. ૪૨ શરીર દુબળું થયુ તો માંસ ઇત્યાદી પૂષ્ટદાયક ખોરાક. ૪૩ પિશાબમાં પથરી ઉપર શિલાજીત. ૪૪ પિસાબ બંદ થયો તો કુમળા મુળાના પાંત્રાનો રસ અને શુરોખાર એકટો કરીને. ૪૫ ગાંઠને વાયવર્ણની છાલ. ૪૬ વિદ્રધી રોગવાલાને, મજબૂત બાંધા પ્રમાણે લોહી કહડાવવું. ૪૭ ઉચકીને લાખનો રસ શુગાડવો અથવા નવશાગર સુનો, લીંબુના રસમાં કાલવીને શુગાડવું; અને ૧ા ૨ વાલ જેટલું પેટમાં આપવું. ૪૮ બળત્તરને થંડો ઉપાય. ૪૯ ભગન દર ઉપર કુત્રાના હાડકાને ઘેટડાના લોહીમાં ઘસીને શંખ પૂષ્પનારસમાં મેળવીને લગાડવું. ૫૦ શબ્દ ખૂલવા પુષ્કર મુળ મધમાં ઘસીને ચટાડવું. ૫૧ સરદી, શૈત્ય ઉપર નાગવેલ, મરી ઇત્યાદી ઉષ્ણ ઉપાય કરવા.

ઓષડના અંગરસનું વજન.

જે ઓષડનું અંગરસ પીવાને લખ્યું હોય તેનું વજન જુદું જુદું જણાવેલું ન હોય તો તે ઓષડ જુદું જુદું સરખે વજને લેવું; પણ તે મોહટા મજબુત બાંધાના માણસ માટે સર્વે ઓષડનું વજન દરેક વખતે તોલા ૧ થી ૨ લેવું. અને તેમાં આસરે ત્રણ તોલા પાણી નાખી, બાર કલાક અગાઊ ભીજવી મુકવું, અને પછી તેને પથરના ખલમાં કે પાટા ઉપર વાટીને, કપડ છાંડ કરી પાણી નીચવી લેવું. તેમાં શાકર નાખવા લખ્યું હોય તો ખડી શાકર, મધ નાખવા લખ્યું હોય તો રાણી મધ, અને ગોળ લખ્યો હોય તો જુનો ગોળ તોલા ૦। થી ૧ સુધી નાંખવો; પણ કોઇ અંગરસમાં ચુરણ મેળવવાને લખ્યું હોય તો તોલા ૦। થી ૦॥ સુધી ડોહઇને પાવું.

ઊકાલો અથવા કુવાતનું વજન.

જે ઊકાળાના ઓષડનું વજન જુદું જુદું ન લખ્યું હોય તો, દરેક, જણસ સરખે વજને લેવી, અને તે સર્વેનું વજન તોલા ૨ થી ૪ મોહટા મજબુત બાંધાના માણસને માટે, તેની શક્તી પ્રમાણે લેવું. તે સર્વેને અધ કચરૂ કરી, મટોડીના વાસણમાં પાણી શેર ૧ થી ૨ નાખીને, મંદાગ્નીથી તેને ઉકાલવું; તેમાનું પાણી બળતા આઠમો ભાગ, બાકી રેહે તે વખતે ઊત્તારી ઊંફ ભરેલું પાવું. નાહના બાળકને માટે તેની શક્તી પ્રમાણે, સર્વે ઓષડ તોલા ૦। થી ૧ શુધી લેવું. તેમાં ઉપલા વિભાગે પાણી નાખીને આઠમો ભાગ, બાકી રેહેવાથી ઉફ ભરેલું પાવું.

કોઇ ઓષડમાં શાકર નાખવા લખી હોયતો, વાયુ ઉપર ચોથે ભાગે, પિત્ત ઉપર આઠમે, અને કફ ઉપર સોલમે હીસ્સે એક ભાગ નાખવી. મધ નાંખવા લખ્યું હોયતો, કફ ઉપર ચોઠે, પિત્ત ઉપર આઠમે, વાયું ઉપર સોલમે હીસ્સે એક ભાગ નાંખવો.

જીરૂ, ગુગળ, હરયેક ખાર કે સિલાજીત નાખવા લખ્યું હોય તો, મજબુત બાંધાના મોહટા માણસ માટે વાલ ૧) થી ૫ વાળ સુધી, તેની શક્તી પ્રમાણે નાખવું. પણ હિંગ સેકીને ઉપલા વજને નાખવી.

દૂધ, ઘી, ગોળ; તેલ ઇત્યાદિમાં ઓષડની ચટણી, ચૂરણ નાખવા લખ્યું હોય તો, મજબુત બાંધાના મોહટા માણસ માંટે તોલા ૦॥ સુધી તેની શક્તી પ્રમાંણે નાખવું.

કેટલીક વખતે ઓષડનું ચુરણ કરીને, ગર્મ પાણીમાં ડોહીને, પીવા લખ્યું હોય અથવા હરયેક ઓષડને રાત્રે કુટી, ભીજવી મુકીને પ્રાતઃ કાળે, તેનો અંગરસ પીવાને લખ્યું હોય, તેમાં શાકર, મધ, ઘી, તેલ ઇત્યાદી ઉપર લખેલી હરયેક જણસ મેળવીને પીવા લખ્યું હોય તેનું વજન ઉપર લખ્યા પ્રમાણે સમજવું.

ચુરણનું વર્જન.

આરીતે શુકવેલા ઓષડો લઇને બારીક કુટીને વસ્ત્ર ગાળ કરવું, તે ભૂકાને ચુરણ કેહેછે. તે દરએક મજબુત બાંધાના મોટા માણસને, દરયેક વખતે તોલા ૦ા થી ૧ શુધી, તેની શક્તી પ્રમાણે આપવું; અને નાહાના બાળકને એક વાલથી ૫ વાલ શુધી, તેની શકતી પ્રમાણે આપવું.

હરયેક ચુરણમાં ગોળ, નાખવા લખ્યું હોય તો, ચુરણના વજન પ્રમાણે શરખુ નાખવું. શાકર નાખવી હોય તો બમણી નાખવી; હિંગ નાખવી હોય તો સેકીને જુજ નાખવી. ઘી નાખવું હોય તો બમણું નાખવું. પાણીમાં ડોહીને પીવું હોય તો, ઓષડથી ચોમણું પાણી નાખવું.

ચુરણ કે સરબત, ગોલી, ચાટણ કે ચટણી હરયેક ઓષડ, જેવી રીતે આપવા લખ્યું હોય, તે પ્રમાણે આપતા તેની ઉપર પાણી કે દુધ પીવાનું હોય તો, વાયુ ઉપર તોલા ૧૨ સુધી, પિત્ત ઉપર તોલા ૮ સુધી, અને કફ ઉપર તોલા ૪ સુધી પીવું, જેથી સર્વે ઓષડ પેટમાં જઇ આખા શરીરની નેસોમાં ફેલાઇ જાય.

એ હરયેક ચુરણને લિંબુના રસની, કે ગઉમૂત્રની ભાવના (પૂટ) આપવા લખ્યું હોય તો, તે સર્વે ચુરણ રસમાં ભીજાય, તેટલોજ રસ અથવા ગઉમૂત્ર નાખીને ખલ કરવો, જેટલી ભાવના આપવી હોય, તેટલી વખત તેમજ કરવું.

સનેહપાક; ઘિ, તલમાં ઓષડનો પાક, સરબત, ઊકાલો, કરવાનું વર્જન.

હરયેક ઓષડના વજનથી ચોમણું ઘી, તેલ, મધ અથવા જે હોય, તે લેવું: તેથી ચોમણું પાણી અથવા દુધ, પાણી જેની જે જણસ લખી હોય, તે નાખીને મંદાગ્નિયે પકાવવું; અને પાણી જેની નાખેલી જણસ બાલવી, અને ઓષડ ઘી અથવા તેલ ઇત્યાદી બાકી રહ્યાથી, મજબુત બાંધાના મોટા મા-

ણસને તોલા ૧ થી ૨ સુધી આપવું; પણ હરયેક ઓષડ, કુમલું હોય તો પાણી ચોમણું નાખવું. શખ્ત ઓષડ હોય તો, પાણી સોલઘણું નાખવું. ઉકાલો કે સરબતનું ઓષડ તૈયાર કરવું હોય તો, ઓષડના વજનથી ચોમણું, આઠ ઘણું નાખવું.

ઉપર લખેલી સર્વે, ઓષડ આપવાની રીત, અને વજન બતાવેલુંછે; તોપણ હરયેક હેમ; નીરૂત, રેગીની પ્રકૃતિ, વય, બળ, બાળક, જુવાન, નબળો, વૃધ્ધ હરયેકની શકતી ઉપર પૂરતો વિચાર કરવો.

હરયેક ઓષડમાં દૂધ, દહી, છાશ, મેળવવાની હોય તો, ઓષડથી આઠ ઘણું નાખવું, અને ઓષડનો સારો પાક, કરવાને ચોમણું પાણી નાખવું, અને પાણી બાલયાથી સીધ થશે. જે ઊકાળાથી ઓષડ સીધ કરવાનું હોય, ત્યાં ઉપર લખ્યા પ્રમાણે ઉકાલાની રીતે સીધ કરવું. જે દુધ ઇત્યાદી જણસે ઓષડ સીધ, કરવા લખ્યું હોય તેમ કરવું. ઉપર લખ્યા પ્રમાણે સ્નેહપાક, તૈયાર થયા પછી, તેની તપાસ કરવા માટે, અગ્નિ ઉપર એક ટીપુ નાખી તપાસવું, જો બરાબર તૈયાર થયું, હોસે તો ટીપું પડતાં, તડતડ અવાજો થશે; ફીણ આવવા લાગે તો તેલ તૈયાર થયું; ફીણ ન આવ્યા તો, ઘી તૈયાર થયેલું જાણવું.

ચોથો અધાય પ્રારંભ.

દીપન પાચન ઓષડો.

જે ઓષડોના ગુણથી, આંમનું પાચન થતું નથી, અને અગ્નિ પ્રદીપ્ત થાય, તેને દીપન સન્નક કેહેછે, તે વરીઆળી. જે આંમનું પાચન કરેછે, અને અગનિ પ્રદીપ્ત કરતો નથી, તેને પાચન સન્નક કેહેછે; તે નાગ કેશર. અને અગ્ની પ્રદીપ્ત કરનાર તથા આંમને પચાવનાર ચિત્રકછે; તેમાં દીપન પાચન બેહુ ગુણ છે.

સંશમન ઓષડો.—જે ઓષડ વાતાદી દોષ સમાન છતા, તેનો દૂષ અને તેનો શોધન ર્ક્તા નથી, અને વિષમ ભાવ જોઇ શરીરમાં વધેલો, વાતાદીદોષ, તેનોજ માત્ર શમન કરીને કોઠાને શુધ કરે, મળને બાંધે તે મોહટા રોગને સમાવેછે, તેને સંશમન સન્નક, ગુળવેલ કેહેછે.

અનુંલોમન ઓષડો.—જે ઓષડો મળને એટલે વાતાદીદોષનો કોપ શાંત કરીને પચાવે, મસળે, મેદન કરે, જુદો જુદો પાડે, અને મારગે લઇ

જાય, અથવા વાતમૂત્ર, અથવા બંધ કોષ્ટને જુદો પાડી અધોભાગે, લઇ જઇ ઝાડા માર્ગે પાડેછે, તેને અનુલોમન કેહેછે. તે હીમજ, હીમજી હરડે.

શ્રંસન ઓષડો.—જે વસ્તું, વાતાદી દોષના કોપથી, પચવા જોગ ન પચી હોય, મળ મૂત્રાદીક, પાચક સ્થાનને આસરે કરી, અને કોઠામાં લપટાઇ રહી હોય, તેનો પાક ન કરતા, તેને ઝાડા મૂત્રને મારગે જે ઓષડ પોતાને ગુણે, જબરીથી લઇ જાયછે. તેને રસ્તેથી પાડે તેને શ્રંસન સન્તક કેહેછે. તે (અમલતાસ) અથવા ગરમાળાની શીંગનો ગર.

ભેદન ઓષડો.—જે મળ વાયુંના દોષે કરીને, અબધ અથવા બંધ થાયછે, જે મળ, મૂત્રાદિકની ગાંઠો બંધાઇ હોય, શુકાઇ ગયો હોય, ઝાડા, પિસાબ ઇત્યાદિ મળની ગાંઠો બંધાઇ હોય, તે છુટો પાડી ઝાડાને પીસાબને મારગે પાડે તે દ્રવ્યને ભેદન કેહેછે, તે (કુટકી) છે.

રેચન ઓષડો.—પેટમાં વિશેષ કરીને અન્નાદીક. અથવા ખાધેલો ખોરાકનો, સારી રીતે પાક ન થવાથી, કાચો રહયાથી, તે ખોરાક વાયુના બળે તે મળ વાયુંના દોષથી વિષેશ પાકી ગયો હોય, અથવા ન પાકો હોય, તેને જે ઓષડ પોતાના બળે પાણી જેવો કરી, અધો ભાગે લઇ જઇ, ઝાડા પીસાબને મારગે, ધાળ કરાવે અથવા વેહવડાવે તેને રેચન સન્તક કેહેછે, તે નિશોત્તર જાણવું.

વમન ઓષડો.—કાચ્ચા પિત્ત અને કફને જોરથી મોહડા વાટે, ઊલટી મારગેથી કાહાડેછે, તેને વમન કેહેછે; તે (મેન ફુલ) અથવા ગેળફુલ.

સંશોધન ઓષડો.—પોતાના સ્વસ્થાને વાતાદિકોનો થયેલો સંચય, દુષ્ટ મળ અને કફ મળો જે સ્થાન પકડેછે, તે જે દ્રવ્ય, છોડવી ઉર્ધ્વ માર્ગે મૂત્ર સાથે, ઝાડા મારગે, અથવા ઊલટી મારગે, નાકવાટે, બાહાર કાહાડેછે, તેને શરીર શોધન કેહેછે, તે ઓષડને (વનતરોઇ દેવડંગરી, કાંટે વૃંદાવન, કુકડવેળ.)

છેદન ઓષડો.—જે સલેશ્મ અને કફ પરસ્પર એક સાથે એક મળ્યાથી, જે કફાદી દોષ બંધાયલો હોય, તેને જે ઓષડ, પોતાના બળે, છોડવી જુદો કરી, છુટો પાડી કાહાડે, તેને છેદન કેહેછે, તે (જવખાર, ઇત્યાદિખાર, મરી, પીપર, શિલાજીત) જાણવા.

લેખન ઓષડો—જે શરીરની રસાદિ ધાતુંવો અથવા વાતાદી દોષનું શોષણ કરી, ત્રણે મળને ધોઇ, શરીર દુરબળ કરે, તેને લેખન કેહેછે; તે (મધ, અથવા ગર્મ પાણી).

ગ્રાહીક ઓષડો—જે ઓષડોથી અગ્નિપ્રદીપ્ત થાયછે, અને આંમાદીકનું પાચન થાય, અથવા ઉષ્ણ વીર્ય થાય, તેથી જળ સ્વરૂપી કફ, ધાતું મળના રસને શુકાવે, શોષણ કરે, તે ઓષડને ગ્રાહીક કેહેછે; તે શુઠ, શફેદ જીરૂ, ગજ પીપર.)

સ્તંભન ઓષડો.—જે ઓષડો, દ્રવ્ય રૂક્ષ ગુણે હોય, ઠંડુ, શીત વીર્યે કરીને અથવા તુરાશ રસેં કરીને યુકત હોયછે, અથવા પાકે કરીને હલકા હોય, ગર્મ હોય, પાચન શકિતક્ષીણ કર્તા હોય, તે વાયું કર્તા દ્રવ્યને સ્તંભન કેહેછે. તે વાલ, કઠોલ ઇત્યાદી, સોહનયતી, કુરૈયા, કુડા, ટેટું.

રસાયણ ઓષડો—જે દ્રવ્ય જગતના રોગને દૂર કરેછે, તે ઓષડો રસાયણ જાણવા, (ગુળવેજ, મોહટી હરડે, હીમજ, રૂદ્રવંતી, ગુગ્લ, ગરોળ.)

વાજી કરણ ઓષડો.—જે દ્રવ્યથી ધાતુંને વધારી પુરૂષ, સ્ત્રીવાને મૈથુનમાં વિષેશ સુખ હર્ષ યુકત શકતી આપેછે, તેને વાજીકરણ કેહેછે. યથાવરયા, નાગબલા, શતાવરી, શાકર, દૂધ કવચખીજ, ઇત્યાદી ચીકાસ.

ધાતુંને વધારનાર ઓષડો.—જે ઓષડોથી ધાતુંની વૃધિ થાયછે, તેને શુક્ર કેહેછે. તે (આસગંધ, એટલે આશન, મુશલી, શાકર, સતાવરિ, ચીકણામૂળ, કવચ ખીજ.)

ધાતુંને ચેતવનારી અને તેને ઉત્તપન્ન કરનાર ઓષડો.—જે શુક્ર ધાતુંને ચેતવનાર અને ઉત્તપન્ન કરે, વધારે તેને રેત જન્ય કેહેછે. તે (દુધ, અડદ, ભિંડા, ભિલામાંના ફળની અંદર બી હોયછે તે, આમળા, ગોખરૂ) ઇત્યાદી.

વાજી કરણ ઓષડો.—જે શુક્ર ધાતુંને ચેતવનારી, અને પ્રગટ કરનારી સ્ત્રીછે, તેના અભિલાશથી અથવા તેનો સંગ કર્યાથી ધાતુંને રેચન થાયછે, અને ઓષડથી રેચનમાં મોત રિંગણીના ફળ, રાનવાંગે, રિંગણી ફળ જાણવા; અને ધાતુંને બાંધનાર અથવા વીર્ય સ્તંભન કરનાર (જાયફળ) છે. તથા વીર્ય શોષક હરડે, હીમજ, કલીગડ, મોતજછે.

સૂક્ષ્મ ઓષડો.—જે વસ્તું રોમ રોમ માર્ગે શરીરમાં પસરેછે, તેને સુક્ષ્મ કેહેછે; તે (સિંધાલૂંણ, મધ, નીમખ, એરંડયું ઇત્યાદિ તેલ)છે.

૫

વ્યવાયી ઓષડો.—જે વસ્તુવો અથવા ઓષડ પ્રથમ શરીરમાં જઇ, કોઠાની અગ્નિમાં ન જતા, શરીરમાં વ્યાપીને, પછી દારૂના ઝેહરની રીતે, જે પચે તેને વ્યવાઇ કેહેછે, તે ભાંગ, ગાંજો, અફીણ, ઝેરી વસ્તું.

વિકાશી ઓષડો.—જે વસ્તું અથવા ઓષડ શરીરનાં સર્વ સાંધા, બંધનને ઢીલા, નબળા કરે, રસાદી ધાતૂંમાંથી ઉત્તપન્ન થયેલા, બળ અને શુક્ર ધાતુંને ક્ષીણ કરે, તેને વિકાશી કેહેછે, તે (શોપારી, કોદેવ, કોદરા.

મદ આપનાર પદાર્થ ઉનમત કરનાર.—જે વસ્તું બુધ્ધિને સંભ્રમ કરે, અને ઉનમત કરે, ચલ અચલ કરે, તમો ગુણ કરેછે; તે સૂરાદી, બેવડો, બરાંડીન, ઈત્યાદી જલદ દારૂ, તેને વ્યવાઇ અથવા વિકાશી સુક્ષ્મ છેદન કૃત, મદકૃત, અગ્નિ વર્ધ્ધન, મૃત્યુકારકછે એ (દારૂ) કેટલાક ઓષડમાં મેળવી આપવા લખેલું હોય, તે જગ્યાએ આપવાથી, કેટલાક રોગીને ફાયદો કરેછે, પણ એખલો દારૂ પીધાથી આસ્તે આસ્તે અંદરના અવયવો ને ઝેર ચહડેછે.

પ્રાણઘાત યોગવાહી ઓષડો.—અગાઊ લખ્યા પ્રમાણે, વ્યવાયી, વિકાશી, સૂક્ષ્મ છેદી, મદકારી ઓષડો, આગ્નેય ઓષડો, એ છ ગુણે કરીને જે દ્રવ્ય યુકત હોય તે દ્રવ્ય પ્રાણને હારક એટલે પ્રાણ લેનાર, જાણવું. શોમળ, વચનાગ ઈત્યાદી ઝેર, યોગવાહી જાણવા. પણ કેટલાક રૂષીવોએ, પોતાના શ્લોકોમાં, કહેલા પ્રમાણે ઝેરી વસ્તુંને, પૂરતી રીતે સોધેથી અથવા સંસ્કાર વિધિ વિશેષે કરયાથી, જે અનુંપાનોથી આપવાને લખેલું હોય, તે પ્રમાણે આપે તો, અમૃત તુલ્ય થાયછે.

પરમાર્થી ઓષડો—જે દ્રવ્ય પોતાના પ્રાક્રમે કાન, મૂખ, નાક ઇત્યાદીક સ્થાને અથવા છીદ્ર મર્ધ્યે, કફાદિ દોષનો સંચય થયેલો હોય તો, તે રોગોને કાહાડી નાખેછે, તે ઓષડોને પરમારથી કેહેછે, તે (મરી, ઘોડા વજ, અજમો).

અભિષ્યંદી પદાર્થ—જે પદાર્થ પોતે શૂવાળું, બુળ બુળીત, સ્નિગ્ધરય, છતા ગુણે કરીને, રસવાહિની નસોને નિરોધ કરે, કફ કરે, તેને અભિષ્યંદીક કેહેછે, તે (દહી).

અધ્યાય પાંચમો પ્રારંભ.

कळाः सप्ताशयाः सप्तधातवः सप्ततन्मळाः सप्तोपधातवः सप्तवचः सप्तप्रकीर्तिताः त्रयोदोषानवशतं स्नायुनां संधयस्तथा ॥ दशाधिकंचद्विशतम स्थ्नांच त्रिशतं तथा ॥ सप्तोत्तरं मर्मशतंशिराः शप्तशतं तथा ॥ चतुर्विंशतिराख्याता धमन्योरसवाहिकाः मांसपेश्यः समाख्याता नृणांपंचशतंबुधैः स्त्रीणांच विंशत्याधिकाः कंडराश्चैवषोडश ॥ नृदेहेदशरंध्राणि नारीदेहेत्रयोंदश ॥ एतत्समासतः प्रोक्तंविस्तरेणाधुनोच्यते ॥

શરીર દર્શક.

શરીરમાં રસાદિ ધાતુંના, જે સ્થાનોછે, તેના મર્યાદા ભુત; એવી સાત. કળાછે. કોઠામાં સાત આશય, એટલે સ્થાનોછે. રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મર્જ્જા, શુક્ર, એવી સાત, ધાતુંછે; તે ધાતુંના સાત, મળછે. ધાતુંની પાસે રેહનાર, એવી સાત ઉપધાતુંછે. શરીરને ચામડી સાતછે. વાયું, પિત્ત, કફ એ ત્રણ દોષછે. શરીરને, દોરયા સરખી ૯૦૦ બંધનોની નસોછે, બસોને દસથી વધારે સાંધાછે; તેને સ્નાયું કેહેછે. શરીરને આધાર ભૂત બળ આપનાર એવા ૩૦૦ હાડકાછે; તેનો આધાર ભુત, એવી ૧૦૭ મર્મોછે. દોષ, ધાતું, જળ પાણીને વેહવડાવનારી એવી ૭૦૦ નસોછે. તે ઉપરાત મોટા મોટા મૂળોનીછે; જેમાંથી ઝીણી ઝીણી નસો, શરીરમાં જેટલા ઉવાઢાછે, તેટલી સંખ્યા તેની જાણવી. રસ વેહનારી નસોના ડાલા બંધાયાથી તેનાં નામ જુદા પડી ચોવીસ થયાછે. ધમણીની નાડી ચાલનારી નસોનું મૂળ એકજછે; પણ તેમાંથી ડાળા જુદા જુદા પડેલાછે. પુરૂષના શરીરમા માંસ પેશી એટલે માંસના હાડકા અથવા માંસના ગાંગડા ચાર ખૂણાના અને લાંબા પાંચસો છે. તેવાજ સ્ત્રીને માંસની ગાંઠો ૫૨૦ છે, પુરૂષથી સ્ત્રીને વીસ વધારેછે, તેમાં "બે સ્થન" સ્થાને પાંચ પાંચ; યોનીને સ્થાને ચાર; ગર્ભ માર્ગને સ્થાને ત્રણ; અને ગર્ભ સ્થાને ત્રણ, એવી રીતે વીસ વધારેછે. સ્નાયું ૧૬ પુરૂષના શરીરમાંછે, એટલે શરીરના સ્થાનો તેમાં બે પગો મળીને ચાર ચાર, બે હાથો મળીને ચાર ચાર, ગરદનને ચાર, વાસાને ચાર, એ પ્રમાણે સોલ સાંધાછે. છીદ્ર ૧૦ એટલે પુરૂષના શરીરને દસ છિદ્ર વિધછે, તેમાં બે આંખના, બે નાકના, બે કાનના, એક મૂખ, એક નાભિ, એક ઇંદ્રિ, એક ઝાડાની જગ્યા; એવી રીતે દસ જાણવાં. સ્ત્રીને ૧૩.

એટલે ત્રણ વધારે તેમાં બે સ્થન અને એક યોની જાણવી. એવી રીતે શરીર દર્શક થોડામાં કહેલુંછે તેનો વિસ્તાર નિચે લખેલોછે.

કળાનો પ્રકાર—પ્રથમ કળા; માંસને ધારણ કરેછે, તેને માંસધરા કેહેછે. બીજી કળા; લોહી ધારણ કરનાર, તેને રક્ત ધરા કેહેછે. ત્રીજી કળા; મેદને ધારણ કરેછે, તેને મેદધરા કેહેછે. ચોથી કળા; પ્લીહા અને ફેફસાની વચ્ચે રેહેછે, તેથી તેને કફ ધરા કેહછે. પાંચમી કળા; આંતરડાને ધારણ કરીને, હીત સાથે, છાતીના મળનો વિભાગ કરેછે, તેથી તેને પુરીષ-ધરા કેહછે. છઠ્ઠી કળા; અગ્નિને ધારણ કરનાર એટલે ખાધેલા, પિધેલા ખોરાકને આમાશ્ય માંહેથી પ્રચ્યુત કરી, પાચન કરી બાકીનો રહેલા, મળને; પકવાશ્યામાં લાવીને, ધારણ કરેછે, તેથી તેને પિત્તધરા કેહછે. સાતમી કળા; શૂક્ર ધાતુંને ધારણ કરેછે, તેને રેત્તધરા કેહછે. એ સાતે કળા જાણવી.

આશયનો પ્રકાર—છાતીમાં કફસ્થાનછે, તેને આશયસ્થાન કેહેછે. ત્રીજા કુચ્છની નીચે અથવા કફસ્થાનથી કિંચિત અધો ભાગે, નાભિની ઉપર, ડાહાબી બાજુએ આમસ્થાનછે; જેમાં અપકવ અન્ન રેહછે, અગ્નિસ્થાન ઉપર તલછે, તેને ક્લોમ અથવા હીપ્પાસ્થાન કેહેછે, તેની તળે મળ સ્થાન પવનાશયછે; તે મળસ્થાન, પકવાશ્યથી જરા વેગળોછે, તેને પોટલક, પુરીષ, અંત્ર, આંતરડા કેહછે. એ પવનાશ્યની નિચે, તેની સાંમે જમણી બાજુએ, ચામડાની નાહની બાલદી સરખી, બસ્તીને આકારેછે, તેને ચર્મ બલ્વકાકાર, મૂત્રનો આધાર રાખનાર, એવી રીતે મૂત્રની થેલી રેહેછે. જીવતુલ્ય લોહીછે, તે લોહીનું સ્થાન છાતીછે, એટલે પ્લીહા રદયની ડાહબી બાજુએ છે, એ પ્રમાણે પુરૂષને સાત આશયસ્થાનછે અને સ્ત્રીને ત્રણ સ્થાન વધારે જાણવા.

રસાદિ સાત ધાતૂંનું વર્ણન—સાત ધાતૂંમાં રસ, રકત, માંસ, મેદ, હાડ, મજ્જા, શૂક્ર. એ સાતે ધાતું, પિત્તના તેજથી ખોરાક પચિત થાય, એ સાતે ક્રમે કરી, એકમાંથી એક ઉત્તપન્ન થાયછે, તેના દાખલા, રસથી, લોહી, લોહીમાંથી માંસ, માંસથી ચરબી, ચરબીથી અસ્થિ, હાડકાથી મજ્જા, મજ્જાથી શૂક્રધાતૂં, એવી રીતે સાત સ્થાને રસાદિ ધાતૂંની ઉત્તપત્તી થાયછે.

સાત ધાતૂંના સાત મળ સ્થાન—જીભ, નેત્ર, ગાલ, કપાળનો પસીનો, કફ, એ રસ ધાતૂંનો મળછે. રસ ધાતૂંને રંજક (લીલા પિળા રંગનું) જે

પિત્ત, તે રક્ત ધાતુંનો મળ જાણવો. નાક, કાનનો મેલ તે માંસ ધાતુંનો મળ જાણવો. જીભ, દાંત, પડજીભ, કાખ, પિસાબ માર્ગે, જે સફેદ રંગે અથવા પસીનો, નિકળે તે મેદ ધાતુંનો મળ જાણવો. નખો, હાડ, રોમ, હાડકાનો મળ જાણવો. આંખનો મળ; મૂખની ચીકાશ તે મર્જ્જા ધાતુંનો મળ જાણવો. આંખના ડોળા અને તેની કીકીઓ શૂક્ર ધાતૂંનો મળ જાણવો. મૂખ, ગાલ, નાક ઉપર જે ખીલ નિકળેછે, તે શૂક્ર ધાતૂં અથવા છઓ ધાતૂંનો મળ જાણવો. પુરૂષના મૂખ ઉપર મૂછો આવેછે, તે શુક્ર ધાતૂંનો મળ જાણવો. એ પ્રમાણે સાતે ધાતૂંના સાત મળ જાણવાં.

સાત ઉપધાતૂંનું વર્ણન—સ્ત્રીઓને સ્થન સંબંધી જે દૂધ, ઉત્તપન્ન થાયછે તે, અને ઉમ્મરે પોહતાથી રજ્જો, વિટાળ, સ્ત્રીના ગરભ સ્થાને, એકટો થઈ, વખતે વખતે વેહેછે તે, રક્ત ધાતૂંની ઉપધાતું, જાણવી. કેટલાક કારણોથી, સ્ત્રીને વિટાળનું વહેવું બંધ થઇ, જાણે હતોજ નહી, તેવી રીતે થઈ જાયછે; તે શુધ્ધ માંસમાંથી, ઉત્તપન્ન થયેલો, સ્નેહ તે માંસ ધાતૂંની ઉપધાતું જાણવી; તે સ્નેહને વસા કેહેછે. અથવા સફેદ રંગે વહેવું હોય તો અથવા અત્તીશે પસીનો થતો હોયતો મેદો ધાતૂંની ઉપધાતૂં જાણવી.

સાતે ચામડીનું વર્ણન—પેહેલી ચામડીનું નામ, અવ ભસિની, એ ચામડીમાં વાયૂંથી, પરૂ કરનાર એકજ ચામડી સુધી, તેના મુળ હોય, તેવા ખુજલી ઇત્યાદી ફોડળાં, ગાંઠો, પદમ કંટકાદિક રોગ થાયછે; તેને ક્ષુદ્ર રોગ કેહેછે. બીજી ચામડીનું નામ લોહિતા તિલક, માં અળક રોગની જગ્યા એટલે રૂવાટામાં બીજી ચામડી સુધી તે રોગના ફોડળા, ગાંઠો પરૂ કરનારના મુળ જાયછે. ત્રીજી ચામડીનું નામ શ્વેતાતી ચર્મદળ, જેમાં રોગ મંદો દાહ, સાથેનો, પરૂ કરનાર ગાંઠો થાયછે, તેના મુળ ત્રીજી ચામડી સુધી જાયછે. ચોઠી ચામડીનું નામ તામ્રાતી વિળાસ કુષ્ટ, ચિત્રકુષ્ટ લાલ રંગની ગાંઠો, સફેદ પરૂ કરનારછે, તેના મુળ ચોઠી ચામડી સુધી જાયછે. પાંચમી ચામડીનું નામ વેદિની; તે સરવે કુષ્ટ (પરૂ)ની જગ્યા થાય, તે ગાંઠો પરૂ ભરેલીના મુળ પાંચમી ચામડી સુધી જાયછે. છઠ્ઠી ચામડીનું નામ રોહિણીછે, તે છઠ્ઠી ચામડી સુધી જે ગાંઠોના મૂળ જાયછે, તે રોગની ગાંઠો, ગંડમાળા, ગંડમાળાનો ભેદ, અપચી રોગોની જગ્યા થાય. સાંતમી ચાંમડીનું નામ સ્થૂળા, તેમાં જે ગાંઠો થાયછે, તેના મૂળ સાતે ચામડી સુધી પ્રવેશ કરેછે; તે વિદ્રધી રોગ, ઉંડમી ગાંઠો, પાઠા, હરશ, ભગંદર ઇત્યાદી રોગછે. એવી

રીતે સાતે ચામડીના નામ, અને તેમાં થતા રોગ બતાવેલાછે, એ સાતે ચામડીના બે પડો બંધાયલા હોયછે.

વાતાદિ ત્રણ દોષનું વર્ણન—પ્રત્યેક દેહધારીને, ત્રણ દોષમાં વાયૂ પિત્ત, કફ પ્રસિધ્ધ પદાર્થછે; અને શરીરને ધારણ કરનાર, પોષણ કરનાર તથા સરવે વહિવટ ચલાવનાર પણ એજ ત્રણછે, તેને ધાતૂ કેહેછે; તે પાંચ પાંચ પ્રકારે દોષ, શરીર ધારણ કરતાછે; એટલે વાયૂ પાંચ પ્રકારના, પિત્ત પાંચ પ્રકારના; અને કફ પાંચ પ્રકારે જાણવા. તે વિશે શ્રૂતિમાં લખ્યુંછે, કે સંસ્કૃત તંત્ર પ્રસ્યદમાં દહન પૂરણ વિવેક ધરણ લક્ષણ વાયૂંછે.

વાયૂં--વાયૂં, પિત્ત, કફ, એ ત્રણ પદાર્થમાં વાયૂ બળવાનછે, તે વાયૂ શરીરના સરવે અવ્યવમાં, દરયેક જોઇતી વસ્તુંને સરવે સ્થાનમાં, પોહોચાડી આપેછે, તે કારણથી ત્રણ દોષમાં, વાયું પ્રબળ હોયછે, તે મળાદિનો વિભાગ કરવાને, પિત્ત, કફને જયા જોઇએ, ત્યા લઇ જવાને, પોહોચાડવાને, તે સમરથછે. તેમાં રજો ગુણછે, સૂક્ષ્મ અત્તીશેછે, ઠંડોછે, સ્વભાવે કરીને શીત્તળછે, રૂક્ષછે, હલકો, ચંચળછે, તે પાંચ પ્રકારનો વાયૂં, પાંચ પોતાના સ્થાન કે, ગમન કરતો રેહછે; તે સ્થાનોના નામ, મલાસય; એટલે પકવાશ્યને ઠેકાણે, જેવાયૂ રેહેછે તેને અપાન વાયૂ કેહેછે. અગ્ન્યાશ્ય; એટલે કોઠામાં અગ્નીનું જે સ્થાનછે, તે સ્થાને જે વાયૂ રેહેછે તેને સમાન વાયૂ કેહેછે. રદય; એટલે રદય સ્થાને જે વાયૂછે, તેને પ્રાણ વાયૂં કેહેછે. કંઠ; એટલે કંઠ સ્થાને જે વાયૂ રેહેછે, તેને ઉદાન વાયૂ કેહેછે. સરવાયંગ; એટલે આખા શરીરમાં જે વાયૂ રેહેછે, તેને વ્યાન વાયૂં કેહેછે. અપાન. સમાન. પ્રાણ. ઉદાન. વ્યાન. એ પાંચ વાયૂ જુદા જુદા પાંચ સ્થાને રેહેછે.

પિત્ત.—ઉષ્ણ, પાતળો પાણી જેવો, રંગે પીળો, લીલોછે, તેમાં સત્વગુણ અત્તિશેછે. તે સવાદે કડવો, તિખોછે, ઉકળવાથી, બગડવાથી, સવાદે ખાટો થઇ જાયછે; અનાશ્યથી રેહેછે, તે અગ્નિ રૂપી તલની સમાનછે. કેટલાક રૂષિ કેહેછે કે ભારી શરીરમાં કઇક વધારેછે, અને હલકા શરીરમાં તલ સમાન રેહેછે. કેટલાક પતંગાદી શરીરમાં રોમા ગ્રસમ હોયછે. એ પિત્ત પાચ સ્થાને રેહેછે, તેના નામો, કોઠામાં અગ્નિ સ્થાનછે, તે સ્થાનમાં અગ્નિ સ્વરૂપ હોઇને એક તલ પ્રમાણેછે, તે પિત્ત તેજ જગ્યા ઉપર ''ખાદય, પેય, લેહય, ચોષ્ય'' એવી રીતે ચાર સ્વરૂપે એક છે, તેથી ખાધેલા

ખોરાકને પચાવેછે, તેને પાચક કેહેછે. ત્વચાવાસી એટલે ચામડીના પડો-માં જે પિત્તનું સ્થાનછે, તેને ભ્રાજક કેહેછે; તેની ચાલ ઘણી જલદ અને ઉષ્ણછે, તે ચંદન, ઇત્યાદી સુગંધી ભરેલા લેપ, ઉટનાદી, અથવા તેલ, અત્તર ઇત્યાદી સુગંધી ભરેલા તેલ, શરીરને મરદન કરયાથીજે પિત્ત ઉષ્ણતાને લીધે "શોષક" શોષી લેછે, તેથી શરીરને કાંત્તી, ખુબસુરતી, પુષ્ટી ઉત્તપન્ન ક-રેછે. સ્નાદિકે શરીરના રૂવાટાંમાંથી, જે પિત્તપાણીને, શોષીલેછે અને તેલ ઇત્યાદી શરીરને, મરદન કરવાથી, તેલ ઇત્યાદીને રૂવાટા શોષેછે. તે પિત્તને ભ્રાજક કેહછે. તે પિત્ત ડાહબે બાજુએ પ્લીહા સ્થાને, અને જમણી બા-જુએ યકૃતને સ્થાને રહીને, જેમ ધાતૂં રસોમાંથી લોહીને ઉત્તપન્ન કરેછે. એ યકૃતિવાસી પિત્તમાંથી, ક્રમેવેહચાઇ લોહી કરેછે. તે પિત્ત દ્રષ્ટી ગોચરછે; તેને રંજક એમ કેહેછે; એટલે તે નેત્રમાં રેહનાર પિત્ત શફેદ, લીલો, પીલો રંગ હોવાથી, માહાન ઇશ્વરકૃત જગતનું સ્વરૂપ બતાવેછે. તે આંખોમાં રેહ-નાર પિત્તને અલોચક કેહેછે. જે રદય નિવાસી પિત્ત એટલે રદય સ્થાનમાં રેહનાર, પિત્તને મેધારૂપ, પ્રગ્ના રૂપ, બુધ્ધિને ઉત્તપન્ન કરેછે, અને ધારણા ચેતન્ય રાખેછે, તેનું નામ શાધકછે. એવી રીતે પાંચ નામ અને સ્થાનો જાણવા. પાચક, ભ્રાજક. રંજક. અલોચક. સાધક. અગ્નિસ્થાન.

કફ.—કફ ચિકણો, ભારી, સફેદ, લસલસો, ઠંડો, શિત્તળ પ્રકારેછે; તમો ગુણી, વિષસછે; અને મધુરછે. તે કફ બગડવાથી અથવા પાકી જવાથી કેબળવાથી સવાદે ખારો થાયછે. દંગ્ધ થયાથી પડી જાયછે; અન્ય મત વાલા કેહેછે કે હલકો છે, અને તે પાણીપર તરેછે, તેનું કારણ એછે કે, તેમાં સ્નિગ્ધંતાછે, તેથી પાણીમાં પ્રવેશ નથી કરતો, અને તે સ્તવગુણીછે. એવી રીતનો કફછે, તે શરીરમાં પાંચ સ્થાને રહીને, શરીરની સ્થિરતા અ-થવા પુષ્ટતા કરેછે, તેના સ્થાનો અને તેના નામ આમસ્થાનમાં, જે રેહેછે તેને કલેદન કેહેછે. મસ્તકમાં જે રેહેછે, તેને સ્નેહન કેહેછે, કંઠમાં, જે રેહેછે, તેને રસન કેહેછે. રદયમાં, અવલંબન. રેહેછે. સાંધાવોમાં, શ્લે-ષ્મક રેહેછે. એવી રીતે શરીરમાં, કફ સ્થિત રહીને પુષ્ટ રાખેછે; તેના પાંચ સ્થાન અને તેના નામ જાણવા.

સાંધા—શરીરમાં હાથો, પગો ઇત્યાદિ આખા અંગે, દરયેક સ્થાને, એ ટલે પરસ્પર સંયોગે, જે નસો સત્તા વાલી, નવા માંસ, હાડ, ચરબીને લપ-

ટાઇ રેહેછે, તે દેહમાં અંગ અંગ પ્રતિ સાંધામાંછે, તે કફથી બપટાયેલાછે. સાંધા બે પ્રકારનાછે, તેમાં એક ચળ અને બીજા અચળ, તેમાં હનુંવટી એટલે હડપચી કુંબર, ગરદન, હાથ, પગના અને આંગળાના સાંધા ચળછે, એટલે આડા ઊભા વળેછે; બાકીના રહેલા સાંધા અચળછે, એટલે વળાવેથી વળતા નથી. જેમ તેલના સંયોગથી, ગાડીનાં પયડા નિરવિઘ્ને, ચીકાશના જોરથી ફરેછે, તેમ કફના સંયોગથી, હાડકા વિના શ્રમે ફરયા કરેછે.

હાડકા અને મર્મસ્થાન—તે વિશે બુધ્ધિજન કેહેછે કે, શરીર સ્થાને હાડકા તે સાર, તેને આધારે દેહ, તે દેહને આધારે બળછે. શરીર માંહી આ મર્મસ્થાન મુનિ જીવા ધાર કેહેછે. તે પાંચ પ્રકારે હોયછે. તેમાં ૧૧ માંસમર્મ. ૪૧ શિરામર્મ. ૨૭ સ્નાયુ મર્મ ૮ અસ્થિમર્મ. ૨૦ સંધિ મર્મ. એ પ્રમાંણે સરવે ૧૦૭ સ્વમર્મછે.

શિરા એટલે નસોનું લક્ષણ એવી રીતે સંધિ બંધની શિરા એટલે શરીરના સરવે સાંધાનું બંધન કરનારી અને વાતાદિ દોષ અને રસાદિ ધાતૂંને વેહવડાવનારી (નસો) તે નસોનાં ૪૦) છે, તે મધ્યે નાભિસ્થાનની નિચેથી દસ વાત વાહીની જાયછે, વાત મૂત્ર, મળ મૂત્ર, શુક્ર, અન્ન, પાન, રસ વાયૂ પોતાના બળેશરીરમ પોહચાડેછે. રસ વાહીની નસો દસ ઉર્ધ્વગતછે, તે શબ્દ રસ, ગંધ, સ્વાસ, બગાસા, ક્ષુધા, શકિત, તૃષા, ઊકાર, એ સરવેનું, પોતાના એ સ્થાનમાં દીપન કરાવેછે; અને તેની ચાર જીન તિરછી ગતીછે, તેથી અ ગનિત શાખા થઇ, આખા શરીરમાં નસોના જાળાની નળીઓમાં જઇ, રોમે રોમ દરયેકમાં પૂરો પાડેછે. તેવોનનાં મુખોથી સફેદી બાહર પ્રેમથી નીકળીને આવેછે, તે મારગે થઇ લેપન મર્દનાદી પદાર્થ, પ્રવેશ કરેછે. રસવાહિની ધમણીને નાડી કેહેછે; તે નસો બે પ્રકારનીછે, તેમાં સૂક્ષ્મ એક, બીજી સ્થૂળ તેની જડ નાભિમાંછે, ત્યા થઇને તળે, ઉપર વહીને આગળ પાછળ સરવે ઠેકાણે ફળતી આવેછે; તેમાં વાત વાહિની દસછે. પિત્ત વાહિની ૧૦ છે. કફ વાહિની ૧૦ છે. રકતવાહિની ૧૦ છે. એવી રીતે સરવે ૪૦) છે. એ વાત વાહિની દસ નસોની સમીપ, એટલે તેમાંથી બીજી વાત નાડી ૧૭૫ નસો નિકળીછે. તેમજ પિત્તવાહીની દસ નસોમાંથી, બીજી ૧૭૫ નસો નિકળીછે; તેવી રીતે કફ વાહીનીમાંથી ૧૭૫ નસો નિકળીછે, તેમજ રકત વાહીનીમાંથી ૧૭૫ નસો નિકળીછે; એવી એવી તરેહ સાતસો નસો ચાલીસમાંથી ઉત્તપન્ન થઇછે.

શરીરમાં રસવાહીની જે નાડીઓ છે, તે વાયૂને દોડાવે, ઉડાવેછે; તેને ધમણી કેહછે, તેવી ૨૪ છે, તેનું મૂળ નાભિસ્થાનેછે. તે મધ્યે ૧૦ અધો ગામીની એટલે નિચે ઉત્તારનાર, તેથી વાત્ત મળ, મૂત્ર, પૂરીષ, સુક્ર, નામે શરીરમાં ઠેલીછે, તે પલને અન્ન પાન રસને, અને સ્ત્રિવોને રતું સંબંધી રજ આભડછટ વેહવડાવર નાર અથવા અટકાવનારછે. તથા ઉર્ધ્વ ગામિની એટલે ઉપર ચહડાવનાર ૧૦) છે તે શબ્દ, બોલવાને, રૂપ, કાંતી, રસ, પુષ્ટાઇ, ગંધ, મળ, શ્વાસો શ્વાસ, બગાસા, ભૂખ, હસાવું, બોલવું, પોકારવું, ઇત્યાદિ કામ બજાવેછે, તેવી વેહવડાવનાર છતા શરીરને ધારણ કરેછે; અથવા તિર્યગ્ગમન કરનારી ધમણીચ્યરછે, તેમાંથી અસંખ્યા ધમણીનાભાગો ઉત્તપન્ન થયા છે, તેથી કરીને શરીર, નસોના જાળાને પરીવ્યાપ્ત સર્વ ભેદાયુંછે, અને તેના મૂખ રોમ રોમમાં જઇ પ્રત્તિબંધછે, તે રોમ રોમે રહીને ધાતૂ રસને સંતર્પણ કરેછે, અને શક્રદીને વેહવડાવેછે, અને અભ્યંગ, સ્નાન, લેપાદિક સુંઘડીનું વીર્ય અંદરના ભાગમાં શોષી લેછે. એ પ્રમાણે ૨૪ ધમણીના પ્રકાર જાણવા.

રંધ્રાં એટલે શરીરમાં વિંધ— શરીરને ફેલાવવા માટે, અને સમેટવાને માટે દંડ રસ્તો છે, તેમધ્યે બે છિદ્ર નાકમાં, બે નેત્રમાં, બે કાનમાં, બબે છિદ્ર જાણવાં. એક મુખ, એક ગુઝ, એક લિંગ, એક માથા ઉપરનું તાળવું, કે જેને બ્રહ્મ રંદ્ર કેહછે, એવી રીતે પુરૂષને દસ છિદ્ર જાણવા. સ્ત્રીને પુરૂષથી ત્રણ વધારેછે, તેમાં બે સ્થન અને એક ગર્ભસ્થાનછે પણ તેની અંદર અતિ સૂક્ષ્મ છિદ્રો ઘણા છે. તથા સરવે દેહધારીને રોમ રોમ સૂક્ષ્મ છિદ્રો અગનિતછે.

ફેફસાદિકોનું સ્વરૂપ.— રદયની ડાહભી બાજુએ પ્લીહાછે એટલે (હાલતું માંસ, અથવા બરોળ) તે લોહીમાંથી ઉત્તપન્ન થાયછે; તથા ફેફસુ હોયછે તે, શોણીત ફીણ એટલે લોહીના ફીણમાંથી ઉત્તપન્ન થઇ અને રદય નાડીકા સાથે બળગેલું છે; જમણીબાજુએ યકૃત એટલે કલેજુ અને તલ્લી છે, તેને કાળખંડ કેહછે એટલે (જમણીબાજુએ હાલતું માંસ) છે. ઉદાન વાયૂનો આધારભૂત ફેફસુછે, અને રકત વાહી નસોનું મૂળ પ્લીહાછે, અને રંજક પિત્તોનું તથા રકતોનું સ્થાન યકૃતછે. એમ જાણવું.

તિલનું લક્ષણ.—શોણિતના કીટમાંથી, એટલે ચોખ્ખા લોહીના કીટમાંથી, ઉત્તપન્ન થઇ, અને જમણી બાજુએ, યકૃતોને સાંભે તિલ છે,

તેને કલોમ કેહછે; તે તિલ જળવાહી નસોનું મૂળ છે, તે નસોની જડમાં રહીને તેને વધારેછે, એટલુંજ નહી પણ તૃષ્ણા એટલે ઇચ્છા, ઉમેદ, પાણીની તરસ, પ્યાસ લગાડેછે, અને તેનું આચ્છાદન એટલે ઉમેદ પૂરી થાય, પાણી પીધાથી તરસ ઢંકાયછે.

વૃકકાનું લક્ષણ.—વૃક્કા એટલે કંબરમાં ગોળક, પુષ્ટકારક ગોળાકાર બેકુસબુક્કા છે, તે રક્ત, મેદનો પ્રસાદ અથવા સારમાંથી ઉત્તપન્ન થાયછે, જઠરાગ્નિમાં જે રક્ત, મેદ છે, તે વૃકકાને પુષ્ટ કરેછે, બુકકાગ્ર માંસ, રદય, નાભિ મૂળથી દૈવીગત્તીએ બુકકા પુષ્ટિકર્તાછે.

વૃષણનું લક્ષણ.—વૃષણ એટલે અંડ તે વીર્ય વાહિની નસોને આધારે છે, તે વૃષણ માંસ, રક્ત, કફ, મેદના સારમાંથી ઉત્તપન્ન થાયછે. તેનું કામ પુરૂષત્વ આપે છે, એટલે કામ વ્યાપવાને મરદાઇને મદતગાર છે, અને તેને બીજવાહી પણ કેહછે.

લિંગનું લક્ષણ.—લિંગ એટલે શિશ્ન; એક ચોક્કસ વજનનું માંસમાંહેથી થયેલો છે. તે સહવર્તમાને રદયને બાંધનાર, એવી ચાર કંડરા (કટકા) મોહટી રનાયૂ નસો (સાંધા) નો છે, તે વીર્ય દ્વારે ગર્ભોને ઉત્તપન્ન કરેછે, અને વીર્ય, મૂત્ર જવાનો માર્ગ છે, તેને બીજ મૂત્ર પણ કેહછે, તે રદય, ગળાનો, ગ્રાહક યારીને એ પ્રરોહ છે; અને ચેતનાનું સ્થાન રદય ગલાને આશ્રય છે.

રદયનું લક્ષણ.—રદય કમળના ફુલની કળીયો સરખું કિંચિદ્વિકસિત, એટલે જુજ ખૂલેલું સફેદરંગે અધોમુખ એવું રદય છે, તે ચેતન શકિતનું, ગ્નાનનું સ્થાન હોયછે, અને ઓજ એટલે સર્વધાતુંનું તેજ, તેને આશ્રય કરીને હોયછે.

શરીર પોષણાર્થ વ્યાપાર.—નાભી સ્થાને રેહેનારી નસો, તથા ચોવિસ નસો ધમણી નામેછે, તે સંપૂર્ણ શરીરને વ્યાપી રહેલીયો હોયછે, તેયો રાત્ર દિવસ વાયૂના સંયોગે કરીને રસાદિ સંપૂર્ણ ધાતુંને ખેચી, સર્વ શરીરમાં નસો મારફતે લઇ જઇ શરીરનું પોષણ કર્યા કરેછે.

પ્રાણ વાયૂંનો વ્યાપાર.—નાભિમાં જે પ્રાણવાયૂ, તે રદય કમળની વચમાં ભેદીને, બ્રહ્મ રંધ્રાશ્રિત, (તાળવામાં) જે વિષ્ણુપદ હોયછે, તે સ્થાને અમૃતછે, તે અમૃત પાનાદિ (પીવા) માટે કંઠ બાહેરની, બેહુધોરી નસો મારફતે, મસ્તક સ્થાને આવી મળીને બ્રહ્મ રંધ્રાશ્રિત્ત જે અમૃતછે,

તેમાંથી પ્રાશન (પીઇ) ને તૃપ્ત થઇ, આવેલ માર્ગોએ પાછી, વેગે કરી, જલદી પોતાના સ્થાને આવીને, સંપુર્ણ શરીરને, જીવને, સંતુષ્ટ (સંતોષ) કરેછે, અને જઠરાં અગ્નિને પાચક શક્તિ આપેછે, રહ્યસ્થ વાયૂંને પ્રાણ વાયૂ કેહછે.

આયુષ અને મરણનું લક્ષણ.—પુર્વોક્ત પ્રકારે એટલે અસલી રીત પ્રમાણે શરીરને પ્રાણ સાથે સંયોગ રેહછે, ત્યાસુધી તેને આયુષ કેહછે. તથા કાળે કરીને શરીર અને પ્રાણને વિયોગ થયો હોય તો, તેને પંચત્ત્વ હારક એટલે મરણ થયેલું કેહછે. પૃથ્વીમાં પ્રાણી, માત્ર દેહધારી. કોઇપણ ઠેકાણે અમર રેહતો નથી, વાસ્તે મૃત્યૂ, મરણનું નિ-વારણ, કરવાને વિશે કોઇપણ સમર્થ નથી, પણ વૈદોએ રોગ માત્રનું નિવારણ કરવાને હિમત કરવી.

રોગ નિવારણ વિશે લક્ષણ.—ચિકિત્સા એટલે હરયેક રોગની પૂરતી પરીક્ષ્યા જેની થઇ નહી, તો એવા રોગીનો પ્રથમ રોગ સુખ સાધ્ય (હલકો) હોવા છતાં, પાછલથી કષ્ટ સાધ્ય (જરા ભારી) થાયછે; તે કષ્ટ સાધ્ય વ્યાધી (જરા ભારી રોગી) જ્યા સુધી હોય ત્યા સુધી તેની પરીક્ષ્યા ન થઇ તો, શેવટે અસાધ્ય રોગ થાયછે (નમટે તેવો રોગ વધી જાયછે); એ અસાધ્ય રોગ થયો એટલે પ્રાણ લેનાર થાયછે. ધર્મ; અર્થ; કામ; મોક્ષ; ચાર પદાર્થો કરીને દેહની રક્ષા; અને શરી-રનું સાધન હેતુછે, માટે હરયેક દેહધારી જ્ઞાનીએ, શુભાશુભ કર્મો આચરવાના ફળ જાણનારાવો એ, અનિતીથી વેગળા રહી, હરયેક રોગો થી શરીરનું રક્ષણ કરવું. રસાદિ સાત ધાતૂં, અને તેમાંથી ઉત્તપન્ન થયેલા સાત મળ, તથા વાતાદિ ત્રણ દોષનું શરીર બંધાયલુંછે, એ સર્વેમાંથી હરયેકનો વધારો, અથવા ઘટાડો થયો હોય તો, શરીરનો નાશ કરેછે, અને સમ એટલે સરખે વજને સ્થીર હોય તો, શરીરને સૂખા-કારી આપે, બળમાં વધારો થાય, શરીરમાં લોહી અને મેદનો વધારો, વૃધ્ધી થાયછે.

સૃષ્ટિક્રમ પૂર્વક.—મહદાદિ રૂપજે જગત એટલે પૃથિવ્યાદિ ભુતો, તેનું પ્રથમ કારણ હોવાછતા, જે ઇચ્છા રહિત, ઇશ્વર, ચિદાનંદ, જ્ઞા-નમય, એવો પુરૂષછે, તે પુરૂષ સંબંધી ઉપજેલા સત્વગુણ, રજોગુ-ણ, તમોગુણ એ સાધારણ અવસ્થાને ઠેકાણે રેહનારા અથવા નિત્ય

એવી પ્રકૃતિ હોયછે, તેને અવ્યકત કેહછે, એવી પ્રકૃતિ પુરૂષના સંબંધ વિશે દ્રષ્ટાંત, સૂર્યની ક્રિયાથી જેમ પ્રતિબિંબો સહક્રિયા થાયછે, તે પ્રકારે તે પુરૂષને આશ્રેય કરી, પ્રકૃતી ની ચેષ્ટાછે એમ જાણવું.

પ્રકૃતિ કેવી વિશ્વ નિર્માણ કરેછે.—ચેતના રહિત એટલે "જડ" એવી જે પ્રકૃતિ તે સૃષ્ટીને આદિ પરમાત્મ્યનું ચૈતન્ય સંબંધે કરીને અનિત્ય એવા સંપૂર્ણ મહદાદિ રૂપ જે વિશ્વ તેને કર્તા થયાછે, તે વિશે દ્રષ્ટાંત, જેમ ગારોડી મંત્ર અથવા દેવોના પ્રભાવથી, આસરો પકડી, ઘણાક પ્રકારે ખોટા ખેલ દેખાડેછે, ફરીને તે મંત્ર, દેવના સંબંધનો અભાવ થયો હોય તો, સ્વરૂપે કરીનેજ રેહછે, એ પ્રકારે પ્રકૃતિ પુરૂષ ચૈતન્યે કરીને, નાના પ્રકારે, હજારો રીતે, અનિત્ય તેવાજે "વિશ્વ" તે ખેલ કરાવી, ફરીને તે પ્રકૃતિ પુરૂષ મધ્યે સ્વ સ્વ રૂપોથી, પ્રવેશ થઇને રેહછે; અથવા પુરૂષ સંબંધી અભાવ નાબૂદ થયો હોય તો, પ્રકૃતિ સ્વ સ્વ રૂપે કરીનેજ રેહછે.

જે કર્મોથી સૃષ્ટી ઉત્તપન્ન થઈ તે ક્રમ.—વિશ્વ જનની એવી જે પ્રકૃતિ તે પૂર્વ એટલે સૃષ્ટીની અગાઉ બુધ્ધીને ઉત્તપન્ન કરતી થઇ, તે બુધ્ધીને ઇચ્છામયી તથા મહદ્રૂપા એવું કેહછે, અને તે બુધ્ધી તત્વમાંથી અહંકાર ઉત્તપન્ન થયેલો છે, તે સાથે રજોગુણ, સત્વગુણ, તમોગુણ પણ ઉત્તપન્ન થયેલા છે.

ત્રણ પ્રકારનો અહંકારોનું કામ.—રાજસ અહંકાર છે, તે સહાય થયો અથવા તમો માત્રે કરીને અનુવિધ્ધ એટલે મિશ્રિત ભેળાયલો એવો જે સાત્વિક અહંકાર તેમાંથી શ્રોત્ર (કાન) ત્વક (સ્પર્શ) નયન (આંખો) જીહ્વા (જીભ), ઘ્રાણ (નાક), વાક (મુખ), હસ્ત (હાથ), પાદ (પગ), ઉપસ્થ (લીંગ), ગુદ (ગુડ ઝાડાની જગ્યા), અને મન એવી રીતે અગિયાર ઇંદ્રિયો ઉત્તપન્ન થયેલી છે. તે મધ્યે પેહલી પાંચ બુધ્ધીંદ્રિયો, તે બુધ્ધીના આશ્રયછે તેથી, તથા અવશિષ્ટ (બાકી) રહેલી પાંચ તે કર્મેંદ્રિયો જાણવી; તે કર્મોના આશ્રય છે, તેથી અથવા ઉભયાત્મક, બુધ્ધ્યાત્મક, કર્માત્મક, મનછે એમ જાણવું. રાજસ અહંકારોમાંથી જે ઇંદ્રિયો ઉત્તપન્ન થઇ, અને સાત્વિક અહંકારમાંથી, ઇંદ્રિયોના દેવતા અને મન એવી રીતે, ક્રમે કરી ઉત્તપત્તિ રાજસ અહંકારછે. સહાય સાક્ષજેને અને સત્વ માત્રે કરીને, અનુંવિધ્ધ એટલે યુકત એવો જે તામસ અહંકાર, તેમાંથી તન્માત્ર એટલે તે તેના

આશ્રયેથી મુખ્ય પ્રમાણોથી કરીને રેહનારા, એવા ગુણ પંચક ઉત્તપન્ન થયેલા છે, તેના નામો શબ્દ તન્માત્ર, સ્પર્શ તન્માત્ર, રૂપ તન્માત્ર, રસ તન્માત્ર, ગંધ તન્માત્ર, એપ્રમાણે પાંચે નામો જાણવા. તેની નિચે સમજછે.

તન્માત્ર પંચકોનું વિશેષ.—શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, એક્રમે કરીને તન્માત્ર પંચકોનું વિશેષ જાણવું, સુખ, દુઃખ, અને મોહ (સન્નીપાત રોગ) એથી કરીને તેનો અનુંભવ થાયછે, એટલુંજ નહી પણ સ્થુળ ભાવે જોતા મળેછે, એમ જાણવું; અને તન્માત્ર પંચકોનું અનુંભવ સુક્ષ્મ છે, માટે ખુલ્લિરીતે જણાતું નથી.

ભૂત પંચકોની ઉત્તપત્તિ.— શબ્દાદિ પંચ તન્માંત્રામાંથી, ભૂતોનું પંચક ઉત્તપન્ન થયેલુંછે, તેના નામો—"વ્યોમ" આકાશનો શબ્દ ગુણ માત્ર જાણવો; "અનિલ" વાયુનો મુખ્ય ગુણ, "સ્પર્શ અને આનુંષગિક" શબ્દ ગુણ જાણવો.

"અનિલ" તેજનો મુખ્ય ગુણ, રૂપ; (આનુંષંગિક શબ્દ, સુખ દુઃખ (સ્પર્શ) હાથ ફેરવીને ગુણ જાણવો. જળ પાણીનો મુખ્ય ગુણ, રસ, આનુષંગિક શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, એ ગુણો જાણવા. "ક્ષોણી" પૃથ્વીનો મુખ્ય ગુણ, ગંધ, આનુષંગિક શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, એ ગુણો જાણવા. ઇંદ્રિયોના વિષય.—શ્રોત્ર, ત્વક, ચક્ષૂ, જીહવા, ઘ્રાણ, એ બુદ્ધી ઇંદ્રિયો પાંચ તેમાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ એ પાંચ વિષય ક્રમે કરીને જાણવા. તેના દાખલમાં (શ્રોત્ર ઇંદ્રિય) સાંભળવા વિશે, ત્વકા ઇંદ્રિય હાથ ફેરવીને અથવા સ્પર્શ કરીને સમજવું; વાક, હસ્ત, પાદ, ઉપસ્થ, ગુદ એ કર્મો ઇંદ્રિયો પાંચ છે તેમાં ૧ ભાષા. ૨ આદાન, ગ્રહણ, ધરવું. ૩ વિહાર, ચાલવાને. ૪ આણદ, હર્ષ. ૫ ઉત્તસર્ગ, મળપરીત્યાગ એ પાંચ વિષય ઇંદ્રિયો ક્રમેકરી જાણવી.

બોલવાને સંક્ષેપ—પ્રધાન,(મુખ્ય); પ્રકૃતિ (જ્ઞાન);શક્તિ (સામર્થ): નિત્યા (સર્વદા); અવિક્રતિ) (જે જણસે વિકાર ન કીધો તે);(પ્રકૃતિનું પર્યાય શબ્દ) અનુંક્રમે જાતિ ગુણો જાણવા; તે પ્રકૃતિ "ઇશ્વર"ના આશ્રય કરીને રેહછે, એમ જાણવું. પ્રથમ (મહતત્વ) એ તત્વ ઉત્તપન્ન થયેલા, અને અહંકાર, પંચતન્માત્રા પણ સાત ઇંદ્રિયોદિકોનું કારણ થાયછે, તેથી પ્રકૃતિ સ્વરૂપ જાણવું. સાંખ્યમૂનીના મત પ્રમાણે આઠ પ્રકારની પ્રકૃતિ છે, અને પ્રકૃતિનું કાર્ય રૂપ છે, માટે (વિકૃતિ) વિકાર રૂપ પણ જાણવું, ઇંદ્રિયો ૧૦ અને ઉભયાત્યક મન મળીને

૧૧ ઇંદ્રિયો; પાંચ મહાભૂતો, સર્વે ૧૬ વિકાર જાણવા, તે સંપુર્ણ જગતને વ્યાપી રહેલા છે, એમ જાણવું.

ચોવીસ તત્વરાશી.—૧ અવ્યક્ત, (શરીરના અવયવ).૨ મહાન,(મોહટા). ૩ અહંકાર. ૪ શબ્દ તન્માત્ર. ૫ સ્પર્શ તન્માત્ર. ૬ રૂપ તન્માત્ર. ૭ રસ તન્માત્ર. ૮ ગંધ તન્માત્ર. ૯ શ્રોત્ર. ૧૦ ત્વક. ૧૧ ચક્ષૂ. ૧૨ ધ્રાણ. ૧૩ રસના. ૧૪ વાક. ૧૫ હસ્ત. ૧૬ પાદ. ૧૭ ઉપસ્થ (લિંગ અથવા યોની). ૧૮ ગુદ (ઝાડની જગ્યા). ૧૯ મન. ૨૦ પૃથ્વી (શરીર). ૨૧ આપ (વ્યાપવું). ૨૨ તેજ. ૨૩ વાયૂં. ૨૪ આકાશ. (પોકળ). એ પ્રમાણે ચોવીસ તત્વ જાણવા. તેથી કરીને સિધ્ધ થયેલું, જે શરીર, રૂપ, ગૃહ, તે ગૃહોને ઠેકાણે પચીસમો પુરૂષ સર્વકાળ રેહછે, તેને જીવાત્મા કેહછે, તેનો દૂત મન છે, એમ જાણવું. તે જીવાત્મા મહદાદિ કૃત સૂક્ષમ લિંગ શરીરમાં રેહછે, તેથી તેને દેહ કેહછે, અને કર્મ પુરૂષ પણ કેહછે; એટલે પાપ, પુણ્ય, સૂખ, દુઃખ જે મનુષ્ય કરેછે, તે બધન છે એમ જાણવું, મનસાથે સહવર્તમાન, એવીજ કૃત્રિમ, કર્મ બંધનથી પણ બંધનથાયછે એમ જાણવું.

અહંકારાદિકોની ગતી.—પુરૂષ અજ્ઞાને કરીને, ક્લેશાદિક બંધનોમાં પડેછે, આત્મજ્ઞાને કરીને મુક્ત થાયછે, એક શરીર હરયેક શરીરોને, જે દુઃખ આપેછે, તેથી વ્યાધી (રોગી થાયછે) અને હરયેકને જે સૂખ આપેછે, તે આરોગ્ય (નિરોગી) થાયછે.

અધ્યાય છઠ્ઠો પ્રારંભ.

આહારાદિકોની ગત્તી–ખોરાક ઇત્યાદિની ગત્તી.

यात्यामाशयमाहार: पूर्वंप्राणानिलेरित: ।। माधुर्यंफेनभावंचषड्रसो ऽपिलभेतस: ।। अथपाचकपित्तेनविदग्धश्चा म्लतांव्रजेत् ।। तत:समानमरुताग्रहणीमभिधियते ।। ग्रहण्यांपच्यतेकोष्टवन्हि नाजायतेकटु: ।।

અન્નાદિક ઈત્યાદી આહાર, ખોરાક ખાધા પછી પ્રાણ વાયૂં, તેનું પ્રેરણા કરી, પ્રથમ આમાશયસ્થાનમાં લઈ જાયછે, પછી તે ખોરાકને છ

રસે કરીને, મસળી મેદો થયાથી, માધુર્ય એટલે મીઠોરસ ફીણભાવ થઈ, તેનો વિસ્તાર થાયછે, ત્યા કફસ્થાન છે, તે તેજ જગ્યામાં હોવા છતા, પાચક પિત્તે કરીને (વિદગ્ધ) દાઝેલું. (અપકવ) આમ; (પચ્યમાનાભિમુખ) એટલે (પરીપકવ) પાચન થયેલો ખોરાક, અને તેમાંથી કાચો રહેલો અમળસ્થાને જાયછે. તે પછી આમાશ્યમાંથી મીઠાસફીણ ભાવરસને, સમાન વાયૂ લઈ જવાને યોગ્ય છે, તે અગ્નિસ્થાનમાં લઈ જાયછે, ત્યા કોષ્ટાઅગ્નિસ્થાનમાં તે ખોરાકનો પાક થઈ તેનો કડવો રસ થાયછે.

આહારની બેઅવસ્થા.—અગ્નિસ્થાનમાં જે સ્થિર રહેલો જે આહાર તેનો સારો પાક થવા છતા, તેમાંથી પાચન રસ થાયછે, અને કાચો આહાર જે અધકચ્યો રહી ગયો હોય, તેમાંથી આમ થાયછે.

રસના કામો.—જે આહારમાંથી ઉત્તપન્ન થયેલો, (રસ) અગ્નિના બળે કરીને, મધુરભાવ અને ચીકાશ પણાના, વિસ્તારે થઇને, સંપૂર્ણ રસાદિ ધાતુંને, પોષણ કરેછે, કેમકે તે રસનો સારો પાક થયેલો હોય તો તે અમૃત સરખો જાણવો. અગર કોઠાની મંદાગ્ની હોયતો, ખોરાકનો રસ તીખો, ખાટો, વિદગ્ધ એટલે રોગનો વિસ્તાર કરતા થયો હોયતો, વિખ ભાવના વિસ્તારે થાયછે, એટલે તે મનુંષ્યાદીનું મરણ લાવેછે, અને જુજ રસ એવો થતો હોયતો અતિસારા ઇત્યાદિક રોગ ઉત્તપન્ન થાયછે.

આહારનો સાર.—તે આહારનો જે રસ તેને "સાર" કેહછે. અને "સારહિણ" જે પદાર્થ તેને મળદ્રવ એમ કેહછે; અને તે દ્રવ મૂત્ર વાહિની નસોને બારણે, બસ્તીના ઠેકાણે જઇને, મૂત્ર સંસ્રમાં વિસ્તારેછે, બાકી રહેલો જે કીટ, કાટ તે પકવાશયને ઠેકાણે જઇ મળસંસ્રમાં વિસ્તારે, અથવા પસરેછે.

મળ નું અધો ગમન.—(નિચે ઉત્તરવું) અપાન વાયૂંથી નિચેનાં ભાગમાં પ્રેરણા થઇ, એવો જે મળ તે મળાશ્યનું આગળા ભાગમાં "તિપદરીચર્મ" હોયછે અથવા ત્રિત્તયાત્મક જે ગુદ તે માર્ગે કરીને બાહેર આવે છે, તે વેળાનું નામ પ્રવાહિની, સર્જની, ગ્રાહિકા, એ પ્રકારે ત્રણ નામોછે, તેનો આકાર શંખ સરખો જાણવો.

રસનું કાર્ય.—ખોરાકમાંથી થયેલો રસ, તેમાથી થયેલો સારછે, તેને સમાન વાયૂ પ્રેરણા કરી, અગ્નીસ્થાનમાંથી રદયમાં, લાવીને રંજકપિત્તની પ્રીતીથી, સાથે મળીને, અને પાચક પિત્તથી, તેને પચાવીને લોહી સાથે મળેછે.

લોહીનું મુખ્યપણું.—લોહી સર્વ શરીરમાં વ્યાપી રહેલું હોયછે, તેનો અને જીવનો ઉત્તમ આધાર હોયછે, તેનો ગુણ સ્નિગધ, લીસ્સાપણું, ચિકાસ ભરેલું, ગુરૂ, જડપણું, ચંચળ, સ્વાદુ, સરખાપણું એવા પ્રકારે હોયછે; અને તેજ લોહી (વિદગ્ધ) દાઝલું; વિકૃત, રોગ કર્તા થયું હોયતો, પિત્ત પ્રમાણે કડવું, તીક્ષણ, ખાટું થાયછે.

રસાદિ ધાતુંની ઉત્તપત્તીનું ક્રમ.— રસાદિ જે સાત ધાતૂવો, પિત્ત ઉકળીને, તપી, પરિપકવ, પાકેછે અથવા ક્રમે કરીને થાય. તેની વિગત એ-રાક ખાધા પછી, તેનો રસ એક દિવસે થાયછે; તે રસમાંથી લોહી પાંચ દિવસે થાયછે; લોહીમાંથી પાંચ દિવસે માંસ થાયછે; અને માંસમાંથી મેદ પાંચ દિવસે થાય; મેદમાંથી હાડકાનો વધારો પાંચ દિવસે થાય; અને તે હાડકામાંથી મજ્જા પાંચ દિવસે થાયછે; તે મજ્જામાંથી શુક્રધાતું પાંચ દિવસે ઉત્તપન્ન થાયછે; એ પ્રમાણે ક્રમેકરી રસાદિ સાત ધાતું ઉત્તપન્ન થાયછે. એટલે ખાધેલા ખોરાકના સર્વે વિભાગે જતા, બાકી રહેલા અઉશમાંથી, શુક્રધાતૂં એક મહીને ઉપજેછે; તે પ્રમાણે સ્ત્રીવોને વિટાળ, રજસ્વલાપણું પણ એક મહિને ઉત્તપન્ન થાયછે.

ગર્ભની ઉત્તપત્તી.—મનના હેતુંથી કરીને સ્ત્રી, પુરૂષના મિથુન સંયોગે, (રત્તીસંગ) ગર્ભધારણ થયો હોયતો, સ્ત્રીના અંતર્ગૃહસંબંધી લોહી અને પુરૂષની શુક્રધાતૂંનો સંગમ થવાથી, સ્ત્રીવોને ગર્ભસ્થાનમાં ગર્ભ ઉત્તપન્ન થાયછે; તે ગર્ભ પ્રસૂત થવાથી, બાળક જન્મેછે. ગર્ભ, રૂતુ પ્રાપ્ત થયા પછી ગર્ભધારણ સમયે અથવા તે સંબંધોમાં જે સ્ત્રીનું રકત, લોહી વિશેષે ખલીત થયું હોય તો, તે ગર્ભથી છોકરી કન્યા જન્મે; અને પુરૂષનું શુક્રધાતૂં અતીશે ખલીત થયું હોયતો, તે ગર્ભથી છોકરો પુત્ર જન્મે; તથા સ્ત્રીનું લોહી અને પુરૂષની શુક્રધાતૂં સરખા વજને ખલીત થઇ, ગર્ભ બંધાયો હોયતો તે ન-પુસક જન્મે, તેવીશે જેવી ઇશ્વરની ઇચ્છા.

બાળક જન્મ્યા પછી જાતુકના ઉપાય.—બાળકને પ્રથમ મહિનેથી દૂધ, મધ, શાકર, અથવા ઘી એમાંથી જે પદાર્થ બાળકને નિરરોગી, સૂખી, પુષ્ટ કરે તે પદાર્થ ચાલું કરવાને લેવું, તેમાં બાળકની સકત્તી પ્રમાણે સૂવર્ણાદિક ઓષડ એક રાઇ અથવા સરશીના વજનેનાખીતેનું ચાટણ કરી નિત્ય ચટાડવું. બીજે મહિને બે રાઇ અથવા સરશી ભાર ત્રીજે મહીને ત્રણ રાઇ કે સરશી ભાર એવીરીતે દરયેક મહીને એક એક રાઇ અથવા સરશીભાર ઓષડની વૃધિ એક

વર્ષસુધી કરવું; એટલે બારરાઇ, બાર સરશી ભાર વજને થાયછે; તેવીજ રીતે પહેલે વર્ષથી એક એક જવભાર ઓષડ આપવું, અને બીજે વર્ષથી બે જવભાર આપવું, ત્રિજે વર્ષથી ત્રણ જવભાર આપવું, એવી રીતે દરયેક વર્ષે એક એક જવભાર વધારીને સોળ વર્ષની ઉમ્મરસુધી આપવું; પણ પુષ્ટ બાળકને એક જવને બદલે બબે જવ આપવું, ત્યારપછી સોળ વર્ષથી તે સીતેર વર્ષસુધી સોળ સોળ જવને વજને ઓષડ આપવું. ત્યારપછી જેમ બાળકને જન્મ્યા પછી દરયેક વર્ષે એક એક જવના વજને ઉપલું ઓષડ વધાર્યુ હતું, તેમજ સીતેર વર્ષની ઉમ્મર પછી, દરયેક વર્ષે, એક એક જવ ઉપલા ઓષડનું વજન, ઘટાડતા જવું; કેમકે બાળકની ચહડતી અને વૃધ્ધની પ્રકૃતિ ઉતરતી થાયછે. તેથી હરયેક ઓષડમાં ચાટણ, ચુરણ, ઉકાળો આપતી વખતે અગાઉ વજનો લખ્યાછે, તે વજને ઓષડ, ઘી, દૂધ, મધ, લેવું; કેટલાક ગરીબ માતપીતાનાં બાળકને સૂવર્ણાદિમાંત્રાંને બદલે પીપર, વાવડીંગ, બાળઘુટી ઇત્યાદિ ઓષડ વજનસર આપવાં.

બાળકને અંજનાદિક અને સ્નાદિકવિશે.—બાળકની આંખોમાં કાજળાદિક અંજન, એટલે ઘી અથવા એરંડચા તેલનો દિપક કરી, તે દિપક ઉપરથી મેશ ઉતારી, તેમાં ઘી અથવા એરંડચું તેલ મેળવી, તેનું અંજન તૈયાર કરવું, તેમાથી દરરોજ બાળકને અંજન આંખમાં કરવું, અને આખ્ખા શરીરે ઊંઠનું અથવા સુગંધીભરેલા વશાણા અને હલદરનું ચૂરણ કરી, તેમાં સુગંધીભરેલાં તેલ અથવા ઘી ચોમણું મેળવીને દરરોજ બાળકના શરીરને સારીરીતે મરદન કરવું, ત્યારપછી બાળકને ગર્મ પાણીથી સ્નાન, અંગોળ, નાહવડાવવું; ઓકારી, ઉલટી હમેશા કરાવતા રેહવું, ઝાડા, પીસાબ ઇત્યાદિ છિદ્રની જગ્યામાં, તેલ મુકવું અને ગર્મ પાણીથી છાલક, તેની માતાએ મૂખમાં ગર્મ પાણી ભરીને પીચકારી મારવી, એવી રીતે બાળક જન્મ્યા પછી, પાંચ વર્ષની ઉમ્મર સુધીનિયમ રાખવો, તે સોળ વર્ષની ઉમ્મરનો થાય, ત્યાસુધી હરયેક અત્તીશે ઢાળ, ઝાડા થાય તેવું ઓષડ આપવું નહી, પણ ઘણી અગત્ય પડેથી જીુજ હલકુ ઓષડ ઢાળ થવામાટે એરડચું તેલ કે સોનામુખ્ખી અથવા કાલી દ્રાખ્ખ ઇત્યાદિ આપવું, તેવી જરૂર પડેથી બાળકની માતાના મૂખમો હરયેક ઓષડ ભરી, તેને સારા રીતે ચાવી, તેનો જે રસ થાય, તેની પીચકારી બાળકના મૂખમાં, મુકવાનો પ્રયોગકરતાં રેહવું, બાળકની આઠવર્ષની ઉમ્મર થયા પછી ઓષડનો રસ બાળકના

નાકમાં મુકવાનો પ્રયોગ કરવો, સોળવર્ષની ઉમ્મર પછી બાળકને ઢાળ થાય તેવું ઓષડ જરૂર પડેથી આપવું, વીસ વર્ષની ઉમ્મર થયા પછી, આઠવાડયે અથવા પખ્ખવાડયે, એક વખ્તે મૈથુન, સ્ત્રી સંભોગથી શુક્રધાતુંનો ઢાળ કરાવવો, બાળકને જન્મ્યા પછી ત્રણ મહીનેથી ધાન્યાદિક ખોરાક આપવો, અને ઓષડમાં ઘુટી માંત્રા દરરોજ આપવી.

બાળ અવસ્થા વીશે.—બાળકના જન્મથી દસ વર્ષે, બાળ અવસ્થા જાયછે; વિસ વર્ષની ઉમ્મર સુધી શરીરની વૃધ્ધી (ઊંચાઈ) થાયછે; ત્રીસ વર્ષની ઉમ્મર સુધી શરીરની વૃધ્ધ, પુષ્ટાઈનો અને કાંતીનો વધારો રેહછે; ચાલીસ વર્ષની ઉમ્મર સુધી ગ્રંથ અથવા પુસ્તકની અને હરયેક યાદશકિત રેહછે. પચાસ વર્ષની ઉમ્મર સુધી શરીરની ચામડી શખ્ત રેહછે પછી ઢીલી પડેછે. સાઠ વર્ષે આંખોનું તેજ ઘટેછે. સીત્તેર વર્ષ સુધી શુક્રધાતૂં રેહછે. હેસી વર્ષ સુધી પ્રાક્રમ રેહછે. નેવું વર્ષ સુધી બ્રુધ્ધિ રેહછે. સો વર્ષ સુધી કર્મ ઇંદ્રિયોનું ચલણ બળાદિક રેહછે. એકસો દસ વર્ષે ચૈતન્ય જાયછે. એકસો વિસ વર્ષે મરણ થાયછે. એ પ્રકારે દસ દસ વર્ષે એક એક શકિત ઓછી થતી જાયછે. પણ વ્યભિચારી, વ્યસનીને સર્વે પ્રકારે તાકીદે નુકસાંન થાયછે.

વાયૂ પ્રકૃતિ શરીરના લક્ષણ.—જે માણસના શરીરે કેશ, બાલ, થોડા અથવા ટુંકા છતા, બડ શરીરે પાતળો, કે જાડો દુરબળ, હોવા છતા, નિસતેજ, તેજહિણ હોય, વાચાળ, બડબડાત કર્તો, તેનું મન ચંચળ હોયછે, સ્વપ્ના મધ્યે અનેક રીતે અથવા આકાશ મધ્યના ઇત્યાદિક પદાર્થ મળેલા જોય, ઇત્યાદિક વાયૂંના લક્ષણો જેમાં હોય, તે માણસ વાયૂ પ્રકૃતિનો જાણવો.

પિત્ત પ્રકૃતિ શરીરના લક્ષણ.—જે માણસ પિત્તના ઉષ્ણ ગુણે કરીને (અકાળ) નિયમ વિનાનો, અણધારેલા હરયેક વખ્તે વાર્ધકય, વૃધ્ધિત્વ, પિત્તનો વધારો થઈને રસાદિ ધાતૂંનો મેલાપ થયેલો હોય તો, પિત્ત સત્વગુણ અતિશ્યે હોવાથી, તે માણસ બ્રુધ્ધિમાન હોયછે, તેના શરીરમાં પસીનો હોયછે, તેને ઘણો ક્રોધ અને ગુસ્સો ઉપજેછે, સ્વપ્નામાં નક્ષત્રો, અગન્યાદિક પદાર્થ જોયછે, ઇત્યાદિ લક્ષણનો મેલાપ હોય, તેની પિત્ત પ્રકૃતિ જાણવી.

કફ પ્રકૃતિ શરીરના લક્ષણ.—જે માણસનો સ્વભાવ ગંભીર એટલે સંપૂર્ણ કામોવિશે ક્ષમા, શાંતિ, બ્રુધ્ધિવાન, શરીરે પુષ્ટ, ભરેલું

હોય; જેના શરીરના કેશ, બાલ, સ્નિગ્ધ સુહવાળા હોય, તેના શરીરમાં અતિશે બળ હોયછે. અને જે સ્વપ્નામાં નદીનો પ્રવાહ, નદય, રાજ્ય વિશેષ, વિભાસુ, સુખીપણું, તળાગાદિક મૃગ, હરણ ઇત્યાદિને જોય, એવી રીતે ઇત્યાદિક લક્ષણોના મેલાપથી કફ પ્રકૃતિ જાણવી.

બે અથવા ત્રણ દોષ પ્રકૃતિના લક્ષણ.—બે દોષના લક્ષણનો મેળાપ થવાથી, બે દોષની પ્રકૃતિનો માણસ જાણવો. ત્રણ દોષના લક્ષણનો મેળાપ થવાથી, ત્રણ દોષ પ્રકૃતિનો માણસ જાણવો, તેજ પ્રમાણે સમ, ત્રણેદોષ સરખી રીતે પ્રકૃતિના માણસ પણ હોયછે, તેના લક્ષણથી નિરરોગી જાણવું.

નિદ્રાદિકની ઉત્પત્તી.—એટલે ઉંઘની ઉત્પત્તી હરયેક માણસને ઉંઘ આવેછે, તે તમોગુણ અને કફ એ બે હુંથી નિદ્રા આવેછે; તેને "સ્વાપ" કેહછે. પિત્ત અને તમોગુણ એ બેહુંથી રૂપાદિકનું અજ્ઞાન થઇને, ચેતના રહિત માણસ પડેછે તેને "મૂર્છા" કેહછે. રજોગુણ અને પિત્ત તથા વાયૂ મળેછે, તેથી કરીને ચકર ઉપર બેઠાથી જેમ ચકર ફેરવેથી માણસની અવસ્તા ચકર ભંભર ફેર આવતી થાયછે. તેને "ભ્રમ" કેહછે. કફ, તમોગુણ, વાયૂ, મળેછે, તેથી કરીને "ઘટ પટાદિ" પદાર્થથી અજ્ઞાન થાયે, શરીર ભારી, જડ થાય, બગાશા આવે, દુઃખ થાય, ઠાર મરે, શરીરને ગળાણી દુઃરબળતા થાય, એવા લક્ષણો થાયછે, અને રોગીના જેવી નિદ્રા આવે તેને "તંદ્રા" કેહછે.

ગલાણીનું લક્ષણ, શરીર ગળવું, દુઃરબળ થવું.—શરીરની સંપૂર્ણ ધાતૂનો સાર ભૂત, જેઓજ, પુષ્ટાઇ, તેનું ક્ષય, નાસ, બગાડ, થઇને દુઃખ; અજીર્ણ; શ્રમ; અત્તી મેહન્ત, એ સર્વેથી હાથ, પગની પુષ્ટાઇ ગળી જઇ, રદયમાં દુઃખ થાયછે; વિશામો ન લેતા શરીર મેહન્ત કરેછે, અને તેથી અન્નાદિ ખોરાક ઉપર ઇચ્છા, મરજી થતી નથી, તેને "ગળાણી, કલામ, હર્ષ ક્ષય" કેહછે.

આળસ્યનું લક્ષણ.—માણસના શરીરમાં સામર્થ હોવા છતા, જેને કામ કરવાવિશે પ્રેમ, હોસ; મરજી થતી નથી, તેને "આળસ્ય" કેહછે.

બગાશાનું લક્ષણ.—માણસનું ચેતન સ્થાન; ઢીલું, છોડવું, દુર્બળ, થવાથી, નાભિનો, વાયૂ સ્વાસાને પીઇ પછી જોરથી એકાએક મૂખ ઉઘડી જઇ, તેમાંથી વાયુ બાહર પડેછે; તેને "જૃંભા," જાંભઇ, બગાશા કેહછે.

છિંકોનું લક્ષણ.—ઉદાન વાયૂ કંઠમાં રેહનાર અને પ્રાણ વાયૂ હદયમાં રેહનાર તેની નસોના દરવાજામાંથી બેહુવાયૂ નિકળી ઉર્ધ્વ, ઉપર ચહડતો, વાયૂનો, મસ્તકમાં સંગમ થાયછે, તેવખતે મસ્તકમાંથી કફનું ગળવું થવાથી ત્રણેનો સંગમ થઇ, તેમાંથી જે શબ્દ "નસ્ત" નામે નાકમાંથી નિકળેછે, તેને "ક્ષુત, શિકા, છિક," કેહછે.

ઢેકર, ઓડકારનું લક્ષણ.— ઉદાનવાયૂ, અથવા સમાનવાયૂનો કોપ થઇ, ઉર્ધ્વ ગમન થાયછે, અને અન્નાદિક ખોરાક ખાધા પછી, તે પોતાને સ્થાને સ્થિર રહીને વાયૂનું ઉર્ધ્વ, ઉપર ચહડવું થાયછે, તેને ઉદગાર" કેહછે.

સાતમો અધ્યાય પ્રારંભ.

રોગોની સંખ્યા.

रोगाणां गणना पूर्वं मुनि भिर्या प्रकीर्तित्ता ॥
मयाऽत्र प्रोच्यते सैव तद्भेदा बहवो मताः ॥

જ્વરાદિક (સર્વ જાતના તાવ) ની સંખ્યા મુનીવાએ કહેલી છે, તે સંખ્યા આ ગ્રંથમાં લખેલીછે, અને રૂષીવાએ કબુલ રાખેલા, રોગોના ભેદ અનેક છે એમ જાણવું.

પચીસ પ્રકારના "તાવ" તેના ભેદ.

पंचविंशत्ति रूद्दिष्ठा ज्वरा स्तद्भेद उच्यते ॥ पृथक् दोषैस्त था द्वंद्व भेदेन त्रिविधः स्मृतः ॥ एकश्च सन्निपातेन तद्भेदा बहवः स्मृताः ॥ प्राघशः सन्निपातेन पंच स्युर्विषम ज्वराः ॥ तथाऽगंतु ज्वरोप्येक स्त्रयोदश विधोमतः ॥ भभिचार ग्रहावेश शापैरा ठांतुक स्त्रिधा ॥ श्रमाद्दाहात् क्षताच्छेदाच्च तुर्धा घातक ज्वरः ॥ कामाद्भीतेः शुचोरोषा द्विषादौषध गंधतः ॥ अभिषंग ज्वराः षट् स्युरेवं ज्वर विनिश्चयः ॥
॥ १४२ ॥

પચિસ પ્રકારે તાવ થાયછે. તેમાં ૧ વાયૂનો તાવ. ૨ પિત્તનો તાવ. ૩ કફનો તાવ. ૪ વાત પિત્તનો તાવ. ૫ વાત કફનો તાવ. ૬ પિત્તકફનો તાવ.

૭ વાતાદિ ત્રણ દોષ મળીને એક સન્નિપાતનો તાવ. એ સન્નિપાત તાવમાં અનેક ભેદ છે. નિચે લખેલાછે.

૧ વાયુનો તાવથી શરીરને કંપારો,* તાવનો રાખેતો, પ્રબલ, વેગયુક્ત આમ અને તેના વધારાનો, અથવા ચોક્કસ વખત, એક સરખો થતો નથી, ગળું, કંઠ, હોઠ નું શુકાવવું, શોષપડે, નિદ્રા, ભય, છીંકોનો અટકાય થાય, શરીર અકડાય, સાંધામાં દુઃખાવો, કળતર, મસ્તક અને હૃદયમાં દુઃખ, પીડા, મૂખને અરૂચિ, મળ અથવા ઝાડાના કાંકરા બંધાય, શૂળ, પેટને ફુગાસી, બગાસા, ઇત્યાદિક લક્ષણો વાયુના તાવને થાયછે.

૨ પિત્તના તાવનો જોર, પ્રવાહ ઉષ્ણ, ગર્મ, અતિસાર, ઝાડા વધારે થાય, ઓછી નિદ્રા, થોડી, ઓકારી, ઉલટી થાય, કંઠે, ગળે હોઠે, મૂખે, નાકે ઉષ્ણતા, ગર્મીપહડી આવે પસીનો, બડબડાટ, મૂખ કડવું થાય, મુર્છા, ભ્રમ, દાહ. ઠેઠ, તર્સ, પ્યાસ, એવા લક્ષણ થાય, મળ, ઝાડો, મૂત્ર, પિસાબ, આંખો, ચામડી, સરવે પીળારંગે થાય, ઇત્યાદિક લક્ષણો પિત્તના તાવને થાયછે.

૩. કફનો તાવ હોવાથી ચહડે અને ઉત્તરે તે વેળી પાણીમાં ચિઠરૂ ભીજવિ નિચોવીયે, તેમ શરીરભિનું, તાવનો જોર મંદ, નબળો, આળસ, મૂખે મિઠાસ, પીસાબ, ઝાડો સફેદ રંગે, શરીર ગતિભંગ, જકડાયલું, ભારી અન્નાદિક ખો-રાક ઉપર ઇચ્છા થતી નથી, શરીર ભારી છતા સિતળ હોયછે, ઉલટી થવાના ઉપકા, પાછું આવે, રૂવાટા ઉભા થાય, નિદ્રા ઘણી, શરીરને પીડા અલ્પ, પસીનો, પિસાબ ઘણીવેળા અને શફેદ રંગે થાય, હાથ, પગ ઘણા ઉષ્ણ, ગર્મ ન હોય ઉલટી થઇ પાછુ નિકળે, શરીર ઘભરાય વ્યાકુળ થાય, મુખા-દિકનો પાક થતો નથી, શળકમ, બળગમ, ખાશી, અને આંખો શફેદવર્ણું ઇત્યાદિક લક્ષણો કફના તાવને થાય છે.

૪ વાયૂ અને પિત્તના તાવને પાણીનો શોષ, પ્યાસ, મૂર્છા, પડી જવું, બુધ્ધિને ભ્રમ દાહ, બળત્તર, નિદ્રાનો નાસ, મસ્તકને પિડા, કંઠ, ગળા ને, શોષ, ઉલટીનો ઉપકો, ઉમાસા, પાછું આવે, રૂવાટા ઉભા થાય, (અવઠણ) અખાય, ધ્રુજારો, કંપારો, સાંધાવોમાં દુઃખાવો, બગાસા, ઇત્યાદિક લક્ષણો વાતપિત્તના તાવને થાયછે.

૫ વાયૂ અને કફના તાવને શરીરે ગતિભંગ જકડાયલું, ભારી, સાંધે સાંધામા, દુઃખ, નિદ્રા આવે, શરીર ભારી થાય, મસ્તકનું કડકડવું, સળકમ, બળગમ, ખાસી, સંતાપ, તાવમે જોર મધ્યમ ઇત્યાદિક લક્ષણો વાયૂ કફના તાવને હોયછે.

૬ પિત્ત કફના તાવને.—મૂખને ચિકણાપણું, કડવાસ, આંખોને અંધારા આવે, મૂર્છા, ભ્રાંતિ, ગફલત, ખાસી, (અવઠણ) જકડાયલું, શોષ, ઘડીકમાં ટેડી, દાહ, ઇત્યાદિ લક્ષણો પિત્તકફના તાવને હોયછે.

૭ વાતાદિ ત્રણ દોષનો તાવ.—એટલે વાયૂ, પિત્ત, કફ એ ત્રણે દોષો મળીને સન્નિપાતનો તાવછે, તે સન્નિપાત તાવના ભેદ અનેકછે, અને તે સન્નિપાતમાંથી ઘણું કરીને સંતંત, સતત, અન્ય દ્યું, તૃતીયક, ચાતુર્થિક, એવા નામે પાંચપ્રકારના વિષમજ્વર, ઉત્તપન્ન થાયછે; અને એક પ્રકારે આગંતુક તાવના ભેદ ૧૩ છે, તેમધ્યે અભિચાર, ગ્રહાવેષ, શાપ, એ ત્રણ પ્રકારના તાવ આગંતુક સંજ્ઞક જાણવા; શ્રમ, મેહન્તથી ઉત્તપન્ન થયેલો તાવ તે ચોઠો; અગ્નિમાં બળેથી, તાપથી ઉત્તપન્ન થયોલો પાંચમો; ક્ષતો, ઘારા, નાસૂર, બળે ઉત્તપન્ન થયેલો ૬ ઠો; શસ્ત્રાદિક, હથીયારથી કપાવાથી; વઢાયાથી ઉત્તપન્ન થયેલો ૭ મો; એવી રીતે ચાર પ્રકારના તાવ આઘાત સંજ્ઞક જાણવા; મનમાં ઇચ્છા થયેલી, જે વસ્તુ તે નહી મળી હોય તો, તેમાંથી ઉત્તપન્ન થયેલો તાવ આઠમો, ભય, બીહકથી ઉત્તપન્ન થયેલો—૯ મો; શોક, દિલગીરીથી ઉત્તપન્ન થયેલો. ૧૦ મો; ક્રોધ, ગુસ્સાથી ઉત્તપન્ન થયેલો. ૧૧ મો; સ્થાવર એટલે વચનાગાદિક ઇત્યાદિ ઝેર, અને જંગમ એટલે સર્પાદિક ના ડખ ઇત્યાદિનું ઝેર ચહડેથી ઉત્તપન્ન થાય તે ૧૨ મો; તિક્ષ્ણ ઓષડોની ગંધ, સેવનથી ઉત્તપન્ન થાય તે ૧૩ મો. એવી રીતે પચીસ તરેહથી તાવના લક્ષણો, ક્ષણમાં, ઘડીમાં શરીરે દાહ, ઘડીમાં શીત, હાડકા. સાધેસાંધા, મસ્તકને દુઃખ પીડા, આંખો ખેચાયલી, કુબડી, વાંકી થઇ, તેમાંથી પાણીનું ગળવું અથવા રક્તવર્ણ, લોહી ચહડેલી, સૂકાયલી, ખેચાયલી હોયછે; કાનમાં અનેક વિલક્ષણ શબ્દ થઇ, સમજાય નહિ તેવા દુઃખ થાયછે, ભાત્તના છાલા કંઠમાં ભરેલા હોય, તે જેમ ખુચે તેવી રીતે કંઠમાં કાટાં ખુચે; આંખો ઉપર ઝાખ પડે; મતિભ્રમ, બડબડ, ખાસી, શ્વાસ, કળત્તર, ભ્રમ, જીભ ખેચાયસી તે ઉપર કાંટા આવે, અને બોબડું તોટડું બોલે, લોહી અને પિત્ત, તથા કફમિશ્રિત, થુકો આવે, નિકળે, મસ્તકને હીયા ત્યા ફેરવે, કંપારી થાય. હલાવે, તૃષા, તર્ષ, નિદ્રાનો નાશ, હૃદયને પીડા, દુઃખ, શરીરે ઘામ, પસીનો જલદી આવતો નથી, આવેતો થોડો આવે, પીસાબ, ઝાડો જલદી થતો નથી, અને થાય તો જુજ થાય, શરીરાયવયવ શક્તિહીણ થતા નથી, કંઠ, ગળું વાગે, અવાજ થાય, આં-

પીળું માંખીના ચટકાથી જેમ શરીર ઉપર ગાંધી, અલાઇ જેવી ફોડકી થાય, તેવી કાળી અથવા તાંબુસ રંગની ગાંધીવો હોવા છતા ગોળાકાર પસરે, કંઠમાંથી શબ્દ હળવો આવે, અથવા બોલાયેજ નહી, નસોનું પાક પચન થાય, પેટ જડ, ભારી થાય, વાત્તાદિ દોષોનો પાક, પચન જલદી થતો નથી, વખતે રોગી હસે, રડે, નાચે, કુદે, ઇત્યાદીક લક્ષણો સન્નિપાત તાવને થાયછે. શરીરમાં સાત, દસ, અથવા બાર દીવસ તાવ એક સરખો હોયછે, નિકળતો નથી, તે સતત જાણવો. (સંતત) નામે તાવ આખી રાત્ર મધ્યે બે વખતે આવેછે, (અન્યદ્યુ) નામે તાવ એક વખત આવે. (તૃતીયક) નામે તાવ એક દિવસ આડે, આંતરે રહીને આવે. (ચાતુર્થિક) નામે તાવ બે દિવસ આંતરે આવે. (અભિચાર) નામે તાવ શ્યેનાદિક, યાગ, યજ્ઞ, જગન, બળાત્કાર, અવિચારથી, અથવા વિપરીત મંત્રે કરીને, શાસ્ત્રમાર્ગથી ઉલટા, લોહ, ગૃત, સર્ષ, શરસી, રાઇ વૃક્ષ ઇત્યાદીનો હોમ કરયો હોય તેથી ઉત્તપન્ન થાય. (ગ્રહાવેશ) નામે તાવ બ્રહ્મરાક્ષસાદિક, ભૂત સંબંધે કરીને ઉતપન્ન થાય. (શાપ) નામે તાવ બ્રાહ્મણ, ગુરૂ, માત્તપિતા, સિધ્ધ, વૃધને સંતાપેથી શાપ લાગેછે તેનો તાવ.

અતિસાર રોગ.

पृथक् त्रिदोषैःसर्वैश्च शोकाद्य मार्ङ्मयादपि अतिसारः सप्तधास्यात्

અતિસાર સાત પ્રકારેછે, તેમાં ૧ વાતાતિસાર એટલે મળ અને આમ મિશ્રિત પાણી સરખો પાતળો ઝાડાને રસ્તે ઢાળ થાયછે, તે તાંબુસ વર્ણછતા ફીણસાથે મળેલ, નિસતેજ, હલકો હોયછે, ઢાળ થત્તી વેળાયે ઝાડાની જગ્યાએ અવાજ અને શૂળ ઇત્યાદિક લક્ષણો વાયૂના થાયછે. ૨ પિત્તાતિસાર એટલે હલદ જેવો પિળારંગ અથવા તાંબુસ વર્ણ ઝાડામાર્ગે ઢાળ થાય, પ્યાસ, તર્સ મૂર્છા, શરીરે અને ઝાડામાં દાહ, બળત્તર થાયછે, ઝાડાની જગ્યા પાકેલા ગુમડાની રીતે દુઃખે, ઇત્યાદિક પિત્તના લક્ષણો થાયછે. ૩ કફા અતિસાર એટલે શફેદ વર્ણ, ભારી, ઘન, કફ, આમ, ચિકાશ ભરેલો, જડ, કફમિશ્રિત ઝાડાવાટે ઢાળ થાય, તેમાં આમ ગંધી, આમ સાથે ગાંઠો હોય, તે ઢાળ શિત્તળ હોય, શરીરના રૂવાટા ઉભા થાય, ઇત્યાદિક, કફના લક્ષણો થાયછે. ૪ ત્રિદોષા તિસાર એટલે ડુંકરના મેદ અથવા ચરબી જેવો, અથવા તેના માંસનાધોવણ સરખો, ઝાડા વાટે ઢાળ થાયછે, અને

વાયૂ, પિત્ત, કફ એ ત્રણે દોષોના શૂળાદિક લક્ષણો હોય તે ત્રણ દોષ સન્નિપાત અતિસાર જાણવો, તે કષ્ટ સાધ્ય હોય છે. ૫ શોકાતિસાર એટલે ધન, દોલત, અથવા ભાંડુવોનો નાશ થયો હોય તો, માણસોને અતિ શોકે કરીને અન્નાદિક ખોરાક થોડો ખાય, રડે, ગમ કરે તે ઉષ્મા, મ્હોટા શબ્દ નો નાદ પેટમાં થવાથી, તે જઠર અગ્નિને વ્યાકુળ કરી, લોહીને વ્યગ્ર, ઉદ્વેગ કરે, તપાવી બગાડેછે, પછી તેજ લોહી તપી ચણોટીના રંગે લાલ થઈ, મળ, ઝાડાને મિશ્રિત અથવા એખલું લોહી ઝાડા વાટે પડેછે, તે લોહી આમ સાથે ગાંઠો અથવા એખલી ગાંઠો પડેછે; તે શોકાત્તિસાર જાણવો. ૬ આમાત્તિસાર એટલે અન્નાદિક ખોરાકના રસનો સારી રીતે પાક થયો નહોયતો, તેમાંથી આમ થઈ મળ મિશ્રિત ઢાળ થાયછે, તે આમાત્તિસાર જાણવો. ૭ ભયાત્તિસાર એટલે ભય, બિહક, ડરવાથી જે અત્તિસાર થાય, તે મધ્યે જે દોષોનો કોપ હોય, તેવા લક્ષણો થાયછે.

સંગ્રહણી રોગ.

ग्रहणी पंच धामता २४६॥ पृथक दोषैः सन्निपात्ता त्तथा चामने पंचमी॥

સંગ્રહણી રોગ પાંચ પ્રકારેછે તેમાં ૧ વાત સંગ્રહણી. ૨ પિત્તસંગ્રહણી. ૩ કફ સંગ્રહણી. ૪ સન્નિપાત સંગ્રહણી. ૫ આમ સંગ્રહણી. એવી રીતે પાંચ પ્રકારની સંગ્રહણીના રોગછે. અગ્નિનુંસ્થાન તેના આશ્રે કરીને વાત્તા દોષ ક્રોધ યુક્ત થઈ, જે રોગ થાયછે, તેને સંગ્રહણી કેહછે, તેના લક્ષણ ઝાડા વાટે આમ પડે, તેમાં દુઃરગંધી અને મરડો થાય, તે આમવાયુંનેબળે ઘડી ઘડીમાં બંધ થાય, પિત્તે કરીને ઘડી ઘડીમાં પડેછે. અને કાચી આમજ વખતે પડેછે, અથવા તે આમનો પાક થઈપડે, તે સંગ્રહણીનું પૂર્વ રૂપ ખાસ, તર્સ, આળસ, શક્તિહિણ, ઈત્યાદિ લક્ષણો થાયછે, અને જઠરાગ્ની મંદ થાય, તેથી અન્ન વિદગ્ધ એટલે ખાધેલા ખોરાક, સુકાઈ, બગડે, અને તે અન્નાદિક ખોરાકનો પાક જલદી થતો નથી, અને શરીરે ભારી, જડપણું ઈતિયાદી પૂર્વ રૂપથી જાણવું.

૧ વાયૂનો કોપ, ઉછાળો થઈ શૂળ, પેટને ફુગાસી, સ્વાસ, ખાસી, ઈત્યાદિ લક્ષણો વાયૂ સંગ્રહણીને થાયછે. ૨ પિત્તનો કોપ, ઉછાળો થઈ ખાટા ઓડકાર, છાતી અને કંઠમાં દાહ, અરૂચી, પ્યાસ તર્સ ઈત્યાદિક લક્ષણો પિત્ત સંગ્રહણીને થાયછે. ૩ કફનો કોપ, ઉછાળો

થઈ, ઉલટી, સાંધેસાંધા અંબાય, કળત્તર, ખાસી, સળકમ, બળગમ, આળસ ઈત્યાદિ લક્ષણો કફસંગ્રહણીને થાયછે. ૪ વાત, પિત્ત, કફ ત્રણેના લક્ષણો જે સંગ્રહણીને હોયછે, તે સન્નિપાતસંગ્રહણી જાણવી. ૫ આમ વાયૂમાંથી આમ સંગ્રહણી થાયછે, તેના લક્ષણ કધી આઠ દિવસે, ચાર દિવસે, અથવા દરરોજ ઝાડાવાટે આમ પડેછે, તેને આમસંગ્રહણી કહેછે.

અતિસાર—પ્રવાહિકા.

प्रवाहिका चतुर्धा स्यात् पृथक्दोषैस्तथास्रतः ॥

પ્રવાહિકા; અતિસારનો ભેદ છે, તે ચાર પ્રકારે થાયછે. ૧ વાતપ્રવાહિકા, ૨ પિત્તપ્રવાહિકા, ૩ કફપ્રવાહિકા, ૪ રક્તપ્રવાહિકા હોયછે. તેના લક્ષણ વાયૂનો કોપ થઈ, પેટમાં કફનો સંચય કરીને પહરેજી, પથ્ય નહી રાખનારને ઝાડાવાટે કફમિશ્રિત પાતળો મળ ઝાડો ઘણો થાયછે, તેને પ્રવાહિકા અથવા ભશ્રો કહેછે.

૧ વાતપ્રવાહિકાથી શૂલાદિક વાયૂના લક્ષણો થઈ ઝાડાવાટે ફીણસહિત મળ પડેછે, તેમાં થોડો કફ પણ હોયછે, તેને વાતપ્રવાહિકા કહેછે. ૨ પિત્તપ્રવાહિકાને દાહાદિક બળત્તર સાથે પિત્તના લક્ષણો થઈ, ઝાડાવાટે પીળો, લીલો મળ પડે, તેને પિત્તપ્રવાહિકા કહેછે.

૩ કફ રોગથી આળસ, સાંધેસાંધા અંબાય, કળત્તર ઈત્યાદિક કફના લક્ષણો થઈ ઝાડાવાટે કફમિશ્રિત મળ પડેછે, તેનો રંગ સફેદ હોયછે, તેને કફપ્રવાહિકા કહેછે. ૪ લોહીના કોપે ઝાડાવાટે રક્તમિશ્રિત મળ પડે, તેને રક્તપ્રવાહિકા કહેછે.

અજીર્ણ.

अजीर्णं त्रिविधं प्रोक्तं विष्टब्धं वायुना मतम् । पित्ताद्विदग्धं विज्ञेयं कफेनामं तदुच्यते ॥ विषाजीर्णं रसादेकं

અન્નાદિક ઈત્યાદિક ખાધેલા ખોરાકનું પાચન થતું નથી, તેને અજીર્ણ કહેછે, તેવા ત્રણ પ્રકારનો રોગ થાયછે, અને ચોથું અજીર્ણ ખોરાક ભારે તથા વધારે ખાધાથી અથવા ભૂખ ન છતાં ઉપરા ઉપરી ખોરાક ખાધાથી થાયછે.

૧ વાયૂમાંથી જે અજીર્ણ થાયછે, તેને વિષ્ટબ્ધાજીર્ણ કહેછે, તેથી શરીરને અનેક પ્રકારે વાયૂની શૂળાદિક વેદના, પેટનું ફુગવું, વાયૂના

બળે મળમૂત્રનું અટકવું, શૂકાવું, મતિભ્રમ થવું, સાંધેસાંધા અંબાય, કળત્તર થાય ઇત્યાદિ વાયૂના લક્ષણો થાયછે. ૨ પિત્તમાંથી અજીર્ણ થાયછે, તેને વિદગ્ધાજીર્ણ કહેછે, તેથી શોષ, પ્યાસ, મૂર્છા, શરીરને સંતાપાદિક અનેક પિત્તકોપની વેદના, તીખ્ખા, તૂરા, કડવા, ખટાસ ભરેલા, ઓડકાર, શરીરે પસીનો, બળત્તર, ઇત્યાદિક પિત્તકોપના લક્ષણો થાયછે. ૩ કફના કોપથી જે અજીર્ણ થાયછે, તેને આમાજીર્ણ કહેછે, તેથી શરીરને અતિભાર, કોરી, સુક્કી ઉલટી, ગળાને તથા આંખ ઉપર સોજો; ચોથર, ખટાસવિના તૂરા, ખારા મિઠાસ ભરેલા ઓડકાર, ઇત્યાદિક કફકોપના લક્ષણો થાયછે. ૪ ચોથું અજીર્ણ અન્ન ઇત્યાદિક ખોરાક વજનદાર, સખ્ત, રૂક્ષ, અથવા એક વખતે ખાધેલા ખોરાકનું પાચન ન થવાની અગાઉ ફરીને ઉપરા ઉપરી ખાધેલા ખોરાકથી જે અજીર્ણ થાયછે, તેને વિષાજીર્ણ કહેછે; તેનું પરિણામ વિષ, ઝેરજેવું, મર્ણતોલ કરનાર, મૃત્યુકર્તા છે. એવી રીતે ચાર પ્રકારના અજીર્ણરોગ જાણવા.

અળસક, વિષૂચ્યાદિ રોગ એટલે અજીર્ણમાંથી થતી મોરચી રોગ.

दोषैः स्यादलसास्त्रिधा ॥ विषूची त्रिविधा प्रोक्ता दोषैः सा स्यात्पृथक् पृथक् ॥ दंडकालसकश्चैव एकैव स्याद्विलंबिका ॥

વાયુ, પિત્ત, અને કફ એ ત્રણ દોષોના જૂદા જૂદા લક્ષણમાં; ૧ અળસક રોગ ત્રણ પ્રકારે. ૨ અજીર્ણમાંથી થાયછે, તેમજ ૩ વિષૂચી વાતાદિ દોષના ભેદથી જૂદી રીતે ત્રણ પ્રકારે મોરચી થાયછે; ૪ દંડકાળસક, અને ૫ વિલંબિકાનામે બે રોગ મોરચીનાજ ભેદ છે એમ જાણવું.

૧ જે અજીર્ણ ઝેરસરખું થઇ મરણ તોલ કરે, તેને વિષાજીર્ણ કહેછે. ૨ અજીર્ણસંબંધી દોષ, રોગ પેટમાં સ્થિર રહીને, ખાધેલા ખોરાકનું પાચન થતું નથી, અને તે ખોરાક (લશી) ચિકાસ ભરેલી આમ થઇને, શૂળાદિક, દુઃખો, ઉપદ્રવ અતીશે થાયછે, વાયૂના બળે મળમૂત્ર શુકવે, અટકાવ થાય, મતિભ્રમ થાય, ચમત્કારી શબ્દો બોલે, સાંધેસાંધા અંબાય, શરીરને મરડે, હાથ પગ ટુટે, પછાડે, વાયૂના જોરથી ઉપર ચહડે, પાણીનો શોષ પડે, ઓડકર આવે ઇત્યાદિ લક્ષણો થાય, તેને અલસક રોગ કહેછે. ૩ અજીર્ણથી શરીરે અને સાંધામાં સો-

ઈયો ભોકયાથી જેવી વેદના થાય, તેને વિષૂચી કહેછે, તેનું લક્ષણ મૂર્છા, બેશૂધ પડવું, અતિસાર જેવો અતીશો ઝાડો થાય, ઉલટીવો, પાણીનો શોષ, શૂળ, ભ્રમતા, શરીરે અને સાંધામાં દુઃખાવો, બગાસા, બળત્તર, દાહ, શરીરનો રંગ બદલાય, રંગ રૂપ ફરી જાય, કંપારો થાય, હ્રદયને પીડા, મસ્તકમાં શૂળ, ઈત્યાદિ લક્ષણો થવાથી તેને વિષૂચી એટલે મોરચી કહેછે. અળસક રોગ અથવા મોરચી રોગનું અસાધ્ય લક્ષણ એટલે જોખમ ભરેલો, એ રોગ વધવાથી તેના લક્ષણ, રોગીના દાંત, ઓઠ, નખોનો રંગ બદલાઈ કાળો થાય, મતિભ્રમ બેશુદ્ધ થાય, માણસ ઉલટીવોથી, નબળાઈથી, આંખો ઉંડાણ જાય, ગળામાંથી શબ્દ ઉંડાણમાં, ઝીણો, નબળો થાય, શરીરના સર્વે સાંધા ટુંટે, છુટે, એવા લક્ષણો રોગીને થવાથી જોખમ ભરેલું જાણવું, તેને મહામારી કહેછે. ૪ માણસને લાકડાજેવું અચળ, વાંકો થાય, મરડાઈ જાય, તે મોરચીને દંડાળસક કહેછે; જ્યારે મોરચીનો અતીશો બળ વધ્યાથી તેમ થાયછે, અને વાતાદિ ત્રણે દોષો, મળીને હોય તે રોગ થવાથી, પ્રાણનાશ, તેનું મરણ તાકીદે થાયછે. ૫ મોરચીનોજ ભેદ છે, તેનું નામ વિલંબિકા છે, તે વાતાદિ ત્રણે દોષો મળીને હોયછે, અને સ્વરૂપે અસાધ્ય જોખમ ભરેલો હોયછે, તથા ઘણું કરીને એ રોગની ધાસ્તી રાખનારને તેનું લોહી બગડીને પાણી થાયછે, અથવા ગીચવસ્તીમાં રહેવાથી, દુરગંધીથી, ખરાબ હવામાં રેહવાથી, બગડેલું પાણી પીધાથી, ફળ,-મેવો, ધાન્ય, માંસ, માછલી, ભાજી, તરકારી ઈત્યાદિ બગડેલી જણસનો ખોરાક ખાધાથી, ઈત્યાદિ કારણોથી માણસના પેટમાં કર્મ, જીવડા, કાળા મૂખના ઝેરી જંતો અતીશો થાયછે, તેનું બળ અતીશો થવાથી એ રોગનો ફેલાવો થાયછે, અને ઉડેપણ છે.

હર્શ રોગ.

अर्शांसि षड्विधान्याहुर्वातपित्तकफासतः ॥ सन्निपाताच्च संसर्गात्तेषां भेदो द्विधा स्मृतः ॥ सहजोत्तरजन्मभ्यां तथा शूकार्द्रभेदतः ॥

હર્શ રોગ ૭ પ્રકારે થાયછે, તેમાં ૧ વાતાર્શ, ૨ પિત્તાર્શ, ૩ કફાર્શ, ૪ સન્નિપાતાર્શ, ૫ રક્તાર્શ, ૬ સંસર્ગાર્શ એ પ્રમાણે હર્શ થાયછે; તેમાં બે જૂદા ભેદ છે; એક સહજ એટલે શરીરના જન્મ-સાથે ઉત્પન્ન થાયછે; અને બીજુ ઉત્તર જન્મ એટલે જન્મ થયા પછી

મિથ્યાહારવિહારાદિક એટલે વગર કારણે ખાધેલા ખોરાક અને ક્રીડા, ફરવું, રખડવું, બદચાલ ઈત્યાદિ કારણોથી વિરોધથી વાતાદિ દોષો અટકીને હર્શ રોગ ઉત્પન્ન થાયછે, તેના આકાર્ણે બે ભેદ છે, તેમાં એક શુષ્ક એટલે શુક્કા, રૂક્ષ મસ્સા હોયછે, અને બીજા આર્દ્ર એટલે કેટલાક મસ્સામાંથી લોહી વહેછે.

ઝાડાની જગ્યામાં શાડા પાંચ આંગળ ગુદ લાંબુ છે, તેમાં ત્રણ શંખોના ઘેરાવા સરખા તેના મુખ છે, ત્યાં વાતાદિદોષ અટકી બંધાઈને માંસરૂપી અંકુર મસ્સા બહાર આવેછે, તેને હર્શ કહેછે.

૧ વાતાર્શ એટલે વાયૂના દોષથી હર્શરોગ થવાથી, મસ્તક, પીઠ, કુંબર, પગ, જાંગ, અંડ સંધીમાં વાયૂની પીડા, દુઃખ, શૂળ થાય, છીંકો ઓડકાર, મળમૂત્રનો અટકાવ, હૃદયને પીડા, શરીર અંબાય, કળત્તર થાય, શ્વાસ, ખાસી, અગ્નિમંદ, ભૂખ બેસી જાય, કાનમાં અનેક શબ્દો, બુદ્ધિને ભ્રમ, શરીરની ચામડીનો રંગ બદલાઈ, નખો, મળ, મૂત્ર, આંખો, મૂખનો ચેહરો સ્યામ, કળાસ રંગનો થાય ઈત્યાદિ વાયૂના લક્ષણો થઈ, ગુદમાં ઝાડાની જગ્યામાંહે અંકુર એટલે દાણાં કંદ વાયૂથી વ્યાપ્ત હોય છે; તે શુક્કાં શખ્ત મળને કરી; તેનો અટકાવ થાય; તે મસ્સાનો દેખાવ ગાયની જીભે કાંટા હોય તેવા, કાંટા ભરેલું, કરટવેલનું ઝાડ અને તેના ફળજેવા ખડબચડા, વાંકા, અણીયાળા, તેવા આકારે અથવા રાનકાપશીના ફળજેવા હોયછે; તેમાં કેટલાક મસ્સા કદમ વૃક્ષના ફુલ જેવા મોહટા અથવા સરશીના ફૂલજેવા ઝીણા હોયછે; તે મસ્સાના માથા ઉપર બારીક બીજા માંસના દાણા જેવા ફુટેછે, ઈત્યાદિ લક્ષણો વાયૂના હર્શને થાયછે. ૨ પિત્તાર્શ. એટલે પિત્તના કોપે હર્શ રોગ થવાથી શરીરે દાહ, બળત્તર, તાવ, પસીનો, શોષ, પ્યાસ, મતિભ્રમ, મૂર્છા, સાંધા અંબાય, કળત્તર થાય ઈત્યાદિ પિત્તના લક્ષણો થઈ, ગુદમાર્ગે મસ્સાના દાણા લાલરંગે, પીળા રંગે, કળાસ છત્તા, તેનો પ્રથમ ભાગ અસમાની રંગે હોયછે. જે મસ્સામાંથી ગુદવાટે લોહી પડેછે, તેમાં આમગંધી હોયછે; તે મસ્સા નર્મ સૂવાળા, કુમળા છતાં લાંબા હોયછે; તેના મોહ, મૂખ પોપટની જીભ જેવા અથવા જળોના મોહ જેવા હોયછે; તેમાં કેટલાક મસ્સા જવ સરખા અને વચમાંથી જાડા હોયછે; શરીરની ચામડી ઈત્યાદિનો રંગ પીળો, લીલો થાય, ઈત્યાદિ લક્ષણો પિત્ત

હર્શને થાયછે. ૩ કફાર્શ એટલે કફનો કોપે હર્શ રોગ થવાથી ખાસી, શ્વાસ, મુખવાટે લાળ ગળે, શરીરે પસીનો, મૂખને અરૂચી, ભૂખ બેસી જાય, સળકમ, બળગમ, પરમો, મળમૂત્રનો અટકાવ, શરીરે દુઃખ, મસ્તક ભારી, તાવ, તાહડીયો તાવ, સ્ત્રીયોવિષે અપ્રીતિ, અગ્નિમંદ, ભૂખ બેશી જાય, ઊલટી, પેટમાં આમનો વિકાર, અડસંધી, બસ્તી અને નાભિમાં દુઃખાવો, ઈત્યાદિ કફાર્શના લક્ષણો થાયછે. ૪ સન્નિપાતાર્શ. એટલે વાયુ, પિત્ત અને કફ ત્રણેના દોષોથી હર્શ રોગ થવાથી ઉપર લખેલા ત્રણે રોગના લક્ષણો ભેળા હોયછે. ૫ રક્તાર્શ એટલે લોહીના કોપથી અથવા લોહી ઉકાળાથી રક્તાર્શ નામે હર્શ રોગ થવાથી દાહાદિક, બળત્તરાદિક સાથે પિત્તના લક્ષણો થઈ ગુદ અથવા ઝાડાવાટે માંસરૂપી અંકુર, દાણા મસ્સા ચણોટી જેવા, પરવાળા જેવા, લાલ હોયછે. તે મસ્સામાંથી એકાએક લોહી અતિશે ગળેછે; અને તે ઉષણ, ગરમ હોયછે, મળમૂત્રનો અટકાવ શરીરમાંથી લોહીનો ક્ષય થઈ આવણ મહિનામાં દેડકાનો રંગ પીળો થાયછે; તેવી રીતે માણસનો રંગ પીળો, નિસતેજ, શકતિહિણ, આંખોના ડોળા કુબડા, વાંકા થાય ઈત્યાદિ લક્ષણો લોહીના કોપ હર્શને થાયછે. ૬ સંસર્ગાર્શ. એટલે વંશપરંપરા, વારસાથી ઉતરતો આવેલો હર્શ રોગ થાય તે વારસાઈ હર્શ બાળકના જન્મની સંગાથે રોગ ઉત્પન્ન થાયછે. તેને ગ્રંથાંતરીં સહજાર્શ કહેછે.

હર્શનો ભેદ ચર્મકીળ રોગ.

त्रिधेव चर्मकीलानि वातात्पित्तात्कफादपि ॥

ચર્મકીળ એટલે (ગુદોષ્ઠ) ઝાડાની જગ્યાનાં હોઠને ચામડીના ખિલા, મેખ જેવા માંસરૂપી મસ્સા હોયછે, તે મસ્સા સ્થિર કાયેમ રહીને શખ્ત ત્રણ પ્રકારે હોયછે, તેમાં ૧ વાત ચર્મકીળ, ૨ પિત્ત ચર્મકીળ, ૩ કફ ચર્મકીળ. એ પ્રમાણે ત્રણ પ્રકારે ચર્મકીળ રોગ થાયછે.

૧ વાયૂના કોપથી ગુદના હોઠને જે મસ્સા છે, તેને શખ્ત, શૂળ, વેદના થાયછે; તેને વાત ચર્મકીળ કહેછે, ૨ પિત્તના કોપથી ગુદ હોઠને માંસરૂપી મસ્સા લાલ, રક્તવર્ણ છતા, કાળાસે હોયછે, તેને પિત્ત ચર્મકીળ કહેછે, ૩ કફના કોપથી ગુદહોઠને મસ્સા ઘણા સુવાળા હોયછે, તેને કફ ચર્મકીળ કહેછે.

કૃમિરોગ. એટલે જીવડા, કરમ, જંત રોગ.

एकविंशतिभेदेन क्रमयः स्युर्द्विधोच्यते ॥ बाह्यास्तथाऽभ्यंतरे च तेषु यूका बहिश्चिराः ॥ लिख्याश्चान्येंतरचराः कफात्ते हृदयादकाः ॥ अंत्रादा उदरावेष्टाश्चुरवश्च महागुहाः ॥ सुगंधा दर्भकुसुमास्तथा रक्ताश्च मातराः ॥ सौरसा लोमविध्वंसा रोमद्वीपा उदुंबराः ॥ केशादाश्च तथैवान्ये शकृज्जाता मकेरुकाः ॥ लेलिहाश्च सलूनाश्च सौसुरादाः ककेरुकाः ॥ तथान्यः कफरक्ताभ्यां संजातः स्नायुकः स्मृतः ॥

એકવિશ પ્રકારના કૃમિરોગ થાયછે; તેમાં બે ભેદ છે, એટલે એક શરીરની ઉપર રેહનાર અને બીજા અંદરના ભાગમાં હોયછે. શરીર ઉપર રેહનાર એક જાતની જુવો, બીજી ચિરા અને ત્રીજી લિખો એ ત્રણ પ્રકારે કૃમિ ઉપરના જાણવા; અને અઢાર પ્રકારે અંતર, અંદરના કૃમિ રોગ છે, તેનું પ્રસિદ્ધનામ જંત છે, તેના જુદા ભેદ અને નામો; પેહલું દૃદયાક, બીજુ અંત્રાક, ત્રીજુ ઉદરાવેષ્ટ, ચોથુ ચુખ, પાંચમું મહાગુહ, છઠ્ઠુ સુગંધ, સાતમું દર્ભકુસુમ. એવી રીતે સાત પ્રકારે કૃમિ કફ્જન્ય જાણવા. પહેલું માત્તર, બીજુ સારસ, ત્રીજુ લોમવિધ્વંસ, ચોથું રોમદ્વીપ, પાંચમું ઉદુંબર, છઠ્ઠુ કેશાદ. એ છ પ્રકારે રક્તજન્ય જાણવા. પેહલું મકેરૂક, બીજુ લેલિહ, ત્રીજુ સલૂન, ચોથું સૌસુરાદ, પાંચમું કકેરૂક. એ પાંચ પ્રકારે કૃમિ મળજન્ય જાણવા. એ પ્રમાણે અઢાર પ્રકારના અંદર ભાગમાં કૃમિ રોગ અને ત્રણ પ્રકારે શરીર ઉપરના કૃમિ રોગ મળીને એકવીસ પ્રકારે કૃમિ રોગ જાણવાં. તેમજ કફ રક્તમાંથી કૃમિરોગ ઉત્પન્ન થાયછે, તેને સ્નાયુક કહેછે, તેનું પ્રસિદ્ધ નામ નારૂ, વાળો છે. કેટલાકને શરીરે નિકળેછે તે જાણવો.

પહેલી શરીરના બાલમાં, કેશમાં, મેલા કપડાં, વસ્ત્રને આસરે જંત રહેછે, તે તલ જેટલી છતા કાળી અને સફેદ હોયછે, તેને ઘણાક પગ થાયછે; તેને જુ કહેછે; અને બીજી તેથી ઝિણી હોય તેને લિખો કહેછે. ત્રિજી ચિરા નામે જુનો ભેદ છે; તે વિશે માધવાચાર્ય રૂષિએ અંતર્ભાવ કીધો; માટે તેના મતેં વીસ પ્રકારે કૃમિ રોગ છે; અને શારંગધરાચાર્ય એ ચિરાને સાથે મેળવી, તેથી તેના મત પ્રમાણે એકવીસ પ્રકારે

કૃમિ રોગ જાણુવા. ચોથી જાતનો કૃમિરોગ શરીર મધ્યે, અંદર અઢાર પ્રકારે થાયછે; તેનો કોપ થવાથી તેના સાધારણ લક્ષણ, તાવ, શરીરે નિસતેજપણું, શૂળ, હૃદયને પીડા, ઓકારી, ભ્રમતા, અન્નદ્વેષ, અતિસાર, ઈત્યાદિક ઉપદ્રવ થાયછે.

૧ હૃદયાદક, ૨ અંત્રક, ૩ ઉદરાવેષ્ટ, ૪ ચુરવ, ૫ મહાગુહ, ૬ સુગંધ્ર, ૭ દર્ભકુસુમ. એ સાત પ્રકારે કૃમિરોગ કફજન્ય જાણવા, તે કફના આમસ્થાને રહેછે; તેનો કોપ થવાથી ઉપર ચહડેછે, તે જંત સફેદ રંગ તાંબુશ વર્ણે, ન્હાના, મોહટા, લાંબા, અને કેટલાક ધાન્યની ચમરી જેવા, હોયછે; તેથી અરૂચી, મૂખથી લાળ ગળે, અગ્નિમંદ, મૂર્છા, ઓકારી, તાવ, શરીરે ગળવું, નબળાઈ, છીંકો, બળગમ, સળકમ, ઈત્યાદિક ઉપદ્રવ થાયછે.

૧ માત્તર, ૨ સારસ, ૩ લોમવિધ્વંશ, ૪ રોમદ્વીપ, ૫ ઉદુંબર, ૬ કેશાદ, એ છ પ્રકારે કૃમિને રક્તજન્ય કહેછે. તે શરીરના લોહી વેહવડાવનારી નસોને સ્થાને, લોહીમાંથી જંત થાયછે; તેનો રંગ લોહી જેવો, ઝીણા, નાહના, કેટલાક જણાતા નથી તેવા હોયછે, તે કુષ્ટ, પરૂ કરનાર રોગને ઉત્પન્ન કરેછે.

૧ મકેરૂક, ૨ લેલિહ, ૩ સન્નૂન, ૪ સૌસુરાદ, ૫ કકેરૂક એ પાંચ પ્રકારે કૃમિ રોગ મળજન્ય જાણવાં. તે પકવાશયમાં રહેછે, તેનો વર્ણ સફેદ, પીળો, કાળાસવર્ણે, મોહટા, ગોળ હોયછે, તેનું ગમન, ચાલહાલ, નીચે ગુદના રસ્તે ઘણી વખતે ઉતરેછે, તેનો ઘણો કોપ થવાથી આમસ્થાને ઉપદ્રવ કરેછે, તેથી શ્વાસ, ઓઢકાર, ચળ, ખજવાળ, બળહિણતા, નબળાઈ, શૂળ, અગ્નિમાંદ્ય, ભૂખ બેશી જાય, શરીરનો રંગ પીળો થાય, ઈત્યાદિક ઉપદ્રવ થાયછે. એ પ્રમાણે અઢાર પ્રકારે કૃમિરોગ અભ્યંતરી, ભીતરના જાણવાં અને શરીર ઉપર થનાર ત્રણ પ્રકારના એટલે એકવીસ પ્રકારે જાણવા. તે ઉપરાંત કફ અને રક્તમાંથી ઉત્પન્ન થતો નારૂ કેવાળો કેટલાકને શરીરે નીકળેછે, તેને સ્નાયુક કહેછે.

પાંડુરોગ.

पांडुरोगाश्च पंच स्युर्वातपित्तकफैस्त्रिधा ॥ त्रिदोषैर्मृत्तिकाभिश्च

પાંડુ રોગની ઉત્પત્તિ વાતાદિ દોષનો કોપ થઈને લોહી બગડ્યાથી

શરીરની ચામડીનો રંગ પિળો, પાંડુરવર્ણ થાયછે. તેને પાંડુ રોગ કહેછે. તે પાંચ પ્રકારે થાયછે; તેના નામ ૧ વાતપાંડુ, ૨ પિત્તપાંડુ, ૩ કફપાંડુ, ૪ ત્રિદોષપાંડુ, ૫ મૃત્તિકાપાંડુ. એ પ્રમાણે પાંચ પ્રકારે પાંડુ રોગ થાયછે.

૧ શરીરની ચામડી, મળમૂત્ર, ચેહરો પિળો રંગે, તેજહિણુ, કૃષ્ણવર્ણ, શાંમળો, અરૂણવર્ણ થાય, શરીરે કંપારો, પીડા, દુઃખ, ભ્રમ ઈત્યાદિક લક્ષણો વાયૂના પાંડુરોગને થાયછે. ૨ શરીરની કાંતિ, મળમૂત્ર, નેત્ર પિળાવર્ણું, પિત્તવર્ણું, શરીરે દાહ, બળત્તર, તૃષા, તાવ, ઈત્યાદિક લક્ષણો પિત્તપાંડુ રોગને થાયછે. ૩ શરીરની ચામડી, મળમૂત્ર, ચેહરો, આંખો શફેદ વર્ણું, સોજો, થોથર, આળસ, આંખોને અંધારા, ઝાંખ, શરીર વજનદાર થાય ઈત્યાદિક લક્ષણો કફપાંડુ રોગને થાયછે. ૪ વાત, પિત્ત, કફ ત્રણે રોગના લક્ષણો મળીને જે પાંડુરોગને હોય, તે ત્રિદોષજ પાંડુરોગ જાણવો. ૫ મટોડી, રાખ ખાધાથી જે પાંડુરોગ થાયછે, તેમાં જે દોષનો કોપ હોય, તેના લક્ષણો થાયછે.

કમળો, કમળા, કુંભકામળા, હલીમક રોગ.

तथैका कामला स्मृता ॥ स्यात्कुंभकामला
चैका तथैव च हलीमकम् ॥

કમળો, કામળા રોગ ત્રણ પ્રકારનો છે. તેને કાવિળ અથવા કામિણુ કહેછે. તે રોગ પાંડુરોગોની પરીક્ષા ન થવાથી તથા રોગીએ દરકાર ન રાખવાથી અથવા પોતાની મેળે પણ થાયછે; તેમાં બે ભેદ હોયછે, એક કુંભ કાવિળ, બીજો હલીમક રોગ.

૧ કાવિળ રોગના લક્ષણ. પિત્ત વધારનાર પદાર્થનું અતિ સેવન કરવાથી, પિત્ત અને લોહી, માંસ બગડીને માણસની આંખો, ચામડી, નખો, ચેહરો, પિળો હળદ જેવો થાયછે, મળમૂત્ર લોહીવર્ણું, પિળા, પિત્તવર્ણું થાયછે; જેમ શ્રાવણ મહિનામાં દેડકાનો પિળો રંગ થાયછે, તેવો શરીરનો રંગ પિળો થાય, દસે ઇંદ્રિયોને વ્યાકુળતા, ગભરાટ થાય, દાહ, અગ્નિમંદ, દુર્બળપણું, અજીર્ણ ઈત્યાદિક લક્ષણો થાયછે. ૨ કાવિળ રોગ ઘણા દિવસ રહ્યાથી કોઠામાં વાતાદિ દોષનો કોપ થઈ, તેમાંથી કુંભકામળા રોગ ઉત્પન્ન થાયછે, તેના લક્ષણ મળમૂત્ર કાળા રંગે, શાંમળા રંગે થાય, શરીરે સૂજ, થોથર, આંખો લોહી રંગે, પિળા રંગે,

ઓકારી ઈત્યાદિક લક્ષણો થાયછે; તે રોગ કષ્ટસાધ્ય જાણવો; પાંડુરોગોની કેટલીક અવસ્થા બગડીને, વધારાનો ભેદ હલીમક રોગ થાયછે; તેના લક્ષણ; પિત્ત વાયુનો કોપ થઈ તેમાંથી શરીર પાંડુરવર્ણ પિળો, લીલો, હરિતવર્ણ, કાળાસ, શાંમળા રંગે, પિત્તવર્ણે થાયછે; શક્તિ ક્ષીણ; આંખો ઉપર ઝાંખ; અંધારા, ભૂખ બેસી જાય; હલકો તાવ, સ્ત્રીવિશે અપ્રીતિ; શરીરે પીડા, શ્વાસ, ખાંસી, શોષ, અરૂચિ, ભ્રમ ઈત્યાદિક લક્ષણો થાયછે; તે રોગ કષ્ટસાધ્ય જાણવો.

રક્તપિત્તરોગ.

रक्तपित्तं त्रिधा प्रोक्तमूर्ध्वगं कफसंगतम् ॥
अधोगं मारुताज्ज्ञेयं तद्द्वयेन द्विमार्गकम् ॥ २९७ ॥

રક્તપિત્ત ત્રણ પ્રકારે થાયછે. તેમાં એક ઊર્ધ્વગામી એટલે મૂખવાટે લોહી પડેછે, તે કફસંબંધી રોગ જાણવો; બીજો અધોગામી એટલે ઝાડાવાટે લોહી પડેછે, તે વાયુસંબંધી રોગ જાણવો; ત્રીજો બેહું માર્ગોએ લોહી પડેછે, તે કફ અને વાયુસંબંધી રોગ જાણવો.

૧ અગ્નિનો શેક, અતિ મહેનતનો થાકોટો, શોકાતુર, ચાલનાર, મંજલ કાપનાર, બેપાયો, મૈથુન ઈત્યાદિકની અતિશે ટેવ રાખવાથી, તીક્ષ્ણ, ઉષ્ણ, ક્ષાર, ખાર, ખાટું, ઈત્યાદિક પદાર્થનું અતિશે સેવન કરવાથી પિત્તનો કોપ થઈ લોહીનો ક્રોધ, ઉછાળો થાય, તે મુખ અને ઝાડાવાટે લોહી પડેછે, તેને રક્તપિત્ત કહેછે.

કાસરોગ ખાંસી.

कासाः पंच समुद्दिष्टास्ते त्रयस्तु त्रिभिर्मलैः ॥
उरःक्षताच्चतुर्थः स्यात् क्षयाद्धातोश्च पंचमः ॥ २९८ ॥

કાસ રોગ પાંચ પ્રકારે થાયછે. ૧ વાતકાસ, ૨ પિત્તકાસ, ૩ કફકાસ, ૪ છાતીમાં અતિ દુઃખ, લુવાર ઘણ મારે તેવી રીતે ઘણ વાગે, એવી અતિ પીડા, દુઃખ થાયછે, તે ઉરઃક્ષતકાસ, ૫ ધાતુક્ષય કાસ, એ પ્રમાણે પાંચ પ્રકારે કાસરોગ થાયછે. તેના લક્ષણ વાતાદિ દોષનો ક્રોધ થઈ; મુખવાટે કફ પડે અથવા શુક્રી ખાંસી આવે, તેને કાસ કહેછે.

૧ પેટમાં, પાસળામાં, હૃદયમાં, લમણામાં, મસ્તકમાં શૂળ, મુખને શોષ, બળહિણ, શબ્દ અને શરીરનું તેજ ક્ષીણ થાય, શુક્રી

ખાંસી આવે, અને તેનો વેગ હમેશા હોય; ગળાનો શબ્દ બગડી બેસુર થાય, ખોખરો અવાજ આવે ઈત્યાદિક લક્ષણો વાતકાસને થાયછે. ૨ છાતીમાં દાહ, બળતર, તાવ, મુખને શોષ, તર્સ, મુખવાટે કફ પડે, તે પિત્તવર્ણું પિળા, દાઝેલો હોય, મુખને સ્વાદ કડવો, ઈત્યાદિક લક્ષણો પિત્તકાસને થાયછે. ૩ મુખને ચિકાસ, મસ્તકને પીડા, કફથી શરીર વ્યાપ્ત, ભરેલું, મુખવાટે કફ પડે તે ભરગચ્ચ અને સફેદ રંગે, ભૂખ બેસી જાય, અજીર્ણ, ખજવાળ, શરીરે ભારીપણું ઈત્યાદિ લક્ષણો કફ કાસને થાયછે. ૪ અતિ મૈથુન કરે, શરીર ઉપર અતિ ભાર ઉપાડે, માર્ગ ઘણું ચાલે, મલ્લયુદ્ધ કરે ઈત્યાદિકથી શરીરનું તેજ હિણ થઈ, છાતીમાં વાયુથી ક્ષત, વ્રણ, બગાડ, નાસુર જેવું, ટુંટફાટ થાય, તેથી માણસને ખાંસી આવે, પ્રથમ શુક્રી ખાંસી આવે, પાછળથી મુખવાટે લોહીસાથે કફ પડે; કંઠને પીડા, તાવ, શ્વાસ, તૃષા; ખપુતર જેમ ઘુંઘું કરેછે તેમ ગળામાંથી શબ્દ થાય, પાસળામાં શૂળ અને સર્વ સાંધામાં વેદના થાય, ઈત્યાદિક લક્ષણો ઉરઃક્ષત કાસને થાયછે. ૫ શુક્રાદિ ધાતુનો ક્ષય થઈને, તેમાંથી ખાંસી થાય, શરીર ઘસાઈ જાય, ક્ષીણ થાય, તાવનો ઉપદ્રવ થાય, ઈત્યાદિક લક્ષણો થાય તેને ધાતુક્ષયકાસ કહેછે.

ક્ષયરોગ.

क्षयाः पंचैव विज्ञेयास्त्रिभिर्दोषैस्त्रयश्च ते ॥
चतुर्थः सन्निपातेन पंचमः स्यादुरःक्षतात् ॥ २६९ ॥

ક્ષયરોગ પાંચ પ્રકારે થાયછે. તેમાં ૧ વાતક્ષય, ૨ પિત્તક્ષય, ૩ કફક્ષય, ૪ સન્નિપાત ક્ષય, ૫ ઉરઃક્ષત ક્ષય, તેને રાજયક્ષ્મા કહેછે.

૧ ગળું, કંઠના શબ્દમાં ભેદ, હાથ પગ પાંસળામાં શૂળાદિક ઉપદ્રવ થઈ શરીર ક્ષીણ થાય, તેને વાતક્ષય કહેછે. ૨ તાવ, દાહ, બળતર, અતિસાર, લોહીનો ઘટાડો ઈત્યાદિક લક્ષણો પિત્તક્ષયને થાયછે. ૩ મસ્તક ભારી જડ, ખોરાક અન્નનો દ્વેષ, ખાંસી, ગળાને પીડા ઈત્યાદિક લક્ષણો કફક્ષયને થાયછે. ૪ વાત, પિત્ત, કફ એ ત્રણે દોષના લક્ષણો મળેલા હોય તો, તેને સન્નિપાત ક્ષય કહેછે. ૫ જોરાવર, બળવંતોથી મલ્લયુદ્ધ કરવું, ઘણી મેહેનત કરવી, શરીર ઉપર અતિભાર ઉપાડવો, ઘોડા ઈત્યાદિની અગાઉ દોડવું, અતિ વજનદાર જણસ અથવા પથર ઉપાડવા,

એકાએક દુરથી દોડી આવી છલંગ મારવી, મહાનદી અથવા સમુદ્ર તરવું, મ્હોટા મ્હોટા શબ્દોથી વારંવાર અવાજ કરવા, આરડવું, મનુષ્યાદિકોનું આકર્ષણ કરવું ઈત્યાદિક ક્રૂર કર્મો કરવાથી વાતાદિ દોષનો ક્રોધ થઈ તેમાંથી છાતીમાં ક્ષત, બગાડ, ધારૂં, નાસુર, ચાઠું થઈને હૃદયને અતિશે વેદના થાયછે; અને બળ, કાંતિ, રૂચિ, જઠરાગ્નિ ઈત્યાદિક નબળા થાયછે; તાવ, દુરબળતા, મુખવાટે કલાસના, પીળા દુરગંધી ભરેલા અને ગાંઠાનો એવો હરહમેશા કફ પડેછે ઈત્યાદિક લક્ષણો થાયછે; તેને ઉરઃક્ષતક્ષય કહેછે.

ક્ષય રોગનો ભેદ, શોષ રોગ.

शोषाः स्युः षट्प्रकारेण स्त्रीप्रसंगाच्छुचोव्रणात् ॥
अध्वश्रमाच्च व्यायामाद्वार्धकादपि जायते ॥ २६० ॥

ક્ષય રોગનો ભેદ શોષ રોગ છ પ્રકારે થાયછે. તેનું મુખ્ય કારણ એ છે જે શરીરશક્તી ઉપરાંત જે અતિશો વિરૂધ થવાથી, રસાદિ સાત ધાતુનું શોષણ થઈ, શરીર ક્ષીણ થાયછે તેને શોષ રોગ કહેછે. તેમાં ૧ અતિ સ્ત્રીસંભોગ, મૈથુનનું સેવન કરવાથી શરીર શોષાયછે. ૨ અતિસંકટ, ધનશોક, મિત્રશોક, પુત્રશોક, સ્ત્રીશોક ઈત્યાદિક અતિશોક કરવાથી શરીર શોષાયછે. ૩ શરીરને વ્રણ, આગંતુક વ્રણ, ધારા, નાસુર ઈત્યાદિક મહારોગથી શરીર શોષાયછે. ૪ માર્ગે અતિ ચાલવાથી, ખેપો, કાસદો કરવાથી, શરીરે અતિ મેહેનત કરવાથી શોષાયછે. ૫ અતિ મેહેનત વારંવાર કરવાથી શરીર શોષાયછે. ૬ શરીર વૃદ્ધ અવસ્થામાં, અથવા તાવ ઈત્યાદિક રોગથી શરીર શોષાયછે. એ પ્રમાણે છ પ્રકારે શરીરને શોષ રોગ થાયછે.

દમ, આકૂણ, શ્વાસરોગ.

श्वासाश्च पंच विज्ञेयाः क्षुद्रः स्यात्तमकस्तथा ॥
ऊर्ध्वश्वासो महाश्वासश्छिन्नश्वासश्च पंचमः ॥ २६१ ॥

શ્વાસ રોગ પાંચ પ્રકારે થાયછે. તેમાં ૧ ક્ષુદ્ર શ્વાસ, ૨ તમકશ્વાસ, ૩ ઊર્ધ્વશ્વાસ, ૪ મહાશ્વાસ, ૫ છિન્નશ્વાસ. એ પાંચ પ્રકારે શ્વાસ રોગ થાયછે.

૧ વાયુનો અલ્પ કોપ થઈ, તેમાંથી જો ઊર્ધ્વ ચડતો શ્વાસ થાયછે અને શરીરને અતિશે પીડા થતી નથી, તે ક્ષુદ્રશ્વાસ; સાધ્ય જાણવો. ૨ વાયુનો કોપ થઈને ગરદન અને મસ્તકને આકર્ષણ કરીને તે વાયુ કફયુક્ત થઈને, તેમાંથી અતિ તીવ્ર જલદ વેગે તાકીદે ઊર્ધ્વ શ્વાસ ચડેછે, અને ગળામાં ઘુડ ઘુડ અવાજ થાય, શળકમ, બળગમ, મુખસૂકાય, સુક, વણી, પાંસળામાં વેદના, મુખવાટે કફ પડેછે, તે વખતે અતિશે દુઃખ થાયછે; કફ પડવાથી ઘડીક સુખ જણાયછે; સુતાથી દમ ઘણો ઉછલેછે; બેઠાથી કઇક સુખ જણાયછે ઈત્યાદિક લક્ષણો તમક શ્વાસને થાયછે; તે કષ્ટસાધ્ય જાણવો. ૩ વાયુથી અતિ ચડતો શ્વાસ થઈ, આંખો ચડાવે, ચંચળ દૃષ્ટિ ઈત્યાદિક ઊર્ધ્વ, ચડતા શ્વાસને થાયછે. ૪ વાયુથી શબ્દ મળીને ઘણો ચડતો શ્વાસ થઈ, દૃષ્ટિ ચંચળ, જ્ઞાનનો અભાવ, બેસુધ, મુખથી શબ્દ કાઢવાને અસમર્થ ઈત્યાદિક લક્ષણો મહાશ્વાસને થાયછે. ૫ વાયુથી ચડતો શ્વાસ થઈ હૃદયાદિક મર્મોને વેદના, મૂર્છા, પસીનો, મુખને કોરડ, બડબડ ઈત્યાદિક લક્ષણો છિન્ન શ્વાસને થાયછે; એ ઉર્ધ્વ શ્વાસ, મહાશ્વાસ થયા પછી તેની પરીક્ષા ન થઈ અથવા તેની દરકાર ન કર્તાં છિન્ન શ્વાસ થાય; તે અસાધ્ય છે.

હેડકી, ઊચકી, હિક્કા રોગ.

कथिताः पंच हिक्कास्तु सुक्षुद्रा चान्नजा तथा ॥
गंभीरा यमला चैव महती पंचमीति च ॥ २६२ ॥

ઉચકી, હિક્કારોગ પાંચ પ્રકારે થાયછે. ૧ ક્ષુદ્રા હિક્કા, ૨ અન્નજા હિક્કા, ૩ ગંભીરા હિક્કા, ૪ યમળા હિક્કા, ૫ મહતી હિક્કા. એ પ્રમાણે પાંચ પ્રકારે હિક્કારોગ થાયછે.

૧ વિસામો ખાઈ, રહીરહીને મંદ વેગે વાયુ ઉપર ચડે, જત્રુ એટલે કાખ, છાતીના સાંધા સુદ્ધી, વાયુ આવીને જે ઉચકી આવેછે; તેને ક્ષુદ્રા હિક્કા કહેછે. ૨ અન્નાદિક ખોરાક અતિશે ખાવામાં આવ્યો અને પાણી ઘણું પીધામાં ન આવ્યું તો, વાયુનો કોપ થઈ ઉપર ચડે, તેને અન્નજા હિક્કા કહેછે. ૩ જબરો, મ્હોટો ગંભીર જેવો શબ્દ એકાએક નાભીમાંથી વાયુ ઉપર ચડી જે શબ્દ નિકળેછે, તેને ગંભીરા હિક્કા કહેછે. ૪ વાયુ ઉ-પર ચડતો, રહીરહીને ઘડીકમાં એક પછી એક એવી રીતે બે વખતે

ઉચ્કી આવે, મસ્તક, ગરદન ધ્રુજવે, તેને યમળા હિક્કા કહેછે. ૫ વાયુ ચડતો ઉપર જઈને, સર્વે ગાત્રોને, શરીરાવયવને ધ્રુજાવે, પીડા કરે, એવી રીતે નિરંતર, હમેશા ઉચ્કી આવે, તેને મહાહિક્કા કહેછે. એવી રીતે પાંચ પ્રકારે હેડકી, ઊચ્કી થાયછે; તે વાયુને કફની મદતે ઉત્પન્ન થાયછે.

ભુખનો, જઠરાગ્નીના વિકાર.

चत्वारोऽग्निविकाराः स्युर्विषमो वातसंभवः ॥
तीक्ष्णः पित्तात्कफान्मंदो भस्मको वातपित्तकः ॥ २६३ ॥

જઠરાગ્નિનો વિકાર ચાર પ્રકારે થાયછે. વાયુના દોષથી વિષમાગ્નિ જાણવો, ૨ પિત્ત દોષથી તીક્ષ્ણાગ્નિ જાણવો, ૩ કફ દોષથી મંદાગ્નિ જાણવો, ૪ વાયુ,પિત્ત દોષથી ભસ્મકાગ્નિ જાણવો. એ પ્રમાણે જઠરાગ્નિના ચાર વિકાર છે.

૧ કોઈ વખતે અન્નાદિક ખોરાકનું પાચન થાયછે, અને કોઈ વખતે થતું નથી, તે વિષમાગ્નિ જાણવો. ૨ ખોરાક ખાધા પછી ફરીને તરત જમતા હોય, તેનું પણ સુખેથી પાચન થતું હોયતો, તે તીક્ષ્ણાગ્નિ જાણવો. ૩ થોડુંક ખાવાથી પણ પાચન થતું નથી, તે મંદાગ્નિ જાણવો. ૪ ભૂખ ઘણી લાગેછે, માટે વારંવાર અન્નાદિક ખોરાક ખાયછે, તેનું પાચન થાય પણ શરીર પુષ્ટ ન થાય; તે વીશે ગ્રંથો તીક્ષ્ણાગ્નિ મધ્યે ભસ્મકાગ્નિનો અંતર્ભાવ કહેછે.

અજીર્ણનો ભેદ. ક્ષુધાભાવ. અરોચક રોગ.

पंचैवारोचका ज्ञेया वातपित्तकफैस्त्रिधा ॥
सन्निपातान्मनस्तापात् ॥

અરોચક રોગ પાંચ પ્રકારે છે. ૧ વાતારોચક, ૨ પિત્તારોચક, ૩ કફારોચક, ૪ સન્નિપાતારોચક, ૫ મનને સંતાપ થઈને, તેના દુઃખે થાયછે, તે સંતાપારોચક; એ પ્રમાણે પાંચ પ્રકારે અરોચક જાણવા.

૧ વાયુદોષથી દાંતને ખટાસ, મુખને તૂરાસ, હૃદયને પીડા ઈત્યાદિક લક્ષણો વાતારોચકને થાયછે. ૨ પિત્ત દોષથી મુખને કડવાસ, ખટાસ, ઉષ્ણતા, સ્વાદહિણ, તૃષા, દાહ, બળતર ઈત્યાદિક લક્ષણો પિત્તારોચકને થાયછે. ૩ કફ દોષથી મુખને ખારાસ, મીઠાસ, ચિકાસ, શરીરે શૈત્ય, શીતળતા સહિત વજનદાર, સુવાળું ઈત્યાદિક લક્ષણો કફારોચકને થાયછે. ૫ વાયુ, પિત્ત, કફ ત્રણેનો દોષ મળેલો હોય તો, તેને સન્નિપાતારોચક કહેછે.

ઉલટી, છર્દિ રોગ.

छर्दयः सप्तधा मताः ॥ त्रिभिर्दोषैः पृथक् तिस्त्रः कृमिभिः सन्निपाततः ॥ घृणया च तथा स्त्रीणां गर्भाधानाच्च जायते ॥ २६९ ॥

છર્દિ રોગ સાત પ્રકારે થાયછે. ૧ વાત છર્દિ, ૨ પિત્ત છર્દિ, ૩ કફ છર્દિ, ૪ કર્મ, જીવાતનો વિકારે થાયછે તે જંત છર્દિ. ૫ સન્નિપાત છર્દિ, ૬ ખરાબ, તીક્ષ્ણ, પદાર્થની દુરગંધીથી મનને વિકાર થવાથી અમેધ્ય છર્દિ, ૭ સ્ત્રીવોને ગર્ભ રહેવાથી ધાન્યાદિક ખોરાકનો અભાવ થાયછે, તે ગર્ભાધાન છર્દિ. એવી રીતે સાત પ્રકારે છર્દિ, એટલે ઉલટીનો રોગ થાયછે.

૧ હ્રદય, પાસળાને પીડા, મુખને શોષ, મસ્તક, નાભીમાં શૂળ, ખાંસી, કંઠના શબ્દમાં ભેદ ઈત્યાદિક લક્ષણો, ઉલટી મધ્યે થઈને, ફીણ સાથે મળેલી, કૃષ્ણવર્ણે, પાતળી પાણી જેવી, સ્વાદે તૂરી હોય, અને તે ઉલટી, ઓડકારનો શબ્દપણ બળવંત હોયછે, તે ઉલટીનો વેગ, ઉપકો બળવાન, રહીરહીને આવેછે, તે મ્હોટી મેહેનતે આવે ઈત્યાદિક લક્ષણો વાત છર્દિને થાયછે. ૨ મૂર્છા, તૃષા, શોષ, મુખને, મસ્તકે પીડા, પડજીભનો પડદો નીચે લબડે, આંખો વિચાય, મતિભ્રમ, ઈત્યાદિક લક્ષણો ઉલટીને હોય, અને તે પિળા રંગે, લાલ, કૃષ્ણવર્ણ છતાં તાંબુસ વર્ણે, કડવા સ્વાદે દાહ, બળતર સાથે ઈત્યાદિક લક્ષણો મળેલા હોય તો, તેને પિત્ત છર્દિ કહેછે. ૩ આંખોને ઝાક, અંધારા, મુખને મિઠાસ; ખાંસી, પસીનો, નિદ્રા અતિ, અજીર્ણ, જડપણું, ઈત્યાદિક લક્ષણો ઉલટીમાં થઈને, ચિકાસ ભરેલી, મિઠી, સફેદ રંગે ઈત્યાદિ લક્ષણો ઉલટી સાથે મળીને હોય, શરીરે પીડા અલ્પ, રૂવાટા ઉભા થાય, તેને કફ છર્દિ કહેછે. ૪ શરીરે તાવ, તેજહિણ, શૂળ, હ્રદયને પીડા, મતિભ્રમ, અન્નદ્વેષ, અતિસાર, અતિ ઝાડો ઈત્યાદિક લક્ષણો જે ઉલટીને હોય, તે કર્મ, જીવડા, જંતમાંથી ઉત્પન્ન થાયછે, તેને જંત છર્દિ કહેછે. ૫ શરીરે શૂળ, જઠરાગ્નિ મંદ, અજીર્ણ, દાહ, બળતર, તૃષા, શ્વાસ, દમ, મતિભ્રમ ઈત્યાદિક લક્ષણો, જે ઉલટીમાં થઈને, ઉલટીનો સ્વાદ ખારો, ખાટો, લીલા પિળા રંગે, ગર્મ, ઉષ્ણ, રક્તવર્ણે, લાલ ઈત્યાદિક લક્ષણો મળીને હોય, તેને સન્નિપાત છર્દિ કહેછે. ૬ ખરાબ, તીક્ષ્ણ પદાર્થની દુરગંધીથી મનને રોગ ઉત્પન્ન કરે, બગાડી ઉલટી ઉત્પન્ન થાય, તેમાં જે દોષનો કોપ હોય, તે દોષના લક્ષણો થાય, તેને

દુર્ગન્ધી ઘૃણયાત છાંદ કહેછે. ૭ સ્ત્રીવોને ગર્ભ રેહવાથી, અન્નાદિક ખોરાકનો અભાવ થઈ, ઉલટી ઉત્પન્ન થાયછે, તેના લક્ષણો, માણસના કંઠ સ્વરોને કઈક તિરસ્કાર, કંટાળો થાયછે, તેને ગર્ભછાર્દ કહેછે.

શબ્દભેદ, સ્વરભેદ રોગ.

स्वरभेदाः षडेव स्युर्वातपित्तकफैस्त्रयः ॥
मेदसा सन्निपातेन क्षयात् षष्ठः प्रकीर्तितः ॥ २६६ ॥

સ્વરભેદ ૭ પ્રકારે થાયછે. ૧ વાતસ્વરભેદ, ૨ પિત્તસ્વરભેદ, ૩ કફસ્વરભેદ, ૪ શરીરમાંથી મેદ દુષ્ટ થઈને તેમાંથી થાયછે, ૫ સન્નિપાત સ્વરભેદ, ૬ ક્ષયરોગમાંથી અથવા ધાતુક્ષયમાંથી થાયછે. એ પ્રમાણે છ પ્રકારે સ્વરભેદ રોગ થાયછે.

૧ વાયુના કોપથી આંખો, મુખ, મળમૂત્ર, શામળા રંગે, ગળામાંથી શબ્દ મંદ નિકળે, ગધેડાના શબ્દ સરખો ખોખરો, આકરો, ઈત્યાદિક લક્ષણો જે કંઠસ્વરભેદને થાયછે, તેને વાતસ્વરભેદ કહેછે. ૨ પિત્તકોપથી આંખો, મુખ, મળમૂત્ર, પિળા રંગે, ગળાને દાહ, બળતર ઈત્યાદિક લક્ષણો મળેલા છતાં, માણસનો શબ્દ તીક્ષ્ણ નિકળે, તેને પિત્તસ્વરભેદ કહેછે. ૩ કફકોપથી કંઠ હમેશા કફથી ભરેલો, અટકેલો અને શબ્દ અલ્પ, મંદ નિકળેછે, રાતથી દિવસે કફનું બળ ઓછું હોયછે, તેથી કંઠમાંથી શબ્દ વિશેષ નિકળેછે, રાતના શબ્દ મંદ થાય ઈત્યાદિક લક્ષણો હોય, તેને કફસ્વરભેદ કહેછે. ૪ મેદ અથવા કફથી કંઠ લીપેલો, ભરેલો હોય અને કંઠમાંજ શબ્દ, સ્વર રેહેછે, તે શબ્દ બહાર આવેલો સમજાતો નથી ઈત્યાદિક લક્ષણો થાય, તેને મેદ કુષ્ટ સ્વરભેદ કહેછે. ૫ વાત, પિત્ત, કફ એ ત્રણે દોષના લક્ષણો સહિત જે સ્વરભેદને હોયછે, તેને સન્નિપાતસ્વરભેદ કહેછે. ૬ ધાતુક્ષયકૃત સ્વરભેદોને ઠેકાણે ગળામાંથી ધુંવાડા નિકળવા સરખી બાફનો ભાસ થઈ, શબ્દ નિકળે અને વાગિંદ્રય નષ્ટ થાય, શબ્દસ્વરનો અવાજ બગડીને શબ્દ ચોકસ સમજાતો નથી ઈત્યાદિક લક્ષણો થાય તેને ક્ષયરોગ સ્વરભેદને કહેછે; તથા મુખને ગળાણી, દીનતા, નિચવાયલું, ઝરેલું, રસવાહિ નસો, અને જળવાહિ નસોના વહીવટમાં અટકાવ, નિરોધ, બંધન, મુખનો ચેહરો નિચવાયલો, મસ્તકે શંખનો ઘા મારવા જેવી વેદના, પીડા, થંડુ પાણી પીધા છતાં તૃષા ન મટે, વધારે થાય ઈત્યાદિક લક્ષણો જે સ્વરભેદને હોય, તેને ધાતુક્ષય સ્વરભેદ કહેછે.

તૃષા, પ્યાસ, તર્સ, તૃષ્ણા રોગ.

तृष्णा च षड्विधा प्रोक्ता वातात्पित्तात्कफादपि ॥
त्रिदोषैरुपसर्गेण क्षयाद्धातोश्च षष्ठिका ॥ २६७ ॥

તૃષ્ણા રોગ ૭ પ્રકારે થાયછે. ૧ વાત તૃષ્ણા, ૨ પિત્ત તૃષ્ણા, ૩ કફ તૃષ્ણા, ૪ ત્રિદોષ તૃષ્ણા, ૫ આગંતુક, શસ્ત્રાદિક હથીઆરના ઘા, ઘારા, નાસૂર થઈ તેમાંથી થાયછે, તે ઉપસર્ગ તૃષ્ણા, ૬ ધાતુક્ષયમાંથી થાયછે. તૃષ્ણા એટલે માણસોને સર્વકાળ પાણી પીવાની ઈચ્છા થાયછે, તેમ પાણી પીવા છતાં શાંતિ, તર્સ તૃપ્તિ થતી નથી અને ફરીને ગળું સુકાય, પ્યાસ લાગેછે તેને તૃષ્ણા રોગ કહેછે.

૧ મુખને દુરબળતા, દીનતા, રસવાહિ અને જળવાહિ નસોનાં વહિવટનો અટકાવ, સવાદવિનાનું મુખ, ખોરાક ખાધાથી તે સવાદિષ્ટ ન લાગે, મસ્તકને શંખધા જેવી વેદના, શીતળ પાણી પીધાથી તરસ રહે નહી, વધારે પ્યાસ લાગે ઈત્યાદિક લક્ષણો વાત તૃષ્ણા રોગને થાયછે. ૨ મૂર્છા, અન્નદ્વેષ, બડબડ, દાહ, આંખો રક્તવર્ણે, તૃષા ઘણી, શીતળ પદાર્થ ઉપર અતિશે ઈચ્છા, તેવી વસ્તુ ખાધાથી ઘડીક આનંદ થાય, મુખને કડવાસ ઈત્યાદિક લક્ષણો પિત્ત તૃષ્ણાને થાયછે. ૩ નિદ્રા ઘણી, શરીર જડ, ભારી, મુખને મિઠાસ, અન્નદ્વેષ ઈત્યાદિક લક્ષણો કફ તૃષ્ણાને થાયછે. ૪ વાત, પિત્ત, કફ ત્રણે દોષનો લક્ષણો મળેલા હોય, તેને ત્રિદોષજા તૃષ્ણા રોગ કહેછે. ૫ કંઠનો શબ્દ ઉંડાણમાં, મતિભ્રમ, દુરબળતા, કંઠ, ગળું, તાળુંને શોષ ઈત્યાદિક લક્ષણો થાય, તેને ઉપસર્ગજા તૃષ્ણા કહેછે. ૬ રસાદિ ધાતુક્ષયમાંથી જે તૃષ્ણા થાય, તે ત્રિણેથી મળેલો જે માણસ રાત, દિવસ પાણી પીધા છતાં, તેની તૃપ્તિ થતી નથી, તેને સન્નિપાતજા તૃષ્ણા કહેછે. અન્નજા તૃષ્ણા સાતમો રોગ ગ્રંથોમાં છે; પણ તે વાતાદિક તૃષ્ણા મધ્યે અંતર્ભૂત છે, માટે તેના લક્ષણો જુદા લખ્યા નથી.

શુદ્ધવિનાનો, મતિભ્રમ, મૂર્છા રોગ.

मूर्छा चतुर्विधा ज्ञेया वातपित्तकफैः पृथक् ॥ चतुर्थी सन्निपातेन

મૂર્છા રોગ ચાર પ્રકારે થાયછે. ૧ વાત મૂર્છા, ૨ પિત્ત મૂર્છા, ૩ કફ મૂર્છા, ૪ સન્નિપાત મૂર્છા. એટલે હરએક માણસ ચાલતા હાલતા એકાએક મતિભ્રમ થઈ પડી જાયછે, તે ચાર પ્રકારે રોગ થાયછે.

૧ ગુળીના વર્ણે, શ્યામવર્ણે, રક્તવર્ણે, એવા રંગનું આકાશ જોતો હોય, શરીરમધ્યે તમોગુણ, ક્રોધ વધીને આંખો આગળ અંધારા આવી માણસ શુદ્ધવિનાનો થઈ પડેછે, તે પાછો તૂર્ત શુદ્ધિમાં આવેછે, શરીરે કંપારો, મરડવું, અંબાય, હૃદયને પીડા, શરીરનું દુબળું થવું, શરીરની કાંતિ કળાસ રંગે, લાલરંગે ઈત્યાદિક લક્ષણો જે મૂર્છાને થાય, તેને વાતમૂર્છા કહેછે. ૨ રક્તવર્ણે લાલવર્ણે, પીળાવર્ણે એવા રંગનું આકાશ જોતો હોય, તે માણસ બેશુદ્ધ થાય, શરીરે પરસેવો વળે, પાછો તુર્ત શુદ્ધિમાં આવે, તૃષા, શરીરે સંતાપ, બળત્તર, નેત્ર રક્તવર્ણે, પિળાવર્ણે, તાંબુસવર્ણે, મળ ધિલો, પાતળો, શરીરની કાંતિ પિળાવર્ણે ઈત્યાદિક લક્ષણો જે મૂર્છાને થાયછે, તેને પિત્તમૂર્છા કહેછે. ૩ ઘટાધુમ મ્હોટા વરસાદમાં અંધારા સાથે મળેલું આકાશનો રંગ જોતો હોય, તે માણસને મૂર્છા થાય, અને વિલંબે શુદ્ધિમાં આવે, શરીરે લીલા તાજા ચામડા વિટાળેલા જેવુ ભારી અને પરસેવો, મુખવાટે લાળ પડે, ઈત્યાદિક લક્ષણો કફ મૂર્છાને થાયછે, ૪ વાત પિત્ત કફ ત્રણે દોષોના મેળાપ થઈ, ઉપલા સર્વે લક્ષણો થાયછે, તેને અપસ્માર કે ફેફરાનો રોગ કહેછે; તે માણસ ઉપર કહ્યાપ્રમાણે બેશુદ્ધ થાય, એકાએક પડી જાય, પછડાય, મુખમાંથી ફીણના પરપોટા બહાર આવે; શરીર હાથપગ ધુજાવે, હલાવે, પછાડે, વખતે જીભ બાહર આવી જાય; ઈત્યાદિક લક્ષણો થાય; તેને સન્નિપાત મૂર્છા કહેછે.

દુરબળતા, ભ્રમ, નિદ્રા, તંદ્રા, સંન્યાસ, ગ્લાની રોગ.

तथैकश्च भ्रमः स्मृतः ॥ २६८ ॥ निद्रा
तंद्रा च संन्यासो ग्लानिश्चैकैकशः स्मृतः ॥

૧ ભ્રમ, ૨ નિદ્રા, ૩ તંદ્રા, ૪ સંન્યાસ, ૫ ગ્લાનિ, એ પાંચ રોગ એક એક પ્રકારે જુદા હોયછે, તેના લક્ષણો.

૧ રજોગુણ, પિત્ત, વાયુ એ ત્રણમાંથી થાય, અને ચક્ર કે કુંભારનું પયડું ફરે, તે વખતે ઉપર બેશનારની જેવી અવસ્થા થાય, તેવી અવસ્થા થાય, તેને ભ્રમ કહેછે. ૨ તમોગુણ અને કફ એ બેહુમાંથી ઉત્પન્ન થઈ, ઇંદ્રિયોને, મનને ભ્રમતા થાય, બાહરના હરએક પદાર્થનું ભાન ન રહે, તેને નિદ્રા કહેછે. ૩ ઇંદ્રિયોને ભ્રમતા થાય, કંઈક ઉંઘેલો અને કંઈક જાગૃત હોય તે છતાં આંખોને અંધારા આવે, તેને તંદ્રા કહેછે. ૪ વાચા, શબ્દ, દેહ, શરીર, મન ઈત્યાદિનો વહિવટ અટકી, શખ્ત નિદ્રા જેવો;

મર્ણુતોલ, લાકડા થઈ પડે, તેનો ઉપાય તૂર્ત ન થવાથી મરણ પામેછે, દુરબળતા, ગ્લાની, અચેત થઈ જે રોગી નિદ્રાવશ થાયછે, તેના હાથપગને આંગળે સોઈના ટોચા મારી જગાડવો, ન જાગે તો હાથે કે પગને નફ્સ મુકાવવી, તે રોગને સંન્યાસ કહેછે. તેવીશે છઠ્ઠા અધ્યાયમાં વિસ્તાર લખેલો છે.

ઉન્મત્ત, કેફ, અમલ, મદરોગ.

मदाः सप्त समाख्याता वातपित्तकफैस्त्रयः ॥ २६९ ॥
त्रिदोषैरसृजा मद्याद्विषादेपि च सप्तमः ॥

મદરોગ સાત પ્રકારે થાયછે. ૧ વાતમદ, ૨ પિત્તમદ, ૩ કફમદ, ૪ ત્રિદોષમદ, ૫ લોહીના કોપે થાય, ૬ દારૂ, મદ્ય જલદ અથવા વધારે પીધાથી, ૭ વચનાગ ઈત્યાદિક ઝેરી વસ્તુ વાપરેથી, ખાધાથી, શોપારી, કોદર નામે ધાન્ય, ધત્તૂરો ઈત્યાદિક કેફી પદાર્થ ખાધાથી જેમ કેફ ચડેછે, તેમ વાતાદિક દોષ બગડી, અટકી, મનને વિભ્રમ કરેછે, તેને મદરોગ કહેછે; તેમાં જે દોષનો કોપ હોય, તે દોષના તેવા લક્ષણો થાયછે.

દારૂ વધારે કે જલદ પીધાથી ઝેર ચડે, મદાત્યય રોગ.

मदात्ययश्चतुर्धा स्याद्वातात्पित्तात्कफादपि ॥ २७० ॥
त्रिदोषैरपि विज्ञेय एकः परमदस्तथा ॥ पानाजीर्ण तथा
चैकं तथैकः पानविभ्रमः ॥ २७१ ॥ पानात्ययस्तथा चैके ।

૧ દારૂ વધારે પીધાથી અથવા જલદ નિયમ રાખવાથી આઠ પ્રકારે રોગ થાયછે. ૧ વાતમદાત્યય, ૨ પિત્તમદાત્યય, ૩ કફમદાત્યય, ૪ ત્રિદોષમદાત્યય, ૫ પરમદમદાત્યય, ૬ પાનાજીર્ણમદાત્યય, ૭ પાનવિભ્રમમદાત્યય, ૮ પાનાત્યય મદાત્યય રોગ.

૧ વાતમદાત્યય રોગને હેડકી, ઉચકી, શ્વાસ, મસ્તકને કંપારો, પાસળામાં શૂળ, નિદ્રાનો નાશ, બડબડ ઈત્યાદિક લક્ષણો થાયછે. ૨ પિત્તમદાત્યયને તર્સ, પ્યાસ, સંતાપ, દાહ, તાવ, શરીરે પસીનો, મતિભ્રમ અતિસાર, ભ્રમતા, કાંતિ પિળાવર્ણ ઈત્યાદિક લક્ષણો થાયછે. ૩ કફમદાત્યયને ઉલટી, અજીર્ણ, મુખવાટે લાળ પડે, આંખોને થોથર, અંધારા, ઝાંખ, શરીર ભારે જડ ઈત્યાદિક લક્ષણો થાયછે. ૪ ત્રિદોષમદાત્યયને વાતાદિક ત્રણે દોષોના સર્વે લક્ષણો થાયછે. ૫ પરમદમદાત્યય-

ને નાકમાંથી કફનું વહેવું, શરીર ભારે, મુખને નિસ્તેજ, મળમૂત્રની સંખ્યા ઘણી, આંખોને થોથર, ઝાંખ, અજીર્ણ, તર્સ, મસ્તકને પીડા, ઈત્યાદિક લક્ષણો થાયછે. ૬ પાનાજીર્ણમદાત્યયને દારૂ પીધાથી અજીર્ણ થઈ, તેમાંથી પેટ ફુગે, હોડકાર, ઉલટી, દાહ ઈત્યાદિક લક્ષણો થાયછે. ૭ પાનવિભ્રમ મદાત્યય રોગને હ્રદય, આંત્રો, શરીરાવયવને પીડા, મુખાદિકેથી કફનું વેહવું, ગળામાંથી ધુવાડો નિકળે, મૂર્છા, ઊલટી, તાવ, મસ્તકને પીડા ઈત્યાદિક લક્ષણો થાયછે. ૮ પાનાત્યય મદાત્યય રોગને હેડકી, તાવ, ઉલટી, કંપારો, શ્વાસ, શૂળ, ખાંસી, ભ્રમ ઈત્યાદિક લક્ષણો થાયછે.

મંદાગ્નિના રોગવાળાએ દારૂ, મદ્ય પીવાને નિયમ રાખનારે સવારના ઝાડો, પિસાબ, દાંતણ, સ્નાન, વિધિ થવા પછી દરાખ ઈત્યાદિકનો નખળો દારૂ માણસની શક્તિ પ્રમાણે શરીરને શૂખકારી ઉપજે તેટલો થોડોજ એક તોલાથી ચાર તોલાસુધી પીવો, તે ઉપર બપોરે પાતળો, પાણી જેવો ખોરક, ઘીમાં બનાવેલી રાબ, દુધમાં બનાવેલી કાંજી, દુધપાક, ઘઉ ઈત્યાદિ લોટની કાંજી, બકરા ઈત્યાદિક માંસની રાબ, કાંજીનો ખોરાક પીવો, રાતના ઉપર લખેલા વજનથી બમણો પીવો, એ પ્રમાણે શરીરને શૂખકારી ઉપજે તો, તેનું સેવન કરવાથી દારૂ ગુણકારી રસાયણ રીતે થઈ, આયુષ્ય અને શરીરની વૃદ્ધિ કરેછે, બળવાન થાય, અમૃત પ્રમાણે શરીરને હિતકારક થાયછે, અને એ દારૂ પીવાના નિયમ ઉપરાંત પીધાથી, જલદ દારૂ પીધાથી, પ્રકૃતિને માફક ન આવવાથી, નિયમમાં ફેરફાર થવાથી, વધારે પીધાથી બુદ્ધિભ્રંશ થાય એટલુંજ નહી પણ તે દારૂ ઝેરી થઈ, દાહાદિક ઉપદ્રવ કરીને અનેક પ્રકારે ચિન્હ કરેછે, ગભરાયછે, પ્રાણનો નાશ પણ તેમાંથી થાય, મરણ પામેછે. વધારે દારૂ કે જલદ દારૂ પીધાથી તૂર્ત થંડું પાણી લાવી તેને બેશાડીને મસ્તક ઉપર થંડા પાણીથી દારૂની કેફ ઉતરે ત્યાંસૂધી નહવાડવો.

બળત્તર, દાહ રોગ.

दाहाः सप्त मतास्तथा ॥ २७२ ॥ रक्तपित्तात्तथा रक्तात्तृष्णायाः पित्ततस्तथा ॥ धातुक्षयान्मर्मघाताद्रक्तपूर्णोदरादपि ॥ २७३ ॥

શરીરે બળત્તર, આગ સાત પ્રકારે દાહ રોગ થાયછે. ૧ રક્ત અને

પિત્ત કોપે થાય, ૨ લોહી કોપે થાય, ૩ તર્સ, તૃષા અટકાવેથી તેના કોપે થાય, ૪ પિત્ત કોપે થાય, ૫ રસાદિ ધાતુ કોપે થાય, ૬ શરીરાવયવ, મર્મસ્થાન કોપે થાય, ૭ શસ્ત્રાદિકનો મ્હોટો અત્યંત ઘા થઈ, કોઠામાં લોહી, એકઠું થઈ તેમાંથી થાય.

૧ કંઈક લોહી ઉકાળાના અને કંઈક પિત્તના લક્ષણો જે દાહમાં થાય, તેને રક્તપિત્તજન્ય દાહ કહેછે. ૨ લોહી, રક્ત ઉકાળાથી જે દાહ ઉત્પન્ન થાય, તેથી માણસનું શરીર શૂકાય, દૂબળું થાય, ઝરી જાય, ગરમ, તપે, શરીરની કાંતિ, નેત્ર, આંખો લાલરંગે થાય, શરીરે મુખેથી લોખંડની ગંધ અથવા દુરગંધી નિકળે, શરીર અગ્નિમાં તપાવેલું હોય તેવું તપે ઈત્યાદિક લક્ષણો થાય, તેને રક્તજન્ય દાહ કહેછે. ૩ તૃષા, તર્સ, પ્યાસ લાગે તે વખતે પાણીનો અટકાવ કીધાથી દાહ ઉત્પન્ન થાય, કંઠ, તાળું, જીભ, ઓઠ શૂકાય અને જીભ ખેંચાય, કંપારો થાય, ઈત્યાદિ લક્ષણો થાય, તેને તૃષ્ણાનિરોધજન્ય દાહ કહેછે. ૪ પિત્તજન્ય દાહને પિત્તજ્વરમાં દાહ જેવા ઈત્યાદિક લક્ષણો થાય છે; તેનો ઉપાય પિત્તજ્વર માટે લખ્યો હોય તે કરવો. ૫ રસાદિ સાત ધાતૂના ક્ષયથી જે દાહ ઉત્પન્ન થાય, તેને મૂર્છા, તૃષા, કંઠશોષ, શબ્દની ક્ષીણતા થાય, માણસ દાહસંબંધથી ધાતુક્ષીણ, દુરબળ થઈ, ચલનાવલનાદિક ગાત્રોની ક્રિયા હીણ થઈ, સર્વે સાંધે સાંધા ઢીલા થઈ લબડે, શરીરની સર્વે ક્રિયા અટકી પડે તો, તે માણસ મરણ પામેછે, તેને રસાદિ ધાતુક્ષયજન્ય કહેછે. ૬ મર્મસ્થાને, શરીરાવયવોમાં સાંધેસાંધામાં દુઃખ થઈ, જે દાહ ઉત્પન્ન થાય, તે અસાધ્ય છે, તેને મર્મસ્થાનજન્ય કહેછે. ૭ મજબુત શસ્ત્રોથી મ્હોટો અત્યંત શરીરની અંદર ઘાવ થવાથી લોહી અંદર ઉતરી બંધાઇ, જે દાહ ઉત્પન્ન થાયછે, તે ભાગ્યેજ જીવે, કોઠાના શબ્દોથી હૃદય આમાશય, અગ્ન્યાશય, પક્વાશય, મૂત્રાશય, બસ્તિસ્થાન અને યકૃત્, પ્લીહા, ઉંદુક, ફેફસામાં બગાડ થવાથી પ્રાણનાશ થાયછે.

ઉન્મત્ત, ઉન્માદ રોગ.

उन्मादाः षट् समाख्यातास्त्रिभिर्दोषैस्त्रयश्च ते ॥
सन्निपाताद्विषाज्ज्ञेयः षष्ठो दुःखेन चेतसः ॥ २७४ ॥

ઉન્માદ રોગ એટલે વાતાદિક દોષનો ક્રોધ, કોપ પસરેલો, વધેલો, વીખરાયલો થઈ, પોતાના નિત્ય માર્ગો છોડી, અઘટિત રીતે મનોવાહિની

ધમની નામે નસોમાં જઈ ચિત્તભ્રમ માણસ થાય, એવી રીતે છ પ્રકારે થાયછે. તેમાં ૧ વાતોન્માદ, ૨ પિતોન્માદ, ૩ કફોન્માદ, ૪ સન્નિપાતોન્માદ, ૫ વિષોન્માદ, ૬ દુઃખોન્માદ છે.

૧ પોતાના સ્વકારણથી, અતિ ચંતાથી દુષ્ટ થયેલો જે વાયુ મનને પ્રવેશ કરી ધારણ, રૂપ, બુદ્ધિ અને સ્મૃતિને નાશ કરે, પછી તે માણસ કારણવિના હસે, નાચે, ગાય, રડે, અઘટિત, ખરાબ શબ્દો બોલે, ઉલટી; ચેષ્ટા કરે, અને તેનું શરીર તેજહિણ, કળાસ વર્ણે રૂપ થાય, ખોરાક થોડો ખાતાં પણ રોગનો બળ અતિશે હોય ઈત્યાદિક લક્ષણો વાંતોન્માદને થાયછે. ૨ અજીર્ણ, તીખા, ખાટા, ઓડકાર અને વિદાહી એટલે વંશલોચન, રાઈ, સરશી, બાંબુ ઈત્યાદિ ઉષ્ણાદિ પદાર્થનું અતિ સેવન કરવાથી પિત્તનો કોપ થઈ, ચિંતાદિકને દુષ્ટ થયેલો, જે અંતઃકરણ તેમાં જઈ બુદ્ધિને ભ્રષ્ટ કરે, અતિ ઉગ્ર ઉન્માદ ઉત્પન્ન થાય, તેથી માણસને કંઈ સેહવાય નહીં, ક્રોધ, ગર્વ, વસ્ત્રોનો ત્યાગ કરે, અતિ નિદ્રા, ન્હાસે, ડોડે, હોઠે વિકાર, દાહ, છાયા થાય, શીતળ અન્ન પાણી ઉપર ઈચ્છા, શરીરની કાંતિ પીળા વર્ણ, ઈત્યાદિક લક્ષણો મળેલા હોય, તેને પિતોન્માદ કહેછે. ૩ ઉન્માદ મંદ, હલકો, હાલવું, ધ્રુજવું, કંપારો થાય, જે માણસોને અતિ ભોજન કીધાથી કફ દુષ્ટ થઈ, મર્મસ્થાને પિત્ત સહવર્તમાને જઈ, બુદ્ધિ અને સ્મૃતિને બગાડી, ચિત્ત ભ્રમ કરે, ઉન્માદ ઉત્પન્ન કરે તેથી માણસોનું બોલવું, વાણી, શરીરનો વેહવાર મંદ થાય, અરોચક, અજીર્ણ, સ્ત્રીવિશે પ્રીતિ, અતિ નિદ્રા, ઉલટી, મુખમાંથી લાળ ગળે, પોતાના નખોને કરડે, નખો આંખો શફેદ વર્ણ થાય ઈત્યાદિક લક્ષણો કફોન્માદને થાય. ૪ વાતાદિ ત્રણ દોષના લક્ષણો સન્નિપાત ઉન્માદને મળેલા હોય તો તે અત્યંત બળવાન, ક્રોધી, ભયંકર હોયછે. ૫ ઝેરી વસ્તુ ખાધાથી, પીધાથી, વાપરેથી જે ઉન્માદ થાય, તેની આંખો ઘણીલાલ, બળવાન, ઇંદ્રિયો, કાંતિ પણ ક્ષીણ થાય, દીનપણું, દુરબળપણું, મુખને કળાસવર્ણું ઈત્યાદિક લક્ષણો થાય, તે માણસ ચેતનારહિત, બેશુધ પડે, તેને વિષોન્માદ કહેછે. ૬ ધનદોલત, ભાઈબંધ, સગા, મિત્રનો નાશ થવાથી, અંતઃકરણમાં અતિ દુઃખરૂપ ક્ષત, ચાઠા, ઘારા પડી, તેમાંથી મનોવિકાર ઉન્માદ ઉત્પન્ન થાય, સર્વે દોષ મળવાથી માણસ નાનાપ્રકારે જેમ મનમાં આવે, તેવી રીતે ભાષણ કરે, બોલે, છાની વાત પ્રગટ

કરે, મૂર્ખ જેવા ગપાટા મારે, બડબડ કરે, રડે, હસે, ગાય, બેશુધ થાય, તેને દુઃખોન્માદ કહેછે.

ભૂતોન્માદ.

भूतोन्मादा विंशतिः स्युस्ते देवाद्दानवादपि ॥ गंधर्वात्किन्नराद्यक्षात्पितृभ्यो गुरुशापतः ॥ २७५ ॥ प्रेताच्च गुह्यकाद्वृद्धात्सिद्धाद्भूतात्पिशाचतः ॥ जलादिदेवतायाश्च नागाच्च ब्रह्मराक्षसात् ॥ २७६ ॥ राक्षसादपि कूष्मांडात् कृत्यावेतालयोरपि ॥

ભૂતોન્માદ વીસ પ્રકારે થાયછે. ૧ દેવગ્રહ (ગણમાતૃકાદિક), ૨ દાનવ (પાપબુદ્ધિ અસુર), ૩ ગંધર્વ (દેવગાયકાદિ), ૪ કિન્નર, ૫ યક્ષ, ૬ પિતર (અગ્નિષ્વાત્તાદિક), ૭ ગુરૂ, ૮ પ્રેત, ૯ ગુહ્યક, ૧૦ વૃદ્ધ, ૧૧ સિદ્ધ, ૧૨ ભૂત, ૧૩ પિશાચ, ૧૪ જળાદિ દેવતા, ૧૫ નાગ, ૧૬ બ્રહ્મરાક્ષસ, ૧૭ રાક્ષસ, ૧૮ કૂષ્માંડ રાક્ષસ, ૧૯ કૃત્યા, ૨૦ વેતાળ. એવી રીતે વીસ પ્રકારે દેવતાદિ અને ગ્રહના રોગ છે; તેમાંથી જે ગ્રહનો શરીરમાં સંચય થાય, તેના જેવા ચેષ્ટા કરે, તેને ભૂતોન્માદ કહેછે.

૧ ગણમાતૃકાદિ દેવતાનો દોષ થવાથી ઉન્માદ થાય, તે માણસ સર્વકાળ તૃપ્ત, ખુશ, સ્વચ્છ, નિર્મળ રહે, તરેહવાર ફુલોની સુગંધથી રાજી થાય, તેની આંખોને અંધારા કે ઝાંખ ન આવે, સર્વકાળ બુદ્ધિવાન, સત્ય ભાષણ કરે, તેજસ્વી છતાં, સ્થિર દૃષ્ટિ હોય, આશીર્વાદ, વરદાન આપે, દેવ બ્રાહ્મણ વિશે પ્રીતિ કરે ઈત્યાદિકલક્ષણો સહિત રહે. ૨ અસુરદોષથી ઉન્માદ થાય તેમાં માણસ ધર્મસહિત છતાં બ્રાહ્મણ, ગુરૂ, દેવની નિંદા કરે, આંખો ચકર વકર ફેરવે પણ ભયવિનાનો હોય, અન્નાદિક ખોરાક ખાતાં અને પાણી પીતાં જેની તૃપ્તિ થાય નહીં, બુદ્ધિવિનાનો મૂર્ખ થાય, ઈત્યાદિ લક્ષણોસહિત રહે. ૩ ગંધર્વગ્રહની પીડાથી સર્વકાળ સંતોષી હોય, ફળફુલ, જળાશય ઈત્યાદિકો સહિત, વન, ઉપવનમાં ક્રીડા કરે, કોઈની નિંદા કે ફોકટ વાતોનો દ્વેષ કરે, ગાયન, સારા સુગંધ, ફુલના શ્વાસે સંતોષ થાય, રૂડી રીતે રમે, નાચે, હલકા શબ્દે, મિઠા શબ્દે બોલે, ખુશીમાં, હૃદયમાં રહી હસે ઈત્યાદિ લક્ષણો થાય. ૪ કિન્નર ગ્રહના લક્ષણો, ગંધર્વગ્રહો જેવો જાણવા. ૫ યક્ષગ્રહથી જે માણસ દુઃખી થાય; તેની આંખો લાલરંગે હોય, લાલ રંગનું ઝીણું વસ્ત્ર પેહરવાને આ-

તુર, ગંભીર સ્વભાવે દેખાય, ઝડપથી ચાલે, થોડું બોલે, ક્ષમા, શાંતિ રાખે, તેજસ્વી દેખાય, ઉદાર સ્વભાવે, ધર્માતું થાય. ૬ પિતૃ ગ્રહથી એટલે અગ્નિષ્વાત્તાદિકે દુઃખી થાય, તે દર્ભસંબંધી ક્રિયા, પિંડદાન, જળદાન કરે, તેના અંતઃકરણમાં ભ્રાંતિ રહે, ડાહભે હાથે હરયેક કામ કરે, ડહાભી બાજુએ વસ્ત્ર પેહરે, માંસ, તલ, ગોળ, દુધ, ખાવાને ઈચ્છે, પિતૃની ભક્તિ રાખે. ૭ ગુરૂબ્રાહ્મણના શ્રાપે ઉન્માદ થાય, તેના લક્ષણો પ્રેત. ૮ ગુપ્ત ધનદોલતના શોકે. ૧૦ વૃદ્ધ. ૧૧ સિદ્ધ. ૧૨ ભૂત, ઈત્યાદિકના લક્ષણો એક સરખા થાય. ૧૩ પિશાચ, ભૂતનો ભેદ છે, તે શરીરસંબંધે રક્તમાંસ ખાય, પોતાના હાંથોને ઉચ્ચા રાખે, શરીરે દુબળો, કૃશ નિસ્તેજ થાય, અતિ બડબડ કરે, દુર્ગંધસહિત અશુધ, મેળો રહે, સર્વે રીતે કામ કરવાને અતિ ચંચળપણું બતાવે, અતિશે ખાય, ઉજ્જડ જગ્યા કે વનમાં જઈ ફરે, ભટકે, ઉલટી રીતે, ખરાબ નખરા કરે, રડતો ફરે. ૧૪ જળ અને સ્થળ દેવતા ઉપર પ્રેમ ઈત્યાદિ લક્ષણો કરે. ૧૫ નાગ સર્પ ગ્રહથી દુઃખી હોય, તે કોઈ કોઈ વખતે ધરતી ઉપર છાતી લગાડી, ઉંધો પડે, સર્પની રીતે પેટે ચાલે, પોતાના હોઠ ઉપર જીભ ફેરવે, ચાટે, અતિ કોપ, ક્રોધી હોય, ગોળ, મધ, દુધ, ખાવાને અતિ ઈચ્છા કરે. ૧૬ બ્રહ્મરાક્ષસ સંબંધી જે દુઃખી થાય, તે બ્રાહ્મણ ગુરૂ, વેદ, શાસ્ત્રો ઈત્યાદિની નિંદા કરે, પોતાના શરીરને પીડા કરે, ચીખલ, રંગ, નરક ઈત્યાદિક ચોપડે, લગાડે, વેશ બદલી બ્રહ્મરાક્ષસ બને. ૧૭ રાક્ષસ ગ્રહના દુઃખે માંસ, લોહી ખાવાની ઈચ્છા રાખે, અનેક પ્રકારના દારૂ પીવાની ઈચ્છા રાખે, નિર્લજ, નાગો, ઉઘાડો ફરે, ક્રૂર, દુષ્ટ કામ કરે, દયાવિનાનો થાય, શૂરાપણુ દેખાડે, ક્રોધી બળવાન થાય, રાત્રે રખડતો ફરે, શુભકામનો દ્વેષ કરે ઈત્યાદિ દુષ્ટ કામ કરે. ૧૮ કૂષ્માંડ રાક્ષસ. ૧૯ કૃત્યા. ૨૦ વેતાળની રીતે ઉલટો ટંગાય ઈત્યાદિ દુષ્ટ, ક્રૂર રાક્ષસોના લક્ષણો કરે.

પ્રેકરૂ, અપસ્માર રોગ.

अपस्मारश्चतुर्धा स्यात् समीरात्पित्ततस्तथा ॥ २७७ ॥
श्लेष्मणोऽपि तृतीयः स्याच्चतुर्थः सन्निपाततः ॥

અપસ્માર રોગ ચાર પ્રકારે થાયછે. ૧ વાતાપસ્માર, ૨ પિત્તાપસ્માર, ૩ કફાપસ્માર, ૪ સન્નિપાતાપસ્માર. તેના લક્ષણ.

એ રોગ વાતાદિ ત્રણે દોષ બગડી, આંખે અંધારા આવે, તેથી બુદ્ધિ બગડી ભ્રમ થાય, પછાડી ખાય, આંખોને કંપારો, ગભરાટ થાય, હાથ પગ હલાવે, ધૂજાવે, પછાડે, હૃદયને કંપારો ધૂજારો થાય, ચેતનાશક્તિ શૂન્ય થાય, શરીરે પસીનો, મુખને ફીણ આવે, એ રોગનો ઉછાળો કોઈ-ને દસ દિવસે, કોઈને પંદર દિવસે અથવા મહિને મહિને રોગનો જમાવ થાય, કોપ થાય, પણ રોગ ઘણો જુનો કે બળવાન હોયતો હમેશાં થાયછે.

૧ શરીરે કંપારો, મુખને ફીણ, દાંત કકડાવે, મ્હોટેથી શ્વાસોચ્છ્વાસ છોડે, નજરે તાંબુસવર્ણ, શ્યામવર્ણ પદાર્થ જોય ઈત્યાદિક વાયુના લક્ષણો થાય. ૨ મુખેથી પીળા રંગે ફીણ, નિકળે, હાથ પગ, ચેહરો, આંખોનો રંગ પીળો થાય, અને નજરે લાલ, પીળો રંગ દેખાય ઈત્યાદિક પિત્તના લક્ષણો થાય. ૩ મુખેથી શફેદ ફીણ, હાથ પગ, ચેહરો, આંખો શફેદવર્ણ થાય, શરીરે શીતળતા, રૂવાટા ઉભા થાય, શરીર વજનદાર, નજરે સફેદ પદાર્થ જોય. ૪ વાત, પિત્ત, કફ ત્રણેના લક્ષણોસહિત હોયતો સન્નિપાત અપ-સ્માર જાણવો.

આમવાયુ, આમવાતરોગ.

चत्वारश्चामवाताः स्युर्वातपित्तकफैस्त्रिधा ॥ २७८ ॥
चतुर्थः सान्निपाताच्च

આમવાત ચાર પ્રકારે થાયછે. ૧ વાત, ૨ પિત્ત, ૩ કફ, ૪ સન્નિપાત. તેને આમવાયુ કહેછે, તેના લક્ષણ.

વાતાદિ દોષનો કોપ થઈને જઠરાગ્નિ મંદ પડેથી ખાધેલો ખોરાકનું પાચન ન થાય, કાચો રહે તેને આમવાત કહેછે. તે સર્વે નસોના દરવાજે શરીરમાં પ્રવેશ થઈ; મસ્તકે અને સર્વે ગાત્રોને પીડા કરે, કફ અને વાયુ એક વેળા કુંભરના સાંધામાં જઈ, સર્વે ગાત્રોને અટકાવે, શરીરે વેદના, તાવ, અજીર્ણ, શોષ, આળસ, શરીરે અતિભાર, પઠર જેવું ભારી, ખાધેલો ખોરાક ન પચે, શરીરે સોજો, થોથર ચહડે ઈત્યાદિક લક્ષણો થાય.

૧ જે આમવાયુ મધ્યે ઘણું કરી શૂળ હોય, તે વાતજન્ય, ૨ દાહસ-હિત હોય તે પિત્તજન્ય, ૩ શરીરે નિશ્ચળપણું, સ્થિરતા, વજનદાર, ખજવા-ળસહિત હોય તે કફજન્ય, ૪ વાયુ, પિત્ત, કફ ત્રણેના લક્ષણોસહિત હોય તો તેને સન્નિપાતજન્ય કહેછે.

શૂળ રોગ.

शूलान्यष्टौ बुधा जगुः ॥ पृथग्दोषैस्त्रिधा द्वंद्वभेदेन त्रिविधान्यपि ॥ २७९ ॥ आमेन सप्तमं प्रोक्तं सान्निपातेन चाष्टमम् ॥

શૂળ રોગ આઠ પ્રકારે થાયછે. ૧ વાત શૂળ, ૨ પિત્ત શૂળ, ૩ કફ શૂળ, ૪ વાતપિત્ત શૂળ, ૫ પિત્તકફ શૂળ, ૬ કફવાત શૂળ, ૭ આમશૂળ, ૮ સન્નિપાત શૂળ. તેમાં વાયુનું બળ મુખ્ય જાણવું.

૧ વાયુનો કોપ, રૂક્ષ પદાર્થ ખાધાથી વાયુ અટકીને, હૃદય, પાસળા, બરડી, કંબરના સાંધામાં, વાસામાં, શૂળ ઉત્પન્ન થાય, અપચી થવાથી રાતની વખતે, ગ્રીષ્મઋતુમાં, શીયાળામાં, શીતળ પદાર્થ ખાધાથી, મળમૂત્રનો, વાયુનો અટકાવ થઈ, શૂળનો વધારો થાય, તે ઉપર ઉષ્ણ, તેલાદિક પદાર્થનું મર્દન કરવાથી, ગરમ કાંજી કે પાણી જેવો પદાર્થ પીધાથી, શરીરેથી પરસેવો નિકળે તેવો ઉપાય કરવાથી, તે વાયુ છુટો પડવાથી શાંતિ થાયછે, તે વાત શૂળ જાણવો. ૨ પિત્તના કોપથી શીતોષ્ણાદિ પદાર્થ ખાધાથી, પિત્ત અટકીને તેમાંથી નાભિમાં શૂળ ઉત્પન્ન થાય. તેથી ભ્રમ, ભ્રાંતિ, શોષ, તર્સ, દાહ, અપ્રીતિ ઉપજાવે, પરસેવો, મૂર્છા ઈત્યાદિ લક્ષણો પિત્ત કોપના હોય, મધ્યરાત્રે, બપોરે ખોરાકનું પચન થતી વેળાએ કે સરદ ઋતુમાં શૂળનો વધારો થાય, શીયાળામાં શીતળ, મધુર પદાર્થ ખાધાથી શૂળની શાંતિ થાયછે. ૩ કફનો કોપ, મધુરાદિક પદાર્થનું અતિ સેવન કરેથી, કફ અટકીને, તેમાંથી આમાશયમાં શૂળ ઉત્પન્ન થાય, મુખવાટે લાળ ગળે, ખાંસી, અજીર્ણ, ગભરાટ, મળમૂત્રનો અટકાવ, મસ્તક ભારી, અન્નાદિક ખોરાક ખાધાથી સર્વે વખતે દુઃખ વધે, સૂર્યોદય થતી વેળાએ, શિશિર ઋતુ કે વસંત ઋતુમાં અતિ દુઃખ વધે, ઈત્યાદિક કફના લક્ષણોસહિત પીડા થાય. ૪ જે શૂળમાં દાહ, તાવ ઈત્યાદિ પીડા હોય; તે વાતપિત્તજન્ય શૂળ જાણવો. ૫ પાસળામાં, હૃદયમાં, ગળામાં, નાભિમાં શૂળ હોય તે પિત્ત કફ શૂળ જાણવો. ૬ બસ્તિમાં, હૃદયમાં, ગળામાં, પાસળામાં શૂળ થાય તે કફવાત શૂળ જાણવો. ૭ પેટમાં ગુડગુડ શબ્દ થાય, ઉલટી, બગાસાં, સ્થિરતા, અચળ ચિત્ત, મૂખે લાળ ગળે ઈત્યાદિક લક્ષણોસહિત છતાં કફના લક્ષણો જે શૂળમાં હોય તે આમશૂળ જાણવો. ૮ વાતાદિક ત્રણે દોષના લક્ષણોસહિત જે શૂળ હોય, તે સન્નિપાત શૂળ જાણવો.

ખાધેલા ખોરાકનું પચન થતાં પણ શૂળ, પરિણામ શૂળ રોગ.

परिणामभवं शूलमष्टधा परिकीर्तितम् ॥ मलैर्यैः शूलसंख्या स्यात्तैरेव परिणामजं ॥ अन्नद्रवभवं शूलं जरात्पित्तभवं तथा ॥ २८१ ॥ एकैकं गणितं सुज्ञैः ॥

ખાધેલા ખોરાકનું પાચન થતાં પણ જે શૂળ ઉત્પન્ન થાય, તેને પરિણામ શૂળ કહેછે, તે આઠ પ્રકારે વાતાદિ દોષથી થાયછે, તેમાં ૧ અન્નદ્રવ શૂળ, ૨ જરત્પિત્ત શૂળ. એ બેહુ જુદા જુદા જાણવા; પણ તેમાં મુખ્ય વાયુ રોગ બળવાન હોયછે.

૧ અન્નાદિ ખોરાક ખાધાથી તેનું પાચન થતી વેળાએ અથવા ન થતાં જે શૂળ ઉત્પન્ન થાયછે, અને પહરેજી કરે અથવા ન કરે તો પણ શાંત થતો નથી, તેને અન્નદ્રવ શૂળ કહેછે. ૨ આમ્લપિત્ત એટલે પિત્ત બગડી ખાટું થવા પછી તેમાંથી થાયછે, તેને જરત્પિત્તશૂળ કહેછે.

હાજતકે જરૂર યાતનો અટકાવે, ઉદાવર્ત રોગ.

उदावर्तास्त्रयोदश ॥ एकः क्षुन्निग्रहात्प्रोक्तस्तृष्णारोधाद्द्वितीयकः ॥ २८२ ॥ निद्राघातात्तृतीयः स्याच्चतुर्थः श्वासनिग्रहात् ॥ छर्दिरोधात्पंचमः स्यात् षष्ठः क्षवथुनिग्रहात् ॥ २८३ ॥ जृंभारोधात्सप्तमः स्यादुद्गारग्रहतोष्टमः ॥ नवमः स्यादश्रुरोधाद्दशमः शुक्रवारणात् ॥ २८४ ॥ मूत्ररोधान्मलस्यापि रोधाद्वातविनिग्रहात् ॥ उदावर्तास्त्रयश्चैते घोरोपद्रवकारकाः ॥ २८५ ॥

ઉદાવર્ત રોગ તેર પ્રકારે રોગ થાયછે; તેમાં ૧ ક્ષુધા, ૨ તૃષા, ૩ નિદ્રા, ૪ શ્વાસ, ૫ ઉલટી, ૬ છિંક, ૭ બગાસાં, ૮ ઓડકાર, ૯ નેત્ર સંબંધે જળ, ૧૦ શુક્રધાતુ, ૧૧ મૂત્ર, ૧૨ મળ, ૧૩ વાયુ. એવી રીતે તેર તરેહની જરૂર યાતની પ્રાપ્તિ થવા છતાં તેનો વેગનો અટકાવ થવાથી વાયુનો અતિ કોપ થઇ ઉપર ચડી નાનાપ્રકારે અતિશય દુઃખ ઉત્પન્ન કરેછે.

૧ ભૂખ લાગે તે વખતે ન ખાતાં તેનો અટકાવ કરેથી આંખે ઝાંખ, નબળાઈ, શરીર દુઃખે અંબાય, અજીર્ણ, ભ્રમ ઇત્યાદિક લક્ષણો થાય. ૨ તૃષા

શ્વાસનો અટકાવ થવાથી, કંઠને શોષ, કાનને બેર, હ્રદયને પીડા ઈત્યાદિક લક્ષણો થાય. ૩ નિદ્રાનો અટકાવ થવાથી બગાસાં. શરીર દુઃખે અંબાય, આંખો ભારી અને ઝાંખ, મસ્તક ભારી ઈત્યાદિક લક્ષણો થાય. ૪ શરીરમાં શ્વાસોચ્છ્વાસ ચાલેછે તેનો અટકાવ થવાથી હ્રદયરોગ, મૂર્છા, અનેક દુઃખ, પેટ કે પાસળામાં ગોળાનો રોગ ઈત્યાદિક લક્ષણો થાયછે. ૫ ઉલટીનો અટકાવ થવાથી ખજવાળ, માંખીના ચટકા જેવી ફોડલીઓ, અપચી રોગની ગાંઠો, વાંગરોગ, સૂજ, પાંડુરોગ, જ્વર, કુષ્ટરોગ, મુખે લાળ ગળે, પિશાબનો ઈત્યાદિક દુઃખ થાયછે. ૬ છીંકોની અટકાવ થવાથી ગરદન અકડે, મસ્તકને શૂળ, અર્ધાંગ વાયુ, અર્ધા મસ્તકે શૂળ, ઇંદ્રિયોને દુર્બળતા ઈત્યાદિક લક્ષણો થાયછે. ૭ બગાસાંનો અટકાવ થવાથી ગળુ અથવા ગરદન અકડે, મસ્તકમાં વાયુનો રોગ ઉત્પન્ન થાય તેમજ આંખે, નાકે, મુખે તીક્ષ્ણ રોગ ઉપજે ઈત્યાદિક લક્ષણો થાય. ૮ ઓડકારનો અટકાવ થવાથી કંઠ, મુખ ખેંચાય, હ્રદય અને આમાશયમાં દુઃખ, બુદ્ધિવિનાનું ભાષણ,વાયુ નીચે ઉતરી ન છુટે, બીજા સ્થાનના વાયુ તે સાથે મળીને હેડકી હિક્કા રોગ ઉત્પન્ન થાયછે. ૯ આનંદજન્ય અથવા શોકજન્ય એટલે અતિશય એકાએક ધનનો લાભ કે ખુશી થવાથી આનંદજન્ય તથા અતિપ્રિય વસ્તુ ખોવાથી કે અતિ સ્નેહ મિત્રના મરણથી શોક ઉત્પન્ન થાયછે તે શોકજન્ય; તે વેળાએ આંખોમાં પાણી ભરાઈ આવે, તેનો અટકાવ થવાથી મસ્તક ભારી, મુખસંબંધી રોગ, તીક્ષ્ણ સળકમ, બળગમ ઉત્પન્ન થાયછે. ૧૦ શુક્ર ધાતુ ખલિત થતી વેળાએ અથવા તેને મળેલા ઝરાનો અટકાવ થવાથી મૂત્રાશયમાં કે વૃષણમાં ઉતરી પીડા થાય, મૂત્ર અટકે, પથરીનો રોગ થાય; શુક્ર ધાતુ જરૂરની વેળા વેહછે. ૧૧ મૂત્રની હાજતનો અટકાવ થવાથી બસ્તિ અને લિંગ ઇંદ્રિમાં શૂળ, મૂત્રબંધ, મસ્તક અને અંડ સંધિમાં દુઃખ ઈત્યાદિક લક્ષણો થાયછે. ૧૨ ઝાડાની હાજતનો અટકાવ થવાથી શૂળસહિત પેટમાં ગુડગુડ શબ્દ, પકવાશયમાં મરડો, ઝાડાનો અટકાવ, ઓડકારો અતિશય આવે, કોઈ વખતે ચડતા વાયુના બળે ઉલટી સાથે મુખમાંથી નરક નિકળે, અપાન વાયુના બળથી મળમૂત્રાદિકની ઉતાવળનો અટકાવ થવાથી, વાયુ, મૂત્ર, નરકનો અટકાવ થઈને ફુલેલી ધમણ રીતે પેટ ફુલે, ગ્લાનિ થાય, પેટમાં નાનાપ્રકારે પીડા થાયછે.

મળમૂત્ર બંધ થવાનો આનાહ રોગ.

आनाहो द्विविधः प्रोक्त एकः पक्वाशयोद्भवः ॥
आमाशयोद्भवश्चान्यः प्रत्यानाहः स कथ्यते ॥ २८६ ॥

મળમૂત્ર બંધ થઇ પેટ ફુગે તે આનાહ રોગ બે પ્રકારે થાયછે, તેમાં ૧ પકવાશયમાં થાય. તેથી કંમર, પીઠ વાંસો અકડે, મળમૂત્ર સાફ ન થાય, બંધ પડે, શૂળ, મૂર્છા, મુખવાટે નરક નિકળે, શ્વાસ, આળસ, પેટ ફુગે ઇત્યાદિક લક્ષણો થાય. ૨ આમાશયમાં રોગ થવાથી તૃષા, સળકમ બળગમ મસ્તકને દાહ, આમાશયમાં શૂળ, શરીરે ભાર, મુખવાટે લાળ ગળે. ઓડકારનો અટકાવ ઇત્યાદિક લક્ષણો થાયછે, તેને પ્રત્યાનાહ કહેછે.

હૃદયનો અને તેમાંના આંતરડા સૂજવાનો ઉરોગ્રહ અને હૃદ્રોગ.

उरोग्रहस्तथा चैको हृद्रोगाः पंच कीर्तिताः ॥ वातादिभिस्त्रयः प्रोक्ताश्चतुर्थः सन्निपाततः ॥ २८७ ॥ पंचमः कृमिसंजातः

છાતી ખેંચી લીધા પ્રમાણે દેખાય તે રોગ એક પ્રકારે ઉરોગ્રહ નામે થાયછે. અને હૃદ્રોગ પાંચ પ્રકારે થાયછે. તેના બે ભેદ છે, માટે હરિશ્ચંદ્રે વિશેષ પરીક્ષા થવા માટે જુદા કહેલા છે, તેમાં રક્ત, માંસ, પ્લીહા, ફેફસાદિ. અને યકૃત કલેજુ તલ્લીના આંતરડા ફુગે વૃદ્ધિ થાય, વાતાદિ ત્રણે દોષ અટકીને રસ ધાતુ બગડી હૃદયમાં જઈ નાનાપ્રકારે દુઃખ ઉત્પન્ન થાયછે, તેને હૃદ્રોગ કહેછે.

૧ વાત હૃદ્રોગથી હૃદય ખેંચાયલા જેવું, સોઇયોથી ટોચેલા જેવું, દંડુકાથી ફોડી નાંખવા જેવું, શરીરાવયવને બેહુ બાજુએથી ખેંચી લીધા જેવું, ચીરવા જેવું, ઠાર મારવા જેવું, કુહાડાથી ફાડી નાંખવા જેવું ઇત્યાદિક લક્ષણો થાયછે. ૨ પિત્ત હૃદ્રોગથી તૃષા, કંઠને શોષ, શરીરે દાહ, હૃદયને ગ્લાનિ, મૂર્છા, અજીર્ણના ઓડકાર, પરસેવો, મુખે શોષ ઇત્યાદિક લક્ષણો થાયછે. ૩ કફ હૃદ્રોગથી શરીરને અતિભાર, ખાંસી, અજીર્ણ શરીર અકડે અંબાય, ભુખ બેસી જાય, અગ્નિમંદ, મુખને મિઠાસ ઇત્યાદિક લક્ષણો થાયછે. ૪ સન્નિપાત હૃદ્રોગમાં વાતાદિ ત્રણે દોષના લક્ષણો મળેલા હોયછે. ૫ કૃમિજન્ય હૃદરોગમાં ઉલટીનો ઉછાળો, શૂળ, અ-

જીર્ણ, મુખવાટે લાળ ગળે, થુંકો અતિશય, શરીર અકડે અંબાય, આંખો શ્યામવર્ણે, અંધારા, ઝાંખ પડે, શોષ ઈત્યાદિક લક્ષણો થાયછે.

પેટમાં થતો ઉદરરોગ.

तथाष्टावुदराणि च ॥ वातात्पित्तात्कफात्त्रीणि त्रिदोषेभ्यो जलादपि ॥ २८८ ॥ प्लीन्हः क्षताद्बद्धगुदादष्टमं परिकीर्तितम् ॥

ઉદર રોગ આઠ પ્રકારે થાયછે. વાતાદિ ત્રણે દોષનો કોપસહિત હોય, રસવાહી અને જળવાહી નસોના વહિવાટમાં અટકાવ થાય, હૃદયસ્થ વાયુ, અગ્નિ અને અપાન વાયુ સાથે બગડીને ઉદરસ્થ રોગ ઉત્પન્ન કરેછે, તેને ઉદરરોગ કહેછે.

૧ વાતોદર એટલે વાયુના કોપથી, હાથ, પગ, નાભિ, પાસળામાં અને સાંધેસાંધાને સોજો, દુઃખ, શૂળ, સુકી ખાંસી, શરીર અંબાય, નાભિસ્થાને અતિ વજન, મળમૂત્ર સાફ ન થાય, ચામડી, આંખો, નાક, કાન ખરબચડાં થાય, પેટમાં અનેક વેદના, શરીરની નસો ઝીણી, શ્યામવર્ણે દેખાય, ચેહેરો કળાસવર્ણ, ધમણની રીતે પેટ ફુગીને વાયુ ગડગડ શબ્દ કરે, વાયુ શૂળ શબ્દે પેટમાં સર્વે ફરે ઈત્યાદિક લક્ષણો થાય. ૨ પિત્તોદર એટલે પિત્તના કોપથી તાવ, મૂર્છા, દાહ, તૃષા, મુખને કડવાસ, ભ્રમ, અતિસાર, શરીરની ચામડી, પેટ, નસોનો રંગ પિળો, લીલો, તામ્રવર્ણે થાય, શરીરે ઉષ્ણતા, પરસેવો, મુખમાંથી ધુવાડો નિકળે, અજીર્ણના ઓડકાર, પેટ નર્મ છતાં ખાધેલો ખોરાક પાચન ન થતાં અતિ દુઃખ ઈત્યાદિ લક્ષણો થાયછે. ૩ કફોદર એટલે કફના કોપથી શરીરને ગ્લાનિ, નિદ્રા, શરીરે વજન, ચિકણો પરસેવો, અજીર્ણ, ખાંસી, શ્વાસ, શરીર, નસો સુવાળા અને સફેદવર્ણે, પેટ સખ્ત, શીતળતા, વજનદાર, જકડાયલું, શબ્દ ન કરે, લાંબે દિવસે વૃદ્ધિ થાય, ઈત્યાદિ લક્ષણોસહિત થાયછે. ૪ ત્રિદોષોદર અથવા દૂષ્યોદર નામે વાતાદિ ત્રણે દોષના કોપથી ભલાભુંડાની સમજ ન પડે, વિવેકરહિત થાય, બુદ્ધિરહિતની સ્ત્રી કે પુરૂષ નખો, નિમાળા, મળમૂત્ર અને સ્ત્રીનો વિટાળ, ધાતુ, લોહીથી બગડેલા ધાન્ય પાણી હરયેક માણસને ખાધાપીધામાં આપેછે; અને હરયેક માણસોને શત્રુ દુર્બુદ્ધિથી ઝેર આપે અથવા પોતે દુષ્ટ પાણી કે ખોરાક-

માં ઝેરી વસ્તુનું સેવન કરેથી ઇત્યાદિ કારણોથી વાતાદિ ત્રણે દોષ અને લોહી, સાત ધાતુ બગાડીને પેટમાં રોગ થઇ અતિશય મ્હોટું થાય. તે શીત વાયુ ઉષ્ણતા અને ઘેરાયલા વાદળાની વેળાયે કે વર્ષાઋતુમાં તેનો અતિ કોપ થાયછે, અને સર્વ શરીરે દાહ, મૂર્છા, મોહ, શરીરનો રંગ પાંડુરવર્ણ, તવાવું, તૃષાની પીડા ઇત્યાદિક લક્ષણો થાયછે. ૫ જળોદર કે જળન્દર રોગની ઉત્પત્તિ જે માણસે સ્નેહપાન, ઇત્યાદિ કીધાથી અને બસ્તિપ્રયોગ, વાષડ કે, અતિ ઉલટી, ઝાડા થવા છતાં, શીતળ પાણી અતિશય પાયે તેથી કરીને તે માણસની ઉદકવાહી નસો બગડેછે, સ્નેહાદિક પદાર્થોનું શરીરે અતિશય લેપ કીધાથી કે પીધાથી પૂર્વવત વૃકોદર રોગ ઉત્પન્ન થાયછે, તે ચિકાસ ભરેલો ટેકરો નાભિની આસપાસ ફરતો ઉંચો પ્રથમ થાયછે, તે જેમ પાણી અતિશય પીવામાં આવે તેમ આસ્તે આસ્તે પેટમાં બીજો વધારો થઇ ફુગે અને તે ઉપરથી આરસીની રીતે તકતકે ઇત્યાદિક લક્ષણો થાયછે. ૬ પ્લીહોદર રોગ. પિત્તનો કોપ કતા વિદાહી ઉષ્ણાદિક પદાર્થ અને કફકોપકર્તા ઇત્યાદિક પદાર્થનું અતિ સેવન કરવાથી પિત્ત અને કફ બગડીને પ્લીહા, કવળ રોગની વૃદ્ધિ થાયછે, તે પ્રથમ ડાહબી બાજુએથી તેની વૃદ્ધિ થવાને સુરૂવાત થાયછે, તેથી શરીર તવાય, દુર્બળ થાય, હલકો તાવ, અગ્નિમંદ, ચામડીનો રંગ પીળો ઇત્યાદિક લક્ષણો થાયછે. ૭ ક્ષતોદર કે પરિશ્રાવી ઉદર રોગની ઉત્પત્તિ અન્ન ઇત્યાદિક ખોરાક ખાવામાં કાંકરી, પથરી, ઠિકરી, હાડકુ, કાંચ, કાંટો ઇત્યાદિકમાંથી હરએક પદાર્થ ખોરાકસાથે પેટમાં જવાથી પક્વાશયમાં તે ન જતાં પ્રથમ આતરડામાં ભરાયતો, અટકાવ કરે તો, ખાધેલા ખોરાકનું પચન ન થતાં વિપરીત થાયછે, તેથી કરીને ત્યાં પાણી એકઠું થઇ થોડું થોડું ગુદ માર્ગે પડેછે, અને તે પેટ નાભિની વચ્ચે વધેછે, ઇત્યાદિક દુઃખ થાયછે. ૮ બદ્ધ ગુદોદર રોગની ઉત્પત્તિ ભાતના છાલા, તુસ, કુંડો, રેતી, કાંકરા ઇત્યાદિકસહિત ધાન્યાદિક ખોરાક સાથે મેળવેલો, હરએક માણસે ખાધાથી આંતરડામાં ભરાયતો તેથી નસોમાં મળ બંધાયછે, અને વાતાદિ ત્રણે દોષ સર્વે સાથે હળવે હળવે એકઠો થઇ પછી તે માણસને નીચેના ઝાડા પીસાબને રસ્તે મળમૂત્રનો અટકાવ થઇ, મ્હોટી મેહનતે થોડો થોડો નિકળેછે, અને બાકીનો જથ્થો હૃદય, નાભિ એ બેહુની વચ્ચે રોગનો વધારો ઇત્યાદિ થાયછે.

પેટમાં ગાંઠ કે ગોળાનો ગુલ્મરોગ.

गुल्मास्त्वष्टौ समाख्याता वातपित्तकफैस्त्रयः ॥२८९ ॥ द्वंद्वभेदात्त्रयः प्रोक्ताः सप्तमः सन्निपाततः ॥ रक्तादष्टम आख्यातो

ગુલ્મ રોગ આઠ પ્રકારે થાયછે. તેમાં વાતાદિ ત્રણે દોષનો કોપ થઈ પેટમાં ગાંઠરૂપે, પાંચ સ્થાને થાયછે. તેમાં બે પાસળામાં, હૃદયમાં એક, નાભિ એક, બસ્તિ એક એવી રીતે પાંચ સ્થાને ગુલ્મ રોગ ઉત્પન્ન થાય, તે ગાંઠ આંબાના ગોટલા જેવી ચળ અને અચળ ગોળાકાર હોય, વધે અને ઘટે તેને ગુલ્મ રોગ કહેછે.

૧ વાતગુલ્મ, વાયુના કોપથી થાય તે કદાચિત નાભિ, બસ્તિ કે પાસળામાં થાયછે, તે ઉપર ઉષ્ણાદિક ઉપાય થવાથી એક જગ્યાએથી બીજી જગ્યાએ ખસે અને કોઈ વેળા હલકી પીડા. અને કોઈ વેળા અતિ પીડા થાય, તેમાં મળમૂત્ર વાયુના બળે અટકે, કંઠ મુખને શોષ, ટાડયો તાવ, શરીરે કળાસ કે તાંબુશ વર્ણ થાય. હૃદયમાં, પાણીની ડેલીમાં, પાસળામાં, ખભામાં, મસ્તકમાં શૂળાદિ પીડા થાય; પેટમાં ભુખ લાગેથી તે ગાંઠની પીડા વધે અને ખોરાક ખાધાથી નરમ પડે પણ જે ખોરાક ખાધાથી તેનો રસ રૂક્ષ. તુરો, કડવો, તીખો થાયછે, તેથી શાંતિ થતી નથી. ૨ પિત્ત ગુલ્મને રાઈ. મરચા, વગેરે વિદાહી પદાર્થ, ખટાસ, ઉષ્ણ ઈત્યાદિ વસ્તુ ખાધાપીધાથી પિત્તનો કોપ થઈ તેમાંથી ગુલ્મ થાયછે, તેમાં તાવ, તૃષા, શરીરે મુખે રતાસ, ખાધેલી વસ્તુનો પાક થતા પેટમાં શૂળ, શરીરે હાથ લગાડેથી પીડા, પરસેવો, દાહ ઈત્યાદિક લક્ષણો થાય. ૩ કફ ગુલ્મ, શરીરે શીતળતા, વજનદાર અને કફ કોપ કર્તા સ્નિગ્ધ પદાર્થનું સેવન કરેથી થાયછે, તેથી શરીર અંબાય, અકડે, તાવ, સાંધેસાંધા વ્યાકુળ, ઉલટીના ઉપકા, મુખે લાળ ગળે. ખાંસી, અજીર્ણ, દુઃખ અલ્પ ઈત્યાદિક લક્ષણો થાય, તે ગુલ્મ શખ્ત છતાં ઉચો ચડેલો ટેકરો હોયછે. ૪ વાતપિત્ત ગુલ્મ, વાયુ અને પિત્ત બેહુ દોષના લક્ષણોસહિત હોયછે. ૫ પિત્ત કફ ગુલ્મ, એ બેહુના લક્ષણોસહિત હોયછે. ૬ કફ વાત ગુલ્મ, એ બેહુના લક્ષણોસહિત હોયછે. ૭ સન્નિપાત ગુલ્મ વાતાદિ ત્રણે દોષનો કોપસહિત લક્ષણો થાય, તે ગુલ્મમાં અતિશય પીડા, શરીરે અતિ દાહસહિત દુઃખ છતાં પથર જેવી શખ્ત અને ઊંચી ટેકરા જેવી ગાંઠ થઈ, તીવ્ર વેદના થાયછે, તેથી અં-

તઃકરણ, જઠરાગ્નિ ઈત્યાદિક શરીર બળ જાયછે. ૮ રક્ત ગુલ્મ સ્ત્રીઓને પેટમાં (છોડ)ની ગાંઠ થાયછે. તે સુવાવડી સ્ત્રીઓને અથવા કાચી સુવાવડમાં કે અટકાવ ઋતુપ્રાપ્તિમાં અપથ્ય, અપરેજી કરેથી ખરાબ વસ્તુ ખાધા પીધાથી કે તેનું સેવન કરવાથી, તે સ્ત્રીના ગર્ભસ્થાનમાં (છોડ)ની ગાંઠ વાયુબળે લોહીને એકઠું થઈ શૂળ, દાહસહિત ગાંઠ ઉત્પન્ન કરેછે, તેમાં ઘણું કરી પિત્ત ગુલ્મ જેવા સરખા લક્ષણો, અને તેથી વધારે પણ થાયછે, એ ગુલ્મ ઘણા દિવસ રેહતાં ગોળાકારે વધતા વધતા અવયવ કે ગાત્રોને અતિ દુઃખ છતાં, બરાબર ગર્ભની રીતે પેટમાં ગુઠણ્યા વાગે. શૂળસહિત હોયછે, ગર્ભના જેવા લક્ષણો લોહી સંબંધી સર્વ અડકાવ અને ધાઈ કે થાનની ડીટલી કાળારંગે ઈત્યાદિક ગર્ભના સર્વે લક્ષણો હોયછે, તેની પરીક્ષા દસ મહિના વહીગયા પછી થાયછે.

પિશાબ બંધનો મૂત્રાઘાત રોગ.

मूत्राघातास्त्रयोदश॥ २९० ॥ वातकुंडलिकापूर्वं वातष्ठीला ततः परम् ॥ वातबास्तिस्तृतीयः स्यान्मूत्रातीतश्चतुर्थकः ॥ २९१ ॥ पंचमं मूत्रजठरं षष्ठो मूत्रक्षयः स्मृतः ॥ मूत्रोत्संगः सप्तमः स्यान्मूत्रग्रंथिस्तथाऽष्टमः ॥ २९२ ॥ मूत्रशुक्रं तुं नवमं विड्घातो दशमः स्मृतः ॥ मूत्रासादश्चोष्णवातो बस्तिकुंडलिका तथा ॥ २९३ ॥ त्रयोप्येते मूत्रघाताः पृथग्घोराः प्रकीर्तिताः ॥

મૂત્રાઘાત રોગ તેર પ્રકારે થાયછે. તેમાં મૂત્રાસાદ, ઉષ્ણવાત, બસ્તિકુંડલિકા એ ત્રણ મૂત્રાઘાત મ્હોટા ભયંકર રોગ પ્રાણ સંકટ દુઃખ ઉપજાવનારા છે, તેની પીડા અલ્પ છતાં મૂત્ર ઝરાનો અટકાવ અતિશય થાયછે. તે રોગ મૂત્રાઘાત અને મૂત્રકૃચ્છ્રમધ્યે મૂત્રનો અટકાવ અલ્પ, જુજ છતાં પીડા દુઃખ અતિશય થાયછે, તેટલોજ મૂત્રાઘાત અને મૂત્રકૃચ્છ્ર એ બેહુંમાં ભેદ છે.

૧ વાત કુંડલિકા એટલે મળમૂત્રાદિકોની પ્રાપ્તિ થવાથી તે ઝરાના અટકાવથી વાયુનો કોપ થઈ બસ્તિમાં પ્રવેશ કરી વેદનાસહિત મૂત્રનો અટકાવ થાયછે, અને બસ્તીની આજુ બાજુ ફરેછે, તેથી કરીને થોડું થોડું મૂત્ર તનખ મારીને બાહર આવેછે. ૨ વાતષ્ઠીલા વાયુ, બસ્તિ અને મ-

બાશયને ફુગવી, અટકાવી, બસ્તીની જગ્યાએ ચળ, પથર જેવી ગાંઠને ટેકરો ઉત્પન્ન થઈ મ્હોટી પીડા કરે, મળમુત્રનો માર્ગ અટકાવેછે. ૩ વાત બસ્તિ; મૂર્ખ માણસ મળમૂત્રાદિક ઝરાનો અટકાવ કરેથી તેની બસ્તીની જગ્યામાં વાયુ ભરાઈ, તેનું મોહ બંધ કરી મૂત્રનો અટકાવ કરેછે, તેથી બસ્તી, પડખાં પેટમાં અતિશય પીડા થાયછે. ૪ મૂત્રતીત; જે માણસને મૂત્રની હાજત થવાથી ધીર રહેતી નથી, અથવા ધીર રાખેથી ફરીને પાછી પિશાબ આવતી નથી કે થોડી થોડી આવેછે. ૫ મૂત્ર જઠર; મૂત્ર ઝરાને અટકાવ કરેથી આતરડામાં ફરતા વાયુને કારણ મળેછે, તે અપાન વાયુને અટકાવી પેટને અતિશય ફુગવેછે અને બસ્તીની વચ્ચે જઈ, ફુગવે, તીવ્ર વેદના કરેછે. ૬ મૂત્રક્ષય; જે માણસ કઈક કારણે તેજહિણ કે દુર્બળ થયો હોય, તેની બસ્તીમાં પિત્ત, વાયુનો કોપ થઈ, રહીરહીને શૂળ, દાહ ઈત્યાદિક દુઃખસહિત મૂત્રનું ક્ષય કરેછે. ૭ મૂત્રોત્સંગ; બસ્તિ, શિશ્ન મણીના છેડાને તનખ મારી કંટાળો આપી લોહી સાથે પિશાબ થોડો થોડો ગળેછે. ૮ મૂત્રગ્રંથિ; બસ્તીના મુખમાં ગોળાકાર અને સ્થિર ગાંઠ એકાએક ઉત્પન્ન થાયછે, અને તે અશ્મરી (પઠરીનો રોગ) સરખી પીડા કરેછે, એ મૂત્રગ્રંથિ અને અશ્મરી બેહુમાં ભેદ એટલોજ છે કે અશ્મરી રોગ આસ્તે આસ્તે પઠરી એકઠી થઈ, રોગ વધેછે અને મૂત્રગ્રંથિની ગાંઠ એકાએક થાયછે. ૯ મૂત્ર શુક્ર; જે માણસને પિશાબની હાજત થવા છતાં, સ્ત્રીનો સંગ કરેતો, તેના વીર્યસ્થાનમાં વાયુ જઈ તેને ભ્રષ્ટ કરી પાડી નાંખેછે, પછી તે માણસે પિશાબ કરવાથી રાખોડીના રંગે થાયછે. ૧૦ વિટ્ઘાત; જે માણસ કઈ કારણે દુર્બળ થયો હોય, તેનો મળવાયુ બળેથી મૂત્રાશયની વચ્ચે જઈ, મૂત્રવાહી નસોમાં એકઠો થાય તો, તે માણસ ઘણા કષ્ટથી પિશાબ કરેછે. ૧૧ મૂત્રાસાદ; એટલે પિત્ત અને કફ સાથે કે જુદાનો કોપ થવાથી તે વખતે માણસને મ્હોટા કષ્ટથી પિશાબ થાયછે, અને પિત્ત કોપે પિશાબ લાલ કે પીળા રંગે થાય, કફ કોપે સફેદ રંગે થાય, સન્નિપાત વાતાદિ ત્રણે દોષના કોપેથી ત્રણે રંગ મળેલો હોયછે; પિત્ત કોપનો પિશાબ શુકવેથી ગોરૂ ચંદનના ચુરણ જેવું થાય, કફ કોપનો પિશાબ શુકવેથી શંખના ચુરણ જેવું સફેદ થાય, સન્નિપાત કોપનું ત્રણે રંગ સહિત ચૂર્ણ થાયછે. ૧૨ ઉષ્ણવાત; અતિશય માર્ગ ચાલવાથી, અગ્નિના

અતિ શોકથી, તીક્ષ્ણ કે વિદાહી પદાર્થ ખાધાપીધાથી કે તેનું સેવન કરેથી પિત્તનો કોપ થઇ વાયુ સાથે મળી મૂત્રાશયમાં જઇ તેમાં અને લિંગ, ગુદની જગ્યામાં દાહ કરેછે, તેથી પિશાબ પીળો હલદ જેવો કે લાલ રંગે મ્હોટાં કષ્ટેથી થોડો થોડો બાહર પડેછે. ૧૩ બસ્તિ કુંડલીકા; અતિ ઉતાવળેથી ચાલતા ફલાગ મારવાથી, લાંઘણ કરવાથી, માર ખાધાથી કે કોપ કર્તા પદાર્થ અતિશય ખાધાથી તે એક બીજા સાથે મળવાથી, અતિ મેહનત ઈત્યાદિક કારણોથી બસ્તિ મૂત્રાશય પોતાના સ્થાનેથી આતરીને, ઉપર ચડી ખસીને ગર્ભની રીતે ગાંઠ મ્હોટી થઇ રેહેછે, વખતે જરા ખસીને પીડા કરે, શૂળ, દાહ ઈત્યાદિક લક્ષણો થાયછે, તે પિશાબ માર્ગેથી ટપકે, બસ્તિ, નાભિની વચ્ચે પિશાબનો અટકાવ થાય, ઉપર ચડે, અતિ પીડા થાય ઈત્યાદિક લક્ષણો થાય, એ રોગ પ્રાણનાશ કરનારો છે, એ રોગમાં વાયુ અતિ બળવાન હોયછે, તેને પિત્તનો સંબંધ થવાથી બસ્તિમાં શૂળ, દાહ, પિશાબ રંગે પીળો, લાલ હોયછે, કફસંબંધ થવાથી બસ્તિસ્થાને અતિ વજન, સોજો પણ આવે અને પિશાબ પાતળો, જાડો, સુવાળો, શીતળ થાયછે.

પિશાબ અટકવાનો મૂત્રકૃચ્છ્ર રોગ.

मूत्रकृच्छ्राणि चाष्टौ स्युर्वातपित्तकफैस्त्रिधा ॥ सन्निपाताच्चतुर्थं स्याच्छुक्रकृच्छ्रं च पंचमं ॥ विट्कृच्छ्रं षष्ठमाख्यातं घातकृच्छ्रं च सप्तमं ॥ २९९ ॥ अष्टमं चाश्मरीकृच्छ्रं

મૂત્રકૃચ્છ્ર આઠ પ્રકારે થાયછે. વાતાદિક ત્રણે દોષ પોતાના કારણે કે જુદા જુદા અથવા સાથે મળીને કોપસહિત થવાથી મૂત્રાશયમાં પ્રવેશ કરી પિશાબ માર્ગે પીડા કરેછે, તેથી માણસને અતિ ક્લેશે પિશાબ આવેછે.

૧ વાત મૂત્રકૃચ્છ્રને અંડસંધિમાં, બસ્તિમાં, લિંગમાં અતિ ભયંકર પીડા થાય. થોડું થોડું વારંવાર મ્હોટા કષ્ટે પિશાબ આવેછે. ૨ પિત્ત કૃચ્છ્રને દાહ, તનખસહિત લાલ રંગે થોડો થોડો વારંવાર પિશાબ આવેછે. ૩ કફ મૂત્રકૃચ્છ્રને બસ્તિમાં વજન, સોજો થાય અને તેલ જેવો પિશાબ આવેછે. ૪ સન્નિપાત મૂત્રકૃચ્છ્રને વાતાદિ ત્રણે દોષના લક્ષણોસહિત મળેલા હોય છે. ૫ શુક્રકૃચ્છ્રને વાતાદિ ત્રણે દોષના કોપે શુક્ર ધાતુ બગડીને પિશાબ-

માર્ગ બંધ થાય, બસ્તિ અને લિંગ સ્થાને શૂળસહિત રોગી શુક્ર ધાતુ સાથે પિશાબ મળેલો મ્હોટા કષ્ટેથી ્હાયછે. ૬ વિટ્કૃચ્છ્રને મળમૂત્ર આવેલો ઝરાનો અટકાવ થવાથી વાયુ અટકીને પેટ ફુગવે, શૂળ ઉત્પન્ન કરે, તેથી માણસને અતિ કષ્ટેથી પિશાબ થાયછે. ૭ ઘાત કૃચ્છ્રને મૂત્રવાહિ નસોને શસ્ત્રાદિ હથિયારે ઘા, કાંટો કે જખમ, દુઃખ થવાથી અથવા એક બીજા રોગ સાથે મળવાથી વાત મૂત્ર કૃચ્છ્રને મળતા લક્ષણો થાયછે. ૮ અશ્મરી કૃચ્છ્રને બસ્તિ લિંગને શૂળાદિક ઉપદ્રવ અને ગાંઠ બંધાયછે.

પિશાબમાં પથરીનો અશ્મરી રોગ.

ત્ત્વતુર્ધા ચાશ્મરી મતા ॥ વાતાત્પિત્તાત્ કફાત્ શુક્રાત્

અશ્મરી રોગ ચાર પ્રકારે થાયછે. જેમ ગાયના મસ્તકમાં પિત્તની જગ્યાએ અનુક્રમે ગોરોચન થાયછે, તે પ્રમાણે કોઇ પુરૂષને વાયુનો કોપ થઇને મૂત્રાશયમાં જઇ મૂત્ર, શુક્રધાતુ, પિત્ત, કફને શોષી, મૂત્રાશયના મુખમાં રહી અનુક્રમેથી પથરની લખોટી જેવી ગાંઠ ઉત્પન્ન થાયછે, તેને અશ્મરી રોગ કહેછે; અને બસ્તિ ફુગેલી, મૂત્રાશય અને લિંગમાં, વૃષણમાં શૂળ, પિશાબ અટકે, અપચી રોગ, અજીર્ણ ઇત્યાદિક ઉપદ્રવ થાયછે; તે રોગ પાકટ થવાથી રેતી જેવી કણી પિશાબ માર્ગે બાહર પડેછે, તેને શર્કરાશ્મરી કહેછે.

૧ વાતાશ્મરીથી માણસ કળાસ વર્ણે. રૂક્ષ, માંસરૂપી કાંટાસહિત ઇત્યાદિક અત્યંત પીડા ભોગવે, દાંત કકડાવે, કંપારો થાય, લિંગ, નાભિ અને હાથ પિલાય, અવાજ સાથે ગુદમાર્ગે ઝાડો થાય, કુથીકુથીને મ્હોટા કષ્ટથી એક એક ટીપું પિશાબ ટપકે. ૨ પિત્તાશ્મરીમાં પિત્ત કોપથી ભીલામાંના મગજ જેવી ઝીણી ગાંઠ હોય, તે લાલ અથવા પીળા કે શ્યામવર્ણે થાય, મૂત્રાશય ગર્મ ધગધગતી હોય, પાકેલા ગુમડાં જેવી થાયછે. ૩ કફાશ્મરીમાં મૂત્રાશયને પીડા થાય, શીતળતા, વજનદાર, મ્હોટી ગાંઠ છતાં સફેદ કે મધ જેવા રંગે હોયછે, એ વાતાદિક ત્રણે રોગ કોઇ બાળકને થાયછે. ૪ શુક્રાશ્મરી નામે રોગ; કોઇ કોઇ પુરૂષને થાયછે, તેને શુક્ર ધાતુનો ઝરો પ્રાપ્ત થયેલો હોય, તે વખતે તેને મૈથુન કે સ્ત્રીસંગ ન મળવાથી, શુક્ર ધાતુ પોતાના સ્થાનમાંથી ભ્રષ્ટ થઇ. લિંગને વૃષણવચ્ચે આવ્યાથી વાયુનો કોપ થઇ, શુક્ર ધાતુનું શોષણ કરી પ્રથમ ગાંઠ બંધાય

અને તે આસ્તે આસ્તે તેમાં વધારો થઈ, મૂત્રાશયમાં પીડા, પિશાબ અટકે, વૃષણને સોજો ઈત્યાદિક મહાદુ:ખ થાય એ ચોથો રોગ બાળકને ન થતાં જુવાન પુરૂષનેજ થાયછે.

પરમાનો પ્રમેહરોગ.

तथा मेहाश्च विंशतिः ॥ २९६ ॥ इक्षुमेहः सुरामेहः पिष्टमेहश्च सांद्रकः ॥ शुक्रमेहोदकाख्यौ च लालामेहश्च शतिकः ॥ २९७ ॥ सिकताह्वः शनैर्मेहो दशैते कफसंभवाः॥ मंजिष्ठाख्यो हरिद्राह्वो नीलमेहश्च रक्तकः ॥२९८॥ कृष्णमेहः क्षारमेहः षडैते पित्तसंभवाः॥ हस्तिमेहो वसामेहो मज्जामेहो मधुप्रभः ॥ २९९ ॥ चत्वारो वातजा मेहा इति मेहाश्च विंशतिः ॥

મેહ એટલે પરમો તે રોગ વીસ પ્રકારે થાયછે. ૧ ઈક્ષુમેહ, ૨ સુરામેહ. ૩ પિષ્ટમેહ, ૪ સાંદ્રમેહ, ૫ શુક્રમેહ, ૬ ઉદકમેહ, ૭ લાળામેહ, ૮ શીતમેહ, ૯ સિકતામેહ, ૧૦ શનૈર્મેહ; એ દસ પ્રકારનો પરમો કફકોપે થાયછે. ૧૧ મંજીષ્ઠમેહ, ૧૨ હરિદ્રામેહ ૧૩ નીળમેહ, ૧૪ રક્તમેહ, ૧૫ કૃષ્ણમેહ, ૧૬ ક્ષારમેહ, એ છ પ્રકારે પિત્ત કોપે થાયછે. ૧૭ હસ્તિમેહ, ૧૮ વસામેહ. ૧૯ મજ્જામેહ, ૨૦ મધુમેહ; એ ચાર પ્રકારે વાયુના કોપે થાયછે.

૧ ઈક્ષુ મેહમાં કંઈક ડોળવાએલા છતાં ચિકાસ ભરેલો, સેરડીના રસ જેવો મિઠો. લિંગમાર્ગે પરમો પડેછે. ૨ સુરામેહમાં દારૂ જેવો લિંગમાર્ગે પરમો પડેછે, તે પાત્રા ઉપર રાખવાથી નિતરેલા પાણી જેવો ઉપર અને નીચે રગડો બંધાય છે. ૩ પિષ્ટ મેહમાં રૂવાટા ઉભા થાય, લોટ જેવો સફેદ રંગે પરમો પડેછે. ૪ સાંદ્ર મેહનો પરમો પડવાથી ઠરીને બંધાય છે. ૫ શુક્ર મેહમાં લિંગમાર્ગે શુક્ર ધાતુ એટલાકે પિશાબ સાથે ભળેલો પરમો પડેછે. ૬ ઉદક મેહમાં પાણી જેવો સ્વચ્છ સફેદ વર્ણે, ગંધ વિનાનો, શીતળ અતિશય એવી રીતે પરમો પડેછે. ૭ લાળા મેહ મધ્યે તાણા કે વાણા નિકળે. લાલ રંગે પરમો પડેછે. ૮ શીત મેહ અત્યંત શીતળ અને ઘણું કરી સવાદે મધુર પરમો પડેછે. ૯ સિકતામેહ રેતી જેવા દાણાનો પરમો પડેછે. ૧૦ શનૈર્મેહને લિંગમાર્ગે થોડો થોડો મંદ પરમો પડેછે. ૧૧ મંજીષ્ઠ મેહને આમગંધી અને મંજીઠના રંગ જેવો

પરમો પડેછે. ૧૨ હરિદ્રા મેહને હલદના રંગે ક્ષીણ પરમો પડેછે. ૧૩ નીળમેહને ગુલીના રંગ જેવો પરમો પડેછે. ૧૪ રક્ત મેહને આમગંધિ, ઉષ્ણતા, ખારા સવાદે, લાલ રંગે પરમો પડેછે. ૧૫ કૃષ્ણ મેહને મેશનો કાળા રંગ જેવો પરમો પડેછે. ૧૬ ક્ષારમેહ; ગંધે, રંગે, વર્ણે, સ્પર્શે, સવાદે સમુદ્રના પાણી જેવો પરમો પડેછે. ૧૭ હસ્તીમેહને જેમ હાથીને મુખ ઉપરથી હમેશા મેદનો મધુર રસ ઝરેછે, તેપ્રમાણે ચિકાસ ભરેલો લિંગમાર્ગેથી થોડો થોડો પરમો ટપકેછે. ૧૮ વસામેહને ચરબી, માંસ, મજ્જા. ચામડીનો સાર, રક્તદ્રવ, સર્વે ભેળસેલ થઈ વારંવાર પરમો પડેછે. ૧૯ મજ્જામેહને હાડ, સાંધા ગળાઈ તેનો કે ચરબીનો રસ થઈ ભેળસેલ અથવા એખલાનો રસ પડેછે. ૨૦ મધુમેહને તુરો, મધુર, રૂક્ષ એવો પરમો પડેછે.

પિશાબનો ડોળ્વનો સોમરોગ.

सोमरोगस्तथा चैकः

સોમ રોગ એક પ્રકારે થાયછે, તે આખાં શરીરમાંથી પાણી કે ધાન્યાદિક ખોરાકનું પાચન ન થતાં તેના રસમાંથી ડોળ્વ થઈ પિશાબ માર્ગે સોમ રોગ પડેછે.

પરમામાહેથી પ્રમેહપિટિકા રોગ.

प्रमेहपिटिका दश ॥ ३०० ॥ शराविका कच्छपिका पुत्रिणी विनतालजी ॥ मसूरिका सर्षपिका जालिनी च विदारिका ॥३०१॥ विद्रधिश्च दशैताः स्युः पिटिका मेहसंभवाः ॥

પરમાથી પિટિકા રોગ દસ પ્રકારે થાયછે. પરમાનો રોગ થવાથી તેનો ઉપાય કે દરકાર ન કરવાથી શરીરનું લોહી માંસ ચરબી બગડીને પિટિકા એટલે પરમાનો ઉપાય ન લાગુ પડવાથી દસ પ્રકારે ભવે, કંઠે, ગળે, પગે, જાંગે, ખાંદે, વિભાગે, ગરદને, વાંસે, ઝાડાની જગ્યાએ, લિંગે, હાડકાના સાંધામાં, વૃષણે ઈત્યાદિક સાંધામાં માંસવિશેષ જ્યાં હોય તે સ્થાને ફોડલાસાથે ગાંઠો ઉત્પન્ન થાયછે.

૧ શરાવિકા નામે ગાંઠ ફોડલા સાથે તે મધ્યે ઉંડાણે અને ઘેરાવે રેકરા જેવી ઉલટા કોડિયા જેવી હોયછે. ૨ કચ્છપિકા નામે ગાંઠ ફોડલા

સાથેની ને બળતર છતાં તેનો આકાર કાચબાની પીઠ જેવો હોયછે. ૩ પુત્રિણી નામે હોય તે મ્હોટી છતાં તે ઉપર બીજી બારીક બારીક ગાંઠો કે ફોડલી થાયછે. ૪ વિનતા નામે હોય તે મ્હોટી છતાં શ્યામવર્ણે વાંસા કે પેટ ઉપર થાય તેની નીચેથી અતિ તનખ મારી વેદના થાયછે. ૫ અલજી નામે અતિ મ્હોટી ગાંઠ સાથે ફોડલો થઈ તે જગ્યાની ચામડીને દાહ બળતર પસરે અને બીજા ગડ ગુમડા, કેસતોડની ગાંઠોસહિત લાલ કે શ્યામ-વર્ણે થાય, તેથી તૃષા, દાહ, ભ્રમ, તાવ ઈત્યાદિ ઉપદ્રવ થાયછે. ૬ મ-સૂરિકાને ગાંઠ સાથે ફોડલો મસુરના દાણા પ્રમાણે થાયછે. ૭ સર્ષપિકાની ગાંઠ સાથેની ફોડલી સફેદ શરસિના દાણા જેવી થાયછે. ૮ જાળિની નામે ગાંઠ ને તીવ્ર દાહ છતાં માંસને ઘેરાયલી હોયછે. ૯ વિદારિકાને વિદારી નામે કંદમૂળ જેવી મ્હોટી ગાંઠ થઈ શખ્ત થાયછે. ૧૦ વિદ્રધિકા નામે નાસૂર, પાઠાની ગાંઠો કે ફોડલા સાથે વિદ્રધિ રોગ સહિતના જેવા લક્ષણો થાયછે.

માંસ ચરબી અતિશય વધીને મેદો રોગ.

मेदोदोषस्तथा चैकः

મેદો રોગ એક પ્રકારે થાયછે. તે મેદ સર્વે પ્રાણીમાત્રને હૃદયસ્થાને ઘણું કરીને રહેછે, પણ જે માણસને મેદો રોગ થાય, તેના પેટને ઘણું કરીને વધારે અને તેમાનો મેદ વધેથી માર્ગો બંધ થઈ કોઠાની અગ્નિમાં વિશેષે કરીને પ્રવેશ કરવા લાગેછે, અને અગ્નિને પ્રદીપ્ત કરી આહારને શોષિ લેછે, માટે માણસે ખાધેલો ખોરાક જલદી પાચન થઈને બીજો ખોરાક ખાવાને ઈચ્છા કરે અને કદાચીત જમવાની વેળા ચુકી કે, ખોરાક ન ખાધાથી અથવા તે વખત ટળેથી મ્હોટા અનેક રોગ ઉત્પન્ન થાયછે, તેમાં પ્રમેહ પિટિકા, તાવ, ભગન્દર, વિદ્રધિ, નાસૂર ઈત્યાદિક વાયુના રોગમાંથી કોઈ પણ રોગ થાયછે, અને વિશેષે કરીને અગ્નિ તથા વાયુનો ઉપદ્રવ થાયછે, કોઈ મેદો રોગનો માણસ મર્ણ પામેથી તેનું શરીર બળતી વખતે, જેમ વનમાં આગ લાગી વાયુ જોરે ઝપાટામાં વન બળી ખાક થાયછે, તેમ મેદ રોગે શરીર બળેછે, પણ તે મેદ ઘણો કોપાયમાન થવાથી એકા-એક વાયુનો કોપ થઈ વાતાદિક ત્રણે દોષનો કોપ થઈ અતિ મ્હોટો ભયંકર રોગ થાયછે, વખતે તાકીદે મર્ણ લાવેછે, અને તે રોગથી શરીર ઘણું

મ્હોટું થવાથી માણસનું પેટ, સ્તન કુલા એ સર્વે ચાલતી વખતે લટલટ હાલેછે, અને કોઈ કોઈ વખતે વિસર્પ, ભગન્દર, તાવ, અતિસાર, પરમો, અર્શ, શ્લીપદ ઈત્યાદિક રોગ થાયછે, તે રોગની ઉત્પત્તીમાં કફ ઉત્પન્ન કરનાર વસ્તુનો અતિશય ખોરાક વારંવાર શાકર, ખાંડ, ગોળ કે મિઠાસ ભરેલો રસ, સ્નેહપાન, ઘી, પકવાન્ન, દુધ, દહી, લાડુ, બરફી, પેંડા, માવો ઈત્યાદિક મિઠાઈ ખાધાથી મેદ વધેછે, તેથી કરીને હાડકા અને શુક્રધાતુમાં વધારો થતાં જે ખરાબ ધાતુ વધવાથી તેનું પોષણ ન થતાં અતિ મેદ વધવાથી તે માણસ સર્વે કામ કાજ, કર્મો વિશે અશક્ત થાય, અલ્પશ્વાસ, તૃષા, ભ્રમ, નિદ્રા અને શ્વાસ વિરૂધ, નિદ્રામાં અતિશય ઘોરે, શરીરે ગ્લાનિ, શક્તિહીણ, છિંકો, દુરગંધ ભરેલો પરસેવો, અલ્પ-પ્રાણ, અલ્પમૈથુન ઈત્યાદિક રોગ ઉત્પન્ન થાયછે.

સોજો શોથ રોગ.

शोथरोगा नव स्मृताः ॥ ३०२ ॥ दोषैः पृथग्द्वयैः
सर्वैरभिघाताद्विषादपि ॥

શોથ રોગ નવ પ્રકારે થાયછે. તેને સોજો કહેછે, તે પોતાના કારણે વાયુનો કોપ કે દુષ્ટ થઈ, લોહી, પિત્ત કફને પકડી નસો માર્ગે લઈ જાય, પછી તે વાયુ લોહી પિત્તની શક્તિ અટકાવી, ચામડી, માંસને આશ્રયથી જે સોજો થાય, તેને અકસ્માત ઉત્પન્ન કરેછે.

૧ વાતશોથ નામે સોજો વિનાકારણે એકાએક થાય, વધે, ઘટે દુઃખ સહિત થાય, અને દિવસે દુઃખમાં વધારો ન થાય, સોજો ચંચળ છતાં તેની ચામડી પાતલી અને ખડબચડી, અરૂણવર્ણે, તાંબુસ કે કળાસ વર્ણે થાય. તે ઉપર હાથ ફેરવેથી દુઃખ ન થાય, ઝઝુણી આવે, રૂવાટા ઉભા થાયછે. ૨ પિત્ત શોથનો સોજો દાહસહિત છતાં હાથ લગાડેથી દુઃખે, તેનો પાક થાય, નબળો છતાં ઉષ્ણતા, ગંધસહિત હોય, રતાસ કે પીળારંગે હોયછે તેથી ભ્રમ, તાવ, પરસેવો, તૃષા, ઉન્મત્ત, આંખો લાલ રંગે થાય ઈત્યાદિક પિત્ત કોપના લક્ષણો થાયછે. ૩ કફ શોથનો સોજો રાત્રે બળવાન થાય, તેની ઉત્પત્તિ ઘણું કરીને કફકોપકર્તા પદાર્થનું અતિ સેવનેથી વૃદ્ધિ થાય, અતિ દુઃખદાયક પીડા થાય, તે સોજો નર્મ ન થતા અને અગ્નિ ઈત્યાદિક ઉષ્ણ વસ્તુનો ઉપાય કરેથી શાંતિ થાયછે, અતિ વજન છતાં

સ્થિર, પાંડુરવર્ણું, અજીર્ણ મુખેથી લાળ ગળે, નિદ્રા, ઉલટી, અગ્નિમંદ ઈત્યાદિક કફ કોપના લક્ષણો થાયછે. ૪ વાત પિત્ત શોથને વાયુ, પિત્ત કોપ સહિત બેહુના લક્ષણો મળેલા હોયછે. ૫ પિત્ત કફ શોથને પિત્ત કફ બેહુના લક્ષણો હોયછે. ૬ વાત કફ શોથને કફ વાયુ બેહુના લક્ષણો હોયછે. ૭ ત્રિદોષ શોથને વાયુ, પિત્ત અને કફસહિત કોપના લક્ષણો હોયછે. ૮ અભિઘાત શોથને શસ્ત્રાદિક અથવા કુહાડાદિકનો ઘા પડવાથી, તે ઉપર શીતળ વાયુ લાગેથી, ભિલામાનું તેલ કે કુચલી અથવા ખાજવણી વેલની શિંગના રૂવાટા લગાડેથી શરીરે વિંછુ કે સર્પોના ડંખ લાગેથી જેવી રીતે આખા શરીરે પસરેછે તેવી રીતે આખા શરીરે સોજો ઉત્પન્ન થાય, તે સોજો ઉષ્ણ છતાં, લાલવર્ણે થાય, તેને ઘણું કરી પિત્ત કોપના લક્ષણો થાયછે. ૯ વિષ શોથનો સોજો. વિંછુ કે સર્પાદિ ઝેરી પ્રાણી, માણસના શરીર ઉપર ફરી જવાથી કે પિશાબ કીધાથી અથવા તેનો ઝાડો, પિશાબ કે ધાતુસ્ખલિત, હરયેકના વસ્ત્ર ઉપર પડી હોય, તે ઝેરથી ભીંજાયલું વસ્ત્ર હરયેક વખતે કોઈ માણસે પેરવાથી અથવા ઝેરવિનાનો પ્રાણી માણસ અને જનાવર ઈત્યાદિકના દાંત, દાઢ, નખો શરીરને ઘસાવાથી અથવા ઝેરી વનસ્પતિ કે, ઝાડસાથે શરીર લાગવાથી, વાયુનો સંબંધ ઝેરી ઝાડ સાથે થવાથી, ઝેરી વાયુ થઈ તેનો ફુફાટો લાગવાથી અથવા વચનાગ ઈત્યાદિક ઝેરી વસ્તુ શરીરે લગાડેથી ચામડીને ઝેર પસરી શરીરે સોજો આવેછે, અને તે સોજો ચંચળ થવા છતાં નબળો થાય અને નીચે ઉતરતો જાયછે, તે એક જગ્યાએથી બીજી જગ્યાએ ખસેછે, તેને દાહસહિત દુઃખની પીડા થાયછે.

વધરાળ, વૃદ્ધિ રોગ.

वृद्धय: सप्त गदिता वातात्पित्तात्कफेन च ॥२०३॥ रक्तेन मेदसा मूत्रादंत्रवृद्धिश्च सप्तम: ॥

વૃદ્ધિ રોગ એટલે વૃષણ મ્હોટો થાય, તે રોગ સાત પ્રકારે થાયછે; તેમાં વાયુ પોતાના કારણે ભયંકર કોપીને સોજો અને શૂળ પ્રથમ અંડસંધિમાં ઉત્પન્ન થતાં પછી તેના દરવાજેથી વૃષણમાં જઈ, વૃષણવાહિની નસોને જુલમે બગાડી બેહુ ગોલીયો અને તે ઉપરની ચામડીનો વધારો કરેછે.

૧ વાત વૃદ્ધિ એટલે વાયુથી ફુગેલી ધમણ જેવો વૃષણ થાય, તેને હાથે

દબાણ કરેતો વાયુનો શબ્દ નિકળે તેજહિણ દેખાય, કારણવિના દુઃખ થાયછે. ૨ પિત્તવૃદ્ધિ એટલે ઉંબરાના પાકેલા ફળ જેવો વૃષણ તાંબુસ વર્ણે, નર્માસ, બળત્તર, ઉષ્ણ, પાકસહિત થાયછે. ૩ કફવૃદ્ધિ એટલે વૃષણે શીતળતા, વજન, ચિકાસ, શખ્ત, ખજવાળ, દુઃખ અલ્પ, થાયછે. ૪ રક્તવૃદ્ધિ એટલે વૃષણમાં બગડેલું લોહી ભરાવાથી ઘણું કરી પિત્તકોપના લક્ષણો થવા છતાં, વૃષણ ઉપર કાળારંગે ફોડલાથી વીટલાયછે. ૫ મેદોવૃદ્ધિને કફ વૃદ્ધિના લક્ષણસહિત નર્માસ, તાડના પાકેલા ફળ જેવા કાળા રંગે ગોળાકાર થાયછે. ૬ મૂત્રવૃદ્ધિ એટલે પિશાબની હાજત અટકાવેથી થાયછે, તેના વૃષણ ચાલતી પાણી ભરેલી પખાલની રીતે હાલે, પીડાસહિત છતાં નર્મ હોય. તેને મૂત્રકૃચ્છ્ર રોગને મળતા લક્ષણ વેદનાસહિત થાય, વૃષણની ગોળીનો નીચેનો ભાગ હાલેછે. ૭ આંત્ર વૃદ્ધિને અતિ વાયુ કરનાર ખોરાક ખાધાથી, અતિ શીતળ પાણીમાં બુડકી મારી નાહવાથી, પિશાબની હાજત અટકાવેથી, પિશાબની હાજત લાવવાને અતિ ઉપાય કરવાથી, શરીર ઉપર અતિ ભાર ઉપાડેથી, અતિ માર્ગ ચાલવાથી, ચડઉતર કરવાથી, અડચણની જગ્યાને કે નસને દુઃખ થઇ તે ખસવાથી, બળવાનથી અંગયુદ્ધ કરવાથી, ઇત્યાદિ કારણો અતિશે થવાથી વાયુ અટકી અથવા તેનો કોપ થઈ ન્હાના ન્હાના આંતરડાના એક ભાગમાં રોગ ઉત્પન્ન થઇ તેમાં વાયુસહિત રોગ ભરાય, અને નીચલા ભાગે અથવા અંડસંધિ પેડુની આજુબાજુમાં જઈ, ત્યાં ગાંઠરૂપે સોજો કે બદનામે ગાંઠ ઉત્પન્ન થાયછે, પછી તે જગ્યાએ ગાંઠરૂપે રહેવા છતાં તેનો ઉપાય લાગુ ન પડવાથી કે દરકાર ન કરેથી તે પાકી જઇ રોગ વાયુબળે વૃષણમાં ઉતરીને ફુગવે અકડાવેછે, એકાદવેળાએ તે વૃષણ ડાબેથી ઉપર ચડી વાયુનો ચમત્કારી શબ્દ થાય અને મુકેથી અગાઉની જગ્યા પાછી ફુગેછે.

અંતરગળ, અંડવૃદ્ધિ રોગ.

अंडवृद्धिस्तथा चैकः

અંડવૃદ્ધિ રોગને કુરંડપણ કહેછે, તે રોગ એક પ્રકારે થાય, અગાઉ વૃદ્ધિ અને આંત્ર વૃદ્ધિ રોગના લક્ષણો લખેલાં છે, તેને મળતા લક્ષણો એ રોગને થાયછે.

ગંડમાળા, ગળગંડ, અપચી રોગની ગાંઠો.

तथैका गंडमालिका ॥ २०४ ॥ गंडापचीति चैका स्यात्

૧ ગંડમાળા, ૨ ગળગંડ, ૩ અપચી એ ત્રણે રોગ જુદા જુદા પ્રકારે થાયછે. તેમાં ૧ ન્હાના કે મ્હોટા બોર અથવા આમળા જેવી ગાંઠો, કાખે, હાથને સાંધે, ગરદને, ગળે, અંડસંધિને, પેડું ઈત્યાદિ સાંધામાં કફથી મેદ દુષ્ટ થઈને થાય, તેને ગંડમાળા કહેછે, તે ગાંઠો મળેલી એક પછી એક કે સાથે નિકળેછે, અને તે લાંબે દિવસે હળવે હળવે પાકેછે. ૨ ગરદને, ગળે, દાઢીને, હડપચીને સાંધાવોમાં વૃષણ જેવી ગાંઠ રૂપે સોજો ન્હાનો કે મ્હોટો થાય, તે ઝુલતો હોય, તેને ગંડ અથવા ગળગંડ કહેછે, તે ગળાસ્થાને વાયુ અને કફ બગડીને મેદ ગરદન દુષ્ટ કરી ઉત્પન્ન થાયછે. ૩ અગાઊ જણાવેલી ગળગંડની કેટલીક ગાંઠો પાકીને ફુટી વહેછે અને તે નહતી તેવી ચામડી થાય, અને ફરીને બીજી ગાંઠો ઉત્પન્ન થાય, તેનો સંબંધ ઘણા દિવસ રહેછે, તેને અપચી રોગ કહેછે.

ઉઠમી ગાંઠ, ગ્રંથિરોગ.

ग्रंथयो नवधा मताः ॥ त्रिभिर्दोषैस्त्रयो रक्ताच्छिराभिर्मेदसो व्रणात् ॥ अस्थ्नां मांसेन नवमः

ગ્રંથિ રોગનવ પ્રકારે થાયછે, તેમાં વાતાદિ ત્રણે દોષ, માંસ લોહી મેદ સર્વેને બગાડી નસો મારફતે ફરીને ગોળાકાર ટેકરાજેવી ઊંચી ગાંઠો સોજા સાથે ઉત્પન્ન કરેછે.

૧ વાત ગ્રંથિની ગાંઠોથી શરીરે સર્વે અવયવને શૂળો ભોકાય, ખેંચાય, તોડાય, અતિ દુઃખ થાય, શરીર કળાસ વર્ણે છતાં નર્માસ હોય, તેનો દેખાવ પથરના ઉલટા ખલ જેવી હોય, પરૂ અને દુષ્ટ લોહીને વેહવડાવેછે. ૨ પિત્ત ગ્રંથિની ગાંઠ અત્યંત બળત્તર, સહિત છતાં તેમાંથી રાંધ્યા જેવી બાફ નિકળે, અગ્નિમાં બળ્યાં જેવી ઈત્યાદિ વેદના છતાં લાલ કે પીળા વર્ણે હોયછે, તે ગાંઠ ફુટીને અત્યંત દુષ્ટ લોહીને વેહવડાવેછે. ૩ કફ ગ્રંથિની ગાંઠ શીતળ છતાં શરીરવર્ણે હોય, પીડા અલ્પ, ખજવાળ, પથરજેવી શખ્ત લાંબે દિવસે વધે, પાકેછે, અને ફુટેથી સફેદ શખ્ત પરૂ વેહેછે. ૪ રક્તગ્રંથિની ગાંઠ, લોહીનો બગાડ થઈ ગાંઠો ઉત્પન્ન થાય, તેના લક્ષણો પિત્ત ગ્રંથીને મળતો થાયછે. ૫ શિરાજ ગ્રંથિની ગાંઠ, જે બળવત મા-

ણુસસાથે તેની બરોબરી કરવામાટે નબળો માણુસે બળથી હમેશા અતિ ચાલે, તે થાકોટાથી વાયુનો કોપ થઈ, ઝીણી ઝીણી નસોનો સંકોચ દુઃખસહિત શોષણ થાય, અને ગોળાકાર ઉંચી ભરેલી ગાંઠો ઉત્પન્ન થાય, તે ચંચળ, દુઃખસહિત છતાં કષ્ટસાધ્ય હોય, અને દુઃખવિનાની પણ હોય, અચંચળ, મ્હોટી મર્મસ્થાને, ભવેં, કંઠે, ગળે, પગે, ખાંધે, વાંસે, ગુદે, ગરદને, સીંત્રે, હાડે ઉત્પન્ન થયલી ગાંઠ અસાધ્ય હોયછે. ૬ મેદો ગ્રંથિની જે ગાંઠ શરીરની વૃદ્ધિ થવાથી મ્હોટી થાય, અને શરીર ક્ષીણ થવાથી ગાંઠ પણ ન્હાની થાય, ચિકણી છતાં અતિ ખજવાળસહિત હોય, તનખસહિત દુઃખ, ફુટેથી દૂધનો માવો કે ઘીના રવા જેવો મેદ વહેછે. ૭ વ્રણગ્રંથિ, હથિયારે ઘાયલ થવાથી વિધની ગાંઠ થાયછે. ૮ અસ્થિ ગ્રંથિ, વાતાદિક ત્રણે દોષનો કોપ થઈ હાડકાને બગાડી, તેમાંથી ગાંઠો ઉત્પન્ન થાયછે. ૯ માંસ ગ્રંથિ, માંસ બગડીને તેમાંથી ગાંઠો ઉત્પન્ન થાય, તે અગાઉ જણાવેલી વિધની ગાંઠો, હાડકાની ગાંઠોમાં જે દોષનો કોપ હોય તેના લક્ષણો થાયછે.

ગાંઠનો અર્બુદ રોગ.

षड्विधं स्यात्तथार्बुदम् ॥ वातात्पित्तात्कफाद्र-
क्तान्मांसादपि च मेदसः ॥ ३०६ ॥

અર્બુદ રોગ ૭ પ્રકારે થાયછે, તેમાં ૧ વાતાર્બુદ, ૨ પિત્તાર્બુદ, ૩ કફાર્બુદ, ૪ રક્તાર્બુદ, ૫ માંસાર્બુદ, ૬ મેદોર્બુદ. શરીરમાં વાતાદિ ત્રણે દોષનો કોપ થઈ, લોહી અને માંસને બગાડી ગોળાકાર, સ્થિર, મંદરૂજ, મ્હોટી, જેના મુળ અતિ ઉંડાણમાં જાય તેવી, લાંબી મુદતે વધે અને પાકે તેવી માંસની ગાંઠો ઉપડે, તેને વૈદ્ય શાસ્ત્ર જાણનારા અર્બુદ રોગ કહેછે. તેમાં ૧ થી ૪ પ્રકારના અર્બુદના લક્ષણ અગાઉ લખેલા વાતાદિક ગ્રંથિ રોગને મળતા હોયછે. ૫ વાતાદિ ત્રણે દોષનો કોપ થઈ લોહી અને નસો શોષાઈ, આસ્તેથી થોડું પાકે અને વહે એવા પ્રકારે માંસનો ગોળો ઉત્પન્ન થાય, તે ગાંઠ માંસના દાણાથી ભરેલી છતાં જલદીથી મ્હોટી થાય, અને હમેશાં લોહી વહે, તે રોગથી માણસનું લોહીનો ક્ષયસંબંધી ઉપદ્રવે દુઃખી થઈ શરીર સફેદ વર્ણ, નિસતેજ થાયછે, તેને રક્તાર્બુદ કહેછે તે અસાધ્ય રોગ છે. ૬ હરયેક માણસના શરીરે મૂઠથી કે

મુક્કી ઇત્યાદિનો માર કે પ્રહારાદિકે પીડાયલાને તત્સંબંધી માંસ દુષ્ટ થઈ, તેમાંથી મંદ વેદનાસહિત ચીકાસ ભરેલી શરીરજેવી વિસ્તારે ગાંઠ પથર જેવી શખ્ત અને ન પાકેલી છતાં સ્થિર એવી રીતે માંસના ગોળાજેવો સોજો ઉત્પન્ન થાય, તેને માંસાર્બુદ કહેછે, અથવા કોઈ માણસનો સ્વભાવ માંસ ખાવાનો અતિશય હોય, તેના શરીરનું માંસ દુષ્ટ થઈ, તેમાંથી મ્હોટા માંસાર્બુદ ઉત્પન્ન થાય, તે અસાધ્ય જાણવા અને ઉપર લખેલા કેટલાક સાધ્ય અર્બુદો છે, તે મધ્યે પણ કંઈક અસાધ્ય હોયછે, જે અર્બુદ સર્વકાળ વહેછે, જે મર્મસ્થાને, હરએક સાંધે કે નસો ઉપર ઉત્પન્ન થઈ, સ્થિર હોય તે અર્બુદ અસાધ્ય જાણવા, પછી જેવા બીજા પણ બેહુ પ્રકારે અર્બુદ હોયછે, તેના નામ અને લક્ષણમાં પ્રથમ અર્બુદ થવાથી તેની પાસે બીજા ઉત્પન્ન થાય, તેને અધ્યર્બુદ કહેછે, અને એક વખતે અથવા એક પછી એક બે ઉત્પન્ન થાય, તેને દ્વિરર્બુદ કહેછે, એ બેહુ અસાધ્ય છે.

હાથ પગ ઈત્યાદિ સ્થાને સોજાનો શ્લીપદ રોગ.

श्लीपदं च त्रिधा प्रोक्तं वातात्पित्तात्कफादपि ।

શ્લીપદ રોગ વાત, પિત્ત અને કફ એ ત્રણે દોષથી ત્રણે પ્રકારે થાયછે. તેમાં તાવસહિત છતાં અંડસંધિમાં પ્રથમ પીડા થઈ, એકપછી એક કોઈ માણસના પગે સોજો ઉતરેછે, તેને શ્લીપદ રોગ કહેછે, તે વીશે કેટલાક વૈદ્ય કહેછે કે એ રોગ હાથે, પગે, કાને, આંખે, લિંગે, નાકે ઓઠે એટલા સ્થાને થાયછે, તેનું કારણ જે દેશમાં સર્વકાળ જગ્યા જગ્યાએ ખરાબ કે મેલું પાણી લાંબા દિવસસુધી સાંચવેલું રહેછે, તે દેશમાં અને જે દેશની સર્વે ઋતુવોમાં હવા પાણી બગડેછે, તેવા દેશમાં એ રોગની ઉત્પત્તિમાં વધારો થાયછે.

૧ વાત સંબંધે શ્લીપદનો સોજો લાકડા કે પથર જેવો શખ્ત કાળાસવર્ણે નિસતેજ, તત્સંબંધી ચામડીમાં ઘણી વેદનાસહિત વિનાકારણે તાવ અને પીડા ઉત્પન્ન થાયછે. ૨ પિત્તસંબંધી શ્લીપદને દાહ, તાવસહિત છતાં પીળાવર્ણે, નર્માસે, સોજો હોયછે. ૩ કફસંબંધી શ્લીપદને ચિકાસ, સફેદ વર્ણે, વજનદાર, ચંચળ સોજો હોયછે.

કોઠામાં અને ઉપર ઉઠમી ગાંઠનો વિદ્રધિ રોગ.

विद्रधिः षड्विधः ख्यातो वातपित्तकफै-
स्त्रयः ॥ ७ ॥ रक्तात् क्षतात् त्रिदोषैश्च

વિદ્રધિ રોગ પોતાના સ્વ-કારણેથી વાતાદિ ત્રણે દોષનો કોપ થઈ ચામડી લોહી, માંસ મેદને બગાડી હાડકાં સુધી જઈ હલવે હલવે મ્હોટો ભયંકર રોગની ગાંઠ થાય, તેના મૂળ ઘણા ઉંડાણમાં હોય, તે લાંબે દિવસે પીડાસહિત ગોળાકાર અથવા લાંબી એવી ઊઠમી ગાંઠમો સોજો ઉત્પન્ન થાયછે, તે રોગ ૭ પ્રકારે થાયછે.

૧ વાતવિદ્રધિની ગાંઠનો સોજો કળાસવર્ણે, તાંબુસવર્ણે છતાં ઉંચી-નીચી કે ગંઠાયેલી હોય અને તેના મુખ અંદરના ભાગમાં હોય, તેમાં અનેક પ્રકારે વેદના થાયછે. ૨ પિત્તવિદ્રધિ ઉંબરાના પાકેલા ફળજેવી ગાંઠ શ્યામવર્ણે, તાવ, દાહસહિત થાય, તે જલદી ઉત્પન્ન થાય અને પાકેછે. ૩ કફવિદ્રધિ ઉઠમાં કોડીયા જેવી મ્હોટી છતાં, પાંડુરવર્ણે, શીતળ, ચિકણી, મંદ વેદનાથી હોય, તેની ઉત્પત્તિ પછી લાંબે દિવસે પાકેછે. ૪ રક્તવિદ્રધિ કાળા રંગના ફોડલાથી વ્યાપ્ત છતાં કળાસવર્ણે હોય, તેના લક્ષણ પિત્તકોપ વિદ્રધિને મળતા હોય, અતિ વેદના, દાહ, તાવસહિત હોયછે. ૫ ક્ષતવિદ્રધિ લાકડાકે પથરાદિકથી શરીરે મારકે અભિઘાત થવાથી અથવા ક્ષત કે ધારા પડવાથી અપરેજી કરનાર માણસને ક્ષતજન્ય, ગરમી સંબંધે વાયુનો કોપ થઈ લોહીસહવર્તમાને પિત્તને મળી વિદ્રધિ રોગ ઉત્પન્ન કરેછે, તેમાં તાવ, દાહ, તૃષા ઇત્યાદિક પિત્તના લક્ષણો થાયછે, તેને આગંતુક વિદ્રધિ કહેછે. ૬ ત્રિદોષવિદ્રધિ શ્યામવર્ણે સફેદવર્ણે છતાં, પીડા, દાહ, ખજવાળ ઇત્યાદિક અનેક પ્રકારે ઉપદ્રવસહિત થાય, તેમાં અનેક વિધેથી વહેછે, તે ગાંઠ મ્હોટી, ઉંચી, નીચી, ગંઠાયેલ હોય અને તેના મુખ અને મૂળ મ્હોટા છતાં ઉંડાણ અંદર હોયછે, એકાદ વખતે એક બાજુએ પાકે, વખતે જલદી કે લાંબે દિવસે પાકે તેને સન્નિપાત વિદ્રધિ કહેછે; એ ૭ પ્રકારે બાહ્ય વિદ્રધિઉપર થતી જાણવી, અને બીજો ભેદ અભ્યંતર વિદ્રધિ નામે કોઠાની અંદર ગાંઠ રૂપે થાયછે. તેના સ્થાનો ગુદ, બસ્તિ, નાભિ, અંડસંધિ, પાસળી, વૃક્કે, પ્લીહે, યકૃત, ક્લોમે ઉત્પન્ન થાયછે, તેના લક્ષણ બાહ્ય વિદ્રધિસરખાજ થાયછે.

વિંધ, ઘારૂ, જખમ, નાસૂરનો વ્રણરોગ.

व्रणाः पंचदशोदिताः ॥ तेषां चतुर्धा भेदः स्यादागंतुर्देहजस्तथा ॥ ८ ॥ शुद्धो दुष्टश्च विज्ञेयस्तत्संख्या कथ्यते पृथक् ॥ वातव्रणः पित्तजश्च कफजो रक्तजो व्रणः ॥ ९ ॥ वातपित्तभवश्चान्यो वातश्लेष्मभवस्तथा ॥ तथा पित्तकफाभ्यां च सान्निपातेन चाष्टमः ॥ १० ॥ नवमो वातरक्तेन दशमो रक्तपित्ततः ॥ श्लेष्मरक्तभवश्चान्यो वातपित्तासृगुद्भवः ॥ ११ ॥ वातश्लेष्मासृगुत्पन्नः पित्तश्लेष्मास्रसंभवः ॥ सान्निपातासृगुद्भूत इति पंचदश व्रणाः ॥ १२ ॥

વ્રણરોગ પંદર પ્રકારે થાયછે, તેના ચાર ભેદ છે, તેમાં એક, આગંતુક વ્રણ; શસ્ત્રાદિકના જખમથી નાસૂરની ગાંઠ ઉત્પન્ન થાયછે; બીજી દેહજ વ્રણ; વાતાદિક ત્રણે દોષ દુષ્ટ થઈ, તેમાંથી થાયછે. ત્રીજી શુદ્ધ વ્રણ; જે નાસૂરની ગાંઠ જીભની પીઠ સરખી અને સ્વરૂપે તેવીજ છતાં નર્માસે, ન્હાની, ચિકણી, પીડાસહિત, શખ્ત ભરેલી, વહેતી ન હોયછે, ચોથી દુષ્ટ વ્રણ; જે નાસૂરની ગાંઠ દુર્ગંધ અને પરૂ સહિત એવી જે દુષ્ટ લોહીને હમેશા વેહવડાવે, અંદરથી પોકળ ઝાડજેવી, ઢોલજેવી હોય, અને લાંબા દિવસસુધી રહેછે, તેનાં શુદ્ધ વ્રણના લક્ષણથી ઉલટી રીતે છતાં, દુર્ગંધસહિત હોયછે; એવી રીતે ચાર પ્રકારે જાણવા.

૧ વાત વ્રણ; જે નાસૂરની ગાંઠ શખ્ત બંધાયલી છતાં હાથ લગાડેથી મજબુત, તેનું વેહવું મંદ, વેદના અતિશય, સોઈથી ટોંચવાજેવી વેદના, ઘડીઘડીમાં ઠણઠણવું, ઠણકા લાગે, શ્યામ, કે તાંબુસવર્ણે ઈત્યાદિક લક્ષણોસહિત હોયછે, ૨ પિત્તવ્રણ; જે વ્રણમાં તૃષા, તાવ, મૂર્છા, જરા ભીનાસે, દાહ, અતિશય વેદના, દુર્ગંધસહિત વહે ઈત્યાદિક લક્ષણો થાયછે. ૩ કફવ્રણ; અતિ સુવાળું, વજનદાર, ચિકણું, વેદના મંદ સહિત છતાં, તેમાંથી પાંડુરવર્ણે ચિકાસ નિકળે અને લાંબે દિવસે પાકેછે. ૪ રક્ત વ્રણ; જે વ્રણ તાંબુસ વર્ણે છતાં હમેશા લોહીને વેહવડાવેછે. ૫ વાત પિત્તવ્રણ; એ બેહુના લક્ષણો થાયછે. ૬ વાતકફ વ્રણ. ને એ બેહુના લક્ષણો થાયછે. ૭ પિત્ત કફ વ્રણને એ બેહુના લક્ષણો થાયછે. ૮ સન્નિપાત વ્રણને વાયુ, પિત્ત, કફના લક્ષણોસહિત થાયછે. ૯ વાતરક્ત વ્રણને એ બેહુના લક્ષણો થાયછે. ૧૦ રક્ત પિત્ત વ્રણને એ બેહુના લક્ષણો

થાયછે. ૧૧ કફ, રક્ત વ્રણને એ બેહુના લક્ષણો થાયછે. ૧૨ વાત પિત્ત રક્ત વ્રણને ત્રણેના લક્ષણો થાયછે. ૧૩ વાત, કફ, રક્તવ્રણને ત્રણેના લક્ષણો થાયછે. ૧૪ પિત્ત, કફ, રક્તવ્રણને ત્રણેના લક્ષણો થાયછે. ૧૫ સન્નિપાત રક્તવ્રણને ચારે દોષના લક્ષણો થાયછે.

શસ્ત્રાદિકના જખમે આગંતુક વ્રણ.

सद्योव्रणस्त्वष्टधा स्यादवक्षिप्तविलंबिनौ ॥
छिन्नभिन्नप्रचलिता घृष्टविद्धनिपातिताः ॥ १३ ॥

સદ્યોવ્રણ એટલે આગંતુક વ્રણના; જખમ આઠ પ્રકારે થાયછે. તે અનેક પ્રકારે તેજદાર હથિયારમાં છરી કે છરો, તરવાર, બર્છી, ત્રિશૂળાદિક શસ્ત્રોથી શરીરે જખમ થવાથી અનેક પ્રકારે વિંધ, નાસૂર, જખમ, ધારા પડી વહેછે, અને તે જમખ ઉંડાણુ થવાથી કોઠો વિંધાઇ મરણ પામેછે.

૧ અવક્ષિપ્ત વ્રણ; જખમમાં કાતરેથી કાતરવા પ્રમાણે પીડા થાયછે. ૨ વિલંબિ વ્રણ; જખમમાં માંસ લબડી પડેછે. ૩ છિન્ન; શરીરમાં શસ્ત્રાદિકથી સીધો અથવા વાંકો વિંધ થઇ તેમાંથી જખમ થાય, તે જખમ લાંબો ચીરાઈને ગાત્રોના અવયવને ગળાવેછે. ૪ ભિન્ન; ભાલો, બર્છી, તરવાર, દાંતરડું, શિંગી ઇત્યાદિક ઉપરથી ઉંડાણે જખમ થાય, તે કોઈ સ્થાને પેટમાં, મળમૂત્રાદિક સ્થાનની જગ્યામાં, જખમ થઈ થોડો થોડો વહેછે. ૫ પ્રચલિત; ગદા કે મોગરીનો માર, પ્રહાર અને પીડાથી હાડકા સહવર્તમાને, અંગ છુંદાયું હોય અને માંસ તથા લોહી ભળીજઈ, તેમાંથી નાસૂર થાયછે; તેને પિચ્ચિત કહેછે. ૬ ઘૃષ્ટ; ખડબચડાં પદાર્થના ઘસાવાથી અથવા લાગવાથી શરીરાવયવોની ચામડી નિકળી જાયછે, અને તે અવયવ ગરમી અથવા ઝરાસહિત હોયછે. ૭ વિદ્ધ; પ્રથમ ઝીણો વિંધ થાયછે, જે અણીયાળા શસ્ત્ર, તીર, કાંટો કે શલ્ય કંટકાદિક પેટમાંના મળમૂત્રાદિકના સ્થાને અને તે સીવાય, શરીરાવયવની બીજી જગ્યાને સ્થાને પેઠા કે ભરાયો હોયતો, તે શલ્ય અંદર રહીને બાહર વિંધ થઈ મુખ પડે અથવા તે શલ્ય નિકળી જઈ અંદર વિંધ થઈ મુખ પડે, અને વેહવા લાગેછે. ૮ નિપાતિત વ્રણથી ગાત્રોને અવયવાદિક સમૂળે ગળી જાયછે. અથવા જે નાસૂરનો વિંધ અતિશય ઉંડાણમાં ગયો નહી અને વિશેષ જુનો થયો નહી હોય તે છતાં અગાઊ પ્રમાણે ફુટી ફુટીને કટકા

થયેલાને નાસૂરના લક્ષણોસહિત છતાં, કોઈ વખતે મ્હોટી અને કોઈ વખતે અલ્પ જેવી પીડા થાયછે; તેને ક્ષત વ્રણ કહેછે.

કોઠાના જખમ, કોષ્ટ ભેદ.

कोष्ठभेदो द्विधा प्रोक्ताश्छिन्नांत्रो निसृतांत्रकः ।

કોષ્ટ ભેદ બે પ્રકારે થાયછે; તેમાં ૧ છિન્નાંત્રક; શસ્ત્રાદિકથી પેટમાંના આંતરડા કપાઇ તુટીને અંદર રહેછે. ૨ નિસૃતાંત્રક, શસ્ત્રાદિકથી આંતરડા કપાઇ તુટીને બાહાર નિકળેછે.

હાડકાનો અસ્થિભંગ રોગ.

अस्थिभंगोऽष्टधा प्रोक्तो भग्नपृष्ठविदारितौ ॥ १४ ॥ विवर्तितश्च विश्लिष्टस्तिर्यक्क्षिप्तस्त्वधोगतः ॥ ऊर्ध्वगः संधिभंगश्च

અસ્થિભંગ રોગ આઠ પ્રકારે થાયછે; તેમાં હાથ, પગ, કે સાંધાનું ભાગવું થવાથી બેહુ આસપાસના હાડને વેદનાસહિત પકડેછે.

૧ ભગ્નપૃષ્ટ; સાંધાથી બેહું બાજુંના હાડ અતિશય મેહનતે પરભારા એક બીજાથી ઘસાઇ, તે ઉપર સોજો આવે, રાત્રે વિશેષ વેદના થાયછે. ૨ વિદારિત; સાંધાની બેહું બાજુના હાડમાં અતિશય કળતર, ફૂટે, તુટે, વેદના થાયછે. ૩ વિવર્તિત, સાંધાનાં હાડ વાંકા થઇ, વાંસામાં, પીઠમાં વેદના થાયછે. ૪ વિશ્લિષ્ટ; સાંધાના હાડ કંઈક ખસીને ઢીલા થઇને વેદના થાય, અને સોજો આવેછે. ૫ તિર્યકક્ષિપ્ત; સાંધાના હાડ પોતાની જગ્યા છોડી વાંકા ખસીને અતિશય વેદના થાયછે. ૬ અધોગત; સાંધાની નીચેના હાડ કંઈક ખસીને વેદના થાયછે. ૭ ઊર્ધ્વગત; સાંધાની ઉપરનું હાડ ખસીને વેદના થાયછે. ૮ સંધિભંગ; સાંધાના હાડનો ચૂરો થઇ કે ભાગી બે કટકા થાયછે.

અગ્નિમાં બળેલાનો વન્હિદગ્ધ રોગ.

वान्हिदग्धश्चतुर्विधः ॥ १६ ॥ प्लुष्टोऽतिदग्धो दुर्दग्धः सम्यग्दग्धश्च कीर्तितः ॥

અગ્નિમાં શરીર બળવાથી ચાર પ્રકારે રોગ થાયછે; ૧ પ્લુષ્ટ; અગ્નિથી શરીર બળીને સ્વરૂપ બદલાયછે. ૨ અતિ દગ્ધ; અગ્નિથી શરીર બળીને લોહી, માંસ, નસો, સ્નાયુ, સાંધા, હાડ દેખાવા લાગે, અને

માણુસને તાવ, દાહ, તૃષા, મૂર્છા, એવા લક્ષણોસહિત થાયછે. ૩ દુર્દગ્ધ; શરીરાવયવ બળીને અતિશય દાહ થાય, તીવ્ર વેદના થાય, અને બળેલી રોટલીની રીતે શરીર ઉપર ફોડલા ઉઠેછે, તે જલદી રૂઝાતા નથી. ૪ સમ્યકદગ્ધ; શરીરાવયવ બળી આખું અંગ, તાડના ઝાડ જેવું કે કાળું ઠીકરા જેવું થાયછે.

નસોને નાસૂર નાડી વ્રણ.

नाड्यः पंच समाख्याता वातपित्तकफैस्त्रिधा ॥ १६ ॥
त्रिदोषैरपि शल्येन

નાડી વ્રણ રોગ પાંચ પ્રકારે થાયછે; જે મૂર્ખ માણુસને નાસૂરની ગાંઠ સંબંધી સોજો ઉત્પન્ન થાય, તે ગાંઠ કાચી કે પાકેલી છતાં, તેનો ઉપાય કે દરકાર ન કીધાથી, તેવી રીતના વ્રણને અતિશય પરૂસહિત ઉત્પન્ન થવા છતાં તેની દરકાર ન કર્તા, અપરેજી કીધાથી, તેમાં પરૂ, ચામડી, માંસ, નસો, સ્નાયુ, હાડ ઈત્યાદિક જે વ્રણ સ્થાને હોય, તેમાંથી શરીરના બે અવયવો બેહું બાજુએ ખેંચેથી વચ્ચે ફાડ પડે, તેથી કરીને તે વ્રણોની અંદર પોળાણ દર જેવો માર્ગ પડીને નળ જેવો લાંબો રસ્તો થાયછે, અને તે પરૂ નસોની રીતે વહેછે, માટે એ રોગોને નાડી કહેછે.

૧ વાતનાડી; જે નાડી વ્રણની જગ્યા ખડબચડી છતાં, તેનું મુખ બારીક હોય, અને તેમાં શૂળસહિત વેદના થાય અને રાત્રે ફીણસહિત પરૂ વધારે વહેછે. ૨ પિત્તનાડી; ને તૃષા, તાવ, અને નાસૂરની આસપાસ જગ્યામાં દાહસહિત વેદના થાય અને દિવસે ઉષ્ણ ગુણસહિત પીળા વર્ણે પરૂ તેમાંથી વધારે વહેછે. ૩ કફ નાડી; જે નાડીને વધારે દાહસહિત છતાં શખ્ત અને સફેદ વર્ણે પરૂ વહે અને ખજવાળસહિત છતાં રાત્રે રોગનો કોપ અતિશય થાયછે. ૪ ત્રિદોષનાડી; જે નાડી દાહ, તાવ, શ્વાસ, મૂર્છા, મુખને શોષ ઈત્યાદિક લક્ષણોસહિત હોય, અને તે રોગ પ્રાણનાશ થવાને વિષે કાળરાત્ર જેવો ભયંકર છે. ૫ શલ્યનાડી; કંટકાદિક શલ્ય એટલે ભાલો ઈત્યાદિક અણીયાલું હથીયાર કે કાંટો, ફાસ, શલ્ય શરીરના માંસમાં ભોકાઈ નહિજેવો થઈને રહેવા છતાં, જે માણુસ આળસે કાઢે નહિ કે તેની પરીક્ષા ન કરે તો, પછી તે કાંટો ચામડી અને માંસાદિકમાં બે ભાગે ખેંચાઈને લાંબે દિવસે માર્ગ પાડીને બાહેર નિકળે, પછી

તેનાં વ્રણમાં ફીણસહિત ગંઠાયેલ ઉષ્ણ લોહી અને પરૂ મળીને પીડાસહિત અકસ્માત્ કે સર્વકાળ વહેછે.

ભગંદર રોગ.

तथाऽष्टौ स्युर्भगंदराः ॥ शतपोतस्तु पवनादुष्ट्रग्रीवश्च पित्ततः।१७। परिस्त्रावी कफाज्ज्ञेय ऋजुर्वातकफोद्भवः। परिक्षेपी मरुत्पित्तादर्शोजः कफपित्ततः ॥ १८ ॥ आगंतुजातश्चोन्मार्गी शंखावर्तस्त्रिदोषजः ॥

ભગંદર રોગ આઠ પ્રકારે થાયછે; શરીરના મધ્યભાગે, ઠિકરા જેવા પોહલા બે હાડ છે, તેની વચ્ચે ગુદની જગ્યા છે, તેની એક બાજુએ બે આંગળ છેટે નેમ પ્રમાણે જગ્યાએ, અતિ કોપકર્તા પદાર્થોનું સેવન કરેથી પીડા કરનાર પ્રથમ સ્વરૂપે ફોડલી ઉત્પન્ન થઈ, પીડા, દાહ, ખજવાળ, દુઃખસહિત પાકી ફુટીને ગુદ, બસ્તિ ઝાડાની જગ્યાએ બેહુ તરફનો અવયવ પોતપોતાની તરફ ખેંચવાથી અતિશય વેદના થાયછે. તેને ભગંદર રોગ કહેછે.

૧ શતપોત; તુરા કે રૂક્ષ કોપકર્તા પદાર્થોનું અતિશય સેવન કરેથી વાયુનો કોપ થઈ ગુદની પાસે ફોડલી ઉત્પન્ન થાય, તેની દરકાર ન કરેથી પાકતા અતિભયંકર દુઃખ થાય, તે એક પછી એક થઈ, પાકી ફુટીને અત્યંત પીડા થતાં થતાં, તાંબુસ વર્ણે ફીણસહિત એવી રીતે પરૂને વેહવડાવે, અને તે જગ્યાએ ચાળણીમાં જેમ વિંધ હોય, તેવી રીતે અનેક વિંધ પડી તેના મુખમાંથી પરૂ, મળ, મૂત્ર, વીર્યસહિત પણ નિકળે છે. ૨ ઉષ્ટ્રગ્રીવ; ને તિખાસ, ખટાસ ઈત્યાદિક પદાર્થોનું અતિ સેવન કરેથી પિત્તનો કોપ થઈ ગુદની પાસે ફોડલી ઉત્પન્ન થવાપછી, તેની દરકાર ન કરેથી તે જલદી પાકીને ઉષ્ણ અને દુર્ગંધસહિત પરૂને વેહવડાવે, તે ફોડલીનો દેખાવ ઊંટની ગરદન જેવો હોયછે. ૩ પરિસ્રાવી; કફકોપેથી ભગંદર થાય, તેને ખજવાળ, સફેદ વર્ણે જાડું જાડું પરૂ વહે, તે શખ્ત, મંદ વેદના, અને આસપાસના ભાગમાં પરૂને વહેવડાવે છે. ૪ રૂજું; નામે ભગંદર વાયુ અને કફકોપના લક્ષણોસહિત થાય, પોતાની મેળે વહેછે. ૫ પરિક્ષેપી; નામે ભગંદર વાયુ અને પિત્તકોપથી થાય, તે બેહુના લક્ષણોસહિત થાયછે. ૬ અર્શોજ; ભગંદર કફ પિત્ત કોપથી થાયછે. ૭ ઉન્માર્ગી; ભગંદર માર ખાધાથી કે પ્રહારાદિકથી ફોડલી ઉત્પન્ન થઈ, પાકી, ફુટીને તેમાંથી પરૂને ગુદ્દવાટે લઈજઈ વહેવડાવેછે,

તેનો ઉપાય ન થવાથી તેમાં જંત ઉત્પન્ન થઈ પસરે અને તે પછી અનેક વિંધ કે મુખ થઈ અનેક માર્ગે મળ મૂત્ર અને વીર્યાદિક પોતાનો માર્ગ મુકીને ભગંદરોનો માર્ગ પકડેછે. ૮ શંખાવર્ત; ભગંદર વાયુ, પિત્ત કફ ત્રણે દોષથી ભગંદર થાય, તેમાં અનેક વ્રણ કે વિંધ, અનેક પીડા, અનેક પ્રકારે વહે, સર્વે લક્ષણોસહિત હોય, અને તે ભગંદરની ફોડલી ગાઈના થાન કે સ્તન જેવી લાંબી હોય અને પરૂ વહેનાર નાડી શંખના ઘેરાવા જેવી અને તે શંખના ગોળાકાર જેવી હોયછે.

લિંગ ઈન્દ્રિને થતો ઉપદંશ રોગ

मेढ्रे पंचोपदंशाः स्युर्वातपित्तकफैस्त्रिधा ॥ १९ ॥
सान्निपातेन रक्ताच्च

લિંગને ઉપદંશ રોગ પાંચ પ્રકારે થાયછે; લિંગને કંઈક કારણથી કે કઠોર સ્પર્શે, શખ્ત વસ્તુ ઘસાવાથી અથવા નખ દાંત ઈત્યાદિક લાગવાથી અથવા સ્ત્રીસંભોગ થવા પછી લિંગને સારી રીતે ન ધોવાથી, કસબણ દાસીયાદિક સાથે વિષય કીધાથી, લાંબા કઠોર બાલની અથવા રોગાદિકથી જે સ્ત્રીની દુષ્ટ યોની થયેલી હોય તેનો સંગ કરેથી, અડકાયલી કે રજસ્વળા સ્ત્રીનો કે અથવા જેણે કામ વ્યાપવાને અનેક ઓષડનો ઉપાય કરેલો હોય ઈત્યાદિકથી જે સ્ત્રી સંભોગ કરેથી, લિંગને ઉપદંશ રોગ ઉત્પન્ન થાયછે.

૧ વાત ઉપદંશ; ને તનખ, લોહી ધાતુમાંથી આસ્તે આસ્તે કળાસવર્ણ ફોડલો થઈ ઈત્યાદિક ઉપદ્રવ થાયછે, ૨ પિત્ત ઉપદંશ; ને ફોડલો પીળા વર્ણે થવા છતાં, ઓગળે, પસરે અને દાહ થાયછે. ૩ કફ ઉપદંશ; ને ખજવાળ, સોજો, શખ્ત ફોડલો, મ્હોટા મ્હોટા ફોડલા સફેદ વર્ણે જાડું પરૂને વેહવડાવે છે. ૪ સન્નિપાત ઉપદંશ; અનેક પ્રકારે વહે અને વેદના હોય છે. ૫ રક્ત ઉપદંશ; ગુલાબી રંગે લોહી મિશ્રિત અને સફેદ વર્ણે વહે અને ફોડલા સર્વે લક્ષણોસહિત હોયછે.

લિંગ ઈન્દ્રિને શૂક રોગ.

मेढ्रे शूकामयास्तथा । चतुर्विंशतिराख्याता लिंगार्शो ग्रथितं तथा ॥ २० ॥ निवृत्तमवमंथश्च मृदितं शतपोतकः । अष्ठीलिका सर्षपि-

का त्वक्पाकश्चावपीटिका ॥ २१ ॥ मांसपाकः स्पर्शहानिर्विरुद्धम-णिरुद्धवः । मांसार्बुदं पुष्करिका संमूढपिटिकालजी ॥ २२ ॥ रक्तार्बुदं विद्रधिश्च कुंभिका तिलकालकः । निरुद्धः प्रकशिः प्रोक्तस्तथैव परिवर्तिका ॥ २३ ॥

લિંગની જગ્યામાં શૂકરોગ ચોવીસ પ્રકારે થાયછે. જેની મંદ બુદ્ધિ કે મૂર્ખ માણસ, સ્ત્રીના વિષયવિષે અતિશય લુબ્ધ થઈ, અકસ્માત લિંગ ઘણો મ્હોટો થવાને માટે ઉપાય કરે, કે જેથી વિષયમાં મોજની ઈચ્છા, મનમાં રાખી લિંગની જગ્યાએ, કામશાસ્ત્રનો લાભ મેળવવા વર્તે અથવા ભિલ્લામાંદિક ઓષડનો લેપાદિ ઉપાય કરે, તે ઉપાય મધ્યે કંઈક વિપરીતપણું થઈ, લિંગ સ્થાને ચોવીસ પ્રકારે લિંગાર્શાદિક શૂકજ રોગ ઉત્પન્ન થાયછે. શૂકજ એટલે પાણીના મેલથી જળતંતુ નામે જીવડા ઉત્પન્ન થાય, તેના જેવો એ રોગ હોય તેથી તેને શૂકજ રોગ કહેછે.

૧ લિંગાર્શ; એ રોગ દુર્વ્યસને ગાંઠ કંઈક સંખ્યા નિયમ સ્થાને ક્ષુદ્ર રોગ મધ્યે કહેલા છે, તેના લક્ષણ જેવા એ રોગને થાયછે. ૨ ગ્રંથિત; શૂક રોગથી લિંગ હમેશા દુઃખ ભરેલો છતાં લિંગની આસપાસ ફરતી ગાંઠાથી ભરેલો હોયછે. ૩ નિવૃત્ત; દુર્વ્યસનની ગાંઠાથી ક્ષુદ્ર રોગમાં કહેલી પ્રસિદ્ધ છે, તે રોગ લિંગની જગ્યાએ થાય અને તેના જેવા લક્ષણો હોય, તેથી શૂક રોગોની મધ્યે એ રોગનો સંગ્રહ કીધો, તેમાં કફ કોપનો સંબંધ હોયછે. ૪ અવમંથ; લિંગ બાહરની જગ્યાએ લાંબી ફોડલી થઈ, અને તે ફુટીને પસરેછે, તે રોગ કફ, લોહીના કોપથી થાય. અને લિંગને પીડા થઈ, આખા શરીરે કાંટા લાવેછે. ૫ મૃદિત; વાયુના કોપેથી લિંગને ફોડલી થઈ, તેમાંથી પીડા, શખ્ત સોજો આવેછે. ૬ શતપોતક; વાયુ અને લોહીના કોપથી સર્વે લિંગ ઉપર સેંકડો બારીક બારીક વિંધ પડી, તેથી કરીને લિંગની આસપાસ ભાગે ટાંકી ભરેલી હોયછે. ૭ અષ્ઠીલિકા; લિંગની જગ્યાએ વાતજન્યની ફોડલી થાય, તે લોખંડના વાસણ જેવી છતાં શખ્ત હોયછે. ૮ સર્ષપિકા; વાયુ અને કફમાંથી સફેદ શરસી જેવી ફોડલી લિંગને ઉત્પન્ન થાયછે. ૯ ત્વક્પાક; વાયુ, પિત્તથી લિંગની ચામડીનો પાક થાય, અને તેમાંથી શરીરે તાવ, દાહ ઉત્પન્ન થાયછે. ૧૦ અવપિટિકા; એ રોગને ક્ષુદ્ર રોગમાં લક્ષણો

કહેલા છે, તેવા લક્ષણો લિંગની જગ્યાએ થાયછે. ૧૧ માંસપાક; વાયુ પિત્ત અને કફ ત્રણે દોષના વિકારોથી લિંગસંબંધી માંસ ખરીને ગળવા માંડેછે, અને અનેક વેદના થાયછે. ૧૨ સ્પર્શહાનિ; શૂકવિકારથી લોહીનો કોપ થઈ લિંગને ફોડલી ઉત્પન્ન થાય, તેને કંઈ પણ અડકવાથી અતિશય વેદના થાયછે. ૧૩ વિરૂદ્ધ મણિ; એ રોગને શૂદ્ર રોગમાં કહેલા લક્ષણો છે, તેના જેવા લિંગને થાય, માટે એ રોગનો સંગ્રહ શૂક રોગમાં કહેલો છે. ૧૪ માંસાર્બુદ; એ રોગની ઉત્પત્તિ શૂક રોગ થવા પછી પ્રહારાદિકે વાગેથી માંસ દુષ્ટ થઈ, ગાંઠ ઉત્પન્ન થાયછે. ૧૫ પુષ્કરિકા; નામે લિંગને ફોડલીવો કમળા ફુલના વચલા ભાગમાં જેમ દાણા ઉત્પન્ન થાય, તેવી રીતે અનેક બીજી ફોડલીવો સહિત હોય, અને તે રક્તપિત્તમાંથી ઉત્પન્ન થાયછે. ૧૬ સંમૂઢ પિટિકા; વાયુના કોપથી લિંગને ફોડલીવો ઉત્પન્ન થાય, તેને હાથે ચોળવાથી શખ્ત થાય, પણ પાકે નહી. ૧૭ અળજી; એ રોગની ફોડલીવોના લક્ષણો પ્રમેહરોગ મધ્યે કહેલા છે, તેના જેવા લિંગને થાયછે. ૧૮ રક્તાર્બુદ; લિંગની જગ્યાએ કળાસવર્ણું છતાં તાંબુસ વર્ણું ફોડલીવો ઉત્પન્ન થાય, તેથી કરીને લિંગ અને ઝાડાની જગ્યાએ અતિશય પીડા થાય છે. ૧૯ વિદ્રધિ; એ રોગવિષે અગાઉ લખ્યા પ્રમાણે ત્રણે દોષેથી અનેક વિધ કે નાસૂરની ગાંઠો અને પીડાસહિત વહેછે. ૨૦ કુંભિકા; લિંગની જગ્યાયોએ જે ફોડલીવો રક્ત પિત્તમાંથી ઉત્પન્ન થઈ, જાંબુના ઠળિયા જેવી દેખાયછે. ૨૧ તિલકાલક; ને સન્નિપાત સંબંધે લિંગને કળાસ વર્ણું, ચિત્ર વર્ણું ઝેરી, શૂક વિકાર ઉત્પન્ન થાય, તેથી લિંગ કળાસ વર્ણું થઈ તત્સંબંધી માંસ પાકીને ખરવા કે ગળવા લાગે, અને એ રોગ કાળા તલ જેવો કળાસ વર્ણું હોયછે. ૨૨ વિરૂદ્ધ. ૨૩ પ્રકાશી. ૨૪ પરિવર્તિકા એ ૨૨ થી ૨૪ સુધી ત્રણ રોગવિષે આ ગ્રંથમાં રૂક્ષ રોગના લક્ષણો લખેલા છે, તે પ્રમાણે લિંગની જગ્યાએ થાયછે.

ચામડીને સડો દરાજ, અથવા કોડને કુષ્ટ રોગ.

कुष्ठान्यष्टादशोक्तानि वातात्कापालिकं भवेत् । पित्तेनौदुंबरं प्रोक्तं कफान्मंडलचर्चिके ॥ २४ ॥ मरुत्पित्तात्घृष्यजिव्हं श्लेष्मवाताद्विपादका । तथा सिध्मैककुष्ठं च किटिभं चालसं तथा ॥ २५ ॥

कफपित्तात्पुनर्दद्रुपामाविस्फोटकं तथा । महाकुष्टं चर्मदलं पुंडरीकं शतारुकम् ॥ २६ ॥ त्रिदोषैः काकणं ज्ञेयं तथान्यत् श्वित्रसंज्ञितम् । तथा वातेन पित्तेन श्लेष्मणा च त्रिधा भवेत् ॥ २७ ॥

કુષ્ટ રોગ; કોપકર્તા પદાર્થોનું અતિશય સેવન કરેથી, મળમૂત્રાદિ ઝ-રાનો નિયમ અટકી અથવા ગુરૂ બ્રાહ્મણાદિકનો દ્વેષ કરેથી ઇત્યાદિક કારણે વાતાદિ ત્રણે દોષ દુષ્ટ થઈ, ચામડી, લોહી માંસ અને જળવાહી નસો એ સર્વે દૂષિત થઈ, બગડીને અઢાર પ્રકારે કુષ્ટ રોગ થાયછે.

૧ કાપાલિકા નામે કોડ; જે કુષ્ટ વાયુનો કોપ થવાથી કળાસ વર્ણે, કે તાંબુસ વર્ણે, મટોડીના ઠીકરાં જેવો રંગ હોય, અને તેજહિણ છતાં ખડબચડી ચામડી ઘણી પાતળી હોયછે. ૨ ઓદુંબર નામે કોડ; પિત્તના કોપે જે કુષ્ટ રોગ થાય, તેને પીડા, દાહ, ખજવાળ,, લાલ કે તાંબુસ વર્ણે સહિત હોય, અને તે ઉપરના રૂવાટા પિળા વર્ણે હોય, તેનો ઊંબરાના પાકેલા ફળ જેવો રંગ દેખાયછે. ૩ મંડળ નામે દરાજ; કફ-કોપથી જે કુષ્ટ સફેદ, લાલ રંગે છતાં નિશ્ચળે ચળે નહીં તેવો ચિકાસ ભરેલો હોય, તે ગોળાકાર છતાં, માંહોમાંહે વધેછે. ૪ વિર્ચાચિકા નામે ખરસવું; કફકોપથી પગને કળાસ વર્ણે અને ખજવાળસહિત એવી ફો-ડલીવો ઉત્પન્ન થાય, અને અતિશય વહે, તે પગોને બેહુ બાજુએ વધે એ વિપાદિક રોગનો ભેદ છે. ૫ ૠષ્યજીભ્હ દરાજ; વાયુ અને પિત્તકોપથી થાય, તે કઠોર હોય, ભવાના ઘેરામાં તાંબુસવર્ણે થવા છતાં વચ્ચેની જગ્યા કળાસ વર્ણે છતાં વેદનાસહિત હોય, તેથી કાળા હરણની જીભ જેવી ખડબચડી જગ્યા થાયછે. ૬ વિપાદિકા નામે ખરસવું; કફ વા-યુથી કુષ્ટ રોગ થાય, તે હાથની હથેલી અને પગના તળિયામાં થઈ બેહુ બાજુએ વધે, અને તેમાં તીવ્ર વેદના થાયછે. ૭ સિધ્મ કુષ્ટ નામે સફેદ ફોડે; જે કરોડ્યા નામે કુષ્ટ કફવાયુના કોપે સફેદ વર્ણે છતાં, તે ઉપર ચામડી ઘણી પાતલી હોય, અને તે જગ્યા ઘસવાથી ચામડીના મેલ જેવી ભુંસી પડે, અને તે ઘાણું કરીને છાતી સ્થાને અને બીજી જગ્યાએ પણ થાય, તે દુધી કે કાળાના ફુલના રંગે દેખા-યછે. ૮ કિટિભ; કફવાયુકોપથી કાળો કોડ જે કુષ્ટ થાય, તેનો દેખાવ

કળાસવર્ણું છતાં ખડખચડી જગ્યા થઈ કઠોર થાયછે. ૯ અળસ; કફ વાયુ કોપે જે કુષ્ટ ખજવાળસહિત છતાં તાંબુસ વર્ણે, કુડો ભૂંસી ભરેલો હોયછે. ૧૦ દદ્રૂ; નામે દરાજનો રોગ કફપિત્તમાંથી જે કુષ્ટ ઉત્પન્ન થાય, તે ખજવાળસહિત લાલ રંગે ફોડલીવો સહિત છતાં ગોળાકારે હોયછે. ૧૧ પામા; કફપિત્તકોપથી ખરજની ફોડલીવો હાથે કે કુંબરે તીવ્ર દાહ અને વેદનાસહિત ઝીણી ઝીણી ઘણીક ખજવાળસહિત શરીરે થઈ, ફુટીને વહેછે, તેને કચ્છૂ કહેછે. ૧૨ વિસ્ફોટક; નામે ફોડલા રંડીખાજી કે કફ પિત્ત કોપે કાંસાના વર્ણે થવા છતાં, ચામડી ઘણી પાતળી થાય, તેને કાંસા ફોડલા કહેછે. ૧૩ મહાકુષ્ટ; કફ પિત્ત કોપે જે કુષ્ટ પરસેવા વિના હોય, અને જેથી કરીને આખાં શરીરે માછલીના ભિંગડાં જેવા ફોડલા થાય, તેપર ક્રોધે ખજવાળસહિત વેદના થાય, એકપછી એક રસાદિ ધાતુ ભળે માટે તેને ચર્મકુષ્ટ કે ગજકર્ણ કહેછે, તે શખ્ત થવાથી માણસની ચામડી હાથીના ચામડા જેવી થાયછે. ૧૪ ચર્મદળ; કફપિત્તથી જે કુષ્ટ લાલ રંગે થવા છતાં શૂળ અને ખજવાળસહિત હોય, અને તે ફોડલાને અડકવાથી દુઃખ સેહવાતું નથી. ૧૫ પુંડરીક; લાલ દરાજ, કફપિત્તના અતિ કોપે જે કુષ્ટ મધ્ય ભાગે સફેદ વર્ણે થવા છતાં, આજુબાજુએ લાલ કમળના પાંત્રા જેવા રંગે હોય, ચામડી ઊંચી ચડી ફોડલીવો થાયછે. ૧૬ શતારૂક; જે કુષ્ટના ઝીણા ઝીણા વિધની ઘણીક ફોડલી થવા છતાં ભેળાયલી હોય, તેને દાહપીડા હોયછે. ૧૭ કાકણ; નામે દરાજ ગોળાકારે, વાતાદિક ત્રણે દોષના કોપે અને લક્ષણોસહિત કળાસ વર્ણે છતાં તેની ફરતી કીનાર ચણોઠી જેવી લાલ રંગે હોય, તે પાકસહિત છતાં, તીવ્ર વેદના થાય, તે રોગ અસાધ્ય હોયછે. ૧૮ ચિત્રકુષ્ટ; વાતાદિક ત્રણે દોષ વિષે અગાઊ લખેલા કુષ્ટ રોગ બરાબર હોય, નિશ્ચે પરીક્ષા જેની થવા છતાં, વહેતા ન હોય અને લોહી, માંસ, મજ્જા ત્રણે ધાતુના કોપે ઉત્પન્ન થાય, તેને ચિત્રકુષ્ટ, કિળાસ, વારૂણ, વારૂળ, કોડી કહેછે; તેને વાયુ, પિત્ત, કફના લક્ષણો થાય, તેમાં વાયુના કોપથી નિસ્તેજ, તાંબુસ વર્ણે હોયછે; પિત્તકોપથી કમળફુલના લાલ પાંત્રા જેવા રંગે, દાહસહિત હોયછે; કફકોપથી સફેદ વર્ણે, વરસાઋતુની રીતે ઝરતું, શરીર ભારી થાયછે. એવી રીતે ત્રણેના જુદા ભેદ છે.

ફોલ્લા કે ગાંઠોનો ક્ષુદ્ર રોગ, વિસ્ફોટક અને મસૂરિકા.

क्षुद्ररोगाः षष्टिसंख्यास्तेष्वादौ शर्करार्बुदम् ॥ इंद्रवृद्धा पनसिका विवृतांध्रालजी तथा ॥ २८ ॥ वराहदंष्ट्रो वल्मीकं कच्छपी तिलकालकः । गर्दभी रेकसा चैव यवप्रख्या विदारिका ॥ २९ ॥ कंदरो मसकश्चैव नीलिका जालगर्दभा । ईरिवेल्ली जंतुमणिर्गुदभ्रंशोऽग्निरोहिणी ॥ ३० ॥ सन्निरुद्धगुदः कोठः कुनखोनुशाया तथा । पद्मिनी कंटकश्चिप्यमलसो मुखदूषिका ॥ ३१ ॥ कक्षावृषणकच्छूश्च गंधः पाषाणगर्दभः ॥ राजिका च तथा व्यंगश्चतुर्धा परिकीर्तितः ॥ ॥३२॥ वातात्पित्तात्कफाद्रक्तादित्युक्तं व्यंगलक्षणम् । विस्फोटाः क्षुद्ररोगेषु तेऽष्टधा परिकीर्तिताः ॥ ३३॥ पृथग्दोषैस्त्रयो द्वंद्वैस्त्रिविधा सप्तमोऽसृजः । अष्टमः सान्निपातेन क्षुद्ररुक्षु मसूरिका ॥ ३४ ॥ चतुर्दशप्रकारेण त्रिभिर्दोषैस्त्रिधा च सा ॥३५॥ द्वंद्वजा त्रिविधा प्रोक्ता सन्निपातेन सप्तमी। अष्टमी त्वग्गता ज्ञेया रक्तजा नवमी स्मृता॥३६॥ दशमी मांसजा ख्याता चतस्रोन्याश्च दुस्तराः । मेदोऽस्थिमज्जाशुक्रस्थाः क्षुद्ररोगा इतीरिताः ॥ ३७ ॥

ક્ષુદ્રરોગ ૬૦ પ્રકારે થાયછે, તેના નામો નીચે લખેલાં છે, તેમાં ૩૪ પ્રકારે શૂદ્રરોગ, અને વ્યંગરોગમાં વાયુ, પિત્ત, કફ રક્ત એ ૪ નો સંગ્રહ કરેથી ૩૮ પ્રકારે શૂદ્ર રોગ થાય, અને વિસ્ફોટક રોગ ૮ પ્રકારે થાય, તથા મસૂરિકા નામે રોગ ૧૪ પ્રકારે થાય. એ સર્વે મેળવ્યાથી ૬૦ પ્રકારે ક્ષુદ્ર રોગ થાયછે.

૧ શર્કરાર્બુદ; ના ફોલ્લા, નસો, સ્નાયુ, કફ, મેદ અને વાયુ એ સર્વે બગડી માંસસાથે મળી શરીરે ગાંઠો ઉત્પન્ન થાય, તે પછી ગાંઠો પાકીને ફુટવાથી મધ અને ઘી જેવું પરૂ વહે, તે પછી ફરીને વાયુ કોપસહિત થઈ ગાંઠસંબંધિ માંસને શોષી રેતી જેવી, શખ્ત ગાંઠ ઉત્પન્ન કરે, પછી તે ગાંઠો દુર્ગંધિસહિત, એવી એકાએક અનેકવિધ કે નાસૂરની ગાંઠો લોહી વેહવડાવેછે. ૨ ઇંદ્રવૃદ્ધા; જે ફોલ્લીવોનો દેખાવ મધ્યભાગે; કમળફુલની વચ્ચે જેમ દાણા હોય, તેવી રીતે થાય, અને તે ભવિષ્યે બીજી બારીક બારીક ફોલ્લીવો થાયછે. ૩ પનસિકા; નાકમાં વાયુ

અને કફથી ફોલ્લીવો થાય, તેને અતિવેદના છતાં સ્થિર હોયછે. ૪ વિવૃતા; જે ફોડલીવોના મુખ મહોરેલા જેવા હોય, તેમાં દાહ ઘણો થાય, તે પાકથી ઉંબરાના ફળ જેવા થવા છતાં, તેનો ઘેરાવો ગોળાકાર હોયછે. ૫ અંધ્રાલજી; કફ વાયુથી જે ફોલ્લીવો શખ્ત થવા છતાં મુખરહિત હોય, અને ચામડીથી ઊંચી થવા છતાં ગોળાકાર હોય, તેમાં પરૂ થોડું હોયછે. ૬ વરાહદંષ્ટ્રા; નામે ગાંઠાને શખ્ત સોજો ઉત્પન્ન થાય, તેનો આકાર ડુંકરની દાઢ જેવો હોય, તેમાં બળત્તર, ખજવાળ, અતિ વેદના થાય, અને તે ઉપરની ચામડી પાકેછે. ૭ વલ્મીક; ગરદને, ગળે, બગળે, પગે, હાથે અને સાંધામાં, વાતાદિ દોષોથી પોળાણ ડરકુંબીલાની ગાંઠો એક પછી એક ઉત્પન્ન થાય, તે મસ્તકને જેવા ઢીમડાં આવે, તેવા છતાં, તેના મૂળ ઉંડાણુ હોય, તે અનેક મુખે કરીને વહે, ખજવાળ, દાહ ઇત્યાદિક ઉપદ્રવ થાય, અને સર્પનાં વિખ જેવું પસરેછે. ૮ કચ્છપી; કફથી ઉત્પન્ન થઈ જે ફોલ્લીવો પાંચ કે છ ગાંઠો પાસે પાસે થવા છતાં, વચ્ચે કાચબાની પીઠ સરખી ઉંચાઈ અને શખ્ત એવી રીતે હોય છે. ૯ તિલકાલક, વાતાદિ ત્રણે દોષોથી કાળા તલો જેવા શરીરે તલ ઉત્પન્ન થાય, તે ચામડી બરોબર છતાં વેદના વિનાની હોયછે. ૧૦ ગર્દભિકા; શરીરે ગોળાકારે ઉંચાઈએ તાંબુસ વર્ણે ફોલ્લીવો ગાંઠસહિત ઉત્પન્ન થાય, તે પીડાસહિત હોય, અને વાયુ, પિત્તમાંથી થાયછે. ૧૧ રકસા; શરીરે જે ફોડલીવો વહેવા છતાં, ખજવાળસહિત હોયછે. ૧૨ યવપ્રખ્યા; શરીરે (જવ) નામે અનાજ જેવી ફોડલી થવા છતાં, શખ્ત અને માંસ સાથે ભળેલી એવી વાયુકોપથી થાય, અને બીજી પણ ફોલ્લીવો સહિત હોયછે. ૧૩ વિદારિકા; ભોયકોહલા નામે કંદ મૂળ જેવી ગોળાકાર ગાંઠો બગલમાં કે અંડસંધિમાં થાયછે. ૧૪ કંદર; બારિક બારિક કાંકરાથી કે રેતીએ માણસોના પગે કે હાથે ઘસવાથી અથવા કાંટાદિકો શરીરે લાગેથી જો જખમ પડે, તો તે જગ્યાએ બોરના ઠલીયા જેવી મૂઢવિદ્રધિની ગાંઠો થાય, તેને કંદર કે ભોંવરી કહેછે. ૧૫ મસક; વાયુથી શરીરે અડદ નામે અનાજ જેવી ફોલ્લી કળાસ વર્ણે, શખ્ત અને વેદના રહિત સ્થિર મસા થાય, તેને મસા કે મસક કહેછે. ૧૬ નીલિકા; ક્રોધ અને અતિમેહનતે વાયુનો કોપ થઈ, પિત્તોથી મળીને મુખ તરફ જઈ, એકાએક પીડારહિત મુખે અથવા શરીરે કાળારંગે ગોળાકારે ચાઠા

ઉત્પન્ન થાય. તે ચામડી બરોબર પાતળા હોય, તે વાગ રોગનો ભેદ છે. ૧૭ જાળગર્દભ; શરીરે પિત્ત કોપ થઈ, તેમાંથી સોજો ઉત્પન્ન થાય, તે સર્પના દંશની રીતે પસરે અને તેનો પાક થતો નથી, તેમાં દાહ, તાવ, તૃષા ઇત્યાદિક લક્ષણો થાયછે. ૧૮ ઈરિવેલ્લી; જે ફોલ્લીવો મસ્તકની જગ્યાએ ગોળાકારે ઉત્પન્ન થાય, તેને અતિ વેદનાસહિત વાતાદિક ત્રણે દોષના લક્ષણો હોયછે. ૧૯ જંતુમણી; શરીરે લાખા સરખું થવા છતાં કઈક ઊંચું અને પીડારહિત ગોળાકારે કફ રક્ત કોપથી થાય, અને બીજા ઋષિયોના મતે એ ચિન્હ જન્મની સાથેજ હોયછે. ૨૦ ગુદભ્રંશ; જે માણસનું શરીર રોગથી પીડાઈ નિસ્તેજ અને દુર્બળ થયું, અથવા અતિસાર રોગે કે કુથીકુથીને ઝાડો આવેથી; માણસને ઝાડાની જગ્યાએ માંસ બાહેર નિકળે, તેને ગુદભ્રંશ, આગેરૂં, અંગ બાહેર પડેલું કહેછે. ૨૧ અગ્નિરોહિણી; બગળમાં એક જાતની ફોલ્લી કે ગાંઠ માંસને બાળનાર થાય, તેને અંતર્દાહ, તાવસહિત થવા છતાં ધગધગતા અગ્નિમાં બળે તેમ જણાય, અને તે રોગ સન્નિપાતમાંથી થવાથી માણસને ૭,–૧૨,–૧૫ દિવસમાં મરણ પમાડેછે. ૨૨ સન્નિરૂદ્ધગુદ; મળમૂત્રાદિ ઝરાનો અટકાવ થવાથી વાયુ ગુદને આસરે થઈ, ગુદસંબંધી નસોનો અટકાવ કરી, ગુદદ્વાર ઝીણો ઝીણો થાય, તેથી ઝાડો પિસાબ મ્હોટા કષ્ટેથી બાહર નિકળેછે. ૨૩ કોઠ; કફ, પિત્ત, રક્તના કોપે શરીરને ગાંધિણ માંખીના ચટકા જેવી તાંબુસ વર્ણે ઝીણી ઝીણી ફોલ્લીવો ખજવાળસહિત ઘડીકમાં ઉત્પન્ન થાય, અને તે પાછી ન હોવા જેવી પણ દેખાયછે. ૨૪ કુનખ; કઈક કારણોથી નખ દુષ્ટ થઈ, રૂક્ષ અને કળાસ વર્ણે ખડબચડા થાય, તે નખ લાગવાથી રોગ થાયછે. ૨૫ અનુશયા; પગને નાસૂર ઇત્યાદિક રોગ અંતઃપાકસહિત એવી ફોલ્લી ઉત્પન્ન થાય, તેને થોડો સોજો છતાં રંગ શરીર જેવોજ હોયછે. ૨૬ પદ્મિની કંટક; શરીરે પાંડુર વર્ણે ગોળાકારે ગાંઠ કે ફોલ્લી ઉત્પન્ન થાય, તે ઉપર, કાંટા સરખા માંસના દાણા થવા છતાં, ખજવાળ થાયછે. ૨૭ ચિપ્પ; કફપિત્તથી નખસંબંધી રોગ માંસમાં જઈ દાહ કરી, આંગળાને પકવી ફુટેછે, તેને ચિપ્પ, અંગુળવેષ્ટ, નખોડો, નખસુઇ રોગ કહેછે. ૨૮ અળસ; બગડેલા પાણી કે ચિખલમાં ખુલ્લા પગે ચાલવાથી કે ભીના રહેવાથી આંગળાના સાંધા સડેછે, ખજવાળ અને દાહસહિત થાય, તેમાંથી રસી વહે, તેને

ચિખલ્યા કહેછે. ૨૯ મુખદૂષિકા; જુવાન પુરૂષોને મુખ ઉપર ખીલ ઘણું કરીને સાંવરીના કાંટા જેવી ફોલ્લીવો કફ, વાયુ, લોહીથી થાય, તેને ખુર્ખુલ્યા, મુર્મો, ખીલ કહેછે. ૩૦ કક્ષા; હાથના ભુજને, પાસળામાં, ખાંદે, બગલમાં, એવા ઠેકાણે કળાસ વર્ણે ફોલ્લીવો વેદનાસહિત થાય, તે પિત્ત કોપે થાયછે. ૩૧ વૃષણકૃચ્છ્ર; કફકોપથી અથવા જે માણસ નાહવા પછી કપડાથી શરીર અને વૃષણ, અંડસંધી સારી રીતે લુછતો નથી, તેથી શરીર સંબંધી મેલ વૃષણની જગ્યાએ એકઠો થાય. તે પરસેવાથી પિગલી ખજવાળ આવી ફોલ્લા ઉત્પન્ન થઈ વહેછે. ૩૨ ગંધ; પિત્તોનો કોપ અગાઊ લખેલા કક્ષાપિટિકાના લક્ષણોસહિત પ્રથમ ઝીણી એક ફોલ્લી થઈ, તે પછી ફોડલા જેવી મ્હોટી થાયછે. ૩૩ પાષાણગર્દભ; કફવાયુથી હડપચીના સાંધામાં સોજો ચિકાસસહિત થવા છતાં સ્થિર મંદ વેદના થાયછે. ૩૪ રાજીકા; કફ વાયુથી કરીને શરીરે રાઈ જેવી ફોલ્લીવો થાય, તેને રાજીકા, કોદ્રવ કહેછે. ૩૫ થી ૩૮ સુધી ચાર પ્રકારે, વ્યંગ અથવા વાંગ રોગ થાય; તે રોગના જન્મથી શરીરે કાળા ચાઠા હોય અથવા તે પછી અતિ ક્રોધે કે મેહેનતે અથવા દુષ્કર્મથી વાયુંનો કોપ થઈ, પિત્તોને ભળી મુખની જગ્યાએ જઈ અકસ્માત પીડારહિત, પાતળી ચામડી બરોબર કળાસ વર્ણે ચેહેરા ઉપર ગોળાકાર ઉત્પન્ન થાય, તે વાંગ રોગ શ્યામ વર્ણે અને નીલિકા કળાસ વર્ણે છે, પણ તે બેહુ એકજ રોગ છે; એવી રીતે ૩૮ પ્રકારે ક્ષુદ્રરોગ થાય.

વિસ્ફોટ રોગ આઠ પ્રકારે થાય, તે તિખાસ, ખટાસ, ઉષ્ણ, રૂક્ષ, ખરાસ ઈત્યાદિક પદાર્થનું અતિશય સેવન કરેથી વાતાદિક ત્રણે દોષનો કોપ થઈ શરીરની ચામડીમાં રહે અને લોહી, માંસ, હાડકા એ સર્વેને બગાડી અત્યંત અઘોર વિસ્ફોટ રોગ તાવસહિત ઉત્પન્ન કરે, તેનું મુખ્ય કારણ રક્ત પિત્ત જેવું હોયછે, તેનો દેખાવ પ્રથમ તાવ આવી પછી અગ્નિમાં બળેલા જેવા ફોડલા થોડા કે ઘણા અને કોઈને આખા શરીરે ઉત્પન્ન થાયછે. ૧ વાતવિસ્ફોટ શ્યામ વર્ણે થવા છતાં મસ્તકશૂળ, ફોલ્લાને અતિ પીડા, તાવસંબંધી પીડા, સાંધાને દુઃખ ઈત્યાદિક વાયુકોપના લક્ષણો થાયછે. ૨ પિત્ત વિસ્ફોટ; ને ફોડલા થાય, પાકે અને વહે, તાવ, દાહ, પીડા, તૃષા ઈત્યાદિક લક્ષણો પિત્તકોપસહિત થાય અને પિત્ત લોહિત વર્ણે વહેછે. ૩ કફ વિસ્ફોટ; ને ઉલટી, અરોચક

રોગ, શરીરે વજન, ખજવાળ, શખ્તપણું, પાંડુર વર્ણે, અલ્પ પીડા, ફોડલા લાંબે દિવસે પાકે ઇત્યાદિક કફકોપના લક્ષણો થાયછે. ૪ વાતપિત્ત વિસ્ફોટ; ને તીવ્ર વેદનાસહિત, બેહુના લક્ષણો થાયછે. ૫ કફપિત્ત વિસ્ફોટ; ને ખજવાળ, દાહ, તાવ, ઉલટી ઇત્યાદિક લક્ષણોસહિત થાયછે. ૬ વાતકફ વિસ્ફોટ; ખજવાળ, શરીર અકડાય અને અતિ ભારસહિત વાયુ કફ કોપના લક્ષણો થાયછે. ૭ રક્ત વિસ્ફોટ; ને લોહી કોપથી ફોલ્લીવો ઉત્પન્ન થાય, તે તાંબુસ વર્ણે ચણોઠી જેવી હોય, તે ઉપર સેંકડોં સિદ્ધ ઓષડનો ઉપાય કરવા છતાં એ રોગ સાધ્ય કે સારો થતો નથી. ૮ સન્નિપાત વિસ્ફોટ; ના ફોલ્લા લોહીના રંગે મધ્યભાગે ઉંડાણ થવા છતાં કીનારેથી ઉંચાઈ હોય, તે શખ્ત છતાં, પાક અલ્પ હોય; દાહ, તૃષા, મોહ, મૂર્છા, ઉલટી, અતિ પીડા, બડબડ, તાવ, કફ, આંખોને અંધારા ઇત્યાદિક લક્ષણોસહિત હોયછે, એની વીગતે વિસ્ફોટ રોગ આઠ પ્રકારે થાયછે.

મસૂરિકા રોગ એટલે માતા, ગોબરૂ, અછબડા ઇત્યાદિક ફોલ્લીનો ૧૪ પ્રકારે થાયછે; તે પ્રાણીમાત્ર અથવા ઝાડના પાંત્રાવોને કુદરતે એક વખતે થતો દેખાયછે, અને તિખાસ, ખટાસ, ખરાસ, વિરૂદ્ધ ઇત્યાદિક પદાર્થોનું અતિ સેવન કરેથી, વાસી કે બગડેલું અથવા ઝેર ચડેલું હરયેક ખોરાક કે અન્ન ખાધાથી અથવા શનૈશ્ચરાદિક ક્રૂર ગ્રહની દૃષ્ટિ જે દિશાએ પડે તે દેશમાં વાતાદિક દોષનો કોપ થાય, તે જગ્યાએ રેહેવાથી અને જે શરીરનું દુષ્ટ થયલું લોહી, તેને વાતાદિક દોષ ભળીને મસૂર, અડદ, મગ જેવી ફોલ્લીવો ઉત્પન્ન થાય, તેને મસૂરિકા, માતા, કે દેવી કહેછે; તેમાં તાવ, ખજવાળ, ગાત્રભંગ, અરોચક રોગ, ભ્રમતા, સોજો, શરીરનું પ્રથમ સ્વરૂપ બદલાય, વૈવર્ણ્ય થાય, આંખને રોગ, ઇત્યાદિક લક્ષણો પ્રથમ લખેલાં છે. ૧ વાત મસૂરિકા; ના ફોડલા શ્યામ વર્ણે, તેજહિણ, અતિ વેદનાસહિત, શખ્ત, લાંબા દિવસે પાકે ઇત્યાદિક વાયુકોપના લક્ષણો થાય. ૨ પિત્ત મસૂરિકા; ને શરીર અંબાય, સાંધા અને હાડકામાં ઠણકા, ખાંસી, કંપારો, અપ્રીતિ, ટાળુ જીભ ઓઠને શોષ, અતિ તૃષા, તીવ્ર તાવ, અતિશય મુખ પાકે, નેત્ર પાકે, દાહ, અરોચક રોગ, ફોડલા લોહીના વર્ણે, પીળા વર્ણે, કૃષ્ણ વર્ણે, દાહ વેદનાસહિત, જલદી પાકે, તેવા શરીરે ફોડલા ઇત્યાદિક લક્ષણો થાયછે. ૩ કફ મસૂરિકા; ને

મુખવાટે લાળ કે કફ વહે, શરીર અકડાય અને અતિ ભાર, કપાળ દુ:ખે, અરોચક રોગ, આંખોને અંધારા, અતિ આળસ, નિદ્રા ઈત્યાદિક લક્ષણો થાય, સફેદ વર્ણે ફોડલા, અને લાંબે દિવસે પાકે, ચિકણા, મ્હોટા ખજવાળસહિત, મંદ વેદનાસહિત હોયછે. ૪ કફપિત્ત મસૂરિકા; શરીરના રૂવાટા બરોબર ઊંચી અને બારીક બારીક ફોલ્લીવો શરીરે, તાવસહિત હોય, અરોચક રોગસહિત હોય, તેનો દેખાવ તાંબુસ વર્ણે છતાં કફપિત્તકોપના લક્ષણોસહિત થાયછે, તેને રોમાંતિકા અથવા ગોબરૂ કહેછે. ૫ વાતપિત્ત મસૂરિકા; ને વાયુ અને પિત્ત કોપના લક્ષણો થાયછે. ૬ વાતકફ મસૂરિકા; ને વાયુ કફના લક્ષણો હોયછે. ૭ સન્નિપાત મસૂરિકા; વાતાદિક ત્રણે દોષના લક્ષણોસહિત ગુળીના રંગે, ચપટા, વિસ્તારે, ઉંડાણે, અતિ પીડાસહિત એવી રીતે થાય, અને તે લાંબે દિવસે પાકે અને પરૂ વહેછે, ગળાનો માર્ગ બંધ થાય, અરોચક રોગ, આંખોને અંધારા, બડબડ, હરયેક પદાર્થ ઉપર અપ્રીતિ એ સર્વે લક્ષણોસહિત હોય, તેને ચર્મપિટિકા કહેછે. તે દુ:સાધ્ય જાણવા. ૮ ત્વક્ શબ્દથી રસધાતુમાંથી જે મસૂરિકા થાય, તે પાણીના પરપોટા જેવા ફોલ્લા હોય અને તેનો સંબંધ અલ્પ હોય, તે ફુટવાથી પાણીજ વહેછે. ૯ રક્તજા મસૂરિકા; તાંબુસ વર્ણે અને તાકીદે પાકે, એવી રીતે તેની ચામડી ઘણી પાતળી હોય, તે ફોલ્લા ફુટવાથી લોહી વહે, ને અત્યંત દુષ્ટ કલેશદાયક અસાધ્ય રોગ જાણવો. ૧૦ માંસજા મસૂરિકા; જે ફોલ્લા શખ્ત છતાં ચિકણા અને લાંબે દિવસે પાકે, તેની ચામડી ઘણી જાડી હોય તથા હરયેક પદાર્થ ઉપર અપ્રીતિ, ગાત્રોને શૂળ, ખજવાળ, તૃષા, તાવ ઈત્યાદિક લક્ષણો થાયછે. ૧૧ મેદોજા મસૂરિકા; ગોળાકાર છતાં નર્માસ, કંઈક ઊંચાઈએ છતાં અઘોર તાવસહિત મ્હોટા હોય, ભ્રમતા, હરયેક પદાર્થો ઉપર અપ્રીતિ, સંતાપને ઉત્પન્ન કરે, તે રોગમાં એકાદો હમેશા પરેજી કરનારનો રોગ સાધ્ય થાયછે. ૧૨ અસ્તિજા મસૂરિકા, ઘણી બારીક છતાં તેના શરીર જેવો રંગે હોય, તેજહિણ હોવા છતાં, ચપટા અને કંઈક ઊંચા ફોલ્લા હોયછે. ૧૩ મજાથી મસૂરિકા; હ્રદયાદિ મર્મસ્થાન જુદુ થવાથી, ભ્રમ, વેદના, હરયેક પદાર્થો ઉપર અપ્રીતિસહિત, તે રોગથી જલદી પ્રાણ જાય, જેમ ભમરો ફોલે તેમ એ રોગના ફોલ્લાવો સર્વે હાડકાને પોકળ કરેછે. ૧૪ શુક્ર ધાતુથી મસૂરિકા થાય;

એ રોગ શુક્ર ધાતુમાંથી ઉત્પન્ન થાય, પાકેલા જેવી દેખાય, ચિકણા, ચકચકતા હોય, અને તેમાં અતિ વેદના, શરીર અકડાય, સર્વે પદાર્થો ઉપર અપ્રીતિ, ભ્રમતા, દાહ, ઉન્માદ રોગ ઇત્યાદિક લક્ષણોસહિત હોય, તે અસાધ્ય રોગ જાણવો. એવી રીતે મસૂરિકા રોગ ચઊદ પ્રકારે થાયછે.

ફોલ્લા અને ગાંઠો બળતરની વિસર્પ રોગ.

विसर्परोगो नवधा वातपित्तकफैस्त्रिधा ॥
त्रिधा च द्वंद्वभेदेन सन्निपातेन सप्तमः ॥ ३८ ॥
अष्टमो वन्हिदाहेन नवमश्चाभिघातजः ॥

વિસર્પ રોગ; સર્પની રીતે શરીરે પસરે અથવા દોડે છે, તેની ઉત્પત્તિ અતિશય ખરાસ, ખટાસ, તિખાસ, ઉષ્ણ ઇત્યાદિક પદાર્થો ખાધાપીધાથી અથવા તેનું સેવન કીધાથી વાતાદિક ત્રણે દોષ અને લોહી સહવર્તમાને, ચામડી, માંસ એ સાતે પદાર્થનો કોપ થઈ નવ પ્રકારે વિસર્પ રોગ ઉત્પન્ન થાયછે.

૧ વાત વિસર્પ; ને વાતજ્વર, વિષમવેગ સમાપ્રમાણે રોગના લક્ષણો, કંપારો, સોજો, શરીરની ચામડીને શૂળા કે શસ્ત્ર ભોકાવા જેવી વેદના થાય, રૂવાટા ઉભા થાય ઇત્યાદિક લક્ષણો થાયછે. ૨ પિત્ત વિસર્પ; ને રોગની તાકીદે ગતિ હોવા છતાં, પિત્તજ્વરના લક્ષણો, ઉષ્ણ વેગ, અતિસાર, શરીર અતિ તાંબુસ વર્ણે ઇત્યાદિક લક્ષણો હોયછે. ૩ કફવિસર્પ; ને ખજવાળસહિત ચિકણાસ છતાં કફજ્વરના લક્ષણો, શરીર અકડાય, રોગનો મંદ વેગ, ઈત્યાદિકસહિત હોયછે. ૪ વાતપિત્ત વિસર્પ; ને વાતપિત્ત જ્વરના ઉપદ્રવસહિત છતાં, ઉલટી, મૂર્છા, અતિસાર, તૃષા, ભ્રમ, હાડકા અને સાંધા છુટા પડવા જેવી વેદના, અજીર્ણ, ક્રોધ, શ્વાસ, અરોચક રોગ એ સર્વે સહિત હોય, તે રોગ વધવાથી એવું જણાય કે કણખર અથવા શમ્ન ખેરના લાકડાના અગ્નિમાં શરીર બળતું હોય, તેવી બળતર, એ રોગ સર્પની રીતે શરીરની જે જગ્યાએ દોડેછે, તે જગ્યા બળીને કાળી ઠિકરા કે કોળશા જેવી અથવા શામળા રંગે કે તાંબુસ વર્ણે થાય, અને તે બળેલી જગ્યાનો આગલો ભાગ તાકીદે બળેલા ફોલ્લાથી ભરેલો થાય, એ રોગ હૃદયને વ્યાપે, બળવાન વાયુ સર્વે શરીરને પીડા કરે, માણસની ચેષ્ટા હરણ થાય, મરણ પામેલા જેવું બેશુદ્ધ પડે, નિદ્રાહરણ, કફમાં પડેલો હોય તેમ, કોઈ પણ

સ્થાને એ રોગીને સુખ ન જણાય, શરીરના અવયવ અકડે, પરસેવો થાય, શરીર અને મનને શ્રમ, તેમાંથી બેશુદ્ધ પડેલો જાગરૂત થાય, જે માણસ મરણરૂપી નિદ્રાને પામે, તે વિસર્પને અગ્નેય કહેછે. ૫ કફવાત વિસર્પ; ને વાયુ પોતાના સ્વકારણે કોપાય થઇ, અને કોપાયમાન થયેલો જે કફ તેની વૃદ્ધિ કરે, પછી ઘણા પ્રકારે કફને સર્વે અવયવો આસપાસ ખેચી, ચામડી, નસો, સાંધા, માંસ, તત્સંબંધી જે લોહીને બગાડી દૂષિત કરી લાંબી અથવા ન્હાની, ગોળાકાર, અતિશખ્ત, તાંબુસ વર્ણે એવી ગાંઠાનો માળો ઉત્પન્ન થાય, તેથી કરીને તીવ્ર વેદના, તાવ, ખાંસી, શ્વાસ, અતિસાર, મુખશોષ, હેડકી, ઊલટી, ભ્રમ, મૂર્છા, શરીરે અતિભાર, આળસ ઈત્યાદિક લક્ષણો થાય, તેને ગ્રંથિવિસર્પ કહેછે. ૬ કફપિત્ત વિસર્પ; ને જ્વર, ગાત્રો અકડાય, નિદ્રા, આંખોને અંધારાં, માથાને શૂળ, શરીર તવાય, આંખો ઈત્યાદિક ઇંદ્રિયોને વજન, બડબડ, અરોચક રોગ, ભ્રમ, મૂર્છા, અગ્નિમાંદ્ય, અસ્થિભેદ, હાડકાને વેદના, તૃષા ઈત્યાદિક લક્ષણોસહિત હોય અને ગુદાની જગ્યાએ આંમનો લેપ અને રસવાહી નસોને તાણે, તે વિસર્પ આમાશયને પકડવાથી તે જગ્યાએ અતિ વેદના થાય, પીળારંગે કે તાંબુસ વર્ણે, પાંડુર વર્ણે એવી ફોલ્લીવો ભરાય છે, તે ચિકણી અને કળાસ વર્ણે, સોજાસહિત, વજનદાર, અંદર પાકસહિત એવી રીતે હોય, ઉષ્ણ છતાં પાકીને પરૂ કે રસીથી ભરેલી, ભીજાયલી હોય, ફોડેલી જણાય, અને સ્નાયુ તથા નસોસ્થાને જમાવ થઇ ફુટીને માંસ શરીર અવયવનો સંયોગ થઈ ગળવા લાગે અને ઝરતી કે ગળતી જેવી અલાઇ કે ફોલ્લીવો આવે, તેને કદમવિસર્પ કહેછે. ૭ સન્નિપાત વિસર્પ; ને વાતાદિક ત્રણે દોષોનો કોપસહિત લક્ષણો હોય છે. ૮ જઠરાગ્નીના તાપેથી વિસર્પને જઠરાગ્નિ અતિ સંતપ્ત થઇ તેના દાહથી લોહી બગડીને એ રોગ થાય, તેના લક્ષણો પિત્તવિસર્પ જેવા હોય છે. ૯ અભિઘાતજ વિસર્પ; શસ્ત્રાદિકોના ઘાનો જખમ થઇ, તેના કારણે વાયુનો કોપ થઈ લોહી સહવર્તમાને પિત્તોનો કોપ કરે, તે પછી કુલથીના દાણા જેવી ફોલ્લીવો ભરાય, તેને સોજે, જ્વર, દાહ, કળાસ વર્ણે, તાંબુસ વર્ણે, ઈત્યાદિક લક્ષણોસહિત હોય છે.

શિળસનો ઉદર્દ અથવા શીતપિત્ત રોગ.

तथैकः श्लेष्मपित्ताभ्यामुदर्दः परिकीर्तितः ॥
वातपित्तेन चैकस्तु शीतापित्तामयः स्मृतः ॥

ઉદર્દ અને શીતપિત્ત એ બે રોગો; તેની ઉત્પત્તિ શીતળ વાયુના સંસ્પર્શસંબંધથી કફ અને વાયુ એ બેહુ બગડી પિત્તોને મળી અંદરના ભાગે લોહી ઈત્યાદિક ધાતુમાં અને બહાર ચામડીમાં પ્રવેશ કરી શરીરે ગાંધીણ નામે માખીના ચટકા જેવી ઝીણી અલાઈની ફોલ્લીવો ઉત્પન્ન થાય, તેને ખજવાળ, પીડા, દાહ, બળત્તર એટલા ઉપદ્રવ હોય, તેમાં કફ પિત્તના કોપેથી જે અલાઈની ફોલ્લીવો થાય, તેને અતિ ખજવાળ છતાં, વેદના થોડી હોય તેને ઉદર્દ રોગ કહેછે. અને જે વાતપિત્તના કોપથી ફોલ્લીવો અલાઈ જેવી થાય, તેને ખજવાળ થોડી છતાં, અતિ વેદના હોય, તેને શીતપિત્ત કહેછે, એ બેહુ રોગમાં તાવ, ઉલટી, દાહ ઈત્યાદિક લક્ષણો થાયછે.

ખાટા ઓડકારનો આમ્લપિત્ત રોગ.

आम्लपित्तं त्रिधा प्रोक्तं वातेन श्लेष्मणा
तथा ॥ तृतीयं श्लेष्मवाताभ्यां

આમ્લ પિત્તરોગ ત્રણ પ્રકારે થાય છે; તે રોગ વિરૂદ્ધ અન્ન એટલે ખાધેલો ખોરાક અન્ન ઈત્યાદિક ન પચવા છતાં બીજે ખાધાથી, અથવા પાચન ન થાય તેવો કે કોપદાયક ખોરાક ખાધાથી, વાસી, ઉતરેલો કે બગડેલો ખોરાક ખાધાથી, ઝેર ચડેલો કે ઝેરસહિત ખોરાક ઈત્યાદિક કોપકર્તા પદાર્થ ખાધાથી અને વાત પિત્ત ઇત્યાદિનો કોપ, ખાધાપીધાથી ઇત્યાદિકનું સેવન કરેથી વાયુ ઈત્યાદિકનો કોપ, પિત્ત દુષ્ટ થાય, વિદાહાદિક ઓષડો નવા કીધા પછી વર્ષાઋતુ વેહી ગઈ કે ઈત્યાદિ કારણોથી પિત્તોનો સંચિત કે એકઠું થાય, તેને આમ્લ પિત્ત કહેછે, તેના લક્ષણોમાં ખાધેલા ખોરાકનું પાચન થાય નહી, મેહેનત કરવા વિના ઠાકોટો લાગે, ઉલટીના ઉપકા, ખજવાળ, ખટાસના ઓડકાર. શરીરે વજન, હ્રદય અને કંઠમાં બળત્તર, અરોચક રોગ, પિત્ત ખાટું થાય, તૃષા, દાહ, મૂર્છા, ભ્રમ થતાં, લીલા, પીળા, કાળા, લાલ એવા અનેક રંગ અને દુર્ગંધિસહિત ઉપર ચડી મુખવાટે, કે ઝાડા, પિશાબમાર્ગે બાહર નિકળે અથવા કદાચિત્ મુખને પાણી છૂટે, અગ્નિમાંદ્ય, રૂવાટા ઉભા થાય, શરીર પીળા વર્ણે અને અલાઈજેવી ફોલ્લીવો ઈત્યાદિક લક્ષણો થાયછે.

૧ વાતજ આમ્લપિત્ત; વાયૂનો મિલાફ થયો હોયતો શરીરે કં-

પારો, રાઈનો લેપ કરેથી ચમચમાટ થાય તેમ, બડબડ, મૂર્છા, અંધારામાં પડેલા જેવું, બુદ્ધિ વિનાનો થાય. ૨ કફજ આમ્લપિત્ત; કફનો મિલાફ થાયતો મુખને કફમિશ્રિત થુકો આવે, શરીરે વજન, અરોચક રોગ, ગાત્રો શીતળ, દુર્બલપણું, મુખને ચીકાસ, અગ્નિમાંદ્ય, ખજવાળ, અતિ નિદ્રા, ઈત્યાદિક લક્ષણો થાય. ૩ કફવાતજ આમ્લપિત્ત; કફવાયુનો મિલાફ થવાથી ત્રણે દોષોના લક્ષણો સહિત થાયછે.

રક્તપિત્તનો વાતરક્ત રોગ.

वातरक्तं तथाऽष्टधा ॥ वाताधिक्येन पित्ताच्च कफाद्दोषत्रयेण च ॥ ४० ॥ रक्ताधिक्येन दोषाणां द्वंद्वेन त्रिविधः स्मृतः ॥

વાતરક્ત રોગ આઠ પ્રકારે થાયછે; તે અતિશય ખરાસ, ખટાસ, તિખાસ, સ્નિગ્ધ, ઉષ્ણ, અજીર્ણકર્તા, ગંધી કે બગડેલી જણસ, શુષ્ક શખ્ત સુકાયલી એવી રીતના પદાર્થોનું સેવન કરેથી, મત્સ્યાદિક, હંસ, કારંડ નામે કાગડા જેવી ચાંચ અને લાંબા પગના પક્ષી, ચક્રવાકાદિક પક્ષીવો, એવા પ્રાણીનું માંસ, તલ ઈત્યાદિકની ખોળ, મુળા, કુલથી, શિંગમાં થતાં કઠોળ કે ધાન્યો, કોપકર્તા શાકાદિક, સેકેલા તલનો કુચો, સેરડીનો રસ, દહીં, કાંજી, અન્નાદિક ખોરાક, છાસ, દારૂ, રૂક્ષ કે કોપકર્તા પદાર્થ, દુધ, મત્સ્યાદિક ઈત્યાદિક વાસી કે ઉતરેલા કે બગડેલા પદાર્થો ખાધાપીધાથી કે તેનું અતિશય સેવન કરેથી, દિવસે નિદ્રા, અને રાત્રે જાગરણ એવી રીતે ઘણું કરીને સકુમાર કે મ્હોટા માણસે મિથ્યાહાર, વિહાર, સ્થૂળ અને ચિંતા મુકેલી, એવા પ્રકારના માણસો જે તેવોના શરીરનું લોહી, વાયુ સર્વે રીતે કોપાયમાન થઈ, પગની જગ્યાએ એકઠું થાય, પછી દુષ્ટ થયેલો જે વાયુ તેથી મળેછે, તેમાં વાયુ બળવાન હોય, માટે તેને વાતરક્ત કહે છે; તે મધ્યે પિત્ત અને કફ બેહુ બગડીને દુષ્ટ થયેલા વાયુ, તેને મળીને લોહી સાથે મળે છે, પછી પગને સ્પર્શ કે અડકવાથી અતિ દુઃખ, બેહેર આવે, પિત્ત લોહી કોપે પગને રોગ થવાથી અતિ દાહસહિત ઉષ્ણ થાય, તેને લાલ સોજો આવે, દુષ્ટ કફસહિત પગને એકઠું થવાથી ખજવાળ, વજન, પરસેવોસહિત, શીતળતા, ફુગાસી, અને ત્રણે દોષોનો કોપ કે સંબંધ થવાથી ત્રણે દોષોના લક્ષણો હોય, તેનું પ્રથમ રૂપ શરીરે પરસેવો ઘણો કે મુદલ ન આવે, શરીર કૃશ કે સૂકાય, એ રોગની જગ્યા બેહેરી થાય,

ચાઠા કે જખમસહિત થવાથી અતિ પીડા થાય, સાંધા અકડે, આલસ, શરીરે જગ્યાજગ્યાએ ગાંઠો થાય, જાગ, ગુઠણ, હાથપગના ગોટલે, ખાંદ, હાથ, પગ, એ સર્વે સ્થાને અતિ પીડા થાય, સાંધામાં, ખજવાળ, દાહ એ સર્વે વારંવાર થાય અને જતા પણ રહે, શરીર તેજહિણ થાય, અને ગોળાકાર લાલ ચાઠા ઉપડે, એ સર્વે લક્ષણો વાતરક્તના પ્રથમ જાણવા.

૧ વાતજ વાતરક્ત; ને વાયૂનો વધારો થવાથી શૂળ, શરીરના સર્વે અવયવ એક બીજા તરફ ખેંચાય, પીડા, સોજો, તેજવિનાનું, કળાસવર્ણે ઈત્યાદિ લક્ષણો, એ રોગની વૃદ્ધિ કે ઘટાડો ઘડીઘડીમાં થાય, શરીર જકડાય, ઘણા ઠણકા લાગે, શીતળ પદાર્થ ગમે નહી, અને તેનો ઉપયોગ વખતે કીધો તો દુઃખનો વધારો થાય, કંપારો ઈત્યાદિક લક્ષણો થાયછે. ૨ પિત્તજ વાતરક્ત; ને દાહ, ભ્રમ, પરસેવો, મુર્છા, તૃષા, ઈત્યાદિક લક્ષણો થાય, એ રોગની જગ્યાએ અડકવાથી વેદના વધે, અને ઠણકા, તનખ જેવી વેદના થાય, વખતે સૂકાય અને પાકે, અતિ તપ્ત ઉષ્ણ રહેછે. ૩ કફજ વાતરક્ત; ને કફનો વધારો થવાથી શરીર અકડે, અતિભાર, બેહેર, શીતળપણું, ખજવાળ, પીડા મંદ, એ સર્વે લક્ષણો થાયછે. ૪ ત્રિદોષજ વાતરક્ત; ને ત્રણે દોષોના લક્ષણોસહિત હોયછે. ૫ રક્તજ વાતરક્ત; લોહી વધારાથી સોજો, અતિ પીડા, ચામડી લાલ થઈ હમેશા ચમચમાટ થાય, ખજવાળ છુટે, રસી ગળે, સ્નિગ્ધ, અને રૂક્ષ પદાર્થોનું સેવન કરેથી શાંતિ ન થાય. ૬ દ્વંદ્વજ વાતરક્ત; બેહુ દોષોના લક્ષણો હોય, તેને વાતરક્ત કહેછે; વાતપિત્તજ વાતરક્ત; ને એ ત્રણ દોષોના લક્ષણો થાયછે. ૭ પિત્તકફજ વાતરક્તને એ ત્રણે દોષોના લક્ષણો હોયછે. ૮ વાતકફજ વાતરક્તને એ ત્રણેના લક્ષણો હોયછે.

વાયુનો વાત રોગ.

अशीतिर्वातजा रोगाः कथ्यंते मुनिभाषिताः ॥ ४१ ॥ आक्षेपको हनुस्तंभ ऊरुस्तंभः शिरोग्रहः ॥ बाह्यायामोंतरायामः पार्श्वशूलः कटिग्रहः ॥ ४२ ॥ दंडापतानकः खल्ली जिव्हास्तंभस्तथार्दितः ॥ पक्षाघातः क्रोष्टुशीर्षो मन्यास्तंभश्च पंगुता ॥ ४३ ॥ कलायखंजता तूणी प्रतितूणी च खंजता ॥ पादहर्षो गृध्रसी च विश्वाची चापबाहु-

कः ॥ ४४ ॥ अपतानो व्रणायामो वातकंठोपतंत्रकः ॥ अंगभेदोऽ-
गशोषश्च मिण्मिणत्वं च कल्लता ॥ ४५ ॥ प्रत्यष्ठीलाष्ठीलिका च
वामनत्वं च कुब्जता ॥ अंगपीडांगशूलं च संकोचः स्तंभरूक्षता॥४६॥
अंगभंगोऽगविभ्रंशो विट्ग्रहो बद्धविट्कता ॥ मूकत्वमतिजृंभा स्याद-
त्युद्गारोंत्रकूजनम् ॥ ४७ ॥ वातप्रवृत्तिः स्फुरणं शिराणां पूरणं
तथा ॥ कंपः कार्श्यं श्यावता च प्रलापः क्षिप्रमूत्रता ॥ ४८ ॥
निद्रानाशः स्वेदनाशो दुर्बलत्वं बलक्षयः ॥ अतिप्रवृत्तिः शुक्रस्य
कार्श्यं नाशश्च रेतसः ॥ ४९ ॥ अनवस्थितचित्तत्वं काठिन्यं विर-
सास्यता ॥ कषायवक्त्रता ध्मानं प्रत्याध्मानं च शीतता ॥ ५० ॥
रोमहर्षश्च भीरुत्वं तोदः कंडू रसाज्ञता ॥ शब्दाज्ञता प्रसुप्तिश्च गंधा-
ज्ञत्वं दृशः क्षयः ॥ ३५१ ॥

વાયુકોપનો રોગ ૮૦ પ્રકારે ઋષિઓએ કહેલો છે, તેના નામો અને લક્ષણો.

૧ આક્ષેપ.વાયુ; નો કોપ થઈને સર્વે નસો મધ્યે ભરાઈ, હાથી ઉપર બેઠાથી જેમ માણસનું શરીર ડોલે છે, તે પ્રમાણે વારંવાર ડોલા આવેછે. ૨ હનુસ્તંભ; વાયુનો કોપ થઈ, દાઢી કે હનુવટી અકડાય, એકાએક મુખ જખડાય, તેવી રીતે લાંબા દિવસ સુધી મુખ રહેછે. ૩ ઉરૂસ્તંભ; વાયુ, કફ અને મેદ એ સર્વે મળીને જાંગમાં બળવાન થઈ ભરાય, જાંગ ભારી થાય, અકડાવે, તેથી જાંગ અચેત થઈ, ચાલવાની સામર્થ્ય રેહતું નથી. ૪ શિરોગ્રહ; વાયુ લોહી સાથે મળીમે મસ્તકે, લોહી ફેરવનારી જે નસો છે, તેને તેજહિણ કરી વેદના કરેછે; તે અસાધ્ય રોગ છે. ૫ બાહ્યાયામ; વાસા તરફથી માણસને કામઠાની રીતે વાંકો કરેછે. ૬ અભ્યંતરાયામ; વાયુ છાતી તરફથી કામઠાની રીતે માણસને વાંકો કરેછે. ૭ પાર્શ્વશૂળ; વાયુ કોઠામાં કોપ થઈ પાસળામાં શૂળ થાયછે. ૮ કટિગ્રહ; જે વાયુથી કુંબર અકડે છે. ૯ દંડાપતાનક; વાયુ દંડુકા જેવો થઈ, શરીરના ગાત્રોને જખડે છે. ૧૦ ખલ્લી; વાયુથી પગ, પોટલી, ગુઠણ, જાંગ, હાથ, એવી જગ્યાએ એક પછી એકમાં વાયુ ભરાઈ શૂળ ઉત્પન્ન કરેછે. ૧૧ જીંહાસ્તંભ; જે વાયૂથી શબ્દવાહી નસોમાં ભરાઈ, જીભને અકડાવે, તેથી અન્ન પાણી મોહટા કષ્ટેથી ગળામાં ઉતરે અને બોલાય નહી. ૧૨ અ-

દિંત; માણુસ ઉંચા પદાર્થોને હાથેથી કાહડી લેવા કુડકા મારવાથી અને અતિ શખ્ત પદાર્થ ખાધાથી, અતિ હસવાથી, શરીર ઉપર અતિભાર ઉપાડવાથી, ઊંઘમાં માણુસ ગરદન અથવા શરીર વાકુ ચુકુ કે, ઊંચુ કે નીચુ રાખવાથી ઈત્યાદિ કારણોથી વાયુનો કોપ થઈ, મસ્તક, નાક, ઓઠ, ગાલ, કપાળ, આંખો એટલા સાંધામાં વાયુ પ્રવેશ કરી અર્ધું મોહ કે ચેહરો ફેરવીને વાકુ થાય, તેથી ગરદન પણ વાકી થાય, મસ્તકને કંપારો, મુખમાંથી શબ્દ નિકળતો અટકે, ભવા અને આંખ પણ વાંકી થાયછે. ૧૩ પક્ષઘાત; વાયુ અર્ધા શરીરમાં પ્રવેશ કરી નસો અને સાંધાનું શોષણ કરી સાંધાના બંધનો છુટા થતા થતા, અર્ધાં શરીર ચેતનારહિત થાયછે. ૧૪ ક્રોષ્ટુશીર્ષ; વાયુ રક્તાશ્રિત થઈને ગુઠણોમાં ભરાઈ, સોજો, કોલાહાના માથા જેવો મ્હોટો થાય, તેમાં અતિ વેદના થાયછે. ૧૫ મન્યાસ્તંભ, વાયુ કફાશ્રિત થઈ, ગરદન અકડાવે તેથી ગરદન ફેરવી સકાતી નથી. ૧૬ પંગુ; વાયુ કંબરમાં ભરાઈ જાંગોની મ્હોટી મ્હોટી નસોમાં પ્રવેશ કરી માણસોના બેહું પગો લુલા કરેછે, તેને પંગુ કે પાંગળો કહેછે. ૧૭ કળાયખ્ખંજ; વાયુથી ચાલતી વખતે માણસોનું શરીર અને પગે ધુજારો કે કંપારો થાય, અને ખંજરીટ પક્ષી જેવા વાંકા ચુકા ચાલેછે. ૧૮ તૂણી; વાયૂથી ઝાડા પિશાબની જગ્યામાં તનખ ઉત્પન્ન થાયછે. ૧૯ પ્રતિતૂણી; વાયૂથી ગુદ અને લિંગ સ્થાને તનખ ઉત્પન્ન થાયછે. ૨૦ ખંજ; તે પંગુ વાયૂના લક્ષણોસહિત હોવા છતાં માણસો એક પગે લુલો થાય, તેને ખંજ કે લંગડો કહેછે. ૨૧ પાદહર્ષ; વાયુ કફાશ્રિત થઈ, પગને કીડીયો ચાલવા જેવી ઝણઝણી આવેછે. ૨૨ ગૃધ્રસી; વાયુ માણસના વાસા કે પીઠમાં, કંબરમાં, જાંગોમાં, ગુઠણોમાં, પગે અને પોટલીવોમાં, એ સર્વે સ્થાને એક પછી એક પ્રવેશ કરી હીયાથી ત્યાં વારંવાર થોડો થોડો ફરતા ફરતા અકડાવે અને શૂળસહિત ક્લેશ ઉપજાવેછે. ૨૩ વિશ્વાચી; વાયુ હાથના તળિયા ઉપરના આંગળાની મ્હોટી મ્હોટી નસોમાં પ્રવેશ કરી આખા હાથની નસો સાથે મળી હાથનું ચળણવળણ અને કર્મો અકડાવે છે. ૨૪ અપબાહુક; વાયુ હાથમાં જઈ બાહુસંબંધી નસોનું આકર્ષણ કરીને, હાથ કે બાહુંને અકડાવે જખડવેછે. ૨૫ અપતાનક; વાયુ હ્રદયમાં જઈ દ્રષ્ટિ અકડે, જ્ઞાન કે બુદ્ધિનો નાશ કરે, અને કંઠમાંથી વિલક્ષણ કે ચમત્કારીક શબ્દ થાય, તે વાયુ હ્રદયમાંથી નિકળવાથી માણસ શુદ્ધિમાં આવે અને

ફરીને હૃદયમાં જવાથી માણસ પાછો ભ્રમ કે બેશુદ્ધ થાયછે. ૨૬ વ્રણાયામ; અભિઘાત નિમિત્તે અથવા માર કે જખમોથી ઘારામાં વાયુ ઉત્પન્ન થઈ પીડા કરેછે. ૨૭ વાતકંટક; માણસો ચાલતા વાંકો ઊંચો કે નીચો પગ પડવાથી, થાક લાગેથી વાયુ પગના ગુઠણોમાં ભરાઈ પીડા થાયછે. ૨૮ અપતંત્રક; વાયુ ઉપર ચડી હૃદયે, મસ્તકે, અને ગાત્રોને શંખ ઘા જેવી પીડા થઈ, કામઠી જેવું શરીર નમાવે, તેથી દૃષ્ટિ અકડાય, ભ્રમતા, કપોત પક્ષી જેવા માણસો શબ્દ બોલે છે. ૨૯ અંગભેદ; વાયુ આખા શરીરે પીડા થાયછે. ૩૦ અંગશોષ; વાયુ સર્વે શરીરનું શોષણ કરેછે. ૩૧ મિણમ્રિણત્વ; વાયૂથી માણસ શબ્દ નાકમાંથી બોલે તેને ગુગણો કહેછે. ૩૨ કલ્લતા; વાયુથી કંઠમાંથી શબ્દ માણસ ટુંટતો બોલે છે. ૩૩ અષ્ઠીલિકા; વાયુથી નાભિ નીચે પથરા જેવી ગાંઠ થવા છતાં, ઊંચી ગોળાકાર હોય, તે ફરે અને વધે કે સર્વે દોષથી મળેલી સ્થિર, લોખંડના ઘણ કે મેઘ જેવી ગાંઠ ઉત્પન્ન થાય, તેને વેદના મંદ હોય છે, અને મળમૂત્રનો અટકાવ વાયુ કરેછે. ૩૪ પ્રત્યષ્ઠીલા; ની ગાંઠને અતિશય વેદના હોય અને મળમૂત્રનો અટકાવ થાય, તથા અષ્ઠીલિકાની ગાંઠના જેવા સર્વે લક્ષણો થાયછે. ૩૫ વામનત્વ; વાયુ દુષ્ટ થઈ ગર્ભસ્થાને મલી ગર્ભોને વિકાર કરે, તેથી બાળક ન્હાનો કે ઝીણો કમજોર ઉત્પન્ન થાયછે. ૩૬ કુબ્જત્વ; વાયુ નસોમાં જઈ, સર્વે દોષને દુષ્ટ કરી વાંસો અને છાતી એ ખુંધ નિકળે છે. ૩૭ અંગપીડા; વાયુથી આખા શરીરે પીડા થાયછે. ૩૮ અંગશૂળ; વાયુથી આખા શરીરે શૂળા ભોકાય છે. ૩૯ સંકોચ; વાયુથી આખા શરીરની સર્વે નસો અકડાયછે. ૪૦ સ્તંભ; વાયુથી શરીર જખડાયછે. ૪૧ રૂક્ષ; વાયુથી શરીર નિસ્તેજ થાયછે. ૪૨ અંગભંગ; વાયૂથી શરીરે ઠણકા લાગેછે. ૪૩ અંગવિભ્રંશ; વાયુથી શરીરનો એકાદો ભાગ કે અવયવ લાકડા જેવો શખ્ત, ચેતનારહિત થાયછે. ૪૪ વિડ્ગ્રહ; વાયુથી ઝાડો સાફ થતો નથી. ૪૫ બદ્ધવિટ્કતા; વાયુથી પક્વાશયમાં વાયુનો કોપ થઈ, ઝાડો શખ્ત કે કાંકરા જેવો બંધાય છે. ૪૬ મૂકત્વ; વાયુકોપે કંઠમાંથી શબ્દ કે વર્ણ મૂદ્દલ નિકળતો નથી, તેને મુંકો કહેછે. ૪૭ અતિ જૃંભા; વાયુ દુષ્ટ થઈ, તેથી અતિ બગાસાં આવેછે. ૪૮ પ્રત્યુદ્ગાર; વાયુનો કોપ આમાશયમાં થઈ, તેથી અતિ ઓડકાર આવેછે. ૪૯ અંત્રકૂજન; વાયુ પક્વાશયમાં રહી આંતરડામાં ભરાઈ શબ્દ થાયછે.

૫૦ વાતપ્રવૃત્તિ; વાયુ ગુદમાર્ગે સરે કે અતિ પાદે છે. ૫૧ સ્ફુરણ; વાયુથી શરીરાવયવ પોતપોતાની તરફ ખેંચે કે ધૂજાવેછે. ૫૨ શિરાપૂરણ; વાયુ નસોમાં ભરાઈ ફુગવેછે. ૫૩ કંપવાયુ; વાયુ આખાં શરીરને કંપાવે કે ધૂજાવેછે. ૫૪ કાર્શ્ય; વાયુ આખું શરીર તવાય કે ગળાય છે. ૫૫ શ્યાવતા; વાયૂથી શરીર કાળાસ રંગે થાયછે. ૫૬ પ્રલાપ; વાયૂથી માણસ સંબંધ વિનાનું ભાષણ કરેછે. ૫૭ ક્ષિપ્રમૂત્રતા; વાયૂથી માણસને પિશાબ કર્તાં ઘણી વિલંબ લાગે છે. ૫૮ નિદ્રાનાશ; વાયૂથી ઊંઘ આવતી નથી. ૫૯ સ્વેદનાશ; વાયૂથી શરીરે પરસેવો આવતો નથી. ૬૦ દુર્બળત્વ; વાયૂથી માણસ દુર્બળ થાયછે. ૬૧ બળક્ષય; વાયૂથી માણસ અતિશય શક્તિહીણ થાયછે. ૬૨ શુક્રાતિપ્રવૃત્તિ; વાયૂથી શુક્ર ધાતુગત થઇ, ધાતુને ઘડીઘડીએ ગળાવે છે. ૬૩ શુક્રકાર્શ્ય; વાયુ શુક્ર ધાતૂને જરાક જરાક ક્ષીણ કરેછે. ૬૪ શુક્રનાશ; વાયૂથી શુક્ર ધાતૂને અતિક્ષીણ કરેછે. ૬૫ અનવસ્થિતચિત્તત્વ; વાયૂથી ચિત્ત સ્થિર રહેતું નથી. ૬૬ કાઠિન્ય; વાયૂથી શરીર શખ્ત રહેછે. ૬૭ વિરસાસ્યતા; વાયૂથી મુખનો સ્વાદ જતો રહેછે. ૬૮ કષાયવક્રતા; વાયૂથી મુખને તૂરાસ આવેછે. ૬૯ આધ્માન; વાયૂથી પક્વાશયમાં રહી પેટને ધમણની રીતે ફુગવે, તેમાં ગુડગુડ શબ્દસહિત પીડા થાયછે. ૭૦ પ્રત્યાધ્માન; વાયુ આમાશયમાં ભરાઈ, કફને મળી પેટ ફુગવી વેદના કરેછે તેને વાયગોળો કહેછે. ૭૧ શીતતા; વાયૂથી શરીર શીતળ થાયછે. ૭૨ રોમહર્ષણ; વાયુ ચામડીમાં ભરાઈ, શરીરના રૂંવાટાં ઉભા થાયછે. ૭૩ ભીરૂત્વ; વાયુથી ભય કે બીક ઉત્પન્ન થાયછે. ૭૪ તોદ; વાયૂથી સોયના ટોચા ભોકવા જેવી વેદના થાયછે. ૭૫ કંડુ; વાયૂથી શરીરે અતિ ખજવાળ ઉત્પન્ન થાય છે. ૭૬ રસાજ્ઞતા; વાયૂથી મધુરાદિક પદાર્થો ખાધાપીધાથી તેનો સ્વાદ સમજાતો નથી. ૭૭ શબ્દાજ્ઞતા; વાયૂથી કાને શબ્દ સંભળાતો નથી, તેને બેહરો કહેછે. ૭૮ પ્રસુપ્તિ; વાયૂના કોપે ચામડીને બેહર થાય, તેને સ્પર્શે કરેથી સમજાતું નથી. ૭૯ ગંધાજ્ઞત્વ; વાયૂથી સુગંધી કે દુર્ગંધી સમજાતી નથી. ૮૦ દૃશાઃક્ષય; વાયૂના કોપે દૃષ્ટિનાશ એટલે આંખે ન દેખે. એવી રીતે ૮૦ પ્રકારે વાયૂનો કોપ થવાથી ઉપર લખેલા રોગ ઉત્પન્ન થાયછે.

પિત્ત રોગ.

अथ पित्तभवा रोगाश्चत्वारिंशादिहोदिताः ॥ धूमोद्गारो विदाहः स्यादुष्णांगत्वं मतिभ्रमः ॥ ३९२ ॥ कांतिहानिः कंठशोषो मुखशोषो-

ऽल्पशुक्रता ॥ तिक्तास्यताम्लवक्त्रत्वं स्वेदस्त्रावोंगपाकता ॥ ३९३ ॥ क्लमो हरितवर्णत्वमतृप्तिः पीतकायता ॥ रक्तस्त्रावोंगदरणं लोहगंधास्यता तथा ॥ ३९४ ॥ दौर्गंध्यं पीतमूत्रत्वमरतिः पीतविट्कता ॥ पीतावलोकनं पीतनेत्रता पीतदंतता ॥ ३९५ ॥ शीतेच्छा पीतनखता तेजोद्वेषोल्पनिद्रता ॥ कोपश्च गात्रसादश्च भिन्नविट्कत्वमंधता ॥ ३९६ ॥ उष्णोच्छ्वासत्वमुष्णत्वं मूत्रस्य च मलस्य च ॥ तमसो दर्शनं पीतमंडलानां च दर्शनं ॥३९७॥ निःसरत्वं च पित्तस्य चत्वारिंशद्रुजः स्मृताः ॥

પિત્તકોપે ૪૦ પ્રકારે રોગ થાયછે. તેના નામો અને લક્ષણો નીચે લખેલા છે.—

૧ ધૂમોદ્ગાર; પિત્તથી ધુમાડા જેવો ઓડકાર આવેછે. ૨ વિદાહ; પિત્તથી શરીરે અતિ દાહ થાયછે. ૩ ઉષ્ણાંગત્વ; પિત્તથી શરીર ગરમ કે ઉષ્ણ રહેછે. ૪ મતિભ્રમ; પિત્તથી કુંભારના ચાક કે પૈડાં ઉપર માણસ બેઠાથી ભ્રમણ થાય તેવી રીતે થાયછે. ૫ કાંતિહાનિ; પિત્તથી શરીરની કાંતીનો નાશ થાયછે. ૬ કંઠશોષ; પિત્તથી ગળે પાણી ઇત્યાદિકનો શોષ પડેછે. ૭ મુખશોષ; પિત્તથી મોહનું તેજહિણ થઇ શોષાયછે. ૮ અલ્પશુક્રતા; પિત્તકોપે ધાતુ ક્ષીણ થાયછે. ૯ તિક્તાસ્યતા; પિત્તથી મુખે કડવાસ થાયછે. ૧૦ આમ્લવક્ત્રત્વ; પિત્તથી મુખે ખટાસ થાયછે. ૧૧ સ્વેદસ્રાવ; પિત્તથી શરીરે પરસેવો નિકળે છે. ૧૨ અંગપાકતા; પાચક પિત્તથી શરીર પાકે છે. ૧૩ ક્લમ; પિત્તથી શરીરે નબળાઇ થાયછે. ૧૪ હરિતવર્ણત્વ; પિત્તથી શરીરનો રંગ લીલો થાયછે. ૧૫ અતૃપ્તિ; વારંવાર હરએક ખોરાક માણસ ખાવા પીવા છતાં તૃપ્તિ ન થાય. ૧૬ પીતકાયતા; શરીરનો રંગ પીળો હલદ જેવો થાયછે. ૧૭ રક્તસ્રાવ; પિત્તથી મુખમાર્ગે લોહી પડેછે. ૧૮ અંગદરણ; પિત્તથી શરીરની ચામડી ફાટેછે. ૧૯ લોહગંધાસ્યતા; લોખંડને ભઠ્ઠીમાં તપાવતાં લોખંડમાંથી જેવી ગંધ નિકળે છે, તેવી ગંધ માણસના મુખમાંથી નિકળેછે. ૨૦ દોર્ગંધ્ય; શરીરના ગાત્રોંને દુર્ગંધી નિકળે છે. ૨૧ પીતમૂત્રત્વ; માણસનો પિશાબ પીળા રંગે થાયછે. ૨૨ અરતિ; પિત્તથી હરએક પદાર્થ ઉપર પ્રીતિ રહેતી નથી. ૨૩ પિત્તવિટ્કતા; પિત્તથી માણસનો ઝાડો પીળા રંગે થાયછે. ૨૪ પી-

તાવલોકન; પિત્તથી સર્વે વસ્તુ પીળા રંગે દેખાયછે. ૨૫ પીતનેત્રતા; પિત્તથી આંખો પીળા રંગે થાય, તેને કમળો કહેછે. ૨૬ પીતદંતતા; પિત્તથી દાંત પીળા રંગે થાયછે. ૨૭ શીતેચ્છા; પિત્તથી શીતળ પદાર્થ ઉપર ઇચ્છા થાયછે. ૨૮ પીતનખતા; પિત્તથી નખો પીળા રંગે થાયછે. ૨૯ તેજોદ્વેષ; પિત્તથી અગ્નિ કે દીપક સામું જોવાતું નથી. ૩૦ અલ્પનિદ્રતા; પિત્તથી નિદ્રા થોડી આવેછે. ૩૧ કોપ; પિત્તથી ક્રોધ કે ગુસ્સો આવે છે. ૩૨ ગાત્રસાદર; પિત્તથી શરીરના ગાત્રોંને વેદના થાયછે. ૩૩ ભિન્નવિટ્કત્વ; પિત્તથી ઝાડો પાતળો થાયછે. ૩૪ અંધતા; પિત્તથી દૃષ્ટીનો નાશ કે આંધળો થાયછે. ૩૫ ઉષ્ણોચ્છ્વાસત્વ; પિત્તથી શ્વાસોચ્છ્વાસ ગર્માગર્મ નિકળે છે. ૩૬ ઉષ્ણમૂત્રત્વ; પિત્તથી પિશાબ ગર્માગર્મ નિકળે છે. ૩૭ ઉષ્ણમળત્વ; પિત્તથી ઝાડો ગર્માગર્મ નિકળે છે. ૩૮ તમોદર્શન; પિત્તથી અંધારામાં જવા જેવું લાગેછે. ૩૯ પીતમંડળદર્શન; પિત્તથી શરીરે પીળા રંગે, ગોળાકાર ગડગુમડા, કે દરાજ થાયછે. ૪૦ નિઃસરત્વ; પિત્તથી મુખે અથવા ઝાડામાર્ગેથી ખાટું થયેલું પિત્ત પડેછે. એવી રીતે પિત્તકોપે ૪૦ રોગ થાયછે.

કફ રોગ.

कफस्य विंशतिः प्रोक्ता रोगास्तंद्रातिनिद्रता ॥ ५८ ॥ गौरवं मुखमाधुर्यं मुखलेपः प्रसेकता ॥ श्वेतावलोकनं श्वेतविट्कत्वं श्वेतमूत्रता ॥ ५९ ॥ श्वेतांगवर्णता शैत्यमुष्णेच्छा तिक्तकामिता ॥ मलाधिक्यं च शुक्रस्य बाहुल्यं बहुमूत्रता ॥ ६० ॥ आलस्यं मंदबुद्धित्वं तृप्तिर्घर्घरवाक्यता ॥ अचैतन्यं च गदिता विंशतिः श्लेष्मजा गदाः ६१

કફ કોપથી વીસ પ્રકારે રોગ થાયછે. તેમાં ૧ તંદ્રાકફ; તેથી આંખને અંધારા આવેછે. ૨ અતિનિદ્રતા; કફથી અતિશય ઊંઘ આવેછે. ૩ ગૌરવ; શરીર ભારી થાયછે. ૪ મુખમાધુર્ય; મુખને મિઠાસ થાયછે. ૫ મુખલેપ; મુખ ચીકણું થાયછે. ૬ પ્રસેક; મુખને લાળ ગળેછે. ૭ શ્વેતાવલોકન; સર્વે પદાર્થ સફેદ રંગે દેખાયછે. ૮ શ્વેતવિટ્કત્વ; ઝાડો સફેદ રંગે થાય છે. ૯ શ્વેતમૂત્રતા; પિશાબ સફેદ રંગે થાયછે. ૧૦ શ્વેતાંગવર્ણતા; શરીરનો રંગ સફેદ થાયછે. ૧૧ ઉષ્ણેચ્છા; ઉષ્ણ, ગર્મ પદાર્થો ઉપર ઇચ્છા થાયછે. ૧૨ તિક્તકામિતા; કડવી વસ્તુઉપર ઇચ્છા થાયછે. ૧૩ મળા-

ચિંક્ય; અતિ મળ કે ઝાડો થાયછે. ૧૪ શુક્રબાહુલ્ય; શુક્ર ધાતુનો અતિ સંચય થાયછે. ૧૫ બહુમૂત્રતા; પિશાબ ઘણો આવે છે. ૧૬ આલસ્ય; અતિ આળસ આવેછે. ૧૭ મંદબુદ્ધિત્વ; બુદ્ધિ મંદ થાયછે. ૧૮ તૃપ્તિ; માણસ થોડું ખાધા પીધા છતાં તૃપ્ત રહેછે. ૧૯ ઘરઘરવાક્યતા; માણસ બોલે તેમાં ઘરઘર શબ્દ નિકળે છે. ૨૦ અચૈતન્ય; માણસ ચૈતન્યવિનાનું થાયછે.

લોહીનો રક્તવિકાર.

रक्तस्य च दश प्रोक्ता व्याधयस्तस्य गौरवम् ॥ रक्तमंडलता रक्तनेत्रत्वं रक्तमूत्रता ॥ ६२ ॥ रक्तष्ठीवनता रक्तपिटिकानां च दर्शनम् ॥ उष्णं च पूतिगंधत्वं पीडापाकश्च जायते ॥ ६३ ॥

લોહી સંબંધી દસ પ્રકારે રોગ થાયછે. ૧ ગૌરવરક્ત; લોહી કોપથી શરીરે ભાર થાયછે. ૨ રક્તમંડળતા; લોહી કોપથી શરીરે લાલરંગે ગોળાકાર દરાજ કે ગડગુમડા થાયછે. ૩ રક્તનેત્રત્વ; આંખો લાલરંગે થાય છે. ૪ રક્તમૂત્રતા; લોહી રંગે પિશાબ થાયછે. ૫ રક્તષ્ઠીવનતા; મુખવાટે લોહીની થુંકો નિકળે છે. ૬ રક્તપિટિકાદર્શન; શરીરે લોહીરંગે ફોલ્લીઓ થાયછે. ૭ ઉષ્ણ; શરીરે ઉષ્ણતા, ગર્માગર્મ રહેછે. ૮ પૂતિગંધત્વ; શરીરે દુર્ગંધી આવેછે. ૯ પીડા; શરીરે વેદના થાયછે. ૧૦ પાક; મુખમાં ફોલ્લીઓ આવીને પાકેછે.

મુખ અને ઓઠને મુખરોગાંતર્ગત ઓષ્ઠરોગ.

चतुःसप्तति संख्याता मुखरोगास्तथोदिताः ॥ तेष्वोष्ठरोगा गणिता एकादश मिता बुधैः ॥ ६४ ॥ वातपित्तकफैस्त्रेधा त्रिदोषैरसृजा तथा ॥ क्षतं मांसार्बुदं चैव खंडौष्ठश्च जलार्बुदं ॥ ६५ ॥ मेदोर्बुदं चार्बुदं च रोगा एकादशौष्ठजाः ॥

મુખ રોગ ૭૪ પ્રકારે થાયછે; તેમાં ઓષ્ઠરોગ ૧૧, દંતરોગ ૧૦, દંતમૂળરોગ ૧૩, જિહ્વારોગ ૬, તાળુ રોગ ૮, કંઠરોગ ૧૮, મુખમધ્યેના રોગ ૮, એવી રીતે ૭૪ રોગના લક્ષણો થાયછે.

૧ ઓષ્ઠરોગ; વાયુ કોપેથી ઓઠ શખ્ત થવા છતાં, કળાસવર્ણે, વેદના અને ગાંઠોસહિત જકડાયલો હોય, તે જરાક ફુટીને ઉપરની આ-

મડી ફાટે અને ચીર પડેછે. ૨ પિત્તજ ઓષ્ઠરોગ; પિત્તથી ઓઠ પીળારંગે આસપાસ ભાગે ફોલ્લીવો, દાહ, પાક, વેદનાસહિત થાયછે. ૩ કફજ ઓષ્ઠરોગ; કફ કોપે સફેદ વર્ણે, અલ્પ વેદનાસહિત ફોલ્લીવો ચિકાસ ભરેલી ઓઠને થાયછે. ૪ સન્નિપાતજ; ત્રણે દોષના સંબંધથી ઓઠ કોઈ વખતે કાળા, પીળા કે સફેદ અનેક રંગે થાય તથા અનેક વેદનાસહિત ફોલ્લીવો થાયછે. ૬ રક્તજ; લોહી કોપેથી ઓઠનું માંસ દુષ્ટ થઈ ગાંઠો કે ગોળો બંધાય અને ભારે વજને થાય, ખજુરીના ફળ કે લોહીના રંગે ફોલ્લીવો સહિત થાય, તેમાંથી અતિ લાલ રંગે લોહી વહે, અને મુખની બેહું બાજુ સડીને તેમાંથી કૃમિ જીવાત ઉત્પન્ન થાયછે. ૬ ક્ષતજ; ઓઠને જખમ થવાથી ફાટે અને ચીર પડે, માંસની ગાંઠો બંધાય, ખજવાળ થાયછે. ૭ માંસાર્બુદ; ઓઠસંબંધી માંસ દુષ્ટ થઈ, માંસના પિંડો કે લાડું જેવો ઊંચો, મ્હોટો વજનદાર થાયછે. ૮ ખંડૌષ્ઠ; ઓઠને એક બાજુએ ચીર પડી, તેમાંથી રસી કે લોહી વહેછે. ૯ જલાર્બુદ; માંસના પિંડો જેવો ઊંચો અને મ્હોટો ઓઠ થઈ, તેમાંથી રસી કે પાણી વહેછે. ૧૦ મેદાર્બુદ; મેદ દુષ્ટ થવાથી ઓઠ મ્હોટા થઈ, તેમાં વિંધ કે નાસૂર પડી, તેમાંથી ઘી અથવા કાંજી જેવી પાંડુરવર્ણે રસી દુર્ગંધીસહિત અથવા નિર્મળ સ્ફટિક જેવી સફેદ રસી વહેછે. ૧૧ થી ૧૮ અર્બુદ; વાતાદિક ત્રણે દોષોના કોપથી ઓઠસ્થાને અતિ દુઃખદાયક ઊંચી ગાંઠો ઉત્પન્ન થાયછે.

દાંતનો દંતરોગ.

दंतरोगा दश ख्याता दलनः क्रमिदंतकः ॥ ६६ ॥ दंतहर्षकरालश्च दंतचालश्च शर्करा ॥ अधिदंतः श्यावदंतो दंतभेदः कपालिका ॥ ६७ ॥

દાંતોને ૧૦ પ્રકારે રોગ થાયછે. ૧ દલન; દાંતોને વાયુ કોપેથી કુવાડો મારવા જેવી વેદના થાયછે. ૨ કૃમિદંતક; દાંતોના મુળમાં લોહી દુષ્ટ થવાથી જીવાત ઉત્પન્ન થઈ, વિનાકારણે દાંતને વેદના થાય, કળાસ વર્ણે વિંધ પડી રસી વહેછે. ૩ દંતહર્ષ; જે માણસના દાંતોને શીતળ, રૂક્ષ, અથવા ખટાસના પદાર્થો અને બળવાન વાયુ ઈત્યાદિકનો સ્પર્શ કે અડકવાથી અતિ વેદના થાયછે. ૪ કરાળ; વાયુ કોપેથી આસ્તે આસ્તે દાંતો વાંકા ચુકા ઉત્પન્ન થાયછે. ૫ દંતચાલક; વાયુ પોતાના ગુણેથી દાઢીકે હનુવ-

ટીના સાંધામાં ભરાઇ અકડાવે, દાંત હલાવે, મુખ, નેત્ર, નાક એ સર્વેને પીડા કરે, તેને હનુમોક્ષવાયુ બળવાન કહેછે. ૬ શર્કરા; કફ અને વાયુ કોપેથી દાંતને મળ બંધાય અને તેનું શોષણ કરે, તે મળનો થયેલો સ્પર્શ મુખમાં રેતી જેવો ખડબચડો લાગેછે. ૭ અધિદંત; વાયુના કોપે સર્વ દાંતોમાંથી એકાદો દાંત ઊગે તેથી અતિ વેદના થાય, પછી તે દાંત ઉગ્યાથી વેદના પણ શાંત થાયછે; તેને બળવર્ધન કહેછે. ૮ શ્યાવદંત; દુષ્ટ લોહીસહિત જે પિત્ત, તેના કોપેથી દાંત કળાસવર્ણ અથવા ગુળીના રંગે થાયછે. ૯ દંતભેદ; કફ વાયુના કોપે દાંતને વેદનાસહિત હલાવી હલાવી પાડેછે, તેથી માણસોના ગાળોમાં ગોળાકાર ચક્ર જેવા ખાડા પડે, તેને દંતભંજનક કહેછે. ૧૦ કાપાલિકા; કફવાયુના કોપેથી દાંતો ને મળોના પોપડા શુષ્ક બંધાઈ, દાંતોથી છુટા પડે, તેથી દાંતોનો નાશ થાયછે.

દંતમૂળ રોગ.

तथा त्रयोदशमिता दंतमूलामयाः स्मृताः ॥ शीता दोषकुशौ द्वौ तु दंतविद्रधिपुप्पुटौ ॥६८॥ अधिमांसो विदर्भश्च महासौषिरसौषिरौ ॥ तथैव गतयः पंच वातात्पित्तात् कफादपि ॥ ६९ ॥ सन्निपातगतिश्चान्या रक्तनाडी च पंचमी ॥

દાંતોને તેર પ્રકારે મળ રોગ થાયછે. વાતાદિક ત્રણે દોષો તેમાં ભેદાવાથી કે નાડી નાસૂરનો રોગ પાંચ પ્રકારે થાયછે. ૧ શીતાપદ; માણસના દાંતો જેમાં બેઠલા હોય, તે પાળામાંથી અકસ્માત કફ લોહી કોપેથી લોહી વહે, પાળાસંબંધી માંસ દુષ્ટ થઇ, દુર્ગંધસહિત ચિકણી નર્મ રસી કાળા રંગે વહે, ગર્મોથી પરભારા પાળા પાકીને માંસ ફાટેછે. ૨ ઉપકુશ; લોહી પિતોના કોપેથી દાંતોના પાળાને દાહ થાય, અને તે પાકીને દાંતો હાલે તથા જુદા જુદા વખતે મંદ વેદનાસહિત દાંતો પડે અને લોહીને વેહવડાવે, લોહી નિકળવાથી પાળા ફુગે અને મુખને દુર્ગંધી આવેછે. ૩ દંતવિદ્રધિ; વાતાદિક ત્રણે દોષો અને લોહીના કોપે દાંતોના પાળાની અંદર અને બાહર સોજો, વેદના દાહસહિત થાય, તેમાંથી લોહી મિશ્રિત પરૂ વહેછે. ૪ પુપ્પુટ; કફ, લોહી કોપેથી બે અથવા ત્રણ દાંતોના પાળામાં મ્હોટો સોજો ઉત્પન્ન થાયછે. ૫ અધિમાંસ; નીચેની દાઢ અને દાંતો, દાઢી કે હનુવટીના મૂળમાં ઉત્પન્ન થયેલા જેને મ્હોટો સોજો આવી અતિ વેદના

થાયછે. ૬ વિદર્ભ; દાંતોના પાળામાં જખમ લાગેથી અથવા દાંતોને શખ્ત વસ્તુ ઘસાવાથી મ્હોટો સોજો કે નાસૂર ઉત્પન્ન થાય અને દાંતો હાલે છે. ૭ મહાસૌષિર; વાતાદિક ત્રણે દોષોના કોપથી પાળામાંથી દાંતો હાલવા લાગે, અને ટાળવામાં બે ભાગે સોજો થઈ વચ્ચે ફાટ પડેછે. ૮ સૌષિર; કફ લોહીથી દાંતોના મૂળમાં વેદનાસહિત સોજો ઉત્પન્ન થાય અને લાળ ગળેછે. ૯ વાતનાડી; દંતમૂળમાં નાસૂર થઈ, તેમાં પોકળ નળી જેવું નાળું પડી, તેમાંથી દુર્ગંધસહિત પરૂ વહેછે, તેમાં વાયુ દુષ્ટ થવાથી વાયુકોપના શૂળાદિક લક્ષણો થાયછે. ૧૦ પિત્તનાડી; દાંતોના પાળામાં નાસૂર થઈ, તેમાં નાળા જેવી લાંબી નળી પડીને તેમાંથી દુર્ગંધસહિત પરૂ વહે, દાહાદિક પિત્તો કોપના લક્ષણોસહિત થાયછે. ૧૧ કફનાડી; જે નાસૂરમાં જાડું અને સફેદ રંગે પરૂ વહે, ખજવાળ, વજન, ઈત્યાદિક કફ કોપના લક્ષણો થાયછે. ૧૨ સન્નિપાત નાડી; જે નાસૂરને ત્રણે દોષોના કોપસહિત લક્ષણો થાયછે. ૧૩ રક્તનાડી; જે નાસૂરને લોહીવર્ણે અને દાહસહિત પરૂ વહે અને તેમાં પિત્તકોપના લક્ષણો થાયછે.

જીભનો જિવ્હા રોગ.

तथा जिव्हामयाः षट् स्युर्वातपित्तकफैस्त्रिधा ॥ ७० ॥ अलसश्च चतुर्थः स्यादधिजिव्हा च पंचमः ॥ षष्ठश्चैवोपजिव्हा स्यात्

જીભને ૭ પ્રકારે રોગ થાયછે; ૧ વાતજ; વાયુ કોપેથી જીભ ફાટીને મધુરાદિ પદાર્થો ખાધાપીધાથી તેનો સવાદ કે ખવાસ સમજતો નથી અને શાક નામે ઝાડ મારવાડમાં થાયછે, તેના ખડબચડા પાંત્રા અને તેના રંગ જેવી જીભ થાયછે. ૨ પિત્તજ; પિત્તોના કોપથી જીભ દાહસહિત પીળા કે રક્તવર્ણે થાય, લાંબી ઉપડી ફોલ્લીનાં દાણા થાયછે. ૩ કફજ; કફોના કોપેથી જીભ સફેદ વર્ણે થાય, ભારે? સાંવરીના કાંટા જેવી થાયછે. ૪ અળસ; કફલોહી કોપેથી જીભ નીચેના અંગને મોટો સોજો થાય અને અકડે, તેના મૂળમાં પાકેછે. ૫ અધિજિવ્હા; કફલોહી કોપથી જીભ ઉપરના અંગને શિખર જેવો સોજો અને તે પાકેથી રોગ અસાધ્ય જાણવો. ૬ ઉપજીવ્હા; કફલોહીથી જીભને વાંકી કરી તે ઉપર શિખર જેવો સોજો ખજવાળસહિત થાય તેથી લાળ ગળે છે.

તાળવાનો તાળુ રોગ.

तथाष्टौ तालुजा गदाः ॥ ७१ ॥ अर्बुदं तालुपिटिका कच्छपी तालुसंहतिः ॥ गलातुंडी तालुशोथस्तालुपाकश्च पुप्पुटं ॥ ७२ ॥

તાળવાને આઠ પ્રકારે રોગ થાયછે; ૧ અર્બુદ; તાળવાના મધ્ય ભાગે એરણુ જેવો સોજો થાય, એ રોગમાં રક્તાર્બુદના લક્ષણો અગાઊ લખેલા થાયછે. ૨ તાળુપિટિકા; તાળવાની જગ્યાએ લોહી વર્ણે જખડાયલો સોજો લોહી વિકારે દાહવેદનાસહિત થાયછે, તેને ગ્રંથોમાં અંધ્રીષ કહેછે.. ૩ કચ્છપી; કફસંબંધેથી તાળવામાં કાચબાની પીઠ જેવો ઉંચો એકાયેક સોજો ઉત્પન્ન થાય, તેમાં વેદના મંદ હોયછે. ૪ તાળુસંહતિ; કફકોપથી તાળુની વચે માંસ દુષ્ટ થઈ વેદના ન થતાં લબડી પડેછે. ૫ ગળાતુંડી; કફ લોહી કોપેથી તાળવાના મૂળથી લાંબો અને મ્હોટો સોજો ફુલેલી ધમણુ જેવો ઉત્પન્ન થાય, તેથી તૃષા, ખાંસી, શ્વાસ, થાયછે. ૬ તાળુશોથ; વાયુના કોપેથી તાળવામાં મ્હોટો સોજો થઈને ફાટે અથવા અતિ મ્હોટો શ્વાસ થાયછે. ૭ તાળુપાક; પિત્તોના કોપથી તાળવામાં મ્હોટો અઘોર પાક ઉત્પન્ન થાયછે. ૮ પુપ્પુટ; કફોના કોપેથી તાળવામાં બોરડીના ફળ જેવી ગાંઠ પીડારહિત ઉત્પન્ન થાય અને તેને મેદાશ્રિત હોયછે.

ગળાનો ગળરોગ.

गलरोगास्तथाख्याता अष्टादशमिता बुधैः ॥ वातरोहिणिका पूर्वं द्वितीया पित्तरोहिणी ॥ ७३ ॥ कफरोहिणिका प्रोक्ता त्रिदोषैरपि रोहिणी ॥ मेदोरोहिणिका वृंदो गलौघो गलविद्रधिः ॥ ७४ ॥ स्वरहा तुंडकेरी च शतघ्नी तालुकोऽर्बुदम् ॥ गिलायुर्वलयश्चापि वातगंडः कफस्तथा ॥७५॥ मेदोगंडस्तथैव स्यादित्यष्टादश कंठजाः॥

ગળાને ૧૮ પ્રકારે રોગ થાયછે; ૧ વાતરોહિણી; વાયુ કોપેથી જીભની વચમાં માંસના કંદ કે દાણા ઉત્પન્ન થઈ, ગળે ઉતરવાનો રસ્તો શખ્ત, બંધ થાય, વાયુના કોપે કંપારાદિક ઉપદ્રવ થાય, એ રોગ બળવાન હોય તો સાત દિવસે રોગી મરેછે. ૨ પિત્તરોહિણી; પિત્તોના કોપેથી ગળામર માંસના કંદો તાકીદે ઉત્પન્ન થાય અને પાકે તેને દાહસહિત તીવ્ર જ્વર ઇત્યાદિ પિત્તકોપના લક્ષણો થાય, એ રોગ બળવાન હોય તો રોગી

પાંચ દિવસે મરેછે. ૩ કફરોહિણી; કફ કોપેથી કંઠસંબંધી નસોનો વહિવટ અટકે, ગળામાં માંસના કંદો બંધાય, તે સ્થિર થવા છતાં તેનો પાક લાંબા દિવસે થાય, એ રોગ બળવાન હોય તો રોગી ત્રણ દિવસે મરેછે. ૪ ત્રિદોષરોહિણી; કંઠમાં માંસના કંદો ઉત્પન્ન થાય, ત્રણે દોષોના લક્ષણોસહિત હોય, તે ગળાની અંદર ભાગમાં પાકે, તેથી રોગ ઉત્પન્ન થતાંજ રોગી મરે, એ રોગ અસાધ્ય છે. ૫ મેદોરોહિણી; મેદ દુષ્ટ થઈને તેમાંથી કંઠમાં ફોડલા ઉત્પન્ન થાય, ગળુ બંધ થાય, અને રોગી મરેછે. ૬ વૃંદ; પિત્ત અને ક્ષત કે જખમથી ગળામાં ગોળાકાર ઉંચો સોજો ઉત્પન્ન થાય, તેમાં અતિ દાહ, તીવ્ર જ્વર હોય, અને તે વાયૂનો બળ અતિશે હોય તો શૂળસહિત વેદના થાયછે. ૭ ગલૌધ; લોહી અને કફના કોપેથી ગળામાં મ્હોટો સોજો અન્ન પાણી ઉતરવાનો વહિવટ બંધ કરનારો થાય, અને તે સોજો વાયૂનો વહિવટ અટકાવે, તીવ્ર જ્વરસહિત વેદના થાયછે. ૮ ગળવિદ્રધિ; ત્રિદોષ સંબંધેથી ગળાને વ્યાપી મ્હોટો સોજો ગાંઠો જેવો ઉત્પન્ન થાય, તેમાં વાતાદિ ત્રણે દોષોનો ઉપદ્રવ, વેદના, દાહ, ખજવાળ ઈત્યાદિક લક્ષણો થાયછે. ૯ સ્વરહા; હરયેક રોગોથી કે કફેથી ગળાસંબંધી શબ્દ કે સ્વર નિકળવાનો કે વાયૂનો માર્ગ બંધ પડેલો હોય, તેથી માણસ દુઃખ પામતો હોય તો, શ્વાસોચ્છ્વાસ નાંખે અને શબ્દ બેસૂર અને શુષ્ક ઝીણો થાયછે. ૧૦ તુંડકેરી; કફકોપેથી ગળામાં બોરના ઠલીઆ પ્રમાણે ગાંઠ ઉત્પન્ન થાય, તે કાંત્યાના કે સુવાના મથાળા જેવા માંસરૂપી કાંટાવો ભરેલા, ખડબચડા સ્થિર કમળકંદ જેવા દેખાય, તેને કંઠશાળુક કહેછે. ૧૧ શતઘ્ની; ત્રણે દોષોના કોપેથી ગળામાં માંસરૂપી દિવેટ થઈ ગળુ બંધ કરે, અને માંસના કાંટા ભરાય, તેને વાયુ, પિત્ત અને કફ ત્રણેના કોપસહિત લક્ષણો, વેદના દાહ ખજવાળ ઈત્યાદિક થાય, અને લોખંડના ખિલા ભરેલા હોય તેમ શતઘ્ની નામે શિળા જેવી ગાંઠો પ્રાણ લેનાર ગળામાં થાયછે. ૧૨ તાળુક; પિત્તોના કોપેથી ગળામાં દાહ તીવ્ર વેદનાસહિત સોજો ઉત્પન્ન થાય, અને તે સંબંધે માંસ દુર્ગંધ થઈ ફાટે, તે માણસ જે પડખે સુતો હોય તે પડખામાં વિશેષ વેદના થાયછે. ૧૩ અર્બુદ; કફ અને ક્ષત કે જખમથી ગળાને ઉંચી ગોળાકાર દાહસહિત ખજવાળ પાકસહિત શખ્ત એવા પ્રકારે સોજો ઉત્પન્ન થાય, તેને ગ્રંથોમાં એક વૃંદ કહેછે. ૧૪ ગિળાયું; ગળામાં કફ લોહીથી આમળાના બિયાં જેવી ગાંઠો ઉત્પન્ન થાય તે ગાંઠો સ્થિર અને

અલ્પ પીડાસહિત હોય, ગળામાં અન્નાદિક ખોરાક જવાથી ખોરાક સાથે ગાંઠો ઘસાય, તે શસ્ત્ર ઉપચારે સાધ્ય થાયછે. ૧૫ વળય; કફના કોપેથી અન્નાદિક ખોરાક ઉતરવાનો માર્ગ બંધ થઈ, ગળામાં લાંબી અને ઊંચી ગાંઠો ઉત્પન્ન થાય, તે અસાધ્ય છે. ૧૬ વાતગંડ; વાયુ કોપેથી ગળામાં ગાંઠો પીડાસહિત ઉત્પન્ન થાયછે. ૧૭ કફગંડ; કફ કોપેથી ગળામાં ગાંઠો ખજવાળસહિત ઉત્પન્ન થાયછે. ૧૮ મેદોગંડ; મેદ દૃષ્ટ થઈ ગળામાં જે ગાંઠો ઉત્પન્ન થાય, તે સ્થિર છતાં અલ્પ પીડાસહિત હોયછે.

મુખમાંનો તોડાંતળે રોગ.

मुखांतःसंभवा रोगा अष्टाख्याता महर्षिभिः ॥ ७६ ॥ मुखपाको भवेद्वातात्पित्तात्तद्वत्कफादपि ॥ रक्ताच्च सन्निपाताच्च पूत्यास्योर्ध्वगुदावपि ॥ ७७ ॥ अर्बुदं चेति मुखजाश्चतुःसप्ततिरामयाः ॥

મુખમાં આઠ પ્રકારે રોગ થાયછે. ૧ વાતમુખપાક; વાયુના કોપેથી મુખમાં સર્વે જગ્યાએ ફોડલીવો થઈ વેદના થાયછે. ૨ પિત્ત મુખપાક; પિત્તોના કોપેથી મુખમાં લાલરંગે અથવા પીળા રંગે બારીક બારીક ફોડલીવો દાહસહિત થાયછે. ૩ કફમુખપાક; કફ કોપેથી મુખમાં સફેદ વર્ણે ફોડલા ખજવાળસહિત અને વેદનારહિત થાયછે. ૪ રક્તમુખપાક; લોહીના કોપેથી મુખમાં ફોડલાવોને પિત્ત કોપના લક્ષણોસહિત થાયછે. ૫ સન્નિપાત મુખપાક; વાયુ, પિત્ત અને કફ ત્રણેના કોપથી મુખમાં ફોડલા આવી ત્રણે દોષોના લક્ષણો થાયછે. ૬ દુર્ગંધાસ્ય; મુખમાં ફોડલા આવી તેમાં દુર્ગંધિ આવેછે. ૭ ઊર્ધ્વગુદ; મુખે ફોડલા આવી તત્સંબંધી માંસ ફાટીને તેની ગુદ જેવો આકાર થાયછે. ૮ અર્બુદ; ત્રણે દોષોના કોપેથી ગોળાકાર અને ઊંચી માંસોની ગાંઠો વેદનાસહિત ઉત્પન્ન થાયછે.

કાનનો કર્ણ રોગ.

कर्णरोगाः समाख्याता अष्टादशमिता बुधैः ७८ वातात्पित्तात्कफाद्रक्तात्सन्निपाताच्च विद्रधिः ॥ शोथोऽर्बुदं पूतिकर्णः कर्णार्शः कर्णहल्लिका ॥ ७९ ॥ बाधीर्यं तंत्रिका कंडूः शष्कुलिः कृमिकर्णकः ॥ कर्णनादः प्रतीनाह इत्यष्टादश कर्णजाः ॥ ८० ॥

કાનોમાં ૧૮ પ્રકારે રોગ થાયછે. ૧ વાતકર્ણ રોગ; વાયુના કોપેથી

કાનોમાં પીડાસહિત અવાજો ઉત્પન્ન થાય અને મેળનું શોષણ કરી પાણી જેવી પાતલી રસી થઈ વહેછે. ૨ પિત્તકર્ણરોગ; પિત્તકોપેથી કાનોમાં તાંબુસ વર્ણે સોજો થઈ ફાટે, તેમાં દહસહિત પીળારંગે દુર્ગંધીસહિત રસી વહેછે. ૩ કફકર્ણરોગ; કફ કોપેથી કાનોમાં ખજવાળસહિત સોજો સ્થિર થઈ સફેદ રંગે ચિકણી રસી ઉત્પન્ન થઈ વહે, અને કાનોને બેહેર તથા મંદ વેદના થાયછે. ૪ રક્તજ કર્ણરોગ; લોહી કોપેથી કાનોમાં પિત્તકોપના લક્ષણો થાયછે. ૫ સન્નિપાત કર્ણરોગ; વાતાદિ ત્રણે દોષોના કોપેથી વાયુ, પિત્ત, અને કફ ત્રણેના કોપસહિત અથવા જેનું બળ વિશેષ હોય તેના રંગે રસી વહેછે. ૬ વિદ્રધિ; કાનોમાં જખમ કે ધારૂ પડેથી આગંતુક વિદ્રધીના લક્ષણો ઉત્પન્ન થાય અથવા વાતાદિક ત્રણે દોષોના કોપે કાનોમાં વેદના દાહસહિત નાસૂર પડી, તેમાંથી પીળા રંગે કે તાંબુસવર્ણે લોહી વહેછે. ૭ કર્ણશોથ; વાતાદિક ત્રણે દોષોના કોપેથી કાનોમાં સોજો ઉત્પન્ન થાયછે. ૮ અર્બુદ; વાતાદિક ત્રણે દોષોના કોપેથી કાનોમાં ગોળાકાર ઉંચી ફોડલી ઉત્પન્ન થાય, તેને શૂળાદિક વેદના થાયછે. ૯ પૂતિકર્ણ; કાનોમાંથી દુર્ગંધીસહિત પરૂ વહેછે. ૧૦ કર્ણાર્શ; વાતાદિક ત્રણે દોષોના કોપેથી કાનોમાં માંસરૂપી કંદ કે દાણા ઉત્પન્ન થાય, અને શૂળ, ખજવાળ, દાહ ઈત્યાદિક વેદનાસહિત થાયછે. ૧૧ કર્ણહલ્લિકા; કાનોમાં ગોમનામે માખી કે પતંગ નામે જીવડા ભરાઈ માણસોને અકળાવે અનેક પ્રકારે ઘણઘણાટ તથા વેદના અને ઠણકા થાય, તે જીવડા કાનોમાં ફરેથી ચમત્કારિક અતિ વેદના થાય, નિશ્ચળ બેઠાથી વેદના મંદ થાયછે. ૧૨ બાધિર્ય; જે વખતે વાયુ એખલો કે કફાશ્રિત થઈ શબ્દવાહિની સ્રોતસા કાનોમાં રહે, તેથી માણસ બેહેરો થાયછે. ૧૩ તંત્રિકા; વાયુ પિત્તાદિકોસહિત થઈ કાનોમાં વાંસળી જેવો અવાજ ઉત્પન્ન થાયછે. ૧૪ કંડુ; વાયુ કફેથી મળી કાનોમાં ખજવાળ થાય, અને તે કફપિત્તોની ગર્મીથી શોષાય તેને ગ્રંથોમાં કર્ણગુથ કહેછે. ૧૫ શષ્કુલિ; મસ્તકમાં પથરાદિકોનો માર પડેથી, પાણીમાં અતિ બુડકી મારેથી, નાસૂર રોગનો પાક થવાથી ઈત્યાદિક કારણે વાયુ કોપી કાનોમાં અતિ દુ:ખ થાય, પરૂ વેહવડાવે, તેને ગ્રંથોમાં કર્ણસ્રાવ કહેછે. ૧૬ કૃમિકર્ણક; જે વખતે કાનોમાં કૃમિનામે જીવાતનો વધારો થઈ પસરે, આવજાવના કારણેથી કાનોનો વહીવટ બંધ પડી અતિ ઠણકા કે વેદના થાયછે. ૧૭ કર્ણનાદ;

વાયુનો કોપ થઈ કાનસંબંધી શબ્દવાહી નસોમાં રહે, તે વખતે માણસને અનેક પ્રકારે મ્હોટા નગારા, મૃદંગ કે શંખ ઈત્યાદિકોના શબ્દ સંભલાતો જણાય છે. ૧૮ પ્રતીનાહ; જે વખતે કાનોમાંનો મેલ પાતળો થઇ નાકમાં અને મુખમાં આવે તે વિકારને પ્રતીનાહ કહેછે, તે રોગથી અર્ધા માથાં કે મસ્તકને વેદના થાયછે.

કાનોની પાળનો કર્ણપાળી રોગ.

कर्णपालीसमुद्भूता रोगाः सप्त इहोदिताः ॥
उत्पातः पालिशोषश्च विदारी दुःखवर्धनः ॥
परिपोटश्च लेही च पिप्पली चेति संस्मृता ॥

કર્ણપાળી રોગ સાત પ્રકારે થાયછે. ૧ ઉત્પાત; કાનોની પાળે ભારી વજનદાર દાગીના પેહરવાથી, કોઇએ અતિ બળેથી, કાન મરડેથી, અતિશય ખજવાળેથી એવા કારણોથી કાનોની પાળોને કળાસ વર્ણે સોજો આવે, દાહ, પાકે, ઈત્યાદિક વેદના થાય અથવા રક્તપિત્ત કોપેથી સોજો તાંબુસ વર્ણે થાયછે. ૨ પાળિશોષ; વાયુના કોપેથી કાનોની પાળનું શોષણ થઇ ન્હાની થાયછે. ૩ વિદારી; કાનોની પાળ ફાટીને ખજવાળ થઇ પિગળે છે. ૪ દુઃખવર્ધન; કાનો વિંધતી વેળાએ નસ વિંધાય કે સારી રીતે કાન ન વિંધાવાથી અથવા તે વિંધને વધારતા વાતાદિક ત્રણે દોષોના કોપેથી સોજો, ખજવાળ, દાહ, જ્વર, અપાક, એ સર્વે વેદનાસહિત થાયછે. ૫ પરિપોટ; સકુમાર માણસે લાંબા દિવસ સુધી કાનોમાં દાગીના ન પેહરવાથી કાનોના વિંધ બુઝાય કે પુરાય, અને ફરીને દાગીના પેહરવાને એકાએક કાનોના વિંધમાં બેઠલા બુચને સળિયો ભરાવી ભરાવી મ્હોટા કરવાથી વાયુના કોપે કળાસ કે તાંબુસ વર્ણે સોજો પીડાસહિત થાય અને અકડાયછે. ૬ લેહી; કાનોની પાળોમાં કફ, લોહી કે કૃમિ નામે જીવાતના કોપેથી શરસી પ્રમાણે બારીક બારીક ફોડલી થઇ પસરે, તે ચળે, દાહ, ખજવાળ સર્વે પીડાસહિત થાય, તે પાકીપાકીને કાનોની પાળો ખવાય છે. ૭ પિપ્પલી; જબરાઇથી કાનોના વિંધોને વધારનારના કાનોની પાળોમાં વાયુનો કોપ થઈ, કફની મદત મેળવી વેદનાવિના સોજો થાય, અકડાય તેને ગ્રંથોમાં ઉન્મત્ત કહેછે.

કાનના મૂળનો, કર્ણમૂળરોગ.

कर्णमूलामयाः पंच वातात् पित्तात् कफादपि ॥
सन्निपात्ताच्च रक्ताच्च

કર્ણમૂળ રોગ કાનની પાછલી બાજુએ હેઠાણમાં કર્ણમૂળને ગાંઠ બંધાઈ પાંચ પ્રકારે રોગ થાયછે. ૧ વાયુના કોપેથી શૂળાદિક વેદના થાયછે. ૨ પિત્તકોપેથી દાહાદિક વેદના થાયછે. ૩ કફકોપેથી ખજવાળાદિક વેદના થાયછે. ૪ સન્નિપાતકોપેથી વાતાદિક ત્રણે દોષોના લક્ષણો થાયછે. ૫ લોહીના કોપેથી પિત્તકોપના લક્ષણો થાયછે.

નાકનો નાસારોગ.

तथा नासाभवा गदाः ॥ अष्टादशैव संख्याताः प्रतिश्यायास्तु तेष्वपि ॥८३॥ वातात्पित्तात्कफाद्रक्तात्सन्निपातेन पंचमः॥ अपीनसः पूतिनासो नासार्शो भ्रस्त्रथुः क्षवः ॥ ८४ ॥ नासानाहः पूतिरक्तमर्बुदं दुष्टपीनसम् ॥ नासाशोषो घ्राणपाकः पुटः स्रावश्च दीप्तकः ॥८५॥

નાકમાં થતો રોગ ૧૮ પ્રકારે થાયછે. ૧ વાતપ્રતિશ્યાય; વાયુકોપેથી સળકમ કે બળગમ થાય, તેથી નાક એચાય, કફ બંધાય, પુરાય અને થોડો વહે ગળાને, તાળવે, ઓઠ શોષ કે સૂકાય, શબ્દ નિકળતાં ઘણી પીડા; સ્વર બદલાયછે. ૨ પિત્તપ્રતિશ્યાય; સળકમને નાકમાંથી ઉન્હુ અને પીળા રંગે કફ વહે, માણસ કૃશ, નિર્બળ, પાંડુરવર્ણે, સંતપ્ત, ક્રોધી થાય, તૃષાથી અતિ પીડાયલો, નાકમાંથી ધુમાડા ભરેલો કે અગ્નિ જેવા શ્વાસોશ્વાસ મુકેછે. ૩ કફપ્રતિશ્યાય; સળકમને નાકમાંથી પાંડુરવર્ણે કે સફેદ વર્ણે વારંવાર કફ નિકળે, આંખો સફેદ કે પીળા રંગે, ગળે, તાળવે, ઓઠે, મસ્તકે ખજવાળ છુટેછે. ૪ રક્તપ્રતિશ્યાય; લોહી કોપેથી સળકમને નાકમાંથી લોહી વહે, માણસની આંખો લાલરંગે થાય, છાતીમાં પીડા, મુખના શ્વાસને દુર્ગંધ આવે, સુગંધ કે દુર્ગંધ ન સમજાય, એ રોગની દરકાર ન કરેથી તે દુષ્ટ થઈ લાંબે દિવસે અસાધ્ય થાયછે. ૫ સન્નિપાતપ્રતિશ્યાય; વાતાદિક ત્રણે દોષોના કોપે અને લક્ષણો વેદનાસહિત વારંવાર થાય ને પાકે, ન પાકે, એકાએક નળી જેવો પણ થાય, ઘડીમાં નાક ગળે, પિગળે, ઘડીમાં કોરૂ પડે, નાકને પુચ બેસી સુગંધ કે દુર્ગંધ ન સમજાય, એવા પ્રકારે

સળકમ દુષ્ટ થવાથી કષ્ટસાધ્ય થાયછે. ૬ અપીનસ; કફ વાયુ કોપેથી માણસોનું નાક ખેચાય, કોરૂ પડે, પિગળે, બંધ થાય, સુગંધ કે દુર્ગંધ ન સમજાય, ધુમાડા જેવો શ્વાસોચ્છ્વાસ નિકળે, બળગમના લક્ષણો થાયછે. ૭ પૂતિનાસ; ગળાના અને તાળવાના મૂળની જગ્યાએ દુષ્ટ થયેલો કફ, લોહી, પિત્ત એ સર્વે રીતે વાયુ દુષ્ટ થઈ રહે, મુખવાટે, નાકવાટે, દુર્ગંધીસહિત બાહેર નિકળેછે. ૮ નાસાર્શ; વાતાદિક દોષો ચામડી, માંસ, મેદ એટલાને બગાડી નાકમાં માંસરૂપી કંદ કે દાણા ઉત્પન્ન કરેછે. ૯ ભ્રસ્યથુ; લોખંડના ઘણ જેવો, ખારે સ્વાદે, બગડેલો એવો કફ પ્રથમ મસ્તકમાં એકઠો થયેલો હોય તે સૂર્યના કીર્ણની ગર્મીથી તપીને નાકમાર્ગેથી એકાએક બાહર નિકળેછે. ૧૦ ક્ષવ; રાઈ ઈત્યાદિક તિખાસ પદાર્થ ખાધાથી કે તેની સુગંધીથી અથવા સૂર્ય સાંભે નિરંતર જોવાથી અથવા સુતરની દિવેટો નાકમાં ફેરવેથી, તરૂણાસ્થિ રૂક મર્મસ્થાને તેનું ઉદઘાટન થવાથી છીંકો આવે, તે વીશે છઠ્ઠા અધ્યાયમાં લક્ષણો લખેલાછે. ૧૧ નાસાનાહ; કફ વાયુના કોપેથી નાકનો શ્વાસોચ્છ્વાસ લેવાનો માર્ગ બંધ થાય, તેથી નાકને બુચ બેઠલા જેવું થાય, તેને ગ્રંથોમાં પ્રતિનાહ કહેછે. ૧૨ પૂતિરક્ત; કપાળની જગ્યાએ વાતાદિક દોષો પોતાને કારણેથી કોપાયમાન થઈ, અથવા લાકડાનો કે લોખંડનો શોટાનો માર ખાધાથી, નાકમાંથી પરૂ મિશ્રિત લોહી વહેછે. ૧૩ અર્બુદ; વાતાદિક દોષોનો કોપેથી નાકમાં ગોળાકાર અને ઊંચી ગાંઠો ઉત્પન્ન થાયછે. ૧૪ દુષ્ટ પીનસ; વાતાદિક દોષોના કોપે નાકમાંથી વારંવાર દુષ્ટ કફ પડે, તેને પીનસ અને આમ કહેછે, તે પરિપક્વ ભેદથી બે પ્રકારે થાય, તેમાં એક આમપીનસ એટલે બળગમ, અપક્વ કે કાચી આમ છતાં મસ્તકને વજન, અરૂચી, નાકને પાણીની રેલ, સ્વર અતિઝીણો થાય, વારંવાર થુકે ઈત્યાદિક લક્ષણો આમપીનસને થાય. બીજો પરિપક્વ પીનસોના લક્ષણ પાકેલા બળગમ છતાં મસ્તકે વજન, અરૂચિ એ બેહુ અગાઊ લખ્યા પ્રમાણે હોય અને કફ શાન્ત થાય અને તે પાણીમાં નાંખેથી બુડે, સ્વર તથા રંગ રૂપ સૂધરેછે. ૧૫ નાસાશોષ; નાકસંબંધી જ્ઞાનેંદ્રિય વાયૂથી દાહસહિત અથવા શોષસહિત થાય, તેથી તે માણસો ચહડતા શ્વાસોચ્છ્વાસ મ્હોટા કષ્ટેથી મુકેછે. ૧૬ ઘ્રાણપાક; પિત્ત કોપેથી નાકમાં વ્રણ કે નાસૂર ઉત્પન્ન થાય, અને નાકનો અતિ પાક થાય, તેથી ભિનાસ અને

પરૂસહિત થાયછે. ૧૭ પુટસ્રાવ; વાતાદિક દોષોના કોપે નાકમાંથી પીળા કે સફેદ વર્ણે પાતળો કફ વહેછે. ૧૮ દીપ્રક; નાકે અતિ દાહ સંતપ્ત, તપેલું રેહેવાથી ધુમાડા જેવી બાફનો વાયુ બહાર નિકળે તેથી નાક અગ્નીથી બળવા જેવી વેદનાસહિત થાયછે.

માથાનો, શિરોરોગ.

तथा दश शिरोरोगा वातेनार्द्धावभेदकः ॥ शिरस्तापश्च वातेन पित्तात् पीडा तृतीयका ॥८६॥ चतुर्थी कफजा पीडा रक्तजा सन्निपातजा ॥ सूर्यावर्ताच्छिरःपाकात् क्रमिभिः शंखकेन च ॥८७॥

મસ્તકને દસ પ્રકારે રોગ થાયછે. ૧ અર્ધાવભેદક; વાયુ પોતાના કારણેથી કોપાયમાન થઈ એકલો અથવા કફને સાથે મદત લઈ માથાના અર્ધા ભાગને પકડેછે; તેથી લોખંડના ઘણ કે કુવાડાનો ઘા જેવા શૂળો ઉત્પન્ન થાય અને જે બાજુએ મસ્તકે શૂળ થતો હોય તે બાજુની ગરડન, ભવા, શંખ, તાળવે, લમણે, કાને, આંખે, કપાળે, અને તે મધ્યેના હાડકાને અતિશય શૂળ થાય, તેને અર્ધશીશી ભેદક કહેછે. ૨ વાતજ શિરોભિતાપ; વિના કારણેથી આખા મસ્તકે શૂળ ઉત્પન્ન થાય અને રાત્રે વાયુનું બળ વધેથી શૂળ અતિશય થાયછે. ૩ પિત્તજ શિરોભિતાપ; પિત્તકોપેથી મસ્તક અંગાર જેવું ઉષ્ણ તપે અને નાકમાંથી ધુમાડા જેવો શ્વાસોચ્છ્વાસ નિકળે અને રાત્રે શીતળ હવાના બળે મસ્તકે સંતાપ, ઉષ્ણતા અને વેદના ઓછી થાયછે. ૪ કફશિરોભિતાપ; મસ્તકે કફ વ્યાપી ભારે વજનદાર થાય, અકડાય, શીતળ થાય, અને રોગીના મુખે, આંખે સોજો દેખાય છે. ૫ રક્તજ શિરોભિતાપ; લોહી કોપેથી મસ્તક આંખો શરીર લાલ રંગે અંગારજેવું તપેલું છતાં પિત્તકોપના સર્વે લક્ષણો હોય, તે સંતાપથી સ્પર્શ કે હરયેક અડકવાથી ખમાય નહી. ૬ સન્નિપાત શિરોભિતાપ; સર્વે દોષોના લક્ષણો મસ્તકે શૂળાદિક વેદના થાયછે. ૭ સૂર્યાવર્ત; મસ્તકસંબંધી પીડા સુરજ ઉગતી વખતે મસ્તકે, આંખે અને ભવામાં મંદ વેદના થાયછે, પછી જેમ જેમ સુરજ તપે તેમ તેમ વેદના વધે, અને બપોર પછી જેમ સુરજ નમતો જાય તેમ આસ્તે આસ્તે વેદના ઓછી થતાં થતાં નહી જેવી થાયછે. તેને ત્રિદોષજન્ય કષ્ટસાધ્ય કહેછે. ૮ શિરઃપાક; કઈ એક કારણે મસ્તકસંબંધી લોહી,

માંસ, ચરખી, કફ, વાયુનો ક્ષય થવાથી અતિશય છિંકો છુટે, મસ્તકે અતિ ઉગ્ર વેદના થાયછે. ૯ કૃમિજ શિરોભિતાપ; કૃમિનામે જીવડાના કોપેથી મસ્તકે ભાલા લાગતા હોય તેવી અતિશય વેદના થાય, મસ્તક ઘણું ઉકલે, મગજને ફોલી ફોલીને ખાતા હોય તેમ જણાય, અતિ વેદના સ્ફુરણ થાય, નાંકમાંથી પરૂ મિશ્રિત લોહી અને જીવાતો નિકળે છે. ૧૦ શંખક; પિત્ત અને લોહી, વાયુ દુષ્ટ થઈ સર્વેના કોપેથી લમણા, તાળવા ઈત્યાદિકની જગ્યાએ રહી અતિ દુઃખમાં વધારો થાય, અતિ તીવ્ર પીડા, દાહ, તાંબુસવર્ણે, સોજો સર્વેને ઉત્પન્ન કરે, એ રોગ અતિ બળવાન શંખ વેગ યુક્ત થઈ ઝેરી થાય, મસ્તક અને ગળાનો વહિવટ અટકાવે, એ રોગ થવાથી માણસ ત્રણ દિવસમાંજ મરેછે અગર ત્રણ દિવસ વહિ જાય તો માણસ બચેછે.

મસ્તકને કપાળરોગ.

तथा कपालरोगाः स्युर्नव तेषूपशीर्षकम् ॥ अरूंषिका विद्रधिश्च दारुणं पिटिकार्बुदं ॥ इंद्रलुप्तं च खालित्यं पलितं चेति ते नव ॥

કપાળરોગ એટલે મસ્તકે, ખભે, તાળવે, લમણે, સાંધે, ગુઠણે, ગંડે પોહલા હાડછે, અને આંખો, ગાળોની વચેના હાડને કપાળ કહેછે, તેને નવ પ્રકારે રોગ થાયછે. ૧ ઉપશીર્ષક; વાતાદિ ત્રણે દોષોના કોપેથી મસ્તક સાંભેના હાડને સોજો ઉત્પન્ન થાય, તેમાં જે દોષોનો કોપ હોય, તેના લક્ષણો થાયછે. ૨ અરૂંષિકા; કફ, લોહી, કૃમિ જીવાતના કોપેથી મસ્તકે વ્રણ કે નાસૂર ઉત્પન્ન થઈ, તેમાં અતિશે છિદ્રો પડીને વહેછે. ૩ વિદ્રધિ; વાતાદિ દોષોથી મસ્તકે ગાંઠો ઉત્પન્ન થઈ પાકીને ફુટે અને તેમાં શૂળાદિક ઉપદ્રવ થાયછે. ૪ દારૂણ; કફ વાયુ કોપેથી મસ્તકના બાલમાં ઉંદરી કે ખોડો અતિશે થાય, તેમાં ખજવાળ થઈ, ખડબચડો હોય, તેનો દેખાવ અબરખ જેવો છતાં પીડાસહિત હોયછે. ૫ પિટિકા; ત્રણે દોષોના કોપેથી મસ્તકે ગોળાકાર ફોલ્લીવો ઉત્પન્ન થાય, તેમાંથી અતિશે શૂળાદિક પીડા થાયછે. ૬ અર્બુદ; મસ્તકે વાતાદિક દોષોના કોપેથી લોહી અને માંસ બગડી ગોળાકાર મ્હોટી ગાંઠો થાય, તેમાં પીડા અલ્પ છતાં, તેનાં મૂળ ઉંડાણમાં અને સ્થિર હોય તે લાંબે

દિવસે વધે અને પાકેછે. ૭ ઇંદ્રલુપ્ત; પુરૂષની મૂછો, દાઢીના બાલના મૂળમાં પિત્ત જઈ વાયૂની મદત મેળવી ઉગતા બાલને ખાઈ, નહી હોવા જેવા કરે, કફ લોહીના કોપેથી બાલના મૂળ છિદ્રોને બંધ કરી બાલનો વધારો અટકાવેછે. ૮ ખાલિત્ય; રોગ મસ્તકના બાલને ખેડવે છે; તેમજ ઉપર લખેલા ઇંદ્રલુપ્તના લક્ષણો સર્વે મળતા હોય. ૯ પલિત; અતિ ક્રોધીને, અતિ શોકાતુરને અથવા અતિ મેહનતુને શરીરસંબંધી ઉષ્ણતા અને પિત્ત કોપે મસ્તકમાં જઈ બાલને પકાવે, તપાવે તેથી શરીરના બાલ સફેદ થાયછે.

આંખોની પાપણોને, નેત્રમાં પ્રથમ વર્ત્મરોગ.

तथा नेत्रभवा ख्याताश्चतुर्नवतिरामयाः ॥ तेषु वर्त्मगदाः प्रोक्ताश्चतुर्विंशतिसंज्ञिताः ॥ कृच्छ्रोन्मीलः पक्ष्मपातः कफोत्क्लिष्टश्च लोहितः ॥९०॥ अरुकूनिमेषः कथितो रक्तोत्क्लिष्टः कुकूणकः ॥ पक्ष्मार्शः पक्ष्मरोधश्च पित्तोत्क्लिष्टश्च पोथकी ॥ ९१ ॥ क्लिष्टवर्त्मा च बहलः पक्ष्मात्संगस्तथार्बुदः ॥ कुंभिका सिकता वर्त्मा लगणोजननामिका ॥ ९२ ॥ कर्दमः श्याववर्त्मा च शिववर्त्मा तथाऽलजी ॥ उत्क्लिष्टवर्त्मेति गदाः प्रोक्ता वर्त्मसमुद्भवाः ॥ ९३ ॥

આંખોની પાપણોમાં ૨૪ પ્રકારે રોગ થાયછે. ૧ કૃચ્છ્રોન્મીલ; વાતાદિ ત્રણે દોષોના કોપેથી આંખોની પાપણોની ધાર સંકોચાય, તેથી માણસો મ્હોટા કષ્ટેથી આંખો ઉઘાડીને જોય, પણ અજવાળા સાંભે આંખો ઉઘાડતા અતિશે કષ્ટ પડેછે, તેને ગ્રંથોમાં કુંચન કહેછે. ૨ પક્ષ્મપાત; પાપણોની ધારમાં બાલની જગ્યાએ પિત્ત જઈ બાલોનો નાશ કરેછે, તેથી ખજવાળ, દાહ ઉત્પન્ન થાય, તેને ગ્રંથોમાં પક્ષ્મઘાત કહેછે. ૩ કફોત્ક્લિષ્ટ; કફોના કોપેથી પાપણોની ધારમાં ચિકાસ આવે બાહરની બાજુએ સોજો, અને અલ્પ વેદના થાય, તેને ગ્રંથોમાં પ્રક્લિન્નવર્ત્મ કહેછે. ૪ લોહિત; લોહીના કોપેથી પાપણોમાં માંસના કંદ કે દાણા ઉત્પન્ન થાય, તે લોહી વર્ણે છતાં નર્માસે કે સુવાળા હોય, અને તેના મૂખ પસરતા થઈ, પછવાડેથી વધતા જાય, તેને ગ્રંથોમાં રક્તાર્શ કહેછે. ૫ અરૂકૂનિમેષ; આંખોના પાપણો ઉઘાડ વિચ કર્નારી જે નસો છે તેમાં વાયુનો કોપ ભરાઈ પાપણોને કંપારો થાય, તેથી પાપણો ઉઘડતા ઉઘડતા ઝરઝર વિંચાઈ

જાયછે, તેને ગ્રંથોમાં નિમેષ કહેછે. ૬ રક્તોત્ક્લિષ્ટ; વાતાદિક ત્રણ દોષોના કોપેથી પાપણોની અંદરના પડદામાં માંસરૂપી કંદ કે દાણા ઉત્પન્ન થાય, તે લંબાઇએ છતાં ખડબચડા શખ્ત હોયછે, તેને ગ્રંથોમાં શુષ્કાર્શ કહેછે, અને લોકો તેને ખુપરયા કે ખીલ કહેછે. ૭ કુકૂણક; દુધના વિકારેથી નાહના છોકરાવોની આંખોમાં ખજવાળ દાહ અને હમેશા પાણી કે રસી ઝરે ઈત્યાદિક ઉપદ્રવ થાયછે. ૮ પક્ષ્માર્શ; પાપણોની અંદરના અને બાહરના અંગે કાકડીની બીજ જેવી ફોલ્લીવો ઉત્પન્ન થાય, તેને મંદ વેદના છતાં શખ્ત અને ખડબચડી હોયછે. ૯ પક્ષ્મરોધ; આંખોના પાપણોને ખજવાળ, અલ્પ પીડા, સોજો એ સર્વે લક્ષણોસહિત હોય, તેથી માણસોની આંખો બંધ બરોબર ન થાય. ૧૦ પિત્તોત્ક્લિષ્ટ; પાપણોના બાલ વાયુકોપેથી ચંચળ થઈ, આંખોમાં ભરાય પછી તે બાલોથી આંખોના પાપણો વારંવાર ઘસાઇને બાહરની કીનાર ઘણી સુજે અને આંખોના કાળા અને સફેદ ડોળાપર બાલ પોતાના મૂળસ્થાનથી પડે અને સોઈ જેવા ખુચેછે, તેને ગ્રંથોમાં પક્ષ્મકોપ અસાધ્ય રોગ કહેછે. ૧૧ પોથકી; કફ અને લોહી કોપેથી પાપણોમાં લાલ સરશી જેવી ફોલ્લીવો શખ્ત પીડાસહિત થાય અને તે અતિશે ઝરેછે. ૧૨ શ્લિષ્ટવર્ત્મા; પાપણોના મુખની અંદર અને બાહરના અંગેથી ચિકાસ પસરે અને તે હમેશા ચોટી બેસે અને ઉઘાડ વિચ કરવાથી રસીએ આંખો ધોવાયલી જેવી દેખાયછે. ૧૩ બહળ; પાપણોને સોનેરી રંગે, સ્થિર ફોલ્લીવો ભરાયછે. ૧૪ પક્ષ્મોત્સંગ; પાપણોની બાહેરના અંગે ઉલટા મૂખોની ફોલ્લીવો તાંબુસ વર્ણે, ઊચી મોહટી અને ખજવાળસહિત થાય, તેને ગ્રંથોમાં ઉત્સંગપિટિકા કહેછે. ૧૫ અર્બુદ; પાપણોની અંદરના અંગે બોરના ઠળીઆ જેવી ગાંઠો વેદનારહિત લોહીના વર્ણે લાંબી થાયછે. ૧૬ કુંભિકા; વાતાદિક ત્રણ દોષોના કોપેથી પાપણોની અંદરના અંગે કોહલાના બીજ જેવી ફોલ્લીવો સોજાથી ફુગેલી થાય, તે પોતાને મેળે ફુટીને વહેછે. ૧૭ સિકતાવર્ત્મા; પાપણોમાં ફોલ્લીવો ખડબચડી થવા છતાં મ્હોટી હોય અને બીજી બારીક બારીક ભરેલી હોય, તેને ગ્રંથોમાં વર્ત્મશર્કરા કહેછે, તે રોગે પાપણો સડેછે. ૧૮ અલુગુણ; પાપણોમાં વિનાપાકે, શખ્ત, મ્હોટી વેદના અને ખજવાળસહિત, ચિકણાસે બોરના ઠળિયા જેવી ગાંઠો થાયછે. ૧૯ અંજનનામિકા; પાપણોમાં દાહ અને શૂળસહિત, લાલરંગે, મંદવેદના-

સહિત એવી રીતે ફોલ્લીવો થાયછે. ૨૦ કર્દમ; અગાઉ જે ક્લિષ્ટવર્ત્મના લક્ષણો લખેલા છે, તેમાં પિત્ત દુષ્ટ થયલું લોહીને બગાડી કે વિદગ્ધ ખાટું થાય, તે સર્વે મળવાથી પાપણોની ધારે હમેશા રસીથી ભીંજાયલી ચિકણી થાયછે. ૨૧ શ્યાવવર્ત્મા; પાપણોની અંદર અને બાહરની કીનારે અ-ગ્નીથી બળેલી હોય, તેવી કળાસવર્ણે દેખાય અને તે પાપણોમાં શૂળ અને વેદનાસહિત હોયછે. ૨૨ વિશવર્ત્મા; વાતાદિ ત્રણે દોષોના કોપેથી પાપણો બાહરના અંગે સોજો અને તેને બારીક બારીક વિંધ કે છિદ્રો પડે, તે હમેશા કમળફુલના ડીટીયાના વિંધ, જેવી રીતે પાણીથી હમેશા ભરેલા, કે પાણી ઝરતા હોય, તેવી રીતે એ છિદ્રો ઝરેછે. ૨૩ અલજી; લોહી કોપેથી પાપણોમાં ગોળાકાર ન્હાના, તાંબુસ વર્ણે, વેદનાસહિત ફોલ્લીવો થાયછે. ૨૪ ઉત્ક્લિષ્ટવર્ત્મા; પાપણો પોતાના સાંધાનું સ્થાન છોડી, આંખો ઉઘાડ કે વિંચની તદ્રહિત થઇ સાંધા સંકોચાયછે, તે વાત-જન્ય જાણવું, તેને ગ્રંથોમાં વાતહતવર્ત્મ કહેછે.

આંખોના ખુણા કે સાંધાનો નેત્રસંધીરોગ.

नेत्रसंधिसमुद्भूता नव रोगाः प्रकीर्तिताः ॥ जलस्रावः कफस्रावो रक्तस्रावश्च पर्वणी ॥९४॥ पूयास्रावः कृमिग्रंथिरुपनाहस्तथाऽलजी ॥ पूयालस इति प्रोक्ता रोगा नयनसंधिजाः ॥ ९५ ॥

આંખોની સાંધમાં નવ પ્રકારે રોગ થાયછે. ૧ જળસ્રાવ; પિત્તોના કોપેથી આંખોની સાંધમાંથી પીળા રંગે ગુલીના રંગે અને ગર્માગર્મ પાણી ઝરેછે. ૨ કફસ્રાવ; કફ કોપેથી આંખોની સાંધમાંથી સફેદ વર્ણે, શખ્ત જાડો, વેદનાસહિત વહેછે. ૩ રક્તસ્રાવ; લોહી કોપેથી આંખોની સાંધમાંથી પરૂ અને લોહી મિશ્રિત વહેછે. ૪ પર્વણી; આંખોના કાળા અને સફેદ ડોળાનાં સાંધમાં લાલરંગે બારીક ફોલ્લીવો ઉત્પન્ન થાય, તે દાહ અને પાકસહિત હોયછે. ૫ પૂયસ્રાવ; વાતાદિક ત્રણે દોષોના કોપેથી આંખોની સાંધમાં સોજો આવી, તે પાકે અને તેમાંથી પરૂ વહેછે. ૬ કૃમિગ્રંથિ; વાતાદિ ત્રણે દોષોના કોપેથી પાપણોની સાંધમાં ફોલ્લીવો ઉત્પન્ન થઇ, તે જગ્યાએ ખજવાળ થઇ તેમાંથી અનેક પ્રકારે કૃમિનામે જીવાત ઉ-ત્પન્ન થાય અને પાપણોમાં અને તેની સાંધમાં, આંખોના સફેદ ડોલાની જગ્યાએ કૃમિનામે જીવાત જેટલા જોઇએ તેટલા સંચાર કરવા કે ફરવા

લાગેછે, તેથી આંખોને નષ્ટ કે આંધલા કરેછે. ૭ ઉપનાહ; આંખોની સાંધમાં મ્હોટી ગાંઠો ન પાકે તેવી ઉત્પન્ન થાય, તેને ખજવાળ અને વેદનાસહિત હોયછે. ૮ અલજી; અગાઊ પર્વણિપિટિકા લખેલી છે, તેના સર્વે લક્ષણોસહિત એ રોગને થાયછે. ૯ પૂયાલસ; આંખોની સાંધમાં સોજા થઈ પાકી ફુટીને તેમાંથી પરૂ વહેછે.

આંખોના સફેદ ડોળાને થતો રોગ.

तथा शुक्लगता रोगा बुधैः प्रोक्तास्त्रयोदश ॥ शिरोत्पातः शिराहर्षः शिराजालश्च शूक्तिकः ॥ ९६ ॥ शूक्लार्मा चाधिमांसार्मा प्रस्तार्यार्मा च पिष्टकः ॥ शिरायःपिटिका चैव कफग्रंथितकोर्जुनः ॥९७॥ स्नाय्वर्मा चाधिमांसः स्यादिति शुक्लगता गदाः ॥

આંખોના સફેદ ડોળાને તેર પ્રકારે રોગ થાયછે. ૧ શિરોત્પાત; સફેદ ડોળામાં અલ્પ વેદના થાય, અથવા મુદલ ન હોય, અને ડોળા મધ્યેની નસો તાંબુસ વર્ણે થઈ, દિવસે દિવસે તે લોહી વર્ણુ થાય, તેમાં અતિ વેદના થાય, તે રક્તજન્ય જાણવું. ૨ શિરાપ્રહર્ષ; પ્રથમ શિરોત્પાત રોગ થવાથી મૂર્ખપણે તેની દરકાર ન કરેથી શિરાપ્રહર્ષ થાય, તેથી નસો ઉછલીને કોપ થાય, ડોળા અતિશે લાલરંગમાં ડોવાયલા જેવા થઈ લોહીને વેહવડાવે અને આંખે ન દેખાય. ૩ શિરાજાળ; સફેદ ડોળાપર શખ્ત નસો બંધાઈ ગાંઠો તાંબુસ વર્ણુ, અને જાળાની રીતે ગુંઠાયછે. ૪ શૂક્તિક; સફેદ ડોળાપર કળાસ વર્ણે માંસોના બુંદ ઉત્પન્ન થાયછે. ૫ શુક્લાર્મા; સફેદ ડોળાને સફેદ રંગે નર્માસે માંસ બંધાવા છતાં લાંબે દિવસે તે વધેછે. ૬ અધિમાંસાર્મા; સફેદ ડોળાપર માંસ પસરેલું છતાં જાડું નર્મ અને જુજ તાંબુસ વર્ણે જેમ ગોલો કલેજુ, પિંડ કે માંસનો બંધાઈ વધેછે. ૭ પ્રસ્તાર્યર્માં; સફેદ ડોળાપર કળાસ વર્ણે, જુજ તાંબુસ વર્ણે માંસ પસરેલું છતાં, પાતળું જેવું ચિન્હ થાયછે. ૮ પિષ્ટક; કફ વાયુના કોપેથી સફેદ ડોળાપર માંસ ઉપર આવે, તે મેલ ભરેલી આરશી જેવું દેખાય છે. ૯ શિરાજપિટિકા; સફેદ ડોળાપર દ્રષ્ટીની પાસે સફેદ વર્ણ જેવી ફોલ્લી નસોને વ્યાપેલી હોયછે. ૧૦ ગ્રંથિતક; સફેદ ડોળાપર કાંશાના વર્ણે જેવી અને આકૃતિથી પાણીના ટપકા કે બિંદુ જેવી ઉત્પન્ન થાય, તેને કફ ગ્રંથિતક અને બળાસ કહેછે. ૧૧ અર્જુન; સફેદ ડોળાપર

સસળાના અતિશે લાલ લોહી જેવા બિંદુવો કે ટપકા ઉત્પન્ન થાયછે. ૧૨ રનાર્બ્વર્મા; સફેદ ડોળાપર, અંગાઊ પ્રસ્તાર્યર્મા રોગના લક્ષણોસહિત લખેલા છે, તેવા લક્ષણો થવા છતાં, તે ડોળાપર માંસ ચડેલું હોય અને તે શબ્દ છતા વહેતા નથી. ૧૩ અધિમાંસ; સફેદ ડોળાપર લાલ કમળ ફુલ જેવા તાંબુસ વર્ણે નર્માસે, માંસ વધેછે. તેને ગ્રંથોમાં રક્તાર્મા કહેછે.

આંખોના કાળા ડોળાપર થતો રોગ.

तथा कृष्णसमुद्भूताः पंच रोगाः प्रकीर्तिताः ॥ ९८ ॥ शुद्धशुक्रं शिराशुक्रं क्षतशुक्रं तथाजकः ॥ शिरासंगश्च सर्वेऽपि प्रोक्ताः कृष्णगताः गदाः ॥ १९९ ॥

આંખોના કાળા ડોળાને પાંચ પ્રકારે રોગ થાયછે. ૧ શુદ્ધ શુક્ર; આંખોમાં ફુલા પડેછે, તે અભિસ્પંદ રોગમાંથી ઉત્પન્ન થવા છતાં કુંદ નામે ફુલ જેવા, શંખ જેવા, ચંદ્ર જેવા આકારે સફેદ વર્ણે હોય, અને આકાશમાં જેમ ઘેરાયલા વાદલા હોય, તેના જેવા પાતળા આંખોના કાળા ડોળાપર થાય અને અગ્નીના શેકથી ગર્મ થાય, તે અગ્નીની રીતે ગર્મ હોય, તેને ગ્રંથોમાં અવ્રણ કહેછે, તે રોગ સાધ્ય જાણવો. ૨ શિરાશુક્ર; કાળા ડોળાપર ફુલાનો મધ્ય ભાગ છિન્ન ભિન્ન થયેલો એટલે તે ફુલામાંથી ફાટીને અલ્પ ઉંડાણ જાય અથવા તે ઉપર અલ્પ માંસ વધે અને અતિ ઝીણી નસોને વ્યાપેલી ચંચળ હોય એટલે ચંદ્રમાંની રીતે ન્હાનો મ્હોટો થાય અને દ્રષ્ટીનો અટકાવ કરેછે, તે ફુલાનો રોગ અસાધ્ય જાણવો, તે ફુલા પટલોને આશ્રયથી થાય, તો તાંબુસ વર્ણે દેખાય, ઘણા દિવસોથી થયેલો હોય તો તે અસાધ્ય જાણવો. ૩ ક્ષતશુક્ર; મુર્તિમંત આકારે છિદ્ર કે વિંધ કાળા ડોળાપર સોઈથી ટોચેલા જેવો બારીક દેખાય, અને તે છિદ્ર દુષ્ટ રસીને હમેશા વેહવડાવે અને ટોચા મારવા જેવી વેદના થાય, તેને ગ્રંથોમાં સવ્રણ શુક્ર કહેછે, તે ફુલ ડોળાની બાવલીથી થોડુંક દૂર હોય અને ઘણું ઉંડાણ ન હોય, અતિશે ન વહે, પીડા જુજ અથવા ન હોય; એકજ વિંધ હોય, તે ફુલ ઈશ્વરકૃપાથી કોઈને સાધ્ય થાયછે. ૪ અંજક; જે રોગ ડોળાના કૃષ્ણમંડળપર બકરીની લિંડી જેવા આકારે થાય અને કઈક તાંબુસ વર્ણે હોય અથવા ન હોય, વેદનાસહિત હોય અને તેથી ડોળામાંથી ચીકણું પાણી કે રસી

ઝરે, અને રોગ વધેથી સર્વે કૃષ્ણમંડળ કાળો ડોળો ઘેરાયછે. ૫ શિરા-સંગ; વાતાદિક ત્રણે દોષોના કોપેથી ડોળામાં ધૂવાડા જેવું ઉત્પન્ન થઈ, હમેશા કાળા ડોળાને વ્યાપી રહેછે, તેને ગ્રંથોમાં અક્ષિપાકાત્યય કહેછે.

આંખોને તિમિર અને મોત્યાનો કાચ બિંદુ રોગ.

काचं तु षड्विधं ज्ञेयं वातात् पित्तात् कफादपि ॥ सान्निपाताच्च रक्ताच्च षष्ठं संसर्गसंभवम् ॥ ४०० ॥

આંખોના ડોળામાં બાવલીની વચ્ચે મોત્યાનો રોગ વાતાદિક ત્રણે દોષોનો કોપ થઈ દૃષ્ટીના સર્વેથી છેલ્લા પડદા સુધી કાલિકાસ્થીની પાસે જઈ (કાચ) એટલે મોત્યાનું બિંદુ કે ટીપુનો છ પ્રકારે રોગ થાયછે; ડોળાના છેલ્લા પડદાની પાસેના બીજા અને ત્રીજા પડદાની જગ્યા સુધી વાતાદિક ત્રણે દોષોના કોપસહિત જવાથી અનેક પ્રકારે ચમત્કારીક સ્વ-રૂપો દેખેછે. તેને તિમિર રોગ કહેછે; તે રોગ થવા પછી લાંબે દિવસે તે પાકો થવાથી આંખોના છેલ્લાં પડદા સુધી ઉતરવાથી મોત્યાનો રોગ પાકેછે.

૧ વાતજ મોતબિંદુ; જે માણસોને વાયુ કોપના સંબંધે ડોળામાં મોત્યા થવાથી તે મોતબિંદુમાંથી સર્વે પદાર્થોનું ભ્રમણ કે ફરતું હોય તેમ દેખાય અને તાંબુસ વર્ણે દુરાચારે વાંકું ચુકું દેખાયછે. ૨ પિત્તજમોત-બિંદુ; પિત્તોના કોપસંબંધથી માણસોને મોત્યામાંથી સૂર્યોના કિરણો તારાવોની રીતે દેખાય, વિજા, જુદા જુદા કે નહિ જેવા, ઇંદ્રોના ધનુષ્ય બાણ કે મોર નાચતા હોય તેમ દેખાય અને સર્વ પદાર્થો ગુલીના રંગે દેખાયછે. ૩ કફજમોત બિંદુ; કફ કોપસંબંધેથી સ્નિગ્ધ, સુવાળા કે ચિકણા સફેદવર્ણે પદાર્થો પાણી ઉપર તરતા હોય તેમ અને જડ પદાર્થો દેખાયછે. ૪ સન્નિપાતજમોત બિંદુ; જે મોત્યાથી અનેક વર્ણે વિપરીત ઉલટા વર્ણે કે સ્વરૂપો, નાક કાંન વિનાનું દેખાય, જ્યાત્યા થિગલ્યા કે ચિંદિવો, તનખા ઉડતા હોય તેમ દેખાયછે. ૫ રક્તજમોત બિંદુ; લોહી કોપથી લાલરંગે અનેક પ્રકારેથી સ્વરૂપો દેખાયછે. ૬ સંસર્ગજમોત બિંદુ; પિત્ત, લોહી કોપેથી મૂર્છિત શુદ્ધવિનાનો થઇને તેમાંથી માણસો સુદ્ધીમાં આવેથી સર્વે દિશા તરફ જોતા પીળારંગે દેખાય, ઉપરની જગ્યા કે આકાશ વિગે-રે જોતા સર્વ પદાર્થો દેદીપ્યમાન કે તેજાયમાન દેખાય, અને તે માણસ

હજારો કાજુફળથી ભરેલા તેજોથી વ્યાપેલા ઝાડો હોય તેમ દેખાય, તેને ગ્રંથોમાં પરિગ્લાપિસંજ્ઞક તિમિર કહેછે.

આંખોના ડોળાને તિમિર રોગ.

तिमिराणि षडेव स्युर्वातपित्तकफैस्त्रिधा ॥ संसर्गेण च रक्तेन षष्ठं स्यात्सान्निपाततः ॥ ४०१ ॥

ડોળાના પડદામાં વાતાદિક ત્રણ દોષો ઉતરવાથી તિમિર રોગોને ઉત્પન્ન કરેછે, તેથી કરીને માણસો અનેક પ્રકારે રંગો, વિપરીત કે ઉલટા સ્વરૂપે દેખે તેના લક્ષણો દૃષ્ટીપાસેના પેહલા પડદા સુધી વાતાદિક દોષો જવાથી માણસોને રૂપવંત પદાર્થો ભુરા ભુરા રંગે દેખાય અને વાતાદિક દોષોના વર્ણ જેવા હરયેક પદાર્થોનો રંગ દેખાયછે, એટલે વાયુ કોપે પાકેલા કાજુફળ જેવા રંગે પદાર્થો દેખાયછે, પિત્તકોપે ગુળીના રંગે દેખાય, કફ કોપે સફેદ વર્ણે દેખાય, લોહી કોપેથી લાલ વર્ણે દેખાય, સન્નિપાતેથી અનેક પ્રકારના રંગે કે વર્ણે દેખાયછે; એવી રીતે સર્વે લક્ષણો જાણવા. બીજા પડદામાં દોષ જવાથી દૃષ્ટિ કે આંખો ઉઘડવાથી ઠરે નહી, વિંહળ થાય, આંખો સાંભે ફરતી માંખી, મચ્છર, વાલ, તાર, ગોળાકાર ચકર, ધજા, કુંડલો, વરસાદ ઘેરાયલા વાદળા, અંધારામાંથી છુટાપણું, ગુઠાયેલી જાળ ઈત્યાદિક પદાર્થો દેખાય અને દૂરના પદાર્થો પાસે દેખાય, પાસેના પદાર્થો દૂર દેખાય, અતિશે તજવીજ કર્તા સોઈના વિંધમાં દોરો ન પોરવાય, ઈત્યાદિક લક્ષણો થાયછે. ત્રીજા પડદામાં દોષ જવાથી ઉપરના પદાર્થો કાપડમાં વિટાળેલા માત્ર દેખાયછે, નીચેના પદાર્થો ન દેખાય, નાક કાન વિનાએ સ્વરૂપો આંખ સાંભે દેખાય ઈત્યાદિક લક્ષણોથી ત્રીજા પડદો ગત કે રદ થવાનો દોષજન્યના લક્ષણો જાણવા; એ પ્રમાણે તિમિર રોગ વાત, પિત્ત, કફ, સંસર્ગ, રક્ત, સન્નિપાત એવી રીતે છ પ્રકારે ભેદોથી લક્ષણો અગાઉ મોતબિંદુમાં છ પ્રકારે લખેલા છે, તે પ્રમાણે તિમિર રોગના લક્ષણો જાણવા.

આંખોના ડોળાના બાવલીનો નાશ, લિંગનાશરોગ.

लिंगनाशः सप्तधा स्याद्वातात्पित्तात्कफेन च ॥ त्रिदोषैरुपसर्गेण संसर्गेणासृजा तथा ॥४०२॥

તિમિરાખ્ય રોગ ડોળાના ચોથા પડદામાં ગયો હોય તો સંપૂર્ણ દૃષ્ટીને વ્યાપી અંધાપો આવે, તે લિંગ નાશ એટલે બાવલીનો નાશ થઈ સાત પ્રકારે રોગ થાયછે. ૧ વાતલિંગનાશ; થવાથી દૃષ્ટિમંડળકાળાડોળાની વચ્ચેની બાવલી તાંબુસવર્ણે, ચંચળ અને શખ્ત થાયછે. ૨ પિત્તલિંગનાશ; દૃષ્ટિમંડળ ગુલીના વર્ણે, પીળા રંગે, કાંશા જેવું થાયછે. ૩ કફલિંગનાશ; દૃષ્ટિમંડળ જાડું, સ્નિગ્ધ, ચિકણું, શંખ જેવું, કુંદાના ફુલ જેવું, ચંદ્રમા જેવું, સફેદ વર્ણે, કમળના પાંત્રા ઉપર જેમ પાણીનું ટીપું પડેલું સફેદ દેખાય, તેમ આંખોને ચોળવાથી તે મંડળ પસરેછે. ૪ ત્રિદોષલિંગનાશ; દૃષ્ટિમંડળ ચિત્રવર્ણે હોયછે. ૫ સંસર્ગલિંગનાશ; પિત્ત અને લોહી દુષ્ટ થવાથી મૂર્છિત સુદ્ધવિનાનો થઈ, તેમાંથી દૃષ્ટિમંડળ લોહીના રંગે, પીળા રંગે થાયછે. ૬ રક્તજલિંગનાશ; દૃષ્ટિમંડળ પરવાળાના રંગ જેવા અથવા લાલ કમળ ફુલ જેવા તાંબુસ વર્ણે હોયછે. ૭ ઉપસર્ગજ લિંગનાશ; બે પ્રકારે થાય, તેમાં એક નિમિત્તે કે હરયેક કારણથી થાય અને બીજુ અનિમિત્તે એટલે વિનાકારણથી થાય, તે મધ્યે જે નિમિત્તેથી થાયછે, તેમાં પણ બે ભેદ છે, એક શિરોભિતાપજ નામે, બીજુ અભિઘાતજ; તેના લક્ષણો એક વિષસંબંધી ફુલોના સુગંધ વાહણારો જે વાયુ એટલે ઝેરી વાયુ આવે, તે વાયુ શરીરને લાગવાથી મસ્તક સંતપ્ત, તપીને તે ગર્મી આંખોના ડોળામાં ઉતરીને લિંગનાશ થાય એટલે અંધાપો આવે, તેને શિરોભિતાપ લિંગનાશ કહેછે; એ રોગવિશે કેટલાક ઋષીના મતો જુદા જુદા પડેછે, કેટલાકે કહેછે જે એ રોગ રક્તાભિષ્યંદજન્ય રોગ છે, કટલાકો સન્નિપાતાભિષ્યંદજન્ય કહેછે, કેટલાક કહેછે લગુડાદિકાંના અભિઘાતેથી એટલે સોટો ઈત્યાદિ લાગવાથી દૃષ્ટીને રોગ થઈ, આંખે અંધાપો આવેછે, તેને અભિઘાતજ લિંગનાશ કહેછે; દેવ, ઋષિ. ગંધર્વ, મહાસર્પ ઈત્યાદિકોના અકસ્માત દર્શનો થવાથી આંખે અંધાપો આવે, તેને અનિમિત્તજ લિંગનાશ એટલે વિનાકારણે આંખોના ડોળા નિર્મળ સ્વચ્છ હોવા છતાં, કોઈ રીતે પણ આંખોમાં ખોડ કે વિકૃતિ ન દેખાતા છતાં આંખે અંધાપો આવેછે. એવી રીતે લિંગનાશ રોગ સાત પ્રકારે થાયછે. મસૂરના ડાદમ જેટલું દૃષ્ટીનું પ્રમાણ કે માપ છે, તેના ચાર મંડળો, ગોળાકાર ચાર પડ હોયછે, તે મધ્યે પ્રથમ બાહરનું મંડળ રસરક્તાશ્રિત છે; બીજું

મંડળ માસરક્તાશ્રિત છે; ત્રીજું મેદાશ્રિત છે. ચોથું મંડળ કળાસ્થીના આશ્રયથી છે, એમ જાણવું.

આંખે જોવાનો દ્રષ્ટિ રોગ.

अष्टधा दृष्टिरोगाः स्युस्तेषु पित्तविदग्धकम् ॥ आम्लपित्तविदग्धं च तथैवोष्णविदग्धकम् ॥ ३ ॥ नकुलांध्यं धूम्रांध्यं रात्र्यंध्यं ऱ्हस्वदृष्टिकः ॥ गंभीरदृष्टिरित्येते रोगदृष्टिगता गदाः ॥ ४ ॥

દૃષ્ટિમંડળસ્થાને દૃષ્ટિરોગ આઠ પ્રકારે થાયછે. ૧ પિત્તવિદગ્ધ દૃષ્ટિરોગ; માણસની દૃષ્ટિ પિત્ત કોપથી બગડીને પીળા રંગે થાય અને સર્વે પદાર્થો પીળા રંગે દેખાય, એ રોગ ત્રીજા પડદામાં જવાથી દિવસે દેખાતું નથી, પણ રાત્રે દેખાય છે, તેનું કારણ રાત્રની શીતળતા દૃષ્ટિને વ્યાપવાથી પિત્ત કોપની અલ્પતા થાયછે. ૨ આમ્લપિત્ત વિદગ્ધ દૃષ્ટિ રોગ; આમ્લપિત્તના કોપથી માણસને ઉલટી થતા થતા દૃષ્ટિને અભિઘાત કે ધકો લાગેથી માણસોને સર્વે પદાર્થો સફેદ રંગે દેખાય, તેનું કારણ આમ્લપિત્ત રોગમાં કફનો સંબંધ હોવા શિવાય ઉલટી થતી નથી, માટે એમાં કફનો સંબંધ છે એમ જાણવું. ૩ ઉષ્ણવિદગ્ધ દૃષ્ટિરોગ; તડકામાં ફરવાથી અથવા કઈક કારણેથી શરીરે પરસેવો અતિ નસોના દરવાજે દૃષ્ટિના ત્રીજા પડદામાં પિત્તનો કોપ જઈ દુષ્ટ થાય, તેથી કરીને માણસોને દિવસે દેખાતું નથી, રાતની શીતળતા દૃષ્ટિને વ્યાપવાથી પિત્તોની ન્યૂનતા નબળાઈ હોય, માટે રાત્રે દેખેછે. ૪ નકુળાંધ્ય દૃષ્ટિરોગ; વાતાદિક ત્રણે દોષોના કોપેથી માણસોની દૃષ્ટિને બગાડી નોળ્યાનામે જનાવરની આંખો જેવી લાલ અને ચચળ થાય, અને દિવસે અનેક પ્રકારે ચિત્રવિચિત્ર સ્વરૂપો દેખે અને રાત્રે મુદલ દેખાતું નથી. ૫ ધુમ્રાંધ્ય દૃષ્ટિરોગ; બળત્તરા, શોક, જ્વર, અતિશે મેહનત, એટલા કારણે અથવા કઈક નિમિત્તેથી મસ્તકને સંતાપ ઇત્યાદિક કારણેથી પિત્તનો કોપ થઈ માણસોની દૃષ્ટિને બગાડી દિવસે સર્વે પદાર્થો ધુંવાડાથી ભરેલા જોય અને રાત્રે શીતળતાને લીધે સંતાપ ઓછો થવાથી તેજ પદાર્થો ધુંવાડાવિના દેખેછે. ૬ રાત્ર્યંધ્ય દૃષ્ટિરોગ; કફ થોડો દુષ્ટ થઈ દૃષ્ટિને ત્રણે પડદા સુધી જઈ, રાત્રે માણસો દેખે નહી, અને દિવસે સૂર્યના કીરણની ગર્મીથી કફની નબળાઈ કે ન્યૂનતા થાય માટે દિવસે તેજ સર્વે

પદાર્થો બરાબર દેખેછે. ૭ હ્રસ્વ દ્રષ્ટિરોગ; પિત્ત દુષ્ટ થઈ દ્રષ્ટીના મધ્ય ભાગે જઈ તેમાંથી માણસો દિવસે સંપૂર્ણ મ્હોટા મ્હોટા પર્વતો જેટલા લેહી પદાર્થોને ન્હાના દેખે, અને રાત્રે શીતળતા દ્રષ્ટિને વ્યાપવાથી પિત્તોનું બળ ઓછું થાય, માટે રાત્રે બરાબર દેખાય છે, તેને ગ્રંથોમાં હ્રસ્વજાત્ય કહેછે. ૮ ગંભીર દ્રષ્ટિ; વાયુ કોપથી દ્રષ્ટિ બગડીને નિસ્તેજ થાય, અને ઉંડાણ જાય અને અતિશે વેદના થઈ શરીર પીડાયછે.

આંખોને અશક્તપણાનો અભિષ્યંદ રોગ.

अभिष्यंदाश्च चत्वारो रक्ताद्दोषैस्त्रिभिस्तथा ॥

આંખોને સંપૂર્ણ રોગોના કારણભૂત નિમિત્તે અભિષ્યંદ રોગ ચાર પ્રકારે થાયછે; એટલે આંખોના ડોલામાં કાંકરા ખૂચે અને ચિપડા આવે, મજબુત ઠણકા થાય, ડોલા લાલ કુંકુ જેવા થાયછે. ૧ રક્તાભિષ્યંદ; લોહી કોપેથી ડોળા તાંબુસ વર્ણે અતિશે લાલ રંગે થઈ, તેમાંથી તાંબુસ વર્ણે પાણી ગળેછે, પાપણોની કીનારો તાંબુસ વર્ણે થાય, અને પિત્ત કોપના લક્ષણો-ને મળતા હોયછે. ૨ વાતાભિષ્યંદ; વાયુના કોપેથી ડોળાને સોઈથી ટોચા મારવા જેવી વેદના થાય, વજનપણાના લક્ષણો થાય, ડોળામાં રેતી ભ-રેલી હોય તેવી રીતે ખુચે, વાકા અને નિસ્તેજ થાય, અર્ધા કે આખા મસ્તકને અતિ વેદના, ડોળા શખ્ત થવા છતાં શુષ્ક હોય, આંખોમાંથી શીતળ પાણી ગળે, પાપણોને કંપારો થાય ઈત્યાદિક લક્ષણો થાયછે. ૩ પિ-ત્તાભિષ્યંદ; પિત્તોના કોપેથી ડોળાને બળત્તર, શીતળ પદાર્થોના ઉપચારે સુખ જણાય, પીળારંગે દેખાય, આંખોમાંથી ગર્મ બાફ અને પાણીની ધાર નિકળે, આંખો બંધ ન થાય અથવા બંધ કરે તો ગર્માગર્મ હોયછે. ૪ ક-ફાભિષ્યંદ; કફકોપેથી આંખોને અતિ વજન થઈ શીતળ થાય, સોજો આવે, અગ્નીના શેકથી સુખ જણાય, પાપણોની કીનારને ખજવાળ, ચિ-કાસ ભરેલી હોયછે.

આંખોના ડોળાને અધિમંથ રોગ.

चत्वारश्चाधिमंथाः स्युर्वातपित्तकफास्त्रतः ॥ ९ ॥

ઉપર લખેલા અભિષ્યંદ રોગ થવાથી તેનો ઉપાય ન થવાથી અ-થવા અંજનાદિક મિથ્યા ઉપચાર કરેથી, વાત, પિત્ત, કફ, રક્ત એ સર્વેના

કોપથી ચાર પ્રકારે અધિમંથ રોગ ઉત્પન્ન થાયછે. તેમાં સોઇના ટોચા લાગવા જેવી ઇત્યાદિક વેદના પ્રથમ અભિષ્યંદ રોગોના લક્ષણોમાં લખેલા છે, તેપ્રમાણે થાય, પણ વિશેષ લક્ષણોમાં એ રોગમાં આંખોના ડોળા ગળી પડવા પ્રમાણે જણાય, ડોળામાં મંથન કરવા પ્રમાણે કે ડોહવા જેવી વેદના થાય, અર્ધા મસ્તકને અતિશે વેદના થાય. ૧ વાત અધિમંથ; વાતજ રોગ હોવાથી વાયુ કોપના લક્ષણો શૂલાદિક થઇ, ૭ દિવસે દૃષ્ટિ નષ્ટ એટલે આંધળો થાય છે. ૨ પિત્ત અધિમંથ; પિત્તજ કોપ હોવાથી દાહાદિક પિત્તકોપના લક્ષણોસહિત થઇ, તત્કાળ દૃષ્ટિ નષ્ટ થાયછે. ૩ કફાધિમંથ; ને મિથ્યા ઉપાયો કરેથી કફકોપસહિત લક્ષણો થઇ, સાત દિવસે દૃષ્ટિ નષ્ટ થાયછે. ૪ રક્તાધિમંથ; લોહી કોપના લક્ષણોસહિત થઈ તે ઉપર મિથ્યા ઉપાય કરેથી પાંચ દિવસે દૃષ્ટિ નષ્ટ થાયછે.

આંખોના ડોળાને સર્વાક્ષિરોગ.

सर्वाक्षिरोगाश्चाष्टौ स्युस्तेषु वातविपर्ययः ॥ अल्पशोफोन्यतो वातस्तथा पाकात्ययः स्मृतः ॥ ४०६ ॥ शुष्काक्षिपाकश्च तथा शोफोध्युषित एव च ॥ हताधिमंथ इत्येते रोगाः सर्वाक्षिसंभवाः ॥ ७ ॥

આંખોના ડોળાને સર્વે રીતે સર્વાક્ષિરોગ આઠ પ્રકારે વ્યાપેછે. ૧ વાતવિપર્યય; વાયુના કોપે એક વખતે આંખો, ડોળા, ભવાસ્થાને એવી રીતે કોઈ વેળા થોડી, અને કોઇ વેળા અતિશે પર્યાય કરીને વારંવાર અનેક પ્રકારે તીવ્ર વેદના ઉત્પન્ન થાયછે. ૨ અલ્પશોફ; આંખે ડોળાને ખજવાળ અતિશે થાય. ડોળા ગોળાકારે ઉંબરાના પાકેલા ફળ જેવા કે તાંબુસ વર્ણે થાય, સોજો થોડો આવે, તેને ગ્રંથોમાં શોથજ નેત્રપાક કહેછે. ૩ અન્યતોવાત; એ વાયુના કોપે ગળામાહેની ઘાંટી, કાન, મસ્તક, દાઢી, હનુવટી, એટલા સ્થાને જઈ રહી અતિશે વેદના કરીને, ત્યાંથી ગરદનમાં જઈ, ગરદનની બેહુ બાજુની નસોમાં વેદના કરે, અન્ય દુરાચરણ ઈત્યાદિક ઠેકાણે પણ વેદના કરેછે, આંખો અને ભવાસ્થાને એવી રીતે એક જગ્યાએ રહીને અન્ય દુરાચરણ ઈત્યાદિક બીજા ઠેકાણે પીડા કરેછે. ૪ પાકાત્યય; વાતાદિક ત્રણે દોષના કોપથી આંખોના કાળા ડોળાપર ખુરી કે છારી આવીને, તે જગ્યા સફેદ વર્ણે થાય અને તીવ્ર વેદના થાયછે. ૫ શુષ્કાક્ષિપાક; ડોળાના પાપણોની કિનારો શખ્ત રૂક્ષ થાય,

તેથી કરીને આંખો બંધ કરવા છતાં પણ તેમાં અગ્નિ બળે અને ઉઘડાતી નથી, ચિકણી અને ખજવાળ થઇને ખેચાયલી જેવી, અતિશે વ્યાકુળ દેખાય, આંખો ઉઘાડતી વખતે શખ્ત વેદના થાયછે, એ રોગ રક્તવાતજન્ય જાણવો. ૬ શોફ; ડોળાને મ્હોટો સોજો આવી, તેનો પાક થઇને ઉંબરાના પાકેલા ફળ જેવી થાયછે; અને ખજવાળ, દાહસહિત રસી વહેછે, એ વિકાર નેત્રપાક રોગનો ભેદ છે. ૭ અધ્યુષિત; પિત્તકોપકર્તા અથવા ખટાસ પદાર્થોનું અતિશે સેવન કરેથી પિત્તનો કોપ થઇ નેત્રરોગને ઉત્પન્ન કરે, તેથી આંખોના માંહેલા અંગ જરાક ગુળીના રંગે થાય, પાપણો અતિશે તાંબુસવર્ણે, ડોળા સર્વે પાકીને દાહસહિત સોજો આવે, એ સર્વે રોગ મળીને હોય, પાપણોને ગળતી લાગે, તેને ગ્રંથોમાં અમ્લાધ્યુષિત કહેછે. ૮ હતાધિમંથ; અગાઊ લખેલા વાતાત્મક અધિમંથા રોગ થવા પછી, તેનો ઉપાય ન થવાથી તીવ્ર વેદનાસહિત નેત્રને શોષી નિસ્તેજ કરે, તે પછી ઉપાય કરેથી એ રોગ સાધ્ય થતો નથી, એ પ્રમાણે નેત્રરોગ ૮૪ પ્રકારે જાણવા.

સ્ત્રી કે પુરૂષ નપુંસકનો ષંઢ રોગ.

पुंस्त्वदोषाश्च पंचैव प्रोक्तास्तत्रेर्ष्यकः स्मृतः ॥ आसेक्यश्चैव कुंभीकः सुगंधिः षंढसंज्ञकः ॥ ८ ॥

પુંસ્ત્વ એટલે ધાતુજન્ય વિકારે કરીને માણસોને નપુંસકત્વ પ્રાપ્ત પાંચ પ્રકારે થાયછે. ૧ ઇર્ષ્યક; કેટલાક નપુંસક પુરૂષોને, બીજા હરયેક પુરૂષ અને સ્ત્રીનો સંગ કે મૈથુન કર્તા જોવાં પછી તે નપુંસકને ચેતના એટલે કામ વ્યાપી વિષય, સ્ત્રીનો સંગ કરવાને તૈયાર થાયછે, તેવી રીતના પુરૂષના રોગને ઇર્ષ્યા કહેછે; અને તેવી નપુંસક સ્ત્રીને દ્રગ્યોની કહેછે. ૨ આસેક્ય; નપુંસકો, હરયેક સ્ત્રીવોની છાતી કે સ્તનપર હાથ મુકી, ચુંબનાદિક બાહેરની હરએક ચેષ્ટા કરવાથી, જે પુરૂષને કામ વ્યાપી મૈથુનવિશે તૈયાર થાય, તે પુરૂષ નપુંસકને આસેક્ય કહેછે, પણ સુશ્રુત ઋષીનું મત એવું છે જે, તેવા માણસોને પિત્તોનું બળ અલ્પવીર્યો હોય તેથી કામ ઉત્પન્ન ન થાય, માટે બીજા કામાતુર પુરૂષનું લિંગ નપુંસક પોતાના મુખમાં પકડી મૈથુન કરાવે, અને કામી પુરૂષની ધાતુ સ્ખલિત થવાથી તે ધાતુ નપુંસક ગળી જવા પછી, તેવા નપુંસકને કામ વ્યાપી મૈથુન

વિશે તૈયાર થાય તેનેજ આસેક્ય કહેછે, તેવી સ્ત્રીવો નપુંસક હોય તેને મુખયોની કહેછે. ૩ કુંભિક; નપુંસક પુરૂષ પોતાની પાછલી તરફની ગાંડ બીજા કામી પુરૂષ પાસે મરાવ્યાથી તે નપુંસકને કામ વ્યાપી, મૈથુનવિશે તૈયાર થાય, તેને કુંભિક ષંઢ કહેછે, અને તેવી સ્ત્રીવો નપુંસક હોય; તેને ગુદયોનિ કહેછે. ૪ સૌગંધિક; નપુંસક પુરૂષ કોઇ દુષ્ટયોનીમાંથી ઉત્પન્ન થાય એટલે જે સ્ત્રીની યોનિ દુષ્ટ થયેલી હોય, તેના પેટે જન્મેલો નપુંસક હોય તેને હરયેક સ્ત્રીની યોનિ કે પુરૂષના લિંગની સુગંધી લીધા પછી તે નપુંસકને કામ વ્યાપી સંભોગ કરવાને તૈયાર થાયછે, તેવી સ્ત્રી નપુંસકને નાસાયોનિ કહેછે. ૫ મહાષંઢ; મહાનપુંસક પુરૂષો, સ્ત્રિવોની રીતે અનેક ચેષ્ટા કે નખરા કરે, સ્ત્રિવોની રીતે નીચે ચત્તા પડી પોતાની ઇંદ્રિની જગાએ, બીજા પુરૂષો પાસે મૈથુન કરાવી તેનું ધાતુ સ્ખલિત કરાવે છે; તેને મહાષંઢ કહેછે. એ પાંચ પ્રકારે નપુંસક કહેલા છે; તેમધ્યે ઇર્ષ્યક, આસેક્ય, કુંભિક, સૌગંધિક એ ચાર જાતના નપુંસકના શરીરમાં શુક્ર ધાતુનો અંશ થોડોક પણ હોયછે, અને પાંચમાં મહાષંઢ નપુંસકના શરીરમાં શુક્ર ધાતુ લેશ કે મુદ્દલજ ન હોય.

પુરૂષોને શુક્રધાતુનો રોગ.

शुक्रदोषास्तथाऽष्टौस्युर्वातात्पित्तात्कफेन च ॥ कुणपं चास्त्रपित्ताभ्यां पूयाभं श्लेष्मपित्तत्तः ॥ ९ ॥ क्षीणं च वातपित्ताभ्यां ग्रंथिलं श्लेष्मवाततः ॥ मलाभं सन्निपाताच्च शुक्रदोषा इतीरिताः ॥ ४१० ॥

પુરૂષોને શુક્રધાતૂની જગ્યાએ આઠ પ્રકારે રોગ થાયછે. તેવા પુરૂષોના વીર્યથી પ્રજા કે ગર્ભો ઉત્પન્ન કરવાવિશે સમર્થ થતા નથી, માટે ધાતૂની શુદ્ધિ કરવા વિશે આઠ ભેદ કહેલા છે. ૧ વાત શુક્રદોષ; વાયુકોપેથી પુરૂષોની શુક્રધાતુ તાંબુસવર્ણે થવા છતાં કૃષ્ણવર્ણે અને વેદનાસહિત હોયછે. ૨ પિત્ત શુક્રદોષ; પિત્તોના કોપેથી પુરૂષોની શુક્ર ધાતુ પીળા કે ગુળીના વર્ણે થવા છતાં દાહ અને વેદનાસહિત હોયછે. ૩ કફ શુક્રદોષ; કફોના કોપેથી ધાતુ સફેદ વર્ણે થવા છતાં ખજવાળ અને વેદનાસહિત હોયછે. ૪ કુણપ; લોહી પિત્તોના કોપેથી ધાતુ પીળા અને લાલ વર્ણે થવા છતાં વેદનાસહિત હોયછે. ૫ પૂયાભ; કફ પિત્તોના કોપેથી ધાતુ પીળા વર્ણે અને પરૂ જેવી થવા છતાં ખજવાળ દાહસહિત હોય-

છે. ૬ ક્ષીણ; વાયુ અને પિત્તોના કોપેથી શુક્ર ધાતુ ક્ષીણ થઇને પુરૂષ દુર્બળ થાય, અને મુખે શોષ પડીને શરીર પાંડુરવર્ણું થાય, કામાતુરની ચેતના ઓછી થાયછે. ૭ ગ્રંથિલ; કફવાયુના કોપેથી ધાતુ સફેદ વર્ણે થવા છતાં કૃષ્ણવર્ણે હોયછે, અને ખજવાળ, વેદનાસહિત હોય, ધાતુની બારીક બારીક ગાંઠો બંધાય, માટે તેને ગ્રંથિક શુક્રદોષ કહેછે. ૮ મળાભ; સન્નિપાત એટલે વાતાદિક ત્રણે દોષોના કોપેથી ધાતુ જે મળમૂત્ર વર્ણે હોય અને ગાંધી અલાઈ જેવી ફોલ્લીવો થાય, તેને મળાભ શુક્રદોષ કહેછે.

સ્ત્રિવોના અટકાવને પ્રથમ આર્તવ દોષ.

अथ स्त्रीरोगनामानि प्रोच्यंते पूर्वशास्त्रतः ॥ अष्टावार्तवदोषाः स्युर्वातपित्तकफैस्त्रिधा ॥ ४११ ॥ पूयाभं कुणपं ग्रंथिक्षीणं मलसमं तथा ॥

સ્ત્રિવોને મહિને મહિને વિટાળ, અડકાવ કે રજસ્વલા સ્થાનેથી જે લોહી ઉત્પન્ન થઇ વહેછે, તેને આર્તવ કહેછે. તેમધ્યે આઠ પ્રકારે દોષ કે રોગ હોવાથી ગર્ભોને ધારણ થવા દેતો નથી. માટે આર્તવોની શુદ્ધિ થવાવિશે આઠ પ્રકારે ભેદ અને લક્ષણો છે; અગાઊ પુરૂષોના શુક્ર ધાતુના દોષો આઠ પ્રકારના લક્ષણોસહિત લખેલા છે, તેજપ્રમાણે સ્ત્રિવોને અડકાવ સંબંધી આઠ પ્રકારના દોષો લક્ષણોસહિત એકસરખા જાણવા; તેના નામો.—૧ વાત આર્તવદોષ, ૨ પિત્તજ આર્તવદોષ, ૩ કફજ આર્તવદોષ, ૪ પૂયાભ આર્તવદોષ, ૫ કુણપ, ૬ ગ્રંથી, ૭ ક્ષીણ, ૮ મળસમ. એપ્રમાણે આઠ આર્તવદોષ સ્ત્રીના અને પુરૂષના શુક્રધાતુના દોષ આઠ એકસરખા જાણવા.

સ્ત્રિવોને ધુપણી કે પ્રદર રોગ.

तथा च रक्तप्रदरं चतुर्विधमुदाहृतम् ॥४१२॥
वातपित्तकफैस्त्रेधा चतुर्थं सन्निपाततः ॥

સ્ત્રિવોને રક્તપ્રદર એટલે દુષ્ટાર્તવપ્રવૃત્તિ અડકાવનું લોહી બગડવાથી સ્ત્રીવોને પિશાબમાર્ગે ધુપણીનો રોગ ચાર પ્રકારે થાયછે. તેની ઉત્પત્તિ વિરૂદ્ધાહાર, ખોરાક પાચન ન થાય તેવો ખાધાથી, ઉપરાઉપરી ખોરાક

ખાધાથી, મદ્ય કે જલદ દારૂનું અતિશે સેવન કરેથી, અજીર્ણ વારંવાર થ-વાથી, ગર્ભપાત કરેથી, અતિશે મૈથુન કરેથી, અતિશે ચાલવાથી, અતિશે વજનદાર વસ્તુ ઉપાડવાથી, દિવસે નિદ્રા વારંવાર કરેથી, અતિશે મેહનત કરેથી ઇત્યાદિક કારણોથી સ્ત્રિવોને આર્તવ રોગ એટલે વિટાળ, અડકાવ-નું સ્થાન દુષ્ટ કે લોહી વેહતું બગડીને ધુપણીનો રોગ લાગેછે, તેને પ્રદર કહેછે. તેનું પ્રથમ સ્વરૂપ શરીર અંબાય, યોનીમાં વેદના, દુર્બળતા, ન-બળાઈ, ગ્લાનિ, શરીર તવાય, મૂર્છા, તૃષા, દાહ, બળત્તર, બડબડ, શ-રીરે પાંડુરવર્ણે પીળું, આંખોપર ઝાક, અંધારા, વાયુકોપના વાતજન્ય રોગ ઇત્યાદિક ઉપદ્રવ થાયછે, એમ જાણવું. ૧ વાતપ્રદર રોગ; વાયૂના કોપેથી રૂક્ષ, તાંબુસવર્ણે, ફીણસહિત અને થોડું થોડું હમેશા પિશાબ માર્ગે લોહી વહે તથા વાતજન્ય શૂળાદિક વેદના થાય, અથવા જેમ માંસ પાણીમાં ધોયું હોય, તેવું લાલ પાણી હમેશાં વહેછે. ૨ પિત્તપ્રદર; પિત્તોના કોપેથી ધુપણીનો રંગ પીળાવર્ણે, ગુળીના વર્ણે હમેશા પિશાબમાર્ગે, હમેશા ગર્માગર્મ અતિશે લોહી વહે અને પિત્તકોપના સર્વે લક્ષણો થાયછે. ૩ કફપ્રદર; કફ કોપેથી ધુપણીમાં આંબાના રસ જેવું કે સાંવરીના ચિક જેવું ચિકણું, સુવાળું, પાંડુરવર્ણે, કાંગાની કાંજીજેવું પિશાબમાર્ગેથી વહેછે. ૪ સન્નિપાત-પ્રદર; વાતાદિક ત્રણે દોષોના કોપેથી સ્રીવોને પિશાબમાર્ગે હમેશા મધજેવું, ઘીજેવું, હરતાળના પાણી જેવું, હાડકા અથવા મેદ કે ઝાડના રસ જેવું, શવગંધી જેવું, એવી રીતે વહેછે, તે રોગ અસાધ્ય જાણવો; તે ઉપર વૈદ્યોએ ઉપાય કરેથી કોઈને ભાગ્યે ફાયદો થાય.

સ્ત્રિવોને યોનિરોગ.

विंशतिर्योनिरोगाः स्युर्वातपित्तकफादपि ॥ ४१३ ॥ सन्निपाताच्च रक्ताच्च लोहितक्षयकस्तथा ॥ शुष्का च वामिनी चैव षंढितांतर्मुखी तथा ॥ ४१४ ॥ सूचीमुखी विप्लुता च जातघ्नी च परिप्लुता ॥ उप-प्लुता प्राक्चरणा महायोनिश्च कर्णिका ॥ ४१५ ॥ स्यान्नंदा चाति-चरणा योनिरोगा इतीरिताः ॥

સ્ત્રિવોને પિશાબની જગ્યા એટલે યોનિ રોગ, વિના સમજે ઉપાયોથી માઠા ભાયગે, વાતાદિક ત્રણે દોષોના કોપેથી, અડકાવનું લોહી બગડવાથી,

નવો ગર્ભ ધારણની વેળાએ બીજગત, આર્તવદોષોથી વીસ પ્રકારે યોનિ રોગ થાયછે, તેના લક્ષણો નીચે લખેલા છે. ૧ વાતળા; સ્ત્રિવોની યોનિ કઠોર, શસ્ત્ર શૂળાદિક વાયુવેદનાથી પીડા ભોગવતી હોયછે. ૨ પિત્તળા; સ્ત્રિવોની યોનીને અતિશે દાહ, પાકતી, જ્વર ઈત્યાદિક પિત્તકોપના લક્ષણોસહિત હોય, અને તત્સંબંધી આર્તવ એટલે અડકાવનું લોહી ગુળીના કે પીળા, અથવા કાળા રંગે વહેછે. ૩ શ્લેષ્મલા; સ્ત્રિવોની યોનિ અતિશે શીતળ હોવા છતાં સાંવરીના ચિક જેવી ચિકણી કે સુવાળી, ખજવાળસહિત હોયછે. ૪ સન્નિપાતજા; સ્ત્રિવોની યોનિ વાયુ, પિત્ત, કફ ત્રણેની વેદના, અને શૂળ, દાહ, ખજવાળ ઈત્યાદિક લક્ષણો હોયછે. ૫ રક્તજા; સ્ત્રિવોની યોનિ પોતાના સ્થાનથી ખસીને જ્યાં ત્યાં ફરે અને તે મરડીને સરખી રાખવા છતાં, તે સ્ત્રીને ગર્ભ રહેવાથી બાળકનો જન્મ મ્હોટા કષ્ટેથી આપેછે, તેને ગ્રંથોમાં પ્રસ્રંસિની કહેછે. ૬ લોહિતક્ષયા; સ્ત્રિવોની યોનિમાંથી દાહસહિત હમેશા લોહી વહીને તેનું શરીર ક્ષીણ; ગળી કે મસાઈ જાયછે. ૭ શુષ્કા; સ્ત્રિવોની યોનિમાંથી મહીને મહીને અડકાવ વેહતો હોય, કે બંધ થઈ જતો રહેલો હોય પણ તે સ્ત્રીને, ગર્ભ કે બાળક થવાવિશે ઉપયોગ થાય નહી, તેને ગ્રંથોમાં વંધ્યયોનિ એટલે વાઝણી કહેછે. ૮ વામિની; વાયુના કોપેથી સ્ત્રિવોની યોનિ પુરૂષનો સંગ કરેથી, તે પુરૂષનું સ્ખલિત થયેલું વીર્ય, આર્તવાસહવર્તમાન એટલે સ્ત્રીની યોનિકમળમાં સર્વે રીતે, તે વીર્ય ન પડતાં બાહાર પડી જાયછે. ૯ ષંઢિતા; સ્ત્રીને મુદ્દલ અટકાવ આવતો નથી, તેને સ્તન કે છાતીએ થાન ન હોય, અને યોનિસ્થાને મૈથુન કરવાની જગ્યા ન હોય, માત્ર તે જગ્યા ખડબચડી હોયછે, તેને ષંઢી કે હીજડી કહેછે. ૧૦ અંતર્મુખી; સ્ત્રી ન્હાની ઉંમરની, જુવાન નબળી સ્ત્રીનું યોનિકમળ ટુંકું હોય, તેવી સ્ત્રીનો સંબંધ કોઈ મજબુત મ્હોટા લાંબા લિંગના પુરૂષસાથે, થવાથી તેવી સ્ત્રીની યોનીને બાહરની બાજુએ, આંડવા કે આંડકુલ્યાજેવા માંસના બે બાજુએ, ગોળા કે ગાંઠો ઉત્પન્ન થાયછે, તેને ગ્રંથોમાં અંડિણી કહેછે. ૧૧ સૂચીમુખી; સ્ત્રિવોની યોનિનો વિંધ સોઈ જેટલો બારીક હોયછે, તેને ગ્રંથોમાં સંવૃતા કહેછે. ૧૨ વિપ્લુતા; સ્ત્રિવોને વાયુ કોપેથી યોનિમાં હમેશા વેદનાસહિત હોયછે. ૧૩ પુત્રઘ્ની; સ્ત્રિવોની યોનિનો આવતો અડકાવ જતો રહેવા પછી, જે જે વખતે ગર્ભ રહે તે ગર્ભ

ન વધતા ગળી પડેછે. ૧૪ પરિપ્લુતા; સ્ત્રિવોની યોનિને મૈથુનવેળાએ વાતજન્ય કોપથી અતિશે વેદના થાયછે. ૧૫ ઉપપ્લુતા; સ્ત્રિવોની યોનિને મ્હોટા કળેરો અને સંકટેથી, ફીણસહિત અડકાવનું લોહી ઉપર ચહડતી ગતીએ, જેમ પેટમાં લોહીનો ગોળો ઉપર ચહડતો હોય તેવી રીતે, આસપાસના અવયવમાં અતિશે વેદના થઈ મ્હોટા સંકટે, અડકાવનું લોહી બાહર પડેછે. ૧૬ પ્રાક્ચરણા; સ્ત્રિવોની જે યોનિને મૈથુનવેળાએ કે પુરૂષનો સંગકર્તા, પ્રથમ જે સ્ત્રી મૈથુનજન્યનું સુખ મેળવી વિરસ થાય એટલે પુરૂષની અગાઉ જે સ્ત્રી સ્ખલિત થાય, તેને પ્રાક્ચરણા યોનિ કહેછે, તે સ્ત્રીથી ગર્ભનું બીજ ધારણ થઈ શકતું નથી. ૧૭ મહાયોનિ; જે સ્ત્રિવોની યોનિનું મુખ હમેશાં ખુલ્લું રેહતું હોય, તેને ગ્રંથોમાં નિવૃતા કહેછે. ૧૮ કર્ણિકા; કફ લોહીકોપથી સ્ત્રીની યોનિમાં જેમ કમળપુલની વચ્ચે દાણા થાય, તેવી રીતે માંસના દાણા કે ગાંઠો થાયછે. ૧૯ નંદા; સ્ત્રિવોની યોનિ મૈથુનવિશે અતિશે આણંદ પામે, અને મૈથુન ઘણું ઈચ્છે, તે સ્ત્રીની યોનિને અત્યાનંદા કહેછે. ૨૦ અતિચરણા, કફોના કોપથી જે સ્ત્રિવોની યોનિ અતિશે મૈથુનોવિશે હમેશા આતુર, તેની ચળ, ખજવાળ ભરેલી હોય અને કેટલુંક મૈથુન કરાવા છતાં જે સ્ત્રીની કામવિશે તૃપ્તિ થતી નથી, તેવી સ્ત્રીને ગર્ભનું બીજ ધારણ થતું નથી.

સ્ત્રિવોને પિશાબમાર્ગે યોનિકંદ રોગ.

चतुर्विधं योनिकंदं वातपित्तकफैस्त्रिधा॥४१६॥ चतुर्थं सन्निपातेन

સ્ત્રિવોને પિશાબની જગ્યાની અંદર ગાંઠ એટલે યોનિકંદ રોગ ચાર પ્રકારે થાયછે, તેની ઉત્પત્તિ દિવસે હમેશા નિદ્રા, અતિ ક્રોધ, અતિ મેહનત, અતિ મૈથુન, યોનિમાં નખ, દાંતનો જખમ, ઘારૂ ઈત્યાદિક કારણોથી વાતાદિક ત્રણે દોષોના કોપે, યોનિમાં લિંબુ કે નારંગી ફળની આકૃતિએ ગોળાકાર, પરૂ અને લોહી મિશ્રિત લોહીના રંગ જેવી, માંસોનો ગોળો ઉત્પન્ન થાયછે, તેને યોનિકંદ રોગ કહેછે. ૧ વાત; વાયુના કોપેથી જે યોનિકંદ રૂક્ષ, વિવર્ણ, સુજેલી ગાંઠ થાય, તેને વાત યોનિકંદ કહેછે. ૨ પિત્તયોનિકંદ; પિત્તકોપથી યોનિકંદમાં દાહ લોહીરંગે, જ્વરસહિત પિત્તકોપના સર્વે લક્ષણો થાયછે. ૩ કફયોનિકંદ; કફકોપેથી શીતળતા, ગુળીના રંગે ગાંઠ, ખજવાળસહિત ઈત્યાદિક કફકોપના

લક્ષણોસહિત હોયછે. ૪ સન્નિપાત યોનિકંદ; વાયુ, પિત્ત, કફ ત્રણે દોષોના કોપેથી ગાંઠને ત્રણે દોષોના સર્વે લક્ષણોસહિત વેદના થાયછે.

સ્ત્રિવોને ગર્ભસ્થાને રોગ.

तथाष्टौ गर्भजा गदाः ॥४१७॥ उपविष्टकगर्भः स्यात्तथा नागोदरः स्मृतः ॥ मक्कलो मूढगर्भश्च विष्टंभो गूढगर्भकः ॥४१८॥ जरायुदोषो गर्भस्य पातश्चाष्टमकः स्मृतः ॥

સ્ત્રિવોને ગર્ભસંબંધી આઠ પ્રકારે રોગ થાયછે. ૧ ઉપવિષ્ટક ગર્ભ; સ્ત્રિવોને ગર્ભસ્થાને નવો ગર્ભ રહેવા પછી અતિ ગર્મ ઉષ્ણ પદાર્થ અતિશે ખાધાપીધાથી કે તેનું સેવન કરેથી, તાવથી, અતિ મેહનતથી ઇત્યાદિક કારણોથી શરીરમાં અતિશે ગર્મી થઇ યોનિમાંથી લોહી વહેછે, તેથી ગર્ભ આગળ જતા વધવાને બદલે નહી જેવો થઈ ગળી પડે કે શૂકાય, અને તે ગર્ભ પાછો વધવાનો વખત ટળવાથી બીજો ઉપાય જે.કરવા ઘટે તે કરેછે, અને તે ગર્ભ જુજ પેટમાં રહેલો હાલતો હોયતો નિશ્ચળ રહે નહી. ૨ નાગોદર; શુક્ર ધાતુ અને લોહી બેહુનો સંગમ થતી વખતે વાયુકોપે, તે ગર્ભના આકારે સર્પ જેવો થઇને પેટ ફુગવેછે, પછી તે ગર્ભ કદાચિત્ પોતાની ઇચ્છાથી મુરદાલ થઇ પડે અથવા પેટમાં જરી કે ઝરી જાયછે. ૩ મક્કલ; વાયુના કોપે શૂળાદિક વેદના વિશેષ થાય, તે રોગ બે પ્રકારે થાયછે; તેમાં એક ગર્ભ પેટમાં હોવા છતાં, અને બીજો બાળકનો જન્મ થવાપછી, એવી રીતે બે રોગ થાય, તેમાંથી ગર્ભ હોવા છતાં જે થાય તેના લક્ષણોમાં કઈ એક કારણોથી મનને સંતાપ થઇને, તેમાંથી વાયુનો કોપે, પાસળાદિકમાં શૂળાદિક વેદના ઉત્પન્ન થઈ, તે ગર્ભને દુઃખ દઈ મારેછે; તેને ગર્ભ મક્કલ કહેછે. અને બીજી રીતે રોગ થાય, તે ગર્ભવાન સ્રીએ બાળકનો જન્મ આપ્યાપછી, વાયુ પોતાનાં કારણેથી કોપાયમાન થઈ, યોનિમાંથી ગર્ભસંબંધી લોહી અને પાણી ઇત્યાદિક સુમારવિનાએ અતિશે વહે, તેનો અટકાવ થવાથી, વાયુઉપર ચહડતી ગતીએ થાય, અને બસ્તી, ઝાડાની જગ્યાને, હ્રદય, પાસળા, મસ્તક ઇત્યાદિક સ્થાને અતિશે શૂળાદિક વેદના ઉત્પન્ન થાય, અને યોનિને સંકોચે, અતિશે વાયુ બળવાન થઇ ઉપર ચહડતા શ્વાસને ઉત્પન્ન કરીને, તે બાળકનો જન્મ આપનાર સુ-

વાવડી સ્ત્રીને મરણ પમાડેછે; એવી રીતે મક્કલ્લક રોગના બે ભેદ જાણવા; તેને ગ્રંથોમાં યોનિસંવરણ કહેછે. ૪ મૂઢગર્ભ; વાયુ કમજોર કે ગતિરહિત થઇને ગર્ભને મૂઢ કરી, તે ગર્ભને બાહર આવવાની ગતી ખુટાડી યોનિની જગ્યાએ પેટમાં શૂળ ઉત્પન્ન થાય, પિશાબ ઝાડો આવતો અટકે, તેને મૂઢગર્મ કહેછે, તેના આઠ ભેદ ગ્રંથોમાં કહેલા છે; તેના લક્ષણોમાં પેહલું કોઈ ગર્ભ યોનિદ્વારે કે મુખે બાળકનું મસ્તક આડું આવી રસ્તો બંધ કરેછે, બીજુ કોઇ ગર્ભ પોતાના પેટેથી યોનિનો રસ્તો બંધ પાડેછે. ત્રીજુ કોઈ ગર્ભનું શરીર ઉલટું પડેથી યોનિનું મુખ બંધ પાડેછે. ચોથું કોઈ ગર્ભ પોતાનો એક હાથ યોનિબાહર કાહડી રસ્તો બંધ પાડેછે. પાચમું કોઈ ગર્ભ બે હાથ યોનિબાહર કાહડી રસ્તો બંધ કરેછે. છઠ્ઠું કોઈ ગર્ભ આડું આવી રસ્તો બંધ પાડેછે. સાતમું કોઇ ગર્ભ ઉંધો પડી યોનિમુખ બંધ પાડેછે. આઠમું કોઇ ગર્ભ પાસળા તરફથી, યોનિમુખમાં આવી, જન્મ થવાનો રસ્તો બંધ પાડેછે. એપ્રમાણે મૂઢગર્ભોના આઠ ભેદ લખેલા છે. ૫ વિષ્ટંભ; કારણવિના ટાણે કે કટાણે ખોરાક ખાધાપીધાથી, રૂક્ષાદિક પદાર્થોનું સેવન કરેથી વાયુનો કોપ થઈ ગર્ભોનું શોષણ કરેછે; તેથી સારી રીતે ગર્ભોનું પોષણ થતું નથી, માટે ગર્ભવાન સ્ત્રીના પાસળા સારીરીતે ભરેલા, ફુલેલા મ્હોટા દેખાતા નથી, અને તે ગર્ભ ગુઠણ્યા મારવાના નિયમથી, જુજ હલકા મારેછે, અને લાંબે દિવસે તે ગર્ભ થોડો થોડો વાયુથી પીડા ભોગવીને તે ગર્ભનું છોડ બંધાયછે. ૬ ગૂઢગર્ભ; ગર્ભ રહીને આગળ જતા વધતા વધતા તે શૂકાઈ નળી જેવો થાય, અને કંઇક દિવસ રહીને જરી કે ઝરી જાયછે. ૭ જરાયુદોષ; ગર્ભાશયની જગ્યાએ બાળકનો ગર્ભ હોવા છતાં, જરાયુ નામે ચામડી વિશેષ થાય, તેને જાર કહેછે, તેમાં બાળકનો ગર્ભ વિટલાયલો હોય તો, તે દોષોથી બાળકને કંઇક વિકાર થાયછે. ૮ ગર્ભપાત; સ્ત્રિવોને ગર્ભ રહેવા પછી હરયેક ભય, ધાસ્તી, માર, ઘા, જખમ, તીક્ષ્ણ, ઉષ્ણ પદાર્થોનો ખોરાક કે ઓષડોથી, ઉતરેલું બગડેલું અન્નાદિક ખોરાકથી, વિષમ ભોજન અનેક પ્રકારે રોગ ઉત્પન્નકર્તા, ઇત્યાદિકનું સેવન કરેથી જેમ હરયેક ઝાડ ઉપરથી પાકેલા ફલ તુંટી કે ગળી પડેછે; તે પ્રમાણે ગર્ભનું પતન થાય, તેને ગર્ભસ્રાવ કહેછે, પણ ચોથા મહિનાની અગાઉ જે ગર્ભ પડે, તેને ગર્ભપાત કહેછે.

સ્ત્રિવોના થાનને કે સ્તનરોગ.

पंचैव स्तनरोगाः स्युर्वातात्पित्तात्कफादपि ॥४१९॥ सन्निपातात् क्षताच्चैव तथा स्तन्योद्भवा गदाः ॥ बालरोगेषु कथिताः

સ્ત્રિવોને સ્તનરોગ; દુધસહિત અથવા દુધવિનાનું, થાનને થયલો રોગ વાતાદિક ત્રણે દોષનો કોપ થઈ, માંસ અને લોહીને બગાડી પાંચ પ્રકારે સ્તનરોગ થાય, એ પાંચ પ્રકારના સ્તનરોગોમાં રક્તજ વિદ્રધિ રોગમાં, બીજી જાતની ગાંઠો વિશે જે આગાઉ લખેલી, બાહેરની વિદ્રધીના લક્ષણોએ સ્તનરોગને થાયછે, તેમાં સ્તનની જગ્યાએ સોજો ઉત્પન્ન થાય, અતિ વેદના, દાહ, ખજવાળ ઈત્યાદિક સર્વે લક્ષણોસહિત હોય, અને વિદ્રધીના જેવી વેદના થઈ પાકીને ફુટેછે, અથવા કોઈને હલકો સોજો હોય તો તેનો ઉપાય સેકાદીક કરેથી પાકયા વિના પણ બેસી જાયછે. ૧ વાત સ્તનરોગ; વાયુ કોપનો સંબંધ હોવાથી શૂળાદિક વેદના થાયછે. ૨ પિત્ત સ્તનરોગ; પિત્તકોપનો સંબંધ હોવાથી જ્વર, દાહ ઈત્યાદિક વેદના થાયછે. ૩ કફ સ્તનરોગ; કફકોપનો સંબંધ હોવાથી મંદ વેદના, ચળ, ખજવાળ ઈત્યાદિક થાયછે. ૪ સન્નિપાત સ્તનરોગ; વાયુ, પિત્ત, કફ એ ત્રણેના કોપથી ત્રણે દોષની વેદના થાયછે. ૫ ક્ષત સ્તનરોગ; કંઈક શખ્ત વસ્તુ કે હથીયાર લાગેથી, તે નિમિત્તે સ્તનની જગ્યાએ સોજો, ઉત્પન્ન થઈ ધારૂ કે જખમ થાયછે, તેને વાતાદિક ત્રણે દોષોના કોપસહિત લક્ષણો હોયછે.

સ્ત્રિવોને રોગ ઉત્પન્ન કરનાર દોષ.

स्त्रीदोषाश्च त्रयः स्मृताः ॥४२०॥ अदक्षपुरुषोत्पन्नसपत्नीविहितस्तथा ॥ दैवाज्जातस्मृतीयस्तु

સ્ત્રીવોને દુઃખ ઉત્પન્ન કરનારા ત્રણ દોષ કે કારણો છે. ૧ અદક્ષ પુરૂષોત્પન્ન; એટલે હરયેક વેહવારસંબંધી કામકાજમાં જાણતા કે અજાણતા, કંઈક કારણે સ્ત્રિવોને અતિશે બળત્તર, અને સંતાપાદિકથી અનેક રોગ થાયછે. ૨ સપત્નીવિહિત; બે સોખમાંથી એક પર તેના પુરૂષની અતિશે પ્રીતિ હોયછે, તેની અદેખાઈથી બીજી સોખને દુઃખ, બળત્તર, સંતાપાદિક થાય, તે સંતાપેથી અનેક દુઃખ થાયછે. ૩ દૈવિક;

ભર્થાર કે ધણીને રોગ કે અતિશે દુઃખ આવેલું હોય, અને તેની સ્ત્રી પતિવ્રતા હોય, તેના મનમાં ધણીનીસાથે મરવાને, કે તેની પાછળ સતી થવાને ઇચ્છતી હોય, અને તે વિચાર મનમાં સ્ત્રી લાવીને, દુઃખથી શરીરને ગળાવે, તપાવે, તેથી અનેક રોગ તે સ્ત્રીને ઉત્પન્ન થાયછે; તેવીજ રીતે જેનો ભરથાર અથવા સ્ત્રી ખરાબચાલનો કે વ્યસની હોય, તેની સાથે ભલી સ્ત્રી કે પુરૂષનો સંબંધ થવાથી, ખરાબ ચાલના પુરૂષને જોઈ, તેની ભલી સ્ત્રીને બળત્તરાથી અનેક રોગ થાયછે, અને તેની સ્ત્રી ખરાબ ચાલની હોવાથી, તેના ભલા ભર્થારને સંતાપથી અનેક રોગ ઉત્પન્ન થઈ તે ભર્થાર મરેછે.

સ્ત્રિવોને સુવાવડનો કે બાળંત રોગ.

तथा च सूतिकागदाः ॥ ४२१ ॥ ज्वरादयश्चिकित्स्यास्ते यथा दोषं यथाबलम् ॥

સ્ત્રિવોને સુવાવડમાં જ્વરાદિક રોગ ભયંકર ઉત્પન્ન થાયછે, તેને બાળંત રોગ કહેછે, તે રોગનું બળ તપાસી પુરતી પરીક્ષા કરવી, તેનું શરીર અંબાય, જખડાય, જ્વરાદિક ઉપદ્રવ, પાણીની અતિ તૃષા, પિપાસા, શરીરે અતિ વજન, સોજો, શૂળ, અતિસાર એવી રીતે સર્વે સુવાવડ રોગના લક્ષણો જાણવા; ખાધાપીધાની અપરેજી, વિષમ ભોજનો અનેક રોગ ઉત્પન્નકર્તા, અજીર્ણનું ભોજન, ઇત્યાદિક કારણોથી સુવાવડી સ્ત્રીને તાવ, જ્વરાદિક રોગ ઉત્પન્ન થાય, તે અતિશે ભયંકર અને અસાધ્ય જાણવા; શરીરનું બળ અને માંસ લોહીનો ક્ષય, ગળાઇ જવાથી વિશેષે કરીને એ રોગ અસાધ્ય જાણવો; સુવાવડી સ્ત્રીને મક્કલ્લ શૂળ થાય, તેમાં વાયુકોપના લક્ષણો થઈ, પોતાના સ્થાનેથી સર્વે રીતે બગડેલું કે ચ્યુત થયેલું, ફરતા લોહીનો અટકાવ થઈને, સુવાવડી સ્ત્રીને મસ્તકે, હૃદય, બસ્તી ઈત્યાદિક સ્થાને શૂળ ઉત્પન્ન કરેછે, તે શૂળને મક્કલ્લ કહેછે, તે અતિશે દુઃખદાયક જાણવો.

બાળકોને બાળરોગ.

द्वाविंशतिर्बालरोगास्तेषु क्षीरभवास्त्रयः ॥ वातात्पित्तात्कफाच्चैव दंतोद्भेदश्चतुर्थकः ॥४२२॥ दंतघातो दंतशब्दो कालदंतोहिपूतनः ॥ मुखपाको मुखस्त्रावो गुदपाकोपशीर्षके ॥४२३॥ पार्श्वारुणस्तालुकंठो

विच्छिन्नं पारिगर्भिकः ॥ दौर्बल्यगात्रशोषश्च शय्यामूत्रं कुकूणकः ॥ ४२४ ॥ रोदनं चाजगल्लिः स्यादिति द्वाविंशतिः स्मृताः ॥

બાળકોને બાળરોગ બાવિસ પ્રકારે થાયછે, તેમધ્યે જે સ્ત્રીના થાનનું દુધ પીધાથી, કે સ્તનસંબંધી દુધ બગડીને, તેમાંથી ત્રણ પ્રકારે રોગ, દુધ પીનાર બાળકને થાયછે. ૧ વાતજન્ય રોગ; વાયુ કોપેથી સ્ત્રીના થાનનું દુધ બગડેછે, તે દુધ બાળકે પીધાથી તેને વાતજન્ય રોગ થાય, અને ગળાનો સ્વર ક્ષીણ ઝીણો થઈ શરીર ગળાવે, મળ મૂત્ર ઉતરવાનો અટકાવ થાયછે. ૨ પિત્તજન્ય રોગ; જે સ્ત્રીને પિત્તકોપેથી થાનનું દુધ બગડેલું હોય, તે દુધ બાળકે પીધાથી શરીરે હમેશા પરસેવો આવે, ઝાડો ચિથરાજેવો થાય, આંખોને પિળાસ, વારંવાર તૃષા, શરીરે દાહ ઉષ્ણતા ઇત્યાદિક પિત્તકોપના લક્ષણો થાયછે. ૩ કફજન્ય રોગ; જે સ્ત્રીને કફકોપેથી થાનનું દુધ બગડેલું હોય, તે દુધ બાળકે પીધાથી કફકોપના લક્ષણો, મુખેથી લાળ ગળે, અતિશય નિદ્રા આવે, શરીરે ભાર છતાં મુખે અને આંખે સોજો આવે, ઉલટી થાયછે. ૪ દંતોદ્‌ભેદ રોગ; બાળકોને દાંત પ્રથમ આવતા હોય, તે વખતે તાવ, ઝાડા, ખાંસી, મસ્તકને પીડા, ઉલટી, દુર્બળપણું ઇત્યાદિક ઉપદ્રવ થાયછે. ૫ દંતઘાતરોગ; બાળકને સાત કે આઠમે વર્ષે દાંત પડવા લાગેછે, તે વખતે જ્વરાદિક ઉપદ્રવ થાયછે, તેને ગ્રંથોમાં દંતપાત કહેછે. ૬ દંત શબ્દરોગ; વાયુકોપે બાળક નિદ્રામાં દાંતોથી દાંત ઘસીને કડકડાવેછે, તેને ગ્રંથોમાં દંતહર્ષ કહેછે. ૭ અકાળ દંતરોગ; બાળકોના દાંત પ્રથમ પડેલા હોય, તે જગ્યાએ પાછાં દાંત આવે, તે વખતે જ્વરાદિક પીડા થાયછે. ૮ અહિપૂતનરોગ; બાળક સૂતેલો હોય તે વખતે, નિદ્રામાંજ કે બીછાનામાં પિશાબ ઝાડો થાય, તે વખતે તેની ગાંદ પાણીથી કોઈ ધોતુ કે લુછતુ નથી, તેની માતા કે દાસી અસુરે જાગવાથી ધોય કે લુછે, તેટલી વખતમાં બાળકને લોહીનો કોપ થઈને, બાળકની ગાંદ કે ઝાડાની જગ્યાએ ખજવાળ છુટેછે, અને બાળક તે વખતે ખજવાળે તો, તેના નખનું ઝેર ચડી ઝાડાની જગ્યાએ ફોલ્લીવો ઉત્પન્ન થાય, તેમાંથી ધારા કે જખમ ઉત્પન્ન થાય, એ રોગવિશે અગાઊ ક્ષુદ્ર રોગમાં વિસ્તારે લખેલું છે, અને બાળકોને એ રોગ થાયછે. ૯ મુખપાક; બાળકોનું મુખ પાકેલા

જેવું થઈ ચડી આવેછે. ૧૦ મુખસ્રાવ; બાળકના મુખમાંથી અતિશે લાળ ગળેછે. ૧૧ ગુદપાક; બાળકોનું ગુદ એટલે ઝાડાની જગ્યા પાકે અને તેમાંથી જખમ ધારા થાયછે. ૧૨ ઉપશીર્ષક; બાળકોને કપાળે જખમ ધારા, નાસૂર થઈ જ્વરાદિક ઉપદ્રવ થાયછે. ૧૩ પાર્શ્વારૂણ; બાળકોને શરીરમાં વાતાદિક ત્રણે દોષજન્ય મહાપદ્મનામા શાખ્યા, વિસર્પ નામે ફોલ્લીનો રોગ થાયછે, તે બે પ્રકારે જાણવો, તેમાં એક બસ્તિજ અને બીજો શીર્ષજ. જે શંખોમાંથી હૃદય સુધી તેનો વેગ આવીને દુઃખી કરેછે, તે રોગ શીર્ષજ જાણવો, તેમાં મુખ અને ટાળવાની બાહરની સર્વે જગ્યાએ લાલ કમળફુલ જેવા તાંબુસવર્ણે ફોલ્લીવો થાયછે, બીજો હૃદયથી ગુદ કે ઝાડાની જગ્યાસુધી વેગ જઈને દુઃખી કરેછે, અને બસ્તિ, ગુદ ઝાડાની જગ્યા સર્વે લાલ કમળના ફુલ જેવી તાંબુસ વર્ણે ફોલ્લીવો થાયછે, તે બસ્તિજ જાણવું, એપ્રમાણે વિસર્પ રોગ જાણવો, તેને પાર્શ્વારૂણ કહેછે; અને ગ્રંથોમાં મહાપદ્મ વિસર્પ કહેછે. ૧૪ તાળુકંઠ; બાળકોને તાળુસંબંધી માંસની જગ્યાએ કફનો કોપ થઈ, તાળુને કાંટાં ભરેલા હોય તેમ ખડબચડું થઈ ખાડાખપચા પડેછે. ૧૫ વિચ્છિન્ન; બાળકોના તાળુમાં ખાડા પડે તેથી બાળકો દુધ પીવાને કંટાળેછે, મ્હોટા કષ્ટેથી દુધ પીવાય, ઝાડો પાતળો થાય, અતિ તૃષા, આંખો, કંઠમાં વિકાર થાય, ગરદન નઠરે, ઉલટી ઇત્યાદિક ઉપદ્રવ થાયછે, તેને ગ્રંથોમાં તાળુતાપ કહેછે. ૧૬ પારિગર્ભિક; બાળકની માતા ફરીને ગર્ભીણ થવાથી, અથવા ગર્ભીણ સ્ત્રીના થાનનું દુધ જે બાળકે પીધાથી, તેને તે દોષથી ખાંસી, અગ્નિમાંદ્ય, ઉલટી, આંખોને અંધારા, ઝાખ, અરોચક રોગ, ભ્રમ, હાથ પગ સળી જેવા થાય, પેટ મ્હોટું થાય, ઇત્યાદિક લક્ષણો થાય, બાળકની માતા ગર્ભીણ રહેવાથી, ઘણુંકરીને દુધ પીનાર કે નહી પીનાર ન્હાના બાળકને એ પારેવાનો રોગ થાયછે. ૧૭ દૌર્બલ્ય; વાતાદિક ત્રણ દોષના કોપમાં જે દોષનો કોપ વિશેષ હોય, તે દોષેથી બાળકનું શરીર દુર્બળ થાયછે. ૧૮ ગાત્રશોષ; વાતાદિક ત્રણે દોષોના કોપમાં જે દોષથી બાળકના શરીરનું શોષણ થઈ, શરીર તવાય, ગળાયછે. ૧૯ શય્યામૂત્ર; વાતાદિક ત્રણે દોષોના કોપથી બાળક રાત્રે, અથવા દિવસે નિદ્રામાં બીછાનામાં મૂત્રેછે. ૨૦ કુકૂણક; દુધના દોષથી બાળકોની આંખોના પાપણોમાં ખજવાળ થઈ, વારંવાર આંખોમાંથી ચિકાસ

વહેછે, અને બાળકનું કપાળ, નાક, આંખો પોતાના પોંચાથી ધસેછે, તેથી સૂર્યનું તેજ આંખો ઉઘાડી જોવાતું નથી ઈત્યાદિક ઉપદ્રવ થાય, તે રોગ પાપણોમાં થાયછે. ૨૧ રોદન; બાળક થોડું અથવા અતિશે રડવા લાગવા છતાં, તે રડતા બાળકના અવાજ ઉપર વૈદ્યે ધ્યાન રાખીને, તેના શરીરનું રંગરૂપ જોઈ રોગની પરીક્ષા કરવી, થોડુંક રડવાથી હલકો રોગ જાણવો, અતિશે રડવાથી મ્હોટો ભયંકર રોગની પરીક્ષા કરવી. ૨૨ અજગલ્લી; કફ વાયુના કોપથી બાળકોના શરીરે મગ જેવી ફોલ્લીવો ઉત્પન્ન થાય, તે ચિકણી કે સુવાળી થવા છતાં શરીરના વર્ણે વેદનારહિત એક એકથી મળેલી હોયછે, એ રોગ મ્હોટા માણસોને અને બાળકોને પણ થાયછે.

બાળકોને દુષ્ટગ્રહના સંબંધે આંચકી કે ફેફરનો બાળગ્રહરોગ.

तथा बालग्रहा ख्याता द्वादशैव मुनीश्वरैः ॥ ४२५ ॥ स्कंदग्रहो विशाखः स्यात्स्वग्रहश्च पितृग्रहः ॥ नैगमेयग्रहस्तद्वत् शकुनिः शीतपूतना ॥ ४२६ ॥ मुखमंडिनिका तद्वत्पूतना चांधपूतना ॥ रेवती चैव संख्याता तथा स्याच्छुष्करेवती ॥ ४२७ ॥

બાળગ્રહ એટલે બાળકને ગ્રહ દોષે કે આસમાનના શિતારાના કોપેથી, નિદ્રામાંથી અકસ્માત બીહીને રડતો ઉઠે, અને નખોથી પોતાના શરીરને અને તેની માતાને વખોડે, કરડે, આંખો ખેંચાય, ઉંચુ જોય, દાંત ઓઠ કરડે, અતિશે ચિશો પાડે, બગાશાં ખાય, ભવા અને ડોળા ફેરવે; વારંવાર મુખવાટે ફીણ ઓકે, શરીર ગળાય, રાત્રે નિદ્રા ન આવે, હાથપગને સોજો આવે, પાતળું હગે, ખુલ્લે ગળે કે મ્હોટેથી રડી ન શકે, શરીરે માચ્છલાનાં લોહી જેવી ગંધ આવે, થાનનું દુધ ખેંચી કે પી ન શકે, એ સર્વે બાળગ્રહમાં સાધારણ લક્ષણો થાય; એ બાળ ગ્રહ રોગ બાર પ્રકારે થાયછે. ૧ સ્કંદગ્રહ; થી જે બાળક પીડાતો હોય, તેની એક આંખને જુજ કંપારો થાય, તેમાંથી પાણી ઝરે, શરીરનું એક અવયવ ને જુજ કંપારો થાય, પરસેવો આવે, મ્હોટા વેગેથી આંખોને, શરીરને કંપારો કે ધૂજારો થાય, આંખો ઉંચે ચડાવે, મુખને લોહીની ગંધ આવે, દાંત કકડાવે, મુખ વાકું થાય, થાનનું દુધ ખેંચી ન શકે, મ્હોટા અવાજે ન રડાય, ઝીણા સ્વરે જુજ રડે, ઈત્યાદિક લક્ષણો થા-

પછે. ૨ વિશાખગ્રહ; એ રોગથી બાળક પીડાય, જ્વર, આંખો ઉંચે ચડાવે ઇત્યાદિક લક્ષણો થાય, તેના વિશેષ લક્ષણો બાળતંત્રોમાં લખેલા છે. ૩ સ્વગ્રહ; બાળક નિશ્ચેષ્ટ કે બેશુદ્ધ થઈ મરણ પામેલા જેવો પડે, મુખવાટે ફીણ નિકળે, શુદ્ધીમાં આવેથી જ્વરાદિક ઉપદ્રવ થાય, અતિશે મ્હોટા અવાજે રડે, તેના શરીરે પરૂ મિશ્રિત લોહીની ગંધ આવે ઇત્યાદિક લક્ષણો થાય, તેને ગ્રંથોમાં સ્કંદાપસ્માર કંહેછે. ૪ પિતૃગ્રહ; અગ્નિષ્વાત્તાદિક જે પિતૃ એટલે મરણ પામેલા માબાપ કે વડીલો અથવા અગ્નિઆદિ દેવના કોપેથી બાળક પીડાતો હોય તો જ્વરાદિ ઉપદ્રવ થાયછે. ૫ નૈગમેષ; ગ્રહે બાળકને પકડવાથી ઉલટી, શરીરે કંપારો અને દુર્ગંધી, ગળે અને મુખે શોષ, મૂર્ચ્છા, આંખો ઉંચે ચડાવે, દાંત કકડાવે, ઇત્યાદિક લક્ષણો થાયછે. ૬ શકુનિ; ગ્રહોના દોષોથી બાળકનું શરીર ગળાય, ભય કે બીકથી ઘડીઘડીએ ચમકીને ઉઠે રડે, તેના શરીરે પક્ષીનાં જેવી ગંધ આવે, લોહી, ધાતુ બગડી પરૂ થઈ સર્વે મળીને જખમો ધારા કે પાકસહિત ફોલ્લાથી સર્વે શરીર ભરાય, દાહ ઇત્યાદિક લક્ષણો થાય. ૭ શીતપૂતના; ગ્રહોના દોષોથી બાળકને શરીરે કંપારો, દુર્ગંધ, ખાંસી, દુર્બળપણું, આંખોને પીડા, ઉલટી, હગામણ ઇત્યાદિક લક્ષણો થાયછે. ૮ મુખમંડિનિકા; ગ્રહોથી પકડાયલો બાળકનું મુખ ખુસીમાં, પ્રસન્ન દેખાય, તેના શરીરની નસો જુદી જુદી દેખાય, અતિશે ખોરાક ખાય, તેના શરીરે મૂત્રની ગંધ આવે ઇત્યાદિક લક્ષણો થાયછે. ૯ પૂતના; ગ્રહથી પકડાયલા બાળકને જ્વર, અતિસાર, તૃષા ઇત્યાદિક લક્ષણોસહિત હોય, આંખો હુંચે ચડાવે, રડતી લાગે, નિદ્રા ન આવે, બેચેની, વિહ્વલ થાય ઇત્યાદિક લક્ષણો થાય. ૧૦ અંધપૂતના; ગ્રહે પકડવાથી બાળકોને ઉલટી, ખાંસી, જ્વર, તૃષા ઇત્યાદિ ઉપદ્રવ થાય, શરીરે વસા જેવી ગંધ આવે, અતિશે રડે, થાનનું દુધ ધાય નહી, હગામણ લાગે, ઇત્યાદિક ઉપદ્રવ થાયછે. ૧૧ રેવતી ગ્રહ; બાળકોના શરીરે ફોડલા, જખમો, ધારા, નાસૂરો થાય, અને તેમાંથી લોહી વહે, તેને ચિખલની દુર્ગંધી આવે, પાતળું હગે, જ્વર, દાહાદિક સર્વે ઉપદ્રવ થાયછે. ૧૨ શુષ્કરેવતી; મા બાળકોને જ્વર, શૂળ, અજીર્ણ, મસ્તકને પીડા, મુખ અને હૃદયને તૃષા, શોષ ઇત્યાદિક ઉપદ્રવ થાયછે.

માણસના પગને થતા અનુક્ત રોગોનો સંગ્રહ.

तथा चरणभेदास्तु वातरक्तादिकाश्च ये ॥ द्विचत्वारिंशदुक्तास्ते रोगेष्वेव मुनीश्वरैः ॥ ४२८ ॥

માણસના પગને થતા વાતરક્તપાદ, સુપ્તિપાદ, સ્તંભપાદ, સ્ફુટણ ઈત્યાદિક પગે થતા રોગ ઋષિવોએ બેતાલીસ પ્રકારે કહેલા છે, તે સર્વે રોગોવિશે આ પુસ્તકમાં શ્લીપદાદિક પગને થતા રોગોમાં લખેલાછે.

સન્નિપાતાદિ રોગોનો બીજો પ્રકાર.

द्विषष्टिर्दोषभेदाः स्युः सन्निपातादिकाश्च ये ॥ तेपि रोगेषु गणिताः पृथक् प्रोक्ता न ते क्वचित् ॥ ४२९ ॥

સન્નિપાતાદિક રોગો જે બાસઠ પ્રકારે વાતાદિક દોષોના ભેદ છે, તે કોઈપણ ઠેકાણે જુદા જુદા કહેલા નથી પણ આ ગ્રંથમાં સર્વે જુદા જુદા રોગોમાં સન્નિપાત રોગના લક્ષણો લખેલા છે.

પાંચ કર્મોથી રોગો, મિથ્યાદિક યોગે રોગો થાયછે.

हीनमिथ्यातियोगानां भेदैः पंचदशोदिताः ॥ पंच कर्मभवा रोगा रोगेष्वेव प्रकीर्तिताः ॥ ४३० ॥

૧ વમન, ૨ વિરેચન, ૩ નિરૂહણબસ્તિ, ૪ અનુવાસનબસ્તિ, ૫ નસ્ય; એ પાંચ કર્મો વિશે આ પુસ્તકનાં ત્રીજા ખંડમાં લખેલાછે, એ પાંચ કર્મોના એકએકના હીણયોગ, મિથ્યાયોગ, અતિયોગ એવી રીતે ત્રણ ભેદથી પંદર પ્રકારે ભેદ થાયછે, અને તેમાંથી અનેક રોગ ઉત્પન્ન થાયછે, તે સર્વે રોગ ઉક્ત રોગોમાં સંગ્રહ કીધેલો જાણવો. ૧ વમનએટલે ઓષડોથી ઉલટી કરાવવાનો ઉપાય કે પ્રયોગ; ૨ વિરેચન એટલે ઓષડોથી ઢાળ કે ઝાડા કરાવવાનો પ્રયોગ; ૩-૪ નિરૂહણબસ્તિ અને વાસનબસ્તિ એટલે ઓષડોથી ગુદાદિક ઝાડા પિશાબમાર્ગે પિચપલ્યા, છાલક કે પિચકારી મારવાનો પ્રયોગ; ૫ નસ્ય એટલે નાકમાર્ગે ઓષડ નાખવાનો પ્રયોગ; એપ્રમાણે પાંચ કર્મો જાણવા; તેનો હીન કે મિથ્યાયોગ, એટલે થોડો, અપૂર્ણ, નીચ, અઘટિત, અતિશે ઓષડોનો પ્રયોગ થવાથી શરીરને અનેક પ્રકારે ઉપદ્રવ થાયછે.

કેટલાક પદાર્થો, સ્નેહાદિકોથી રોગો થાય તેનો ઉક્ત રોગોમાં સંગ્રહ.

स्नेहस्वेदो तथा धूमो गंडूषोंजनतर्पणे ॥ अष्टादशैतज्जाः पीडास्ताश्च रोगेषु लक्षिताः ॥ ४३१ ॥

૧ સ્નેહપાન, ૨ સ્વેદ, ૩ ધૂમપાન, ૪ ગંડૂષ, ૫ અંજન, ૬ તર્પણી; એ છ ભેદમાં એકએકનો હીનયોગ, મિથ્યાયોગ, અતિયોગ; એ ત્રણ ભેદથી અઢાર પ્રકારે ભેદ ઉત્પન્ન થાય; અને તેમાંથી અનેક રોગ ઉત્પન્ન થાય; તેપણ ઉક્તરોગમાં સંગ્રહ કરેલો છે; સ્નેહપાન, સ્વેદ, ધૂમપાન, ગંડૂષ અને અંજન; એ સર્વેનો અર્થ પ્રથમ ખંડના પહેલા અધ્યાયના પરિભાષામાં, ઓષડોથી ધાતૂની વૃદ્ધિ કરવાવિશે પ્રયોગ લખેલો છે, તેને તર્પણ કહેછે, નેત્ર કે આંખોની તૃપ્તિ કરવાને વિશે અંજનોનો પ્રયોગ છે, તેને પણ તર્પણ કહેછે.

થંડી વસ્તુ કે શીતાદિકોથી ચાર પ્રકારે રોગ.

शीतोपद्रव एकः स्यादेकश्चोष्णोपतापकः ॥ शल्योपद्रव एकश्च क्षाराच्चैकः स्मृतस्तथा ॥ ४३२ ॥

અતિશે થંડી કે થંડા ઉપાયથી માણસોને અતિશે શીતળતાનો ઉપદ્રવ થાયછે; અતિશે ઉષ્ણતા કે ગર્મઉપાયથી માણસોને ગર્મીના ઉપદ્રવ થાયછે; શલ્ય એટલે નખ, બાલ, કાંકરા, કાંટા, હાડકા, શિંગડા ઇત્યાદિક શલ્ય પદાર્થમાંથી, એકાદી વસ્તુ પેટમાં જવાથી શલ્યોપદ્રવ થાયછે; મૂઢ વૈદ્યે સોમલ ખારનો પ્રયોગ કે ખવાડેલો હોય, પણ તે કાચો રહેલો હોયતો, માણસોને તેમજ ખોરાકમાં આપવાથી તે સોમલખાર માણસને વિખ, ઝેર, અગ્નિ, શસ્ત્ર, વજ્રજેવા હથિયારેથી જેમ મારે તે પ્રમાણે એ વિખથી ચાર પ્રકારે રોગી થઇને મરેછે.

ઝેરી વસ્તુ કે વિષરોગ.

स्थावरं जंगमं चैव कृत्रिमं च त्रिधा विषं ॥ तेषां च कालकूटाद्यैर्नवधा स्थावरं विषं ॥ ४३३ ॥ जंगमं बहुधा प्रोक्तं तत्र लूताभुजंगमाः ॥ वृश्चिका मूषिकाः कीटाः प्रत्येकं ते चतुर्विधाः ॥ ४३४ ॥ दंष्ट्राविषं नखविषं बालशृंगास्थिभिस्तथा ॥ मूत्रात्पुरीषाच्छुक्राच्च द-

ष्टेर्निश्वासतस्तथा ॥ ४३५ ॥ लालायाः स्पर्शतस्तद्वत्तथा शंकाविषं मतं ॥ कृत्रिमं द्विविधं प्रोक्तं गरदूषीविभेदतः ॥ ४३६ ॥

સ્થાવર, જંગમ, કૃત્રિમ એવી રીતે ભેદાથી ત્રણ પ્રકારે વિષો એટલે સ્થાવર ઝેર, કાળકૂટાદિ ઝેર જેમાં સ્થાવર વિષના ભેદો નવ પ્રકારે જાણવા; જંગમ વિષ ઘણા પ્રકારે છે, તેમધ્યે ભૂતો, સર્પ, વિંછૂ, ઉંદર, કીટક, જનાવર, કીડા, જીવડા, કાંટા, ઝેરી વસ્તુની ધાતુ, એ સર્વેમાં વાત, પિત્ત, કફ, સન્નિપાતના ભેદાથી એકએકના ચાર ચાર ભેદ જાણવા; કોઈ જનાવરની દાઢોમાં વિષ કે ઝેર હોય, કોઈના નખોમાં વિષ હોય, કોઈના બાલોમાં ઝેર હોય અને કોઈના શિંગડામાં, કોઈના હાડકામાં, કોઈના મળમૂત્રમાં, કોઈને શુક્રધાતુમાં, કોઈને દૃષ્ટિમાં, કોઈને શ્વાસમાં, કોઈને લાળમાં, કોઈને સ્પર્શ કે અડકવાથી, એવી રીતે જુદા જુદા જનાવરો ઇત્યાદિ ઝેરી વસ્તુને જુદી જુદી જગ્યાએ વિષ, તેની જાતિ ભેદથી હોયછે. મનમાં ઝેરી જનાવરના સંબંધમાં હરયેક ઝેરની કે વિષોની શંકા કે વેહેમ આવેથી વાયુનો કોપ થઈ, શરીરે સર્વે સોજો અને જવરાદિક ઉપદ્રવ થાય, તેને શંકાવિષ કહેછે. વચનાગાદિક વિષ કે ઝેરનો દુષ્ટાચરણ કરવાને એટલે સ્ત્રીપુરૂષના સંગની લેહજત મેલવવા, ઝેરી ઓષડનો ઉપયોગ કરવાને વિષયભેદાથી, કાચા રસાયન ઝેર જેવાનો ઉપયોગ કરેથી, કૃત્રિમ વિષ બે પ્રકારના થાય, તે મધ્યે એક વચનાગાદિક ઝેરનો પ્રકાર નીચે લખેલો જાણવો; બીજો પુરૂષો અથવા સ્ત્રિવોને સંતતિ એટલે વિસ્તાર વધવાને, અને સંપત્તિ એટલે ધનદોલતની પ્રાપ્તિ થવાના હેતુથી, અથવા સ્ત્રિવો અનેક પ્રકારે વિષારી પ્રાણી એટલે ઝેરી જનાવરોના, શરીરનો પરસેવો, સ્ત્રિવોના વિટાળનું લોહી, મળ, મૂત્ર ઇત્યાદિક અન્નાદિક ખોરાકમાં મળવીને પુરૂષોને વશ કરવા ખવાડેછે, અથવા વચનાગાદિક ઝેર પોતાનાં શત્રુનો નાશ કરવા ખવાડેછે, તે ઝેરી વસ્તુ ખાનાર માણસો પાંડુરવર્ણે થઈ જવરાદિક ઉપદ્રવ ભોગવે છે, એવી રીતે કૃત્રિમ ઝેરોનો એક પ્રકાર છે, બીજો ઝેરી વસ્તુ ખાધા પછી, લાંબે દિવસે પણ શરીરમાં તે ઝેર જરીને મરણ પમાડેછે, અથવા તે ઝેરી વસ્તુ અલ્પ વીર્ય હલકુ હોય તો, ખાનારનો તુરત પ્રાણનાશ થતો નથી, પણ જવરાદિક ઉપદ્રવ થાયછે, તેનો અમલ આસ્તે આસ્તે વધતા બળવાન થતા, દિવસે નિદ્રા, રાત્રે

જાગરણ એવી રીતે સર્વે સાતે ધાતુનો બગાડ થતા થતા દૂષિત કરેછે, તેને દૂષી વિષ કહેછે; એ પ્રમાણે બે પ્રકારે કૃત્રિમ વિષ જાણવા.

ઝેરનો કે વિષોનો ભેદ.

सप्तधा तु विषं ज्ञेयं तथा सप्तोपधातुजम् ॥ तथैवोपविषेभ्यश्च जातं सप्तविधं ततः ॥ ४३७ ॥

સોનું ઈત્યાદિક સાતે ધાતુંની ખાક પૂરતી રીતે પાકી થઈ નહી હોય, તેની કાચી ખાક કે ભસ્મો જો કોઈ માણસના ખાધામાં આવી હોયતો, અથવા હરતાલાદિક સાત ઉપધાતુની ભસ્મો કે અર્કો, બરાબર શુદ્ધ નહીં થયા હોય અથવા અશુદ્ધ કાચા ઝેર ભાવ થયેલા, કોઈ માણસના ખાધામાં આવેતો, તે સર્વે રીતે ઝેરી વસ્તુ ખાધા જેવી પીડા કરેછે, માટે તેમાં ઝેર કે વિષસંજ્ઞા હોયછે.

ઝેરી જળ કે પાણીનો બીજો પ્રકાર.

दुष्टनीरविषं चैकं तथैकं दिग्धजं विषम् ॥

જે તળાવ, કુવો, નદીનો ડોહ ઈત્યાદિકમાં અતિશે ચિખલ હોય, શેવાળ, પાંત્રા, ઘાસ, ઈત્યાદિક ઝેરી વનસ્પતિ હોય, અને લૂતાદિક જંતુ નામે સોળ જાતની જીવાત, જીવડા, મળમૂત્રાદિક દુર્ગંધી ભરેલું, માછલાં, દેડકા ઈત્યાદિક પ્રાણી તેમાં મરણ પામીને, સડવાથી ઈત્યાદિક કારણોથી પાણી કે જળ ખરાબ થઈ બગડેલું હોય, તે પાણીને દુષ્ટનીર કહેછે, તે પાણીમાં કોઈ માણસ નાહે અથવા તે પાણી જે પીવામાં લાવે તો, ઝેરી વસ્તુ ખાધાપીધાથી જેટલી વેદના થાય, તેટલી વેદના તેવા બગડેલા પાણીથી થાયછે; શસ્ત્રાદિકમાં તરવાર ઈત્યાદિક હથીયારને ઝેરી વસ્તુનો લેપ કરીને, તે હથીયારે ઘા કરેથી, તેનો જખમ જલદી રૂઝાતો નથી, અને જેમ ઝેરી વસ્તુનું સેવન કરેથી, જ્વરાદિક ઉપદ્રવ થાય, તે પ્રમાણે એ જખમને ઉપદ્રવ થાય, તેને દિગ્ધજ વિષ કહેછે.

ખજવાળ થવાનો આગંતુક ચાર પ્રકારે થાય.

कपिकच्छूभवा कंडूर्दुष्टनीरभवा तथा ॥ ४३८ ॥ तथा सूरणकंडूश्च शोथो भल्लातजस्तथा ॥

ખાજકુયલી નામે સિંગ; શરીરે ઘસેથી, દુષ્ટ બગડેલા પાણીમાં નાહવાથી, કડવું સૂરણ ઈત્યાદિ વસ્તુ શરીરે લાગેથી, અતિશે ખજ-

વાળ છૂટેછે, અને બળત્તર થાયછે, તે ઉપર ગાયનું છાણ ઘસેથી ફાયદો થાયછે. અને ભિલામાંના ફળનો ચીકણું તેલ શરીરે લાગવાથી, શરીરને સોજો આવેછે અને ખજવાળ છુટેછે, તે ઉપર કળીચૂનો અને કોપરેલ તેલ મેળવીને, શરીરે ઘસેથી ફાયદો થાયછે, એવી રીતે ખજવાળ થતી વસ્તુ શરીરે લાગવાથી એકાએક ઉપદ્રવ થાયછે.

કેફ કે મિણો ચડે, તેનો આગંતુક મદ.

मदश्चतुर्विधश्चान्यः पूगभंगाक्षकोद्रवैः ॥ ४३९ ॥ चतुर्विधोन्यो द्रव्याणां फलत्वङ्मूलपत्रजैः ॥

સોપારી, ભાંગ, બેહડા ફળની અંદરની બીજ, કોદ્રુનામે અનાજની હરીક, એ ચાર વસ્તુ ખાધાથી, ચાર પ્રકારે મદ કે મિણો ઉત્પન્ન થાય, તેને માજ કહેછે; એ અગાઊ કહેલા મદ રોગથી જુદા જાણવા, એ શીવાય બીજા ઓષડોમાં અને વનસ્પતિના ફળ, છાલ, મૂળ, પાંત્રા ખાધાથી એવીજ રીતે ચાર પ્રકારના મદ કે મિણો ઉત્પન્ન થાયછે.

રોગોનું વર્ણન.

इति प्रसिद्धा गणिता ये किलोपद्रवा भुवि ॥ ४४० ॥ असंख्याश्चापरे धातु मूल जीवा दि संभवाः ॥

પૃથ્વીમાં પ્રસિદ્ધ રોગરૂપ, ઉપદ્રવની સંખ્યા નિશ્ચય કરીને શાર્ङ्गધરાચાર્ય ઋષીએ આ પ્રમાણે પ્રથમખંડ કહેલો છે, એ શિવાય બીજા અનેક રોગ તથા સુવર્ણાદિક ધાતુ, હરિતાળાદિક ઉપધાતુ, અનેક પ્રકારની વનસ્પતિથી, ઓષડોથી, જીવાદિક પ્રાણીમાંથી, અસંખ્યાત ઉપદ્રવ થાયછે. તેની સંખ્યા ગણાતી નથી, માટે વૈદ્યે અનુમાન કરી નજર પોહચાડીને રોગની પરીક્ષા કરવી. એ પ્રમાણે આ અધ્યાયમાં રોગોનું વર્ણન કરેલું છે.

इति श्रीदामोदरसूनुशार्ङ्गधरेण विरचितायां संहितायां प्रथमखंडे रोगगणनाध्यायः सप्तमः ॥ ७ ॥

इति प्रथमखंडं समाप्तम्.

સમાપ્ત.

मध्यम खंड प्रारंभ.

બીજો ખંડ પ્રારંભ.